હરસ-મસા કાપકુપ વગર ઠંડા કરીને કાયો સર્જરી દ્વારા સારવાર
દર બુધવારે જરૂરીયાતમંદ ગરીબ દર્દીઓને ફ્રી તપાસ તથા રાહત દરે ઓપરેશન કરી આપવામાં આવશે
શાંતિ હોસ્પિટલ
ડો.પી.એસ.શેઠ (સર્જન)
યુરોલોજીસ્ટ એન્ડ કાયોથેરાપીસ્ટ (યુ.કે.) લંડન
ક્રિએટીવ ચેમ્બર, બસ સ્ટેન્ડ પાછળ, રાજકોટ
વધુ વિગત માટે નામ સાથે નીચેના નંબર ઉપર વોટસએપ કરવો.
M. 94290 98114

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ વદ-૨ | પાના : ૧૮ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૨૫-૫-૨૦૨૪ - શનિવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૨૩૫ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

ટેસ્ટફુલ...ગરમ તથા કાચી
દરરોજ
પેટીસ
રાજકોટ ના પ્રખ્યાત
રસિકભાઈ ચેવડાવાળા
લીમડા ચોક
કોટેચા ચોક
જ્યુબેલી બાગ
નાના મવા રોડ
એરપોર્ટ રોડ

### ૨૦૧૯માં ૫૮માંથી ૪૦ બેઠકોમાં ભાજપે એકલા હાથે જીત મેળવી હતી

# છઠ્ઠા તબકકામાં ઉત્સાહભેર મતદાનઃ પશ્ચિમ બંગાળમાં હિંસા; ૧નુ મોત

**પશ્ચિમ બંગાળના મિદનાપુરમાં રાજકીય હિંસામાં તૃણમુલ કોંગ્રેસના આગેવાનનુ મોત, એક ગંભીરઃ ભાજપના પાંચ કાર્યકરોની ધરપકડ**

**ધર્મેન્દ્ર પ્રધાન, બાંસુરી સ્વરાજ, રાજ બબ્બર, કનૈયાકુમાર સહિત ૮૮૯ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં કેદ થશેઃ રાષ્ટ્રપતિ સહિતના મહાનુભાવોનુ મતદાન**

**કાશ્મીરમાં મહેબુબ ધરણા પર બેઠાઃ દિલ્હીમાં ‘આપ’ના ગઢમાં મતદાન ધીમુ કરાવવા પોલીસને સૂચના અપાયાનો આરોપઃ આક્ષેપોનો મારો**

નવી દિલ્હી તા.૨૫

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબકકામાં આજે આઠ રાજયો- કેન્દ્રશાસીત પ્રદેશોની ૫૮ બેઠકોમાં ધીમુ મતદાન રહ્યું છે. બપોરે ત્રણ વાગ્યા સુધીમાં જ ૫૦ ટકાને આંબી ગયુ હતું. પશ્ચીમ બંગાળમાં મતદાન હિંસક રહ્યુ હોય તેમ રાજકીય અથડામણની એકથી વધુ ઘટનામાં તૃણમુલ કોંગ્રેસના આગેવાનની હત્યા થઈ હતી. અન્ય રાજયોમાં મતદાન શાંતિપૂર્ણ રહ્યું હતું.

પશ્ચીમ બંગાળમાં બપોરે એક વાગ્યા સુધીમાં સૌથી વધુ ૫૪.૮૦ ટકા મતદાન થયુ હતું. દિલ્હીમાં ૩૪.૪ ટકા, ઝારખંડમાં ૪૨.૫૪ ટકા, ઉતરપ્રદેશમાં ૩૭.૨૩ ટકા, હરિયાણામાં ૩૬.૪૮ ટકા, કાશ્મીરમાં ૩૫.૨૨ ટકા, બિહારમાં ૩૬.૪૮ ટકા તથા ઓડિશામાં ૩૫.૬૯ ટકા મતદાન હતું.



પશ્ચીમ બંગાળના પુર્વીય મિદનાપુરના મહિષાદલમાં તૃણમુલ કોંગ્રેસના ઉપાધ્યક્ષની હત્યા થઈ હતી. પાંચ ભાજપના કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હતી. આ ઉપરાંત અન્ય એક સ્થળે પણ તૃણમુલ કોંગ્રેસ તથા ભાજપ કાર્યકરો બાખડયા હતા તેમાં ટીએમસી જ એક કાર્યકરને ગંભીર ઈજા થઈ હતી.

દેશમાં સાત તબકકામાં નિર્ધારિત થયેલી લોકસભાની ચૂંટણીનો આજે છઠ્ઠો તબકકો રહ્યો છે. આઠ રાજયો, કેન્દ્ર શાસીત પ્રદેશોની ૫૮ બેઠકો પર ૮૮૯ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે જેમાં ધર્મેન્દ્ર પ્રધાન, મેનકા ગાંધી, બાંસુરી સ્વરાજ, રાજબબ્બર, કનૈયાકુમાર જેવા નેતાઓનો સમાવેશ થાય છે.

આજના છઠ્ઠા તબકકામાં સામેલ ૫૮ બેઠકોમાં બિહારની આઠ, હરિયાણાની ૧૦, ઝારખંડની ચાર, દિલ્હીની સાત, ઓડિશાની છ, ઉતરપ્રદેશની ૧૪, પશ્ચિમ બંગાળની આઠ તથા જમ્મુ-કાશ્મીરની એક બેઠકનો સમાવેશ થાય છે.

(અનુસંધાન ૧૨ મા પાને)

**સીવીલ હોસ્પિટલથી તદ્દન નજીક કસ્તુરબા રોડ ઉપર હોસ્પિટલ બ્લોક પ્રોફીટ શેરીંગ / લીઝથી આપવાનો છે**
૨૮૦૦-૦૦ સ્કવેર ફુટ કારપેટ એરીયા,
૧-કન્સલ્ટીંગ ચેમ્બર્સ, ઓપરેશન થીયેટર,
સ્ટ્રેચર લીફટ, ૧૦-બેડ, સ્પેશ્યલ રૂમ ફુલી ફર્નિશ્ડ
સંપર્ક : ૯૪૯૯૬ ૩૨૫૬૮
દલાલ આવકાર્ય

### વિશ્વ આરોગ્ય સંગઠનના રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો

# કોરોનાએ લોકોનું આયુષ્ય સરેરાશ બે વર્ષ ઘટાડી નાખ્યુંઃ WHO



**કોરોનાના કહેરને ચાર વર્ષ વીતી ગયા છે, તેમ છતાં ખતરો હજુ ટળ્યો નથીઃ હાલમાં કોરોનાનું ફરીથી મ્યુટેશન થયું છે, નવા વેરીએન્ટનું સંક્રમણ અનેક દેશોમાં વધતું જોવા મળી રહ્યું છેઃ સિંગાપોરમાં બે મહિનામાં જ ૯૦ ટકાથી વધુ સંક્રમણ ફેલાયું છે**

નવી દિલ્હી તા.૨૫

અગાઉ કોરોનાએ જયારે દુનિયામાં કહેર મચાવ્યો હતો તેની તુલનામાં હાલ સ્થિતિ કાબુમાં છે પરંતુ આ કોરોનાના કારણે શરીર પર જે અસર થઈ છે તેનાથી માનવીનું આયુષ્ય સરેરાશ બે વર્ષ ઘટી ગયુ છે તો તેની સાથે સ્થુળતા સહિત કેટલીક બીમારીઓનો ખતરો વધી ગયો છે. કોરોનાને ચાર વર્ષનો સમયગાળો વીતી

(અનુસંધાન ૧૨ મા પાને)

**રાજકોટ ના હાર્દસમા વિસ્તારમાં મોકાનો ફલેટ વેચવાનો છે**
3 BHK
તક્ષશીલા સોસાયટી-૨,
ફુલછાબ પ્રેસ પાછળ, રાજકોટ
M.98255 83099

1BHK ફલેટ વેચવાનો છે
૩૮૦ કાર્પેટ + ૨૦૫ ચો.ફુટ અગાસી, રૈયા ચોકડી.
Mo. 98792 48909

**રોકાણ લાયક**
**રાજકોટ ના કાલાવડ રોડ ઉપર કેશ પેમેન્ટથી પ્લોટ જોઈએ છે**
મુંજકા, મોટામવા, કણકોટ,
હરીપર, વિરડાવાજડી, વડવાજડી, મેટોડા,
ઈશ્વરીયા તેમજ આસપાસના વિસ્તારમાં
98243 91011




**REQUIREMENT**
Requires young, enthusiastic, energetic candidate to fill up the position of...
**IT - Head (Full Time)**
Candidates must be **BCA** & **MSc-IT** Holder. Having Minmum 5 Yrs. Experience of working with **PHP frameworks**, **ASP .Net**, **MySQL**, **SQL Server database** and **ERP Crystal Report** Design.
Interested candidates may send their CV along with Photographs & contact detail at :
**Email : vghelani32@gmail.com**
**Mobile : 94272 00115**

**જમીનના ભાવે મકાન**
વેચવાનું છે
2BHK 116 વાર
રિદ્ધી-સિદ્ધી સોસાયટી
ન્યારા પેટ્રોલ પંપની સામે, રૈયારોડ, રાજકોટ
M: 76007 49040

જોઈએ છે
**એડમીન સ્ટાફ**
પોતાનું બાઈક હોવું જરૂરી
પગાર રૂા. ૧૫,૦૦૦ સુધી (પેટ્રોલ સાથે)
અરજી સાથે રૂબરૂ મળો : સવારે ૧૧ થી સાંજે ૬ સુધી
Mo. 90990 54420
૩૦૫-લેન્ડમાર્ક કોમ્પ્લેક્ષ, એસ્ટ્રોન ચોક, રાજકોટ.

**જોઈએ છે**
શ્રી જલારામબાપા ચેરીટેબલ ટ્રસ્ટમાં કામ કરી શકે તેવા બહેનો
કાંધ કૃપા 8-B ગીત ગુર્જરી સોસાયટી,
નીલકંઠ મહાદેવવાળી બંધ શેરી,
એરોડ્રામ, રાજકોટ
98249 40358












# સરકારી નોકરી-ગુજરાત હાઈકોર્ટમાં ટ્રાન્સલેટર અને સ્ટેનોગ્રાફરની ૨૬૦ જગ્યાઓ માટે ભરતી

## અરજી કરવાની છેલ્લી તારીખ ૨૬ મે છે

અમદાવાદ : ગુજરાત હાઈકોર્ટે સ્ટેનોગ્રાફર અને ટ્રાન્સલેટરની ભરતીની જાહેરાત કરી છે. સૂચના અનુસાર, અનુવાદકની જગ્યાઓ માટે ૧૬ અને સ્ટેનોગ્રાફરની જગ્યાઓ માટે ૨૪૪ જગ્યાઓ ખાલી છે. ઉમેદવારો સત્તાવાર વેબસાઇટ hc-ojas.gujarat.gov.in પર જઈને અરજી કરી શકે છે. આ માટે અરજી કરવાની છેલ્લી તારીખ ૨૬ મે, ૨૦૨૪ છે.

### શૈક્ષણિક લાયકાતઃ

અનુવાદક : માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતકની ડિગ્રી. બેઝિક કોમ્પ્યુટર નોલેજનું પ્રમાણપત્ર જરૂરી છે.

### સ્ટેનોગ્રાફરઃ

કોઈપણ પ્રવાહમાં સ્નાતકની ડિગ્રી. ગ્રેડ II માટે અંગ્રેજી શોર્ટ હેન્ડ સ્પીડ ૧૨૦ શબ્દો પ્રતિ મિનિટ. ગ્રેડ III માટે ૧૦૦ શબ્દો પ્રતિ મિનિટ શોર્ટ હેન્ડ સ્પીડ.

### પગારઃ

**સ્ટેનોગ્રાફર ગ્રેડ II:** દર મહિને રૂ ૪૯,૦૦૦-૧,૪૨,૪૦૦
**સ્ટેનોગ્રાફર ગ્રેડ III:** રૂ ૩૯,૯૦૦-રૂ ૧,૨૬,૬૦૦ પ્રતિ માસ
**અનુવાદક:** રૂ. ૩૫,૪૦૦-૧,૧૨,૪૦૦ પ્રતિ માસ

### ઉંમર શ્રેણીઃ

ઉમેદવારોની ઉંમર ઓછામાં ઓછી ૧૮ વર્ષ અને મહત્તમ ૩૫ વર્ષ હોવી જોઈએ. SC/ST/SEBC/EWS કેટેગરી અને મહિલાઓને મહત્તમ વયમાં ૫ વર્ષની છૂટછાટ મળશે અને દિવ્યાંગ ઉમેદવારોને ૧૦ વર્ષની છૂટછાટ મળશે.

ભૂતપૂર્વ સૈનિકોને સેવાના વર્ષો બાદ કરતાં ત્રણ વર્ષની છૂટછાટ મળશે.

સ્ટેનોગ્રાફર માટે લઘુત્તમ વય ૨૧ વર્ષ અને મહત્તમ ૩૫ વર્ષ છે.

અનામત વર્ગના ઉમેદવારોને નિયમો મુજબ છૂટછાટ મળશે.

પસંદગી પ્રક્રિયા: લેખિત પરીક્ષાના આધારે

### આ રીતે અરજી કરોઃ

સત્તાવાર વેબસાઇટ : hc-ojas.gujarat.gov.in પર જાઓ .
હોમ પેજ પર હાજર હાઈકોર્ટ ભારતી ૨૦૨૪ લિંક પર ક્લિક કરો.
બધી વિગતો દાખલ કરો.
દસ્તાવેજોની સ્કેન કરેલી નકલ અપલોડ કરો.
ફી ઓનલાઈન ભરો. ફોર્મ ભરો અને પ્રિન્ટ આઉટ લો.



શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાના ઓનલાઈન ફોર્મ સ્વીકારવાની કાર્યવાહી પૂર્ણ

# ધો-૧૦માં ૧.૩૫ લાખ, ધો-૧૨ સા.પ્રમાં ૫૬ હજાર વિદ્યાર્થી પૂરક પરીક્ષા આપશે

## ધો-૧૦માં ૩ વિષયમાં નાપાસ અને ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં ૨ વિષયમાં નાપાસ પણ પરીક્ષા આપી શકશે

અમદાવાદ :

શિક્ષણ બોર્ડ દ્વારા ૨૪ જૂનથી લેવામાં આવનારી ધોરણ-૧૦ની પૂરક પરીક્ષા માટે ૧.૩૫ લાખ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષા માટે ૫૬ હજાર વિદ્યાર્થીઓ નોંધાયા છે. આ વખતે ધોરણ-૧૦માં ૩ વિષયમાં નાપાસ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૨ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પણ પૂરક પરીક્ષા લેવામાં આવનાર હોવાથી વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. આ સાથે પૂરક પરીક્ષા માટેના ફોર્મ ભરવાની કાર્યવાહી પૂર્ણ થતાં બોર્ડ આગામી દિવસોમાં પૂરક પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ જાહેર કરશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવાયેલી ધોરણ-૧૦ની પરીક્ષાના પરિણામમાં ૩ વિષયમાં નાપાસ

વિદ્યાર્થીઓ આ વખતે પૂરક પરીક્ષા આપી શકે તેવો નિર્ણય લેવાયો છે. અત્યાર સુધી ધોરણ-૧૦માં એક અથવા બે વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની જ પૂરક પરીક્ષા લેવાતી હતી, પરંતુ પૂરક પરીક્ષાને લઈને શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવેલા ધરખમ ફેરફારને પગલે આ વખતે ૩ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પણ પૂરક પરીક્ષા લેવાનું નક્કી કરાયું હતું.

ધોરણ-૧૦માં એક અથવા બે અથવા ત્રણ વિષયમાં નાપાસ કે ગેરહાજર વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપી શકે તેમ હોવાથી તેમના માટે ૧૫ મેથી પૂરક પરીક્ષા માટેના ફોર્મ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૨૩ મે સુધી વિદ્યાર્થીઓના ફોર્મ બોર્ડ દ્વારા સ્વીકારવામાં આવ્યા હતા. આ સમયગાળા દરમિયાન સમગ્ર રાજ્યમાંથી ધોરણ-૧૦ના ૧૩૫૮૩૭ વિદ્યાર્થીઓએ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે ફોર્મ ભર્યા હોવાનું જાણવા મળે છે. જેથી હવે બોર્ડ દ્વારા આગામી ૨૪ જૂનના રોજથી ધોરણ-૧૦ના નાપાસ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવામાં આવશે. જે અંગેનો વિગતવાર કાર્યક્રમ હવે પછી જાહેર કરાશે. આ ઉપરાંત ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં અત્યાર સુધી એક જ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવાતી હતી. તેના બદલે આ વખતથી સામાન્ય પ્રવાહમાં બે વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પણ પૂરક પરીક્ષા લેવામાં આવનાર છે. જેથી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ માટે પણ ૧૫ મેથી પૂરક પરીક્ષા માટે ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

### ધો-૧૦માં લાયક ૨૦ હજારે ફોર્મ ન ભર્યા :

ધોરણ-૧૦ના પરિણામમાં એક, બે કે ત્રણ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૬૭૦૮ છે. જે પૈકીના ૧૩૫૮૩૭ વિદ્યાર્થીએ પૂરક પરીક્ષા માટેના ફોર્મ ભર્યા છે. આમ, લાયક ઉમેદવારો પૈકી ૨૦ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓએ પૂરક પરીક્ષા માટે ફોર્મ ભર્યા નથી. જોકે, નાપાસ પૈકી નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા ૭૬ હજાર કરતા વધુ છે. જેથી નિયમિત વિદ્યાર્થીઓએ તો પૂરક પરીક્ષા માટે ફોર્મ ભર્યા છે, પરંતુ અગાઉ નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા ન હોવાના પગલે આંકડો ઓછો છે.

### પૂરક પરીક્ષા માટે કુલ ૨.૨૬ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા :

શિક્ષણ બોર્ડ દ્વારા ૨૪ જૂનથી ધોરણ-૧૦, ધોરણ-૧૨ સાયન્સ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષા લેવામાં આવનાર છે. આ પૂરક પરીક્ષા માટે રાજ્યના કુલ ૨.૨૬ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ધોરણ-૧૦ના ૧.૩૫ લાખ, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ૫૬ હજાર અને ધોરણ-૧૨ સાયન્સના ૩૪ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા છે. આમ, સમગ્ર રાજ્યના ૨૨૬૭૨૫ વિદ્યાર્થીઓ આ વખતે પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર છે. આ વખતે પૂરક પરીક્ષામાં વધુ વિષયોમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને પણ પરીક્ષા આપવા દેવાનું નક્કી કરાયા બાદ આંકડો વધ્યો હોવાનું જાણવા મળે છે.

# સ્પીડમાં બાઈક ચલાવતા કપલનો ખુલ્લેઆમ રોમાન્સ કરતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલઃ પોલીસે માફી મંગાવી



રાજસ્થાન, તા.૨૫

સોશિયલ મીડિયા પર લોકો ઘણીવાર બાઈક ચલાવતા સ્ટંટ કરતા જોવા મળે છે. પોલીસ હંમેશા લોકોને ચેતવણી આપે છે કે તેઓ આવું કરીને પોતાનો જીવ જોખમમાં ન નાખવો. પરંતુ યુવાનો તેને ગંભીરતાથી લેતા નથી. કોટાના એક કપલનો આવો જ એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. બંને રસ્તા વચ્ચે સ્પીડમાં બાઇક ચલાવતા, ખુલ્લેઆમ રોમાન્સ કરતા અને અશ્લીલ વીડિયો બનાવતા જોવા મળ્યા હતા. જોકે, માહિતી મળતાની સાથે જ કોટા પોલીસ એક્શનમાં આવી ગઈ હતી.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે, આ દંપતીએ કોટા-બુંદી રોડ પર હર્બલ પાર્કની સામે આ વીડિયો બનાવ્યો હતો. વીડિયોમાં તમે જોઈ શકશો કે મહિલા બાઇકની ટાંકી પર બેઠી છે અને યુવકને ગળે લગાવી રહી છે. વીડિયોમાં બંને એકબીજાને કિસ કરતા પણ જોવા મળે છે. આ વીડિયો વાયરલ થયા બાદ પોલીસે તેના પર કાર્યવાહી હાથ ધરી છે. પ્રારંભિક તપાસમાં યુવકની ઓળખ મોહમ્મદ વસીમ તરીકે થઈ છે. પોલીસે વધુમાં જણાવ્યું હતું કે, 'કોટા સિટી પોલીસ સ્ટેશન નાન્ટાની ટીમે એક યુવક અને યુવતીની ધરપકડ કરી છે જેઓ મોટરસાઇકલ પર અશ્લીલ હરકતો કરી રહ્યા હતા. દંપતીએ પોલીસ સ્ટેશનમાં માફી માંગી અને કહ્યું કે તેઓ ભવિષ્યમાં આવું ક્યારેય નહીં કરે.


ઉલ્લેખનીય છે કે, આ કપલ કોટામાં એક પ્રાઈવેટ ફર્મમાં કામ કરે છે. સોશિયલ મીડિયા પર આ વીડિયોની ખૂબ ચર્ચા થઈ રહી છે. મોટાભાગના લોકો તેને ખોટું જાહેર કર્યું છે. ત્યારે ઘણા લોકોએ એવું પણ કહ્યું છે કે, આવી વસ્તુઓ કરીને પોતાનો જીવ જોખમમાં ન લેવો જોઈએ.

# અનિચ્છનીય કોલ્સ, સાયબર છેતરપિંડી રોકવા માર્ગદર્શિકામાં ફેરફાર

## હવે બાયોમેટ્રિક્સ વગર સીમ નહી મળે

નવીદિલ્હી,તા.૨૫

અનિચ્છનીય કોલ્સ અને સાયબર છેતરપીંડી રોકવા માટે ટેલિકોમ્યુનિકેશન વિભાગે બલ્ક સિમકાર્ડ માટેની માર્ગદર્શિકામાં ફેરફાર કર્યો છે.અગાઉ નવા જથ્થાબંધ સિમ રિટેલર્સના માધ્યમથી જારી કરી શકાતા હતાં. પરંતુ હવે માત્ર ટેલિકોમ કંપનીને જ આવા કનેકશન આપવાની મંજૂરી આપવામાં આવશે.આનાથી સાયબર ફ્રોડ અને અનિચ્છનીય કોલને રોકવામાં ઘણી મદદ મળશે.નવા નિયમ અનુસાર, કંપની એક સમયે માત્ર ૧૦૦ સિમકાર્ડ ઈશ્યુ કરશે.મશીન ટુ મશીન કોમ્યુનિકેશન માટે સિમ કાર્ડ આપવામાં આવશે નહી.નવું સિમ જારી કરતા



પહેલા, કંપનીએ પહેલા ખરીદનારના સરનામાની સાચી રીતે ચકાસણી કરવી પડશે.આ સિવાય જે કંપનીનું સિમકાર્ડ આપવામાં આવશે.તેણે ગ્રાહક પાસેથી એફિડેવિટ લેવું પડશે કે આ સિમકાર્ડનો કોઈ દુરૂપયોગ નહીં થાય

**નવી નંબર સીરીઝ બહાર પાડવામાં આવી**

ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ અને ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા એટલે કે ટ્રાઈએ સંયુકત રીતે નવી મોબાઈલ નંબર સિરીઝ બહાર પાડી છે. આ અંતર્ગત ૧૪૦ મોબાઈલ નંબર સીરિઝથી પ્રચાર માટે કોલીંગ મેસેજીસ આવશે જયારે ૧૬૦ નંબર સીરીઝથી નાણાકીય વ્યવહારો અને સર્વિસ વોઈસ કોલ આવશે. એવો અંદાજ છે કે આગામી દિવસોમાં આ નંબર સીરીઝને ટેલિકોમ ઓપરેટર્સ Jio,Airtel અને Voda દ્વારા દેશભરમાં લાગુ કરવામાં આવશે.

### ૬.૮૦ લાખ જોડાણો સંભવિત છેતરપિંડીથી મુકત

ટેલિકોમ્યુનિકેશન વિભાગે અંદાજે ૬.૮૦ લાખ મોબાઈલ કનેકશનની ઓળખ કરી છે જે અમાન્ય, અસ્તિત્વમાં નથી અથવા નકલી/ નકલી ઓળખ પુરાવા અને સરનામાના પુરાવા KYC દસ્તાવેજોનો ઉપયોગ કરીને મેળવવામાં આવ્યા હોવાની શંકા છે.વિભાગે ગુરૂવારે જણાવ્યું હતું કે એડવાન્સ્ડ AI સંચાલિત વિશ્લેષણ દ્વારા શંકાસ્પદ કપટપૂર્ણ જોડાણોની ઓળખ કરવામાં આવી છે. ટેલિકોમ્યુનિકેશન વિભાગે લગભગ ૬.૮૦ લાખ મોબાઈલ કનેકશન્સને સંભવિત છેતરપિંડી તરીકે દર્શાવ્યા છે.


# કિંગડમ ઓફ ધ પ્લેનેટ ઓફ ધ એપ્સ : વાનર અને માનવજોડીનો કમાલ!

**કેમ જોવી?:** જો તમે 'પ્લેનેટ ઓફ એપ્સ' ફ્રેન્ચાઇઝીના ચાહક છો તો!

**કેમ ન જોવી?:** નબળી વાર્તા અને સ્ક્રીનપ્લે ધરાવતી ફિલ્મો પસંદ ન હોય તો!

પોતાના સ્વાર્થ માટે માણસોએ પ્રાણીઓના જંગલો અને કુદરતી ઘરોનું નિકંદન કાઢી નાખ્યું અને હંમેશા પ્રાણીઓને પણ પોતાના કબ્જે કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ જ્યારે પ્રાણીઓ માણસના ઘરમાં ઘુસી જાય ત્યારે શું થાય ? જ્યારે પ્રાણીઓના વર્ચસ્વ સમક્ષ મનુષ્ય લાચાર બની જાય ત્યારે શું થાય ? 'કિંગડમ ઓફ ધ પ્લેનેટ ઓફ ધ એપ્સ' હોલીવુડની હિટ ફ્રેન્ચાઇઝી 'પ્લેનેટ ઓફ ધ એપ્સ રીબૂટ'નો ચોથો ભાગ સ્ક્રીન પર આ કલ્પના જો વાસ્તવિક બની જાય તો શું થાય તેની એક છબી બતાવે છે કે જે ખૂબ જ ડરામણી છે.

આ ફિલ્મ ૨૦૧૭ની 'વોર ફોર ધ પ્લેનેટ ઓફ ધ એપ્સ'ની સિક્વલ છે કે જ્યાં વાનરો તેમના નેતા સીઝર (એન્ડી સેર્કિસ)ના મૃત્યુ પછી ઘણી પેઢીઓથી નાના જૂથોમાં રહે છે. આવા જ એક એન્ક્લેવમાં, નોહ (ઓવેન ટીગ) તેના પરિવાર સાથે રહે છે અને સુના (લિડિયા પેકહામ)ને પ્રેમ કરે છે. નોવા એક બહાદુર અને



દયાળુ લંગૂર છે, પરંતુ તેના કારણે એક દિવસ, પ્રોક્સિમસ (કેવિન ડ્યુરાન્ડ) કે જે પોતાને સીઝરનો અનુગામી લંગૂર કહે છે તે નોવાના ઘર પર હુમલો કરે છે. તે સમગ્ર વિસ્તારને બાળી નાખે છે, તેના પિતા કોરો (નીલ સેન્ડીલેન્ડ્સ)ને પણ મારી નાખે છે અને બાકીના લંગૂરને બંધક બનાવે છે. નોવા તેના પિતાને વચન આપે છે કે તે તેની ટુકડી પાછી લાવશે અને અહીંથી નોવાની યાત્રા શરૂ થાય છે. આ પ્રવાસમાં, તે એક માનવ મે (ફ્રેયા એલન) અને એક બુદ્ધિશાળી ઓરંગુટન રાકા (પીટર મેકોન) ને મળે છે. વેસ બોલ દ્વારા નિર્દેશિત, આ ફિલ્મ કેટલાક પ્રશ્નોના જવાબો શોધે છે, જેમ કે શું મનુષ્ય અને પ્રાણીઓ એકબીજા પર વિશ્વાસ કરી શકે છે? શું તેઓ સાથે રહી શકે છે? જો કે, પટકથાના સંદર્ભમાં ફિલ્મ હારી જાય છે. સ્ક્રિપ્ટ ખૂબ જ નબળી અને બોરિંગ છે. અઢી કલાકની આ ફિલ્મ અધવચ્ચેથી જ કંટાળાજનક લાગે છે. વાયરસના કારણે વાંદરાઓ સ્માર્ટ અને માણસો લાચાર બની જવાની થિયરી ખરેખર વિચિત્ર લાગે છે. જો કે, ફિલ્મ વ્યૂપોઇન્ટની રીતે એકદમ આકર્ષક છે. Gyula Padosની સિનેમેટોગ્રાફી અને વિઝ્યુઅલ ઈફેક્ટ્સનું સંયોજન શાનદાર છે. Owen Teague નોવા તરીકે ઉત્તમ કામ કરે છે. આ દરમિયાન, પીટર મેકોન રાકાના પાત્ર તરીકે દિલ જીતી લે છે. તેમ છતાં, વાર્તામાં ઉતાર-ચઢાવનો થોડો અભાવ વર્તાય છે અને એકંદરે ફિલ્મ સરેરાશ રહે છે.

સિને'માઁ' પરખ ભટ્ટ – શુધ્ધ કાઠિયાવાડી સ્ટાઈલ ફિલ્મ રિવ્યુ

bhattparakh@yahoo.com

**THIS WEEK ON OTT**
૧) નેટફ્લિક્સ : એટલાસ
૨) ડિઝની +હોટસ્ટાર : ધ બીચ બોયઝ
૩) જીઓ સિનેમા : ડૂન – ૨
૪) ડિઝની +હોટસ્ટાર : ધ કાર્દાશિયન્સઃ સિઝન ૫

**સાંજ સ્ટાર**
૨.૫ ચોકલેટ

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦: વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
વૈશાખ વદ-૩, તા.૨૬/૫/૨૪, રવિવાર

સૂર્યોદય : ૬-૦૫, સૂર્યાસ્ત : ૭-૨૨, જૈન નવકારશી : ૬.૫૩
રાશિ : ધન (ભ.ધ.ફ.ઢ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-વૃષભ, મંગળ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મેષ, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મેષ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-ધન

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** રોજિંદી વ્યવસાયિક પ્રવૃતિ અંગે આત્મવિશ્વાસ કેળવવો, શેર સટ્ટામાં લાભની આશા ફળવાની.
**વૃષભ :** જમીન મકાનના કામકાજમાં સફળતા મળવાની, નોકરીમાં કાર્યભાર રહે, મિત્ર વર્તુળનો સહકાર રહે.
**મિથુન :** શેરસટ્ટામાં લાભ રહે, લાંબાગાળાનું રોકાણ થશે, નોકરીમાં કાર્યભાર બદલીના ચાન્સ, કર્જ ન કરવું.
**કર્ક :** વ્યવસાયમાં પરિવર્તનની ઈચ્છા ફળે, રાજકીય રીતે અનુકુળ દિવસ યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહેશે.
**સિંહ :** વડીલોપાર્જીત મિલ્કતના પ્રશ્નોમાં અનુકુળતા રહેશે, માનસિક તનાવ હળવો થાય, માતાશ્રીથી લાભ રહે.
**કન્યા :** સાહિત્ય કલા ક્ષેત્રે અનુકુળતા રહે, સંયુકત પરિવારના વ્યવસાયમાં મનગમતા ફેરફારોની શકયતા ઉભી થાય.
**તુલા :** દિવસ દરમ્યાન આવક કરતા ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખજો, નોકરીમાં ચીવટ રાખવી, મિત્રોથી આર્થિક મદદ મળવાની.
**વૃશ્ચિક :** તમારો આત્મવિશ્વાસ વધવાનો, નોકરીમાં અનુકુળતા રહે, સાંજ પછીનો સમય વધુ લાભ કર્તા રહે.
**ધન :** અટકતા કાર્યને વેગ મળવાનો, મિત્રો સાથે વ્યવસાયનું આયોજન થાય, શેરસટાથી દુર રહેજો.
**મકર :** નિર્ણયો બાબત સતર્કતા કેળવજો, નવી યોજનામાં કોઈની સલાહ લેજો, પરિવારના સભ્યોને સહકાર દેજો.
**કુંભ :** માનસિક ટેન્શન દુર થાય, જુના મિત્રોની મુલાકાત લાભદાયક રહે, આવકનું પ્રમાણ વધવાનું.
**મીન :** નોકરીમાં મનગમતી જગ્યા મેળવશો, નવી ઓફર આવે, સંતાનોની પ્રગતિ માટે શુભ દિવસ રહેવાનો.

## સુવિચાર

**ઈચ્છાઓનો કોઈ અંત જ નથી,
માણસ મર્યા પછી સ્વર્ગ જવા માંગે છે...!!**

## આજનું ચિંતન



### જીવ પ્રત્યે દ્વેષ સમજીને કરજો

**રાગ અને દ્વેષ, આ બંને દોષોમાં દ્વેષ કરતાં રાગ વધુ ખતરનાક છે એ બાબતમાં કોઈ મતભેદ નથી એ તો બરાબર છે. પણ સમજી રાખવાની જરૂર છે કે કોઈ એક ચોકકસ જડ પદાર્થ પર તમે ગમે તેટલો રાગ કરો, તમને ભવાંતરમાં પણ એ જ જડપદાર્થ, એ જ આકર્ષક સ્વરૂપમાં મળી રહે એવી કોઈ જ સંભાવના નથી અને એટલે જ એ જડપદાર્થ પરનો રાગ પછીના ભવ સુધી ખેંચાતો નથી. પણ ચોકકસ વ્યકિત પ્રત્યે તમે જો દ્વેષ કેળવી બેઠા તો ભવાંતરમાં એ જ વ્યકિત અલગ અલગ સ્વરૂપે તિર્યંચ સ્વરૂપે કે માનવ સ્વરૂપે પણ મળી જાય એવી પૂરી સંભાવના છે અને એ ભવમાં પણ તમારો એના પ્રત્યેનો દ્વેષ ધબકતો રહે એવી પૂરી સંભાવના છે.**

**જીવ પ્રત્યે દ્વેષ સમજીને કરજો. કદાચ અનંતકાળ સુધી સાથે ચાલશે!**

# ક્યા પુરૂષાર્થથી સદા ખુશ રહી શકીએ?

આધ્યાત્મિક જીવનશૈલી સદા ખુશી આપે છે. ખુશખુશાલ રાખે છે. પરંતુ તે માટે કઈ બાબતોને ધ્યાનમાં લેવી જોઈએ. ક્યો પુરૂષાર્થ કરીએ તો હંમેશા મુસ્કુરાતા રહીશું?

**૧. સારા કર્મો કરીએ.**

સારા કર્મોનું અભિમાન ન હોવું જોઈએ. જે કાંઈ વિશેષતા છે તે પરમાત્મા દાતાની દેન છે. તેને સહારે સર્વ સારા કર્મો થાય છેઅને શ્રેષ્ઠ ફળની પ્રાપ્તિ પણ થાય છે.

**૨. સારા સંકલ્પો/વિચારો કરીએ.**

યાદ રહે સંકલ્પથી સુખમયી સંસાર બને છે. જેટલા ખુશીમાં રહીશું, ખુશીના સંકલ્પો હશે એટલા જ તન-મનના સર્વ દુઃખોથી છૂટકારો મળે છે.

**મૂલ્યોની મહેક**
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■


**૩. માયાજીત, વિકર્માજીત બનીએ.**

માયા અર્થાત વિકારોથી કદી હાર ન થાય તે આધ્યાત્મિક જીવનમાં અટેંશન રાખીએ. જો કોઈ વિકારોથી વશીભૂત થઈશું તો ચહેરા પર ઉદાસી આવી જાય છે. યાદ રહે સ્વયં પરમાત્મા સાથી છે તેથી હાર ખાઈને કર્મેન્દ્રિયો દ્વારા કોઈ વિકર્મ ન થાય તેવો પુરૂષાર્થ પરમ શક્તિની સાથે યોગ(યાદ) ના અટેંશન દ્વારા રાખીએ.

સ્વયં પરમાત્માની હું સંતાન છું એ નશો આપણને નિશ્ચિંત રાખે છે. નશાને કારણે ખુશીનો પારો ઉંચો રહે છે. આમ સદા ખુશમિજાજ હોય તે આવી ખુશીનો અનુભવ કરે છે. દાદી જાનકીજી કહેતા કે, 'કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, આળસ જેવા મોટા ડાકૂથી છુટવા માટે ખુશીનો ખોરાક રોજ ખાઓ. આ તંગ કરનારા, ડરાવણા ડાકૂઓ ઉચ્ચ જીવન પ્રાપ્તિ અર્થે કરેલા પુરૂષાર્થ અને તેમની પ્રાપ્તિને સેકંડમાં ખત્મ કરી દે છે. એટલે પરમાત્મા પણ કહે છે-હે આત્માઓ સાવધાન ! આ વિકારોથી બચીને રહો. આથી સ્વયંના વિકારોથી વશીભૂત સંસ્કારોને મહેનત કરી પાવન બનાવીશુ તો તે આવતા ૨૧ જન્મો સુધી સાથે ચાલશે. અને માયા પર સદા કામયાબી હાંસિલ કરીશું અથવા વિજયી બની રહીશું. આમ એ પરમ પિતા પરમાત્માની યાદ નિરંતર બની રહે તે જરૂરી છે.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



**આડી ચાવી**
૧. પંજાબનું ગોલ્ડન ટેમ્પલ (૬)
૬. 'પિંક' ફિલ્મની હિરોઇન (૫)
૯. દેહ, શરીર (૨)
૧૦. એક છોકરીનું નામ (૨)
૧૧. જુની 'ચશ્મે બદ્દુર' ફિલ્મના ડિરેકટર (૬)
૧૪. રાજન દિવાકરનું સંક્ષિપ્ત (૨)
૧૫. મૃત્યુ (૩)
૧૬. ટમેટું (૪)
૧૮. ખર્ચાળ (૩)
૨૧. ભૂલી ન શકાય તેવું (૪)
૨૪. આકાર, સાઇઝ (૨)
૨૬. ....વિવાદ (૨)
૨૭. લાંબુ ... સિંદર (૨)
૨૮. મણીરત્નમની એક ફિલ્મ (૪)
૨૯. સફળતાપૂર્વક ...માં ચાલી રહ્યું છે ! (૫)
૩૨. નપુંસક (૩)
૩૩. દરકાર (૪)
૩૫. બધા (૩)
૩૭. લિ.નું ફુલફોર્મ (૪)
૩૯. એક જ અક્ષર આવશે (૫)
૪૧. ઉકેલ (૨)
૪૨. તન, દેહ (૨)
૪૩. પપ્પાના સસરા (૨)
૪૫. સોળે શાન, વીસે ? (૨)
૪૬. યુપીના મુખ્યમંત્રી યોગી ... (૫)
૪૮. શ્રવણ-અંગ (૨)
૪૯. મમ્મીના બનેવી (૨)
૫૧. કાળીયા ઠાકોર કહેવાતા ભગવાન (૫)
૫૪. ...કાર મંત્ર, ...રસ (૨)
૫૫. જૂન પછીનો મહિનો (૩)
૫૭. રસોઇયા માટેનું વિશેષણ (૪)
૬૦. બિમારીનો ભાઇ (૨)
૬૧. ચાલક (૩)
૬૨. દેણું (૩)
૬૩. અનકોન્સિયસ (૩)
૬૫. ટાર્ગેટ (૨)
૬૬. તીર (૨)
૬૭. વ્હીકલ (૩)
૬૮. પપ્પાના પપ્પા (૩)
૬૯. શાનોશૌકતવાળુ (૪)
૭૦. ...વર, ...દાર (૨)
૭૧. લુચ્ચાઇ (૩)
૭૨. મોર્નિંગ (૩)
૭૩. જુસ્સો (૨)

**ઉભી ચાવી**
૧. એક કાપડ (૪)
૨. જંગલ (૨)
૩. મંદિર માટેનું વાંજીત્ર (૩)
૪. હૃદય આપ્યું, પીડા લીધી હિન્દી ફિલ્મ (૮)
૫. રાજકોટ-ગોંડલ વચ્ચેનું ગામ (૩)
૬. માથાનો મુગટ (૨)
૭. કઠપૂતળી (૩)
૮. વળતો પ્રહાર (૫)
૧૨. જલેબી (૪)
૧૩. રાજસ્થાનનું જૈનતીર્થ (૫)
૧૭. કેન્સલ (૨)
૧૯. એક ...કે પંછી (૨)
૨૦. વધારાનું જાતે પાડેલું નામ (૪)
૨૨. દળ-હિન્દી (૨)
૨૩. ગાપ લખો (૨)
૨૫. વોચમેન (૪)
૩૦. બહેનનું હિન્દી (૩)
૩૧. રાજકોટ નજીકના એક હનુમાન (૬)
૩૪. ઉંચુ કુળ (૪)
૩૬. ...હૈ તો તાલ હૈ, વર્ના તું કંગલા હૈ ... (૨)
૩૮. ટેન્સ વાતાવરણ (૪)
૪૦. પાંચ વત્તા ચાર (૨)
૪૨. સેંકડો પગવાળુ જંતુ (૫)
૪૩. મમ્મીના પપ્પા (૨)
૪૪. શ્રીનાથજીનું તીર્થ (૪)
૪૭. અંકલ (૨)
૪૮. શાયદ, કદાચ (૨)
૫૦. રેખાની પ્રથમ ફિલ્મ (૫)
૫૨. દેખાય નહીં તેવી ધૂળ (૪)
૫૩. ધીરજ રાખી શકનારો (૫)
૫૬. સતત, એકધારૂ (૫)
૫૭. મર્દાનગી-જોડણી છુટ્ટી પાડો (૫)
૫૮. એલિફન્ટ (૨)
૫૯. મહાન કક્ષાનું (૫)
૬૩. ડાઘ વગરનું (૩)
૬૪. પાસે, કરીબ (૩)
૬૬. અગિયારસ પછીની તિથિ (૩)
૭૦. જુવારનો તળપદો ઉચ્ચાર (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| લો | ક | સ | ભા | | ધા | રા | વા | હિ | ક |
| ક | દ | મ | | | રા | | | | ર |
| | મ | | | સં | સ | દ | ભ | વ | ન |
| | | શો | ક | સ | ભા | | ર | | જો |
| સા | ક | ર | | ગ | | ર | થ | | હ |
| | | બ | હુ | | | કા | રી | ગ | ર |
| ચા | રે | કો | ર | | પા | સ | | ણ | |
| રા | પ | ર | | ક | ટ | | | ત | ક |
| ગ | ર | | સા | સ | ણ | | ક | રી | બ |
| ર | | ક | સુ | ર | | મા | ળા | | |


સાંજ સમાચાર
દેશ - વિદેશના સચોટ સમાચાર
ઝડપથી વાંચવા માટે
આજે જ ડાઉનલોડ કરો
સાંજ સમાચાર મોબાઈલ એપ
GET IT ON Google Play
Download on the App Store
( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )
TWITTER
@sanj_news
FACEBOOK
@Sanj Samachar
YOUTUBE
SanjSamachar Video News
INSTAGRAM
@sanjsamachar
WEBSITE
www.sanjsamachar.net
TELEGRAM
Sanj Samachar
( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )
96622 96699
( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )









# શરમ કરો: દર્દીની સુવિધા ન જાળવી, હવે ભીંસ પડતા મહાકાય કુલરો મંગાવ્યા

## રાજકોટ સિવિલ હોસ્પિટલના તંત્રને ગરમીમાં બફાતા દર્દીઓ નજરે જ ન આવ્યા, મીડિયામાં અહેવાલ પ્રકાશિત થતા તંત્ર દોડતું થયું

## શું અવારનવાર સરપ્રાઇઝ વિઝીટના નામે ફોટો શૂટ કરાવતા સુપ્રિન્ટેન્ડન્ટને દર્દીઓ ઘરેથી પંખા-મીની કુલર ઘરેથી લાવ્યા તે નજરે ન પડ્યું?

રાજકોટ, તા.૨૫

રાજ્યમાં હિટ વેવ પ્રસરી ગઈ છે. સરકારે એલર્ટ આપ્યું છે. રાજકોટ સિવિલ હોસ્પિટલના તંત્રએ હિટ વેવ માટે અલાયદો વોર્ડ ઉભો કર્યો છે. પણ આ જ રાજકોટ સિવિલ હોસ્પિટલના તંત્રને ગરમીમાં બફાતા દર્દીઓ નઝરે જ આવ્યા નહોતા. જોકે મીડિયામાં અહેવાલ પ્રકાશિત થતા તંત્ર દોડતું થયું છે. તંત્રના વાહકો માટે શરમ જનક વાત છેકે પહેલા દર્દીઓની સુવિધા ન જાળવી અને હવે ભીંસ પડતા મહાકાય કુલરો મંગાવ્યા હતા. અહીં સવાલ એ પણ ઉભો થાય છે કે, શું અવારનવાર સરપ્રાઇઝ વિઝીટના નામે ફોટો શૂટ કરાવતા સુપ્રિન્ટેન્ડન્ટને દર્દીઓ ઘરેથી પંખા-મીની કુલર ઘરેથી લાવ્યા તે નજરે નહીં પડ્યું હોય? પોતાની ચેમ્બર ત્રણ - ત્રણ એસી રાખતા સુપ્રિન્ટેન્ડન્ટને સામાન્ય વોર્ડમાં દાખલ દર્દી નારાયણો વિશે ચિંતા નહીં થઈ હોય?

રાજકોટ સિવિલ હોસ્પિટલ હવે અમદાવાદ સિવિલ હોસ્પિટલ સમકક્ષ થઈ ગઈ છે. તેવો દાવો સુપ્રિન્ટેન્ડન્ટ આર.એસ. ત્રિવેદીએ કર્યો હતો. જોકે હાલ જે ચિત્ર દેખાય છે તે જુદું છે. રાજકોટ સિવિલ હોસ્પિટલ વિવાદોથી જાણીતી છે. અહીં ચાલતી લોલમલોલ અને અવારનવાર પ્રસિદ્ધ થતા અહેવાલો સ્થિતિ અંગે સવાલો ઉભા કરે છે. રાજકોટમાં ગરમીનો પારો ૪૪ ડીગ્રી આસપાસ પહોંચે છે. તંત્ર જ લોકોને સાવચેત રહેવા કહે છે. જોકે રાજકોટ સિવિલ હોસ્પિટલના સામાન્ય ઓપીડી વિભાગમાં દાખલ દર્દીઓ અંગે કોઈને ચિંતા નથી. અહીં વોર્ડમાં દાખલ દર્દીઓ કહીં રહ્યા છે કે, ૧૦ બેડ દીઠ બે પંખા છે. આવી ગરમીમાં આ કઈ રીતે ચાલે? જેથી તેઓ ઘરેથી કે ખરીદીને પંખા કે કુલર લાવ્યા છે. ઓફિસ ઓફિસમાં બેઠેલા અધિકારીઓને આ વાતની જાણ નથી હોતી એવું માનવને કોઈ કારણ નથી. આ અધિકારીઓ બધું જાણતા હોય પણ, સિવિલ હોસ્પિટલમાં મોટા ભાગે મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગના દર્દીઓ સારવાર મેળવે છે. આ વર્ગ પાસે કોઈ ભલામણ નથી હોતી, જેથી તેની સુવિધામાં ગંભીરતા ન દાખવાય તો ચાલે તેવી તંત્રના વાહકો માન્યતા હોય તેમ લાગે છે.

દર્દીઓને ઘરેથી પંખા-કુલર લાવવા પડે છે. તેવા અહેવાલો મીડિયામાં પ્રસારિત થતા જ તંત્રમાં હડકંપ મચી ગયો. વાત ગાંધીનગર સુધી પહોંચી ગઈ. સચિવો, કમિશનરો, કલેકટર સહિતના અધિકારીઓએ તત્કાલ પગલા લેવા સૂચનો કર્યા હોવાનું જાણવા મળે છે. જેથી સિવિલ હોસ્પિટલમાં ટ્રક સહિતના વાહનોમાં ભરાઈને મહાકાય કુલરો આજે બપોરે આવ્યા હતા. આ મહાકાય કુલરો હવે દર્દીઓને વોર્ડમાં મુકાશે. આ તો હંગામી સુવિધા થઈ, દર્દીઓ માટે કાયમી આ પ્રશ્નનો ઉકેલ આવે તે જરૂરી છે.

# સિંહ સહિતના પ્રાણીઓ માટે પાણીના ૫૦ પોઈન્ટ કાર્યરત

## અમરેલી જિલ્લામાં વન તંત્રની વ્યવસ્થા: સૌર ઉર્જા અને ટેન્કર દ્વારા કરાતી વ્યવસ્થા

(મિલાપ રૂપારેલ) અમરેલી,તા.૨૫

તાજેતરમાં સમગ્ર રાજયમાં અનેક વિસ્તારો ઉષ્ણ લહેર છે. આ સ્થિતિમાં વન્ય જીવોને પાણી મળી રહે તે માટે અમરેલી વન તંત્ર દ્વારા તકેદારીના પગલા લેવામાં આવ્યા છે. અમરેલી જિલ્લામાં શેત્રુંજી વન્યજીવ વિભાગ દ્વારા સિંહ સહિતના વન્યજીવોને ઉષ્ણ લહેરથી બચાવવા માટે પીવાના પાણીના પોઈન્ટની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ પોઈન્ટ પર સમયાંતરે પાણી રિચાર્જ કરવામાં આવે છે. વન્યજીવોને તરસ છીપાવવા માટે દૂરસુધી જવું ન પડે તે હેતુ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. એશિયાઈ સિંહોના રહેણાંક વિસ્તાર એવા અમરેલી જિલ્લાના વિસ્તારોમાં સિંહો માટે વિશેષ કાળજી લેવાનો પ્રયાસ વન તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે.




વન વિભાગ દ્વારા વિવિધ પ્રકારે આ પોઈન્ટ પર પાણી ભરવામાં આવી રહ્યું છે. જે પૈકીના કેટલાકસૌર અને પવન ઉર્જાથી સંચાલિત છે તો કેટલાક પોઈન્ટ પર ટેન્કર દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષે અમરેલી જંગલ વિસ્તારમાં સિંહ સહિતના વન્યજીવો માટે પીવાના પાણીના ૫૦ પોઇન્ટ કાર્યરત છે. વર્ષ ૨૦૨૩-૨૪માં અમરેલી જંગલ વિસ્તારમાં વન્યજીવો માટે પીવાના પાણીની વધુ સગવડ થાય તે માટે નવા ૧૭ પોઇન્ટ બનાવવામાં આવ્યા છે.

આ વ્યવસ્થા અંગેની સમીક્ષા કરવાના હેતુથી પાલીતાણા-શેત્રુંજી વન્યજીવ વિભાગના નાયબ વન સંરક્ષક જયન પટેલ દ્વારા વનવિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. નાયબ વન સંરક્ષકએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.




# ગ્રીનલેન્ડ ચોકડીના સિગ્નલ પર વાહન ચાલકો માટે મંડપની વ્યવસ્થા



રાજકોટમાં ગરમીનો પારો વધતા લોકોને ભારે હાલાકી પડી રહી છે. છેલ્લા એક સમાહથી કાળઝાળ ગરમી પડી રહી છે. લોકો ગરમીથી એટલા ત્રસ્ત થઇ ગયા છે કે ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. તેમાં પણ ઘરની બહાર નીકળ્યા બાદ આકરા તાપમાં ઉભું રહેવું પણ ખુબ મુશ્કેલીભર્યું રહે છે. ત્યારે આવા ધગધગતા તાપમાં રાજકોટના રસ્તાઓ પર નીકળતા રાહદારીઓ માટે તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રાજકોટના અનેક ટ્રાફિક સિગ્નલ પર મંડપ બાંધવામાં આવ્યા છે. જેથી ટ્રાફિક સીગ્નલ સમયે ઉભા રહેતા વખતે લોકો છાયડામાં ઉભી રહી શકે અને રાહત મેળવી શકે ત્યારે આજરોજ પારવડી ચોક, ગ્રીન્ડલેન્ડ ચોકડી ખાતે આવેલ ટ્રાફિક સીગ્નલ બાસે મંડપ બાંધવામાં આવ્યો છે. આ વ્યવસ્થાની લોકોએ રાહત મેળવી હતી.





સર્વેશ્વર ચોકમાં વોંકળા દુર્ઘટના બાદ શિવમ બિલ્ડીંગને સીલ મારી દેવામાં આવ્યા હતા. સલામતી ખાતર આજ સુધી આ બંને યુનિટ સીલ છે ત્યારે હવે ચૂંટણી પરિણામો બાદ આ કોમર્શિયલ કોમ્પ્લેક્ષ ખુલે અને પતરા હટે તેવી આસામીઓને આશા છે. (તસ્વીર : પંકજ શીશાંગીયા)

# સર્વેશ્વર ચોકના વોંકળાનું કામ તત્કાલ શરૂ કરી દેવા ચૂંટણી પંચને પત્ર : શિવમ બિલ્ડીંગના ફિટનેસ સર્ટી. રજૂ

## આચારસંહિતા વચ્ચે ચોમાસા પૂર્વેના આવશ્યક કામ માટે મનપાએ સરકારને પત્ર લખ્યો : બંને બિલ્ડીંગમાં રીનોવેશન જેવા કામ થઇ જતા એક બિલ્ડીંગ ખોલવા મંજૂરી : મનપા વેરીફીકેશન પણ કરશે

રાજકોટ, તા. ૨૫

રાજકોટમાં ગણેશ ઉત્સવ વખતે ગત ઓકટોબર મહિનામાં ડો.યાજ્ઞિક રોડ લાગુ સર્વેશ્વર ચોકમાં આવેલા શિવમ બિલ્ડીંગ હેઠળનો વોંકળાનો સ્લેબ ધસી પડતા દુર્ઘટના સર્જાઇ હતી. તે બાદ વોંકળાના કારણે બિલ્ડીંગ પર સર્જાયેલા જોખમના પગલે શિવમ કોમ્પ્લેક્ષના બંને બિલ્ડીંગને સીલ મારી આડસ મુકી દેવામાં આવી છે. આ જગ્યાએ ધંધાર્થીઓએ બિલ્ડીંગનું ફિટનેસ મેળવવા અને મનપાએ નવો વોંકળો બનાવવા બંને કામના આયોજનને ૭ મહિના જેવો સમય વીતી જવા છતાં હજુ કોઇ રસ્તો નીકળ્યો નથી. આ સંજોગોમાં હવે બંને બિલ્ડીંગના ફિટનેસ તૈયાર થતા પ્રમાણપત્ર રજૂ કરી દેનાર શિવમ-૧ને ખોલવા મનપાએ મંજૂરી આપી દીધી છે. જેથી ધીમે ધીમે દુકાનો ખુલવા લાગશે.

શિવમ-૨ કોમ્પ્લેક્ષમાં થોડા સમય બાદ ઓફિસ અને દુકાનો ખુલે તેવી સંભાવના છે. તો બીજી તરફ આ અનિવાર્ય કામ કરવા દેવા મહાપાલિકાએ ચૂંટણી પંચ પાસે મંજૂરી માંગી છે.

ચૂંટણી પંચે પહેલી રજુઆત વખતે સરકારના જે તે વિભાગ મારફત રજુઆત કરવા જવાબ આપ્યો હતો. આથી મનપાએ રાજય સરકારના શહેરી વિકાસ વિભાગને પત્ર લખ્યો છે.

ગણેશ ઉત્સવ વખતે શિવમ-૨ કોમ્પ્લેક્ષ બહાર ખાણીપીણીની દુકાન બહારનો સ્લેબ લોકો સાથે વોંકળામાં પડયો હતો જેમાં એક મહિલાનું મૃત્યુ થયું હતું અને બે ડઝન જેટલા લોકોને ઇજા થઇ હતી. આ ઘટનાના પડઘા ઉપર સુધી પહોંચ્યા હતા અને કોર્પો. તથા પોલીસની તપાસમાં આ વોંકળા પર સ્લેબ ગેરકાયદે બંધાઇ ગયાનું અને તેનો કોઇ રેકર્ડ પણ નહીં હોવાનું બહાર આવ્યું હતું. વોંકળાનો એક ભાગ બેસી જતા અને તેને લાગુ શિવમ-૧, શિવમ-૨ કોમ્પ્લેક્ષ હોવાથી સલામતી માટે મનપાએ બંને બિલ્ડીંગની તમામ દુકાન, ઓફિસ અને શોરૂમ સીલ કર્યા હતા. બંને બિલ્ડીંગ એસો.ને સલામતીના સ્ટ્રકચરલ અને ફિટનેસ સર્ટીફીકિટ રજૂ કરવા કહ્યું હતું. એકાએક પુરૂ બિલ્ડીંગ બંધ થઇ ગયું અને કોર્પો.એ આડસ મારી દીધી છે.

હવે મનપાએ ૩.૮૭ કરોડના ખર્ચે મેહુલ કીચનથી સામે ડો.યાજ્ઞિક રોડ તરફ આવતા ડોલ્સ મ્યુઝીયમના રસ્તા સુધી નવો વોંકળો (બોકસ કલવર્ટ) બનાવવા કામ મંજૂર કર્યુ છે. તેનો પ્લાન પણ બની ગયો છે. પરંતુ આ દરમ્યાન ચૂંટણી જાહેર થતા ચોમાસા પૂર્વેનું આવશ્યક વોંકળાનું કામ શરૂ થઇ શકયું નથી. સ્થિતિ જોતા મનપાએ ખાસ કેસમાં આ કામ કરવા દેવા ચૂંટણી પંચને રજુઆત કરી હતી. પરંતુ પંચે સરકારના વિભાગ મારફત માહિતી મોકલવા કહ્યું હતું. તેના પગલે હવે કોર્પો.એ શહેરી વિકાસ વિભાગને મંજૂરી લઇ લેવા પત્ર લખ્યો છે. જોકે હવે મત ગણતરીને ૧૧ દિવસ રહ્યા છે ત્યારે તાબડતોબ મંજૂરી આવે તેવું લાગતું નથી.

બીજી તરફ શિવમ-૨ કોમ્પ્લેક્ષે ફિટનેસ સર્ટીફીકિટ રજૂ કરી દેતા આ બિલ્ડીંગ ખોલવાનો અભિપ્રાય આપી દેવાયો છે.શિવમ-૧ વતી કોંગી નેતા અને એસો.ના અગ્રણી ડો.મહેશ રાજપૂતે કહ્યું હતું કે બિલ્ડીંગના ભાગને સંપૂર્ણ રીનોવેટ પણ કરી દેવામાં આવ્યો છે. અઢી કરોડ જેવો ખર્ચ કરી પુરૂ બિલ્ડીંગ નવું બનાવાયું છે. શિવમ-૧નું ફિટનેસ સર્ટી. પણ તૈયાર થઇ જતા તુરંત કોર્પો.માં રજૂ કરાશે. આમ આ બંને બિલ્ડીંગ હવે ટુંક સમયમાં ખોલી શકાય તેવી સ્થિતિ છે. જોકે કોર્પો.ના અભિપ્રાયની પણ રાહ જોવાઇ રહી છે. મનપા હવે વોંકળાનું કામ શરૂ કરવા સાથે બીજુ બિલ્ડીંગ ખોલવાની મંજૂરી કયારે આપે છે ? હજુ કેટલી ચકાસણી કરે છે તેના પર આ બિલ્ડીંગ ફરી કયારે ખુલશે તેનો મદાર છે.

# સગા માસિયાઈ ભાઈએ બહેન પાસે ન્હાતી વેળાએ વિડીયો કોલ કરાવ્યાં: ફોટા વાયરલ કરવાની ધમકી આપી ૨.૪૬ લાખનું સોનું પડાવ્યું

**ભાયાવદર પંથકનો બનાવઃ યુવતીના પિતાએ વેપાર માટે ખરીદી કરવાં ઘરમાં દાગીનાની તપાસ કરતાં ભાંડો ફૂટ્યોઃ પોરબંદર રહેતાં આરોપીએ ધમકી આપતાં બદનામીના ડર્રે યુવતી ભોગ બની**

**યુવતી પાસે આરોપી દર મહિને ૪ થી ૬ હજાર રૂપિયા પણ પડાવતો હતોઃ ભાયાવદર પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામાં લેવાં તજવીજ હાથ ધરી**

રાજકોટ. તા.૨૫

ભાયાવદર પંથકમાં રહેતી એક યુવતીને સગા માસિયાઈ ભાઈએ ન્હાતી વેળાએ વિડીયો કોલ કરાવી ફોટા વાયરલ કરવાની ધમકી આપી ૨.૪૬ લાખનું સોનું પડાવી લેવાનો બનાવ સામે આવતાં ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે ભાયાવદર પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામાં લેવાં તજવીજ હાથ ધરી હતી.બનાવ અંગે ભાયાવદર પંથકમાં રહેતાં ૪૦ વર્ષીય યુવાને નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે તેના સગા સાઢું ભાઈના પુત્રનું નામ આપતાં ભાયાવદર પોલીસે આઇપીસી કલમ ૩૮૪,૫૦૪,હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ જુના કપડાનો વેપાર ધંધો કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. તેઓને સંતાનમાં બે પુત્રી-એક પુત્રી છે. ગઇ તા.૨૦/૦૫ ના રોજ તેઓ વેપાર માટે ખરીદી કરવા મુંબઈ હતાં ત્યારે પૈસાની જરૂરત પડતા તેમને પત્નીને ફોન કરી કહેલ કે, મારે ખરીદીમા પૈસાની જરૂર છે. જેથી આપણા ઘરે સોનુ પડેલ છે. તે છોકરાઓને આપ અને તે સોની પાસે જઈ ગોલ્ડ લોન કરાવી પૈસા લઇ આવી અને તે પૈસા મોકલાવવાનું કહ્યું હતું. જે બાદ તેમની પત્નીએ ઘરમાં સોનાના દાગીનાની તપાસ કરતા તેણીનું અને માતાનું મંગળસુત્ર મળેલ ન હતું. જે બાદ ફરિયાદી મુંબઇથી ઘરે આવી ઘરમા સોનાના દાગીના બાબતે તપાસ કરેલ પરંતુ ઘરેણા મળેલ ન હોય જેથી સંતાનોને તેમજ પત્નીને ઘરેણા બાબતે પુછપરછ કરતા મારી મોટી પુત્રીએ વાત કરેલ કે, મેં ઘરેણા માસીના પુત્ર મયુર મકવાણાને ગઇ તા.૧૭/૦૫ ના ઘરમાથી તુલસી, સોનાના મોતી વાળી માળા તથા મંગળસુત્ર લઈ ઉપલેટા બસ સ્ટેન્ડમા જઈ આપેલ છે.

**જે બાબતે પુત્રીને પૂછતાં તેણીએ જણાવેલ કે,**

માસીનો પુત્ર વર્ષ ૨૦૨૨ થી ટેલીગ્રામ તથા વાયબરથી ફોન દ્વારા વાતો કરતી હતી. ત્યારપછી આરોપી ફોનમા કહેતો હતો કે, તું બાથરૂમમાં નાહવા જા ત્યારે મને ફોન કરજે જેથી હું ના પાડતી પણ તે કહેતો કે, તું મને વિડીયો કોલ નહી કરે તો આપણા વચ્ચેના ફોન કોન્ટેક અને જે સબંધો છે, તેની જાહેરાત હું કરી દઇશ તેવી ધમકી આપતા હું નાહવા જતી ત્યારે આરોપીને વિડીયો કોલ કરતી હતી અને તે મારા નાહવાના ફોટાઓ વાયરલ કરવા બાબતે ધમકીઓ આપી મારી પાસેથી ઘરેણા તથા રોકડ રૂપીયા છેલ્લા એક વર્ષ દરમ્યાનમાં મહીને રૂપીયા ૪ થી ૬ હજાર તેના એકાઉન્ટમાં જમા કરાવતી હતી.

તેમજ એક વર્ષ પહેલા બોર્ડની પરીક્ષાના સમયે સોનાનો ચેઇન તથા વેકેશનમાં ભાયાવદરમાં સોનાના મોતીની માળા આરોપીને આપેલ હતી. જે વાત ફરિયાદીને તેમની પુત્રીએ રડતા રડતા કરેલ બાદમાં તે વાતની તેઓએ તપાસ કરતા તેમજ દિકરીએ કરેલ વાત વાળો બનાવ સાચો હોવાનું સામે આવ્યું હતું. જે બાદ આરોપી તેઓના સગા

સાઢુભાઇનો દિકરો થતો હોય જેથી તેના ઘરે જઈ અરોપીની માતાને બનાવ અંગે વાત કરેલ તો આરોપીએ બનાવ ખોટો હોવાનું જણાવ્યું હતું. જેથી આરોપીએ માસીયાર ભાઇ-બહેનના નાતે ફોન કોન્ટેકથી વાતો કરી તેઓની દિકરીને ફોસલાવી ફોન કોન્ટેકની વાતચીત બાબત જાહેર કરવાની ધમકી આપી તેણી નાહવા જાય ત્યારે વિડીયો કોલથી વાત કરી ફોટાઓ વાયરલ કરવાની ધમકીઓ આપી ઘરમાં રહેલ સોનાના દાગીના તુલસી,સોનાનો ચેઇન, સોનાનો મંગળસૂત્ર મળી કુલ રૂ.૨,૪૬,૬૦૦ નો મુદ્દામાલ પડાવી લીધેલ હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી ભાયાવદર પોલીસે ગુનો નોંધી આરોપીની તપાસ હાથ ધરી હતી.

# બ્યુટીપાર્લરનું કામ કરતી ત્યકતાને લગ્નની લાલચ આપી અવારનવાર દુષ્કર્મ આચરી તરછોડી દીધી

**ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા કશ્યપ સોલંકીએ બે વર્ષ પહેલાં ત્યકતાને હોટલમાં બોલાવી આજથી તું મારી પત્ની કહીં દેહ ચૂંથ્યોઃ આરોપીના માતાપિતા પણ વાકેફ હતાં: પ્ર. નગર પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી**

રાજકોટ. તા.૨૫

સેન્ટ્રલ જેલ નજીકના વિસ્તારમાં રહેતી અને બ્યુટીપાર્લરનું કામ કરતી ૨૪ વર્ષીય ત્યકતાને લગ્નની લાલચ આપી ગાંધીગ્રામના કશ્યપ સોલંકીએ અવારનવાર દુષ્કર્મ આચરી તરછોડી દેતાં પ્ર. નગર પોલીસે દુષ્કર્મની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.


બનાવ અંગે ભોગ બનનાર યુવતીએ પોલીસને જણાવ્યું હતું કે, તેણીના છ વર્ષ પહેલા તેના લગ્ન થયા હતા. સંતાનમાં પુત્રની પ્રાપ્તિ થઈ હતી. દરમિયાન બે વર્ષ પહેલા છૂટાછેડા થઇ ગયા હતા. બે વર્ષ પહેલા જ રૈયા ચોકડીએ ફરવા ગઈ ત્યારે આરોપી સાથે પરિચય થયા બાદ પ્રેમ સબંધ બંધાયો હતો. તે વખતે તેણે આરોપીને પોતાના છૂટાછેડા થઇ ગયાનું અને પુત્ર પતિ પાસે હોવાની વાત જણાવી હતી.

જે બાદ પણ આરોપીએ તેની સાથે લગ્ન કરીશ તેમ કહ્યું હતું. જેને કારણે આરોપીના વિશ્વાસમાં આવી ગઈ હતી. બે વર્ષ પહેલા આરોપીએ તેને પારસી અગિયારી ચોક નજીક આવેલી હોટલમાં બોલાવી તું આજથી મારી પત્ની છો તેમ કહી તેની સાથે તેની મરજીથી શરીર સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ સાતેક મહિના સુધી અવારનવાર તે જ હોટલમાં બોલાવી શરીર સુખ માણતો હતો.

ઉપરાંત એકાદ વર્ષ પહેલા આરોપીનું એક્સીડેન્ટ થતાં પગમાં ફ્રેક્ચર થયું હતું. જેને કારણે આરોપી પથારીવશ હતો. આ સ્થિતિમાં આરોપીએ તેને ઘરે સેવા કરવા માટે બોલાવી હતી. ઘરે જતી ત્યારે આરોપીના માતા-પિતા પણ બંનેના પ્રેમ સંબંધથી વાકેફ હતા. આરોપી માતા-પિતાની ગેરહાજરીમાં તેને ઘરે બોલાવી શરીર સંબંધ બાંધતો હતો. બાદમાં વર્ષ ૨૦૨૩ માં આરોપીએ તેને રૈયા ચોકડીએ બોલાવી બસ સ્ટેન્ડ પાછળ આવેલી હોટલમાં લઇ જઈ શરીર સંબંધ બાંધ્યો હતો. તે વખતે તેણે આરોપીને લગ્ન કરવાનું કહેતા ના પાડી દીધી હતી. જેને કારણે આરોપી વિરૂધ્ધ પોલીસમાં અરજી કરતાં સમાધાનની વાત થઈ હતી. જો કે બાદમાં આરોપીએ લગ્નનો ફરીથી ઇન્કાર કરી દીધો હતો.વધુમાં ઉમેર્યું કે, આરોપીએ તેને લગ્નની લાલચ આપી તેની સાથે અવારનવાર શરીર સંબંધ બાંધ્યો હતો. આરોપીએ બે હોટલ ઉપરાંત તેની બહેનપણીના મકાનમાં પણ તેની સાથે શરીર સંબંધ બાંધ્યો હતો.

# રાજકોટમાં ઓમ સમર્પણ શરાફી મંડળીના સંચાલકે ૨૬૩ ખાતેદારોને રૂા.૧.૫૦ કરોડમાં નવડાવ્યાં

**સારા વળતરની લાલચ આપી શહેરમાંથી અનેક લોકો પાસેથી રૂપિયા ઉઘરાવી શૈલેષ ઠુંમર દસ દિવસથી કુવાડવા રોડ પર આવેલ પેઢી બંધ કરી નાસી છૂટયો'તો**



રાજકોટ. તા.૨૫

રાજકોટમાં કુવાડવા રોડ પર આવેલ ઓમ સમર્પણ શરાફી મંડળીના સંચાલકે ૨૬૩ ખાતેદારોને રૂ.૧.૫૦ કરોડમાં નવડાવી પેઢીને દસ દિવસથી તાળા મારી ફરાર થઇ જતાં પેઢીમાં કલેક્સન જ કામ કરતા એજન્ટે ફરીયાદ નોંધાવતાં બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપી શૈલેષ ઠૂમરની ધરપકડ કરી હતી.

બનાવ અંગે કુવાડવા રોડ પર આંબાભગત સોસાયટી મેઈન રોડ પર રહેતાં પરેશભાઈ મોહનભાઈ પરસાણા (ઉ.વ.૪૧) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કુવાડવા રોડ પર આવેલ ઓમ સમર્પણ શરાફી સહકારી મંડળીના સંચાલક શૈલેષ ઠુંમરનું નામ આપતાં બી. ડિવિઝન પોલીસે છેતરપીંડી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૧૦માં તે કુવાડવા રોડ પર આવેલી શ્રી સમર્પણ શરાફી સહકારી મંડળીમાં કલેકશનનું કામ કરતા હતા. જ્યાં આરોપી શૈલેષ મંત્રી તરીકે હતો. જેથી બંને એક- બીજાને ઓળખતા હતા. ૨૦૧૫માં આરોપીએ મંડળીમાંથી અલગ થઈ પોતાની ઓમ સમર્પણ શરાફી સહકારી મંડળી શરૂ કરી હતી. જેમાં ૨૦૧૬ થી તે એજન્ટ તરીકે ડેઈલી કલેકશનનું કામ કરતા હતા. આરોપીએ ગ્રાહકોને જે લોકો મંડળીમાં રૂપિયાનું રોકાણ કરશે તે રોકાણના વાર્ષિક પાંચથી દસ ટકા દરે પાકતી મુદતે વળતર આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.

**બી ડિવિઝન પોલીસે છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને સકંજામાં લીધો**

તે મંડળીમાં તે ઉપરાંત તેના પત્ની કાજલબેન સહિતનાઓ એજન્ટ તરીકે કામ કરતા હતા. તેણે પણ ૨૦૧૭ થી કટકે-કટકે રૂ.૮ લાખની એફડીમાં રોકાણ કર્યું હતું. જે ૨૦૨૦માં પાકતી મુદતે રૂ.૧૦.૪૦ લાખ થતાં હતા. જે રકમ આરોપીએ હાલમાં મારે પૈસાની જરૂરિયાત છે તેમ જણાવતાં તેને હાથ ઉછીના આપ્યા હતા. તે ૨૦૧૭ થી ૨૦૨૨ સુધીમાં કરેલા રોકાણ અને વ્યાજના મળી કુલ રૂ.૨૨.૩૮ લાખ મંડળી પાસે માગતા હતા.

આ ઉપરાંત પોતે એજન્ટ હોય કુલ ૯૪ ગ્રાહકો પાસેથી રૂ.૩૫.૦૪ લાખ, તેના પત્ની દ્વારા મંડળીના ૭૯ ગ્રાહકો પાસેથી મેળવેલા રૂ.૩૪.૮૭ લાખ, અન્ય એજન્ટ દિનેશભાઈ પીપળીયા (રહે. હુડકો કવાટર, કુવાડવા)ના ૧૬ ગ્રાહકોના રૂ. ૭.૮૪ લાખ, મહેન્દ્રભાઈ અકબરીના ૭૩ ગ્રાહકોના રૂ.૩૯.૫૬ લાખ અને કાંતિભાઈ નારણભાઈ માલી (રહે. ન્યુ ગાંધી સોસાયટી, સંત કબીર રોડ) ના રૂ.૧૦.૪૦ લાખ મળી કુલ રૂ. દોઢ કરોડ મંડળીમાં જમા કરાવ્યા હતા.

જેથી ઓમ સમર્પણ શરાફી સહકારીના સંચાલક શૈલેષ ઠુંમરે વચન અને વિશ્વાસ આપતા અમારા તથા નીચે જણાવેલ ગ્રાહકોને સારા વળતરની લાલચ આપી પોતાની મંડળીમાં રોકાણ કરો અને તે રોકાણ પર સારૂ એવુ ૫ થી ૧૦ ટકા જેટલું વ્યાજ આપવામાં આવશે તેમ કહીં એજન્ટ તથા ગ્રાહકોએ રૂ.૧.૫૦ કરોડનું રોકાણ કરેલ હતું. જે રૂપીયા આરોપી ઓળવી જઈ વિશ્વાસઘાત કરી છેતરપીંડી કરેલ હતી.

# અમરનગરમાં ૧૫ વર્ષ અને ભગવતીપરાની ૧૬ વર્ષની સગીરા ગુમ : અપહરણની ફરિયાદ નોંધાઈ

**એક સગીરાને માતાએ ઠપકો આપતા અને બીજી સગીરા ઘરે કોઈ નહોતું ત્યારે ક્યાંક નીકળી ગઈ : પોલીસ દ્વારા શોધખોળ**

રાજકોટ, તા.૨૪

શહેરના અમરનગરમાં ૧૫ વર્ષ અને ભગવતીપરાની ૧૬ વર્ષની સગીરા ગુમ થઈ જતા અપહરણની ફરિયાદ નોંધાઇ છે. એક સગીરાને માતાએ ઠપકો આપતા અને બીજી સગીરા ઘરે કોઈ નહોતું ત્યારે ક્યાંક નીકળી ગઈ હતી. પોલીસ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી છે.

ફરિયાદી ૪૬ વર્ષીય પિતાએ ફરિયાદમાં જણાવ્યું કે, હું

અમરનગર વિસ્તારમાં રહુ છું. મારે સંતાનમાં એક દીકરી તથા એક દીકરો છે. દીકરીની ઉંમર ૧૫ વર્ષ છે. તા.૨૩ ના રોજ સવારના સમયે હું મારી નોકરીએ ગયો હતો. મારા પત્ની પણ નોકરીએ ગયા હતા. દીકરો તેની સ્કૂલે કામ માટે ગયો હતો. દીકરી ઘરે એકલી હતી. દરમિયાન સવારે ૧૧.૩૦ વાગ્યે દીકરાનો મને ફોન આવેલ કે, બહેન ઘરે હાજર નથી. હું તુરંત મારા ઘરે આવેલ. આડોશી પાડોશી તથા સગાસબંધીમાં તપાસ કરતા કોઈ જગ્યાએ મળી આવેલ નહીં. મારી દીકરી આ પહેલા પણ ત્રણથી ચાર વખત અમારા ઘરેથી કોઇ કારણોસર જતી રહેલ હતી. પણ અગાઉ તે ચારથી પાંચ કલાકની અંદર ઘરે પરત આવી જતી. પણ આ વખતે તે પરત ન આવતા પોલીસમાં ફરિયાદ કરી છે. હાલમાં જ મારી દીકરીએ ધોરણ ૧૦ પાસ કરેલ હતું. કોઈ અજાણ્યો શખ્સ તેને લલચાવી ફોસલાવી લઈ ગયો હોવાની શંકાએ માલવીયાનગર પોલીસે ગુનો નોંધી દીકરીની શોધખોળ હાથ ધરી છે.

બીજા બનાવમાં ૪૦ વર્ષીય માતાએ ફરિયાદમાં જણાવેલ કે, હું ભગવતીપરા વિસ્તારમાં રહુ છું. મારા પતિ આશરે બારેક વર્ષ પહેલા અવસાન થયેલ. અમે મૂળ ધાંગધ્રા પંથકના વતની છીએ. મારે એક દીકરી, બે દીકરા છે. દીકરી ૧૬ વર્ષની છે. હું ઇમીટેશનનું કામકાજ કરું છું. મારો મોટો દીકરો તેની પત્ની સાથે અલગ રહે છે. અમારી આર્થિક સ્થિતિ સારી ન હોવાથી દીકરીને ધો.૮ સુધી અભ્યાસ કરાવી સ્કૂલમાંથી ઉઠાડી લીધી હતી. છેલ્લા બે માસથી મારી દીકરી પટેલવાડી નજીક ઇમિટેશન કારખાનામાં કામ કરવા પાડોશીની દીકરી ભેગી જતી. તા.૮/૫/૨૦૨૪ના રોજ કારખાને ગઈ હતી. હું ઘરે હતી ત્યારે સાંજે પાંચેક વાગ્યે મારી મોટી બેનનો ફોન આવેલ કે, મારી દીકરી અને પાડોશીની દીકરી પાંજરાપોળ પાસે રીક્ષામાં જતા હતા. હું કારખાને ગઈ અને મારી દીકરીને પૂછ્યું કે ક્યાંય બહાર ગઈ હતી. દીકરીએ ના પાડતા મેં પાડોશીની દીકરીને પૂછ્યું જેથી બંને કોઈ કાગળીયા કરાવવા ગયા હતા તેમ કહ્યું. મારી દીકરી ખોટું બોલી હોવાથી હું ગુસ્સે થયેલ અને ઠપકો આપેલ. પછી હું ઘરે આવી ગયેલ. રાત્રે દીકરી ઘરે ન આવતા તપાસ કરી પણ ક્યાંય મળી આવેલ નહીં. મારી સગીર વયની દીકરીને કોઈ લલચાવી ફોસલાવી અપહરણ કરીને લઇ ગયું હોય, અંતે પોલીસને જાણ કરી હતી. બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી આ અંગે સગીરાની શોધખોળ હાથ ધરી છે.

# બીમારીથી કંટાળી પરિણીતાએ એસિડ ગટગટાવ્યું : સારવારમાં

રાજકોટ: વાવડીની પટેલ ચોકડી પાસે રહેતી નિશુદેવી બિરજુભાઈ પાસવાન (ઉ.વ.૨૧) ગઈકાલે બપોરે ૨.૪૫ વાગ્યા આસપાસ પોતાના ઘરે હતી ત્યારે એસિડ પી જતા તેના પતિએ તત્કાલ સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી. તેમના પતિએ જણાવ્યા મુજબ, તેઓ મૂળ બિહારના વતની છે.

૬ મહિનાથી રાજકોટમાં રહે છે. પતિ સીએનસી ઓપરેટર છે. કારખાનામાં નોકરી કરે છે. એક વર્ષ પહેલાં તેમના લગ્ન થયા હતા. બે માસ પહેલા નિશુદેવીએ પુત્રને જન્મ આપેલ. જે પછી નિશુદેવીની માનસિક સ્થિતિ સ્થિર રહેતી નહોતી. અવારનવાર ઘરથી બહાર ચાલી જતી. માનસિક અસ્વસ્થ હોવાની બીમારીના કારણે એસિડ પીધું હોવાનું તેમના પતિએ જણાવ્યું હતું. હાલ નિશુદેવી સારવાર હેઠળ છે. આ અંગે નિવેદન લઈ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# બીમારીથી સારવારમાં રહેલા મહેશભાઈ તંતીનું બ્રેઇન સ્ટ્રોકથી મોત

**૫૦ વર્ષીય મહેશભાઈ વાવડીના અંજલી પાર્કમાં રહેતા હતા, ૧૧ દિવસ પહેલા પુઠાના કારખાને નોકરીમાં હતા ત્યારે બેભાન થઈ ગયા બાદ હોસ્પિટલ બાદ ઘરેથી સારવાર ચાલુ હતી**

રાજકોટ, તા.૨૫

બીમારીથી સારવારમાં રહેલા મહેશભાઈ ભગવાનજીભાઈ તંતી(ઉં. વ.૫૦, રહે.અંજલી પાર્ક, શેરી નં.૨, વાવડી, રાજકોટ)નું બ્રેઇન સ્ટ્રોકથી મોત થયું હતું. તેમના પરિવારજનોએ જણાવ્યા મુજબ, મહેશભાઈ પુઠાના કારખાનામાં નોકરી કરતા હતા. ૧૧ દિવસ પહેલા તેઓ કારખાને હતા ત્યારે અચાનક જીભના લોચા વળવા લાગ્યા અને બેભાન થઈ ગયા. તેમને તત્કાલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ત્યાં સારવાર રિપોર્ટ કરતા ડોકટરે ઘરેથી સેવા કરવાનું કહીં દીધું હતું. ગઈકાલે સવારે ૧૧.૩૦ વાગ્યે તેઓ



ઘરે હતા ત્યારે બેભાન થઈ ગયા હતા. સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અહીં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. પરિવારે જણાવ્યું કે તેમને બ્રેઇન સ્ટ્રોક આવી ગયો હતો. મહેશભાઈને અપરણિત હતા. ૧૦ ભાઈ, ૧ બહેનમાં ૮મા નંબરના હતા. તેમના મોતથી પરિવારમાં શોક છવાયો હતો.

# રાજકોટમાં કોલેજીયન યુવતી પર દુષ્કર્મ આચરનાર ગોંડલનો વિધર્મી શખ્સ ઝડપાયો

**ઇન્સ્ટાગ્રામમાં સંપર્કમાં આવ્યા બાદ વિધર્મી મહમદ ડેલાએ યુવતીને હોટલમાં બોલાવી દેહ ચૂંથ્યોઃ પ્ર. નગર પોલીસે આરોપીને સકંજામાં લઈ કાર્યવાહી હાથ ધરી**

રાજકોટ. તા.૨૫

રાજકોટમાં રહેતી ૨૨ વર્ષીય કોલેજિયન યુવતીને પ્રેમજાળમાં ફસાવી ગોંડલના વિધર્મી શખ્સે દુષ્કર્મ આચરતાં ભોગ બનનાર યુવતીએ પ્ર.નગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગણતરીની કલાકોમાં આરોપીને પકડી કાર્યવાહી કરી હતી.

ભોગ બનનાર ૨૨ વર્ષની યુવતીએ પ્ર.નગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ગોંડલની સુખરામ સોસાયટીમાં રહેતા મહમદ અખ્તર ડેલાનું નામ આપતા તેના વિરુદ્ધ પોલીસે દુષ્કર્મ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં યુવતીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતે કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે, અને તેણી સોશિયલ મીડિયામાં ઈન્સ્ટાગ્રામનો ઉપયોગ કરે છે, છ મહિના પૂર્વે ઇન્સ્ટાગ્રામમાં મહમદ ડેલાનો સંપર્ક થયો હતો અને બંનેએ એકબીજાને મોબાઇલ નંબર આપતા મોબાઇલ પર વાતચીત કરવા લાગ્યા હતા.

મહમદ ડેલા ગોંડલ રહેતો અને રાજકોટમાં નોકરી કરતો હતો, એક દિવસ મહમદે મળવાના બહાને યુવતીને શહેરની એક હોટેલમાં બોલાવી હતી. મળવા માટે ગયેલી યુવતીને કડવો અનુભવ થયો હતો અને મહમદ ડેલાએ બળજબરી કરી યુવતી પર દુષ્કર્મ આચર્યું હતું. તેમજ આ અંગે કોઈને કહીશ તો તને અને તારા પરિવારજનોને મારી નાખીશ તેવી ધમકી આપી હતી.

ઉપરાંત મહમદ ડેલા અવારનવાર શરીર સુખ માણવા સહિતની માંગ વધતી જતાં કંટાળીને યુવતીએ તેના પરિવારજનોને આપવિતી વર્ણવી હતી, અંતે યુવતીએ ફરિયાદ નોંધાવતાં પોલીસે દુષ્કર્મ સહિતની કલમ હેઠળ મહમદ ડેલા સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## અવસાન નોંધ

**રાજકોટઃ** ગુર્જર સુથાર (વઘાસીયા વાળા) હાલ રાજકોટ નિવાસી સ્વ. શૈલેષભાઈ મગનલાલ પીલોજપરા (ઉ.૫૫) ટવીંકલ સાઉન્ડ અને સ્ટેજ લાઈટવાળા તે સ્વ. મગનલાલ મેઘજીભાઈ પીલોજપરાના પુત્ર, સ્વ. રાજેશભાઈ, જયશ્રીબેન હેમંતકુમાર વઘાડીયા (મોરબી) વર્ષાબેન ભરતકુમાર નગેવાડીયા (કિલ્લાપારડી)ના ભાઈ, પ્રતિકભાઈ રાજેશભાઈ પીલોજપરા, અંકિતા વૈભવકુમાર કડછીના કાકા, કેવલના પિતાશ્રી, સ્વ. ઓધવજીભાઈ જીવરાજભાઈ ભારદીયા (શેરગઢવાળા)ના જમાઈ, દિપકભાઈના બનેવી તા.૨૪ના શ્રીજીચરણ પામેલ છે. બેસણું તા.૨૭ના સાંજે ૫થી ૬ રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ, ૭/૧૦ ભક્તિનગર સ્ટે.પ્લોટ ખાતે રાખેલ છે. સસરા પક્ષનું બેસણું સાથે રાખેલ છે.

**રાજકોટઃ** મોરબી નિવાસી સ્વ. સુધાબેન રમેશચંદ્ર પંડયા (ઉ.૭૪) તે રમેશચંદ્ર જે. પંડયા (નિવૃત રેલ્વે સ્ટે.માસ્તર)ના પત્ની, દેવેનભાઈ આર. પંડયાના માતુશ્રી, પૂજાબેન, નીશાંતભાઈના દાદીમા તા.૨૪ના શ્રીજીચરણ પામેલ છે. બેસણું તા.૨૬ના સાંજે ૫ કલાકે શ્રી ત્રિલોકધામ મંદિર, કુબેરનગર-૨ મોરબી રાખેલ છે.

**વેરાવળઃ** આજક ગીરીનારાયણ બ્રાહ્મણ મૂળ પ્રશ્નાવડા હાલ જુનાગઢ નિવાસી સ્વ.નટવરલાલ વલ્લભજી જોશીના પત્ની ગં.સ્વ. જયોત્સનાબેન (ઉ.૭૦) તે મિતેશભાઈ, હેતલબેન, નેહાબેનના માતુશ્રી, દર્શનાબેનના સાસુમા, ધૈવત, ક્રિશિવના દાદીમાનું તા.૨૪ના અવસાન થયે છે. બેસણું તા.૨૫ના પાંચથી સાત રામેશ્વર મંદિર ગીરીરાજ સોસાયટી રાજાણી બંગલાની પાછળ જુનાગઢ રાખેલ છે.

**ચલાલાઃ** કંચનબેન જગદીશભાઈ વડેરા (ચલાલા) તે જગદીશભાઈ બંસીલાલ વડેરાના પત્ની, વિપુલભાઈ, શિતલબેન, જલ્પાબેનના માતુશ્રી, જયંતિભાઈ લક્ષ્મીચંદ મોરઝરીયા (જાંબુળા)ના દિકરીનું અવસાન તા.૨૪ને શુક્રવારે થયેલ છે. ઉઠમણું-પીયર પક્ષની સાદડી તા.૨૭ સોમવારના જુની નગરપાલિકા સામે લોહાણા મહાજનવાડીમાં રાખેલ છે.


**વાંકાનેરઃ** બેલા આમરણ વાળા હાલ વાંકાનેર નિવાસી હરગોવિંદભાઈ નાનજીભાઈ પોપટ (ઉ.૮૦) તે રમણીકભાઈના ભાઈ તથા આશીષભાઈ, મુકેશભાઈના પિતાશ્રીનું તા.૨૩ના અવસાન થયું છે. ઉઠમણું તથા પીયરપક્ષની સાદડી તા.૨૭ના સાંજે ૫-૩૦ કલાકે શ્રી જલારામ મંદિર ભાટીયા સોસાયટી ખાતે રાખેલ છે.

**જસદણઃ** સુન્ની મુસ્લિમ સોરઠીયા ઘાંચી હવાબેન સુલેમાનભાઈ મીઠાણી (ઉ.વ.૯૫) તે જુસબભાઈ,મ. અબ્દુલભાઈ, મહંમદભાઈ (મમુ) હમીદાબેન સત્તારભાઈ જાંબુડીયા રોશનબેન ઇસાભાઈ પરમાર (બાબરા) હનીફાબેન અનવરભાઈ અગવાન (જાફરાબાદ) ના માતા તા.૨૪ મે ના રોજ વફાત પામેલ છે મર્હુમાની જીયારત (કુરાનખ્વાની) તા.૨૬ મે ૨૦૨૪ ને રવિવારના રોજ સવારે ૯:૩૦ કલાકે પુરુષો માટે નગીના મસ્જિદ સ્ત્રીઓ માટે ઘાંચી જમાતખાના જસદણ ખાતે રાખવામાં આવેલ છે

**જસદણઃ** પાટીદાર શંભુભાઈ લક્ષ્મણભાઈ ગોટી તે સતીષભાઈ, કેતનભાઈ, રેખાબેન વેલજીભાઈ પનારા હંસાબેન મુકેશભાઈ ઠોળીયા (રાજકોટ) વનિતાબેન શૈલેશભાઈ આંબલીયા (સુરત) ના પિતા તા.૨૪ રોજ મુકામે અવસાન થયેલ છે સદ્દગતનુ બેસણું તા.૨૭ મે સોમવારના રોજ સવારે ૮ થી સાંજના ૬ કલાક સુધી તેમનાં નિવાસસ્થાન સરદારચોક, ચિત્તલિયા રોડ, હીરપરા પરિવારના ખોડીયાર મંદીર પાછળ જસદણ ખાતે રાખવામાં આવેલ છે

**મોરબી :** ચા.મ.મો.બ્રા.મૂળ રાજપર હાલ મોરબી વિજયાબેન છગનલાલ પંડ્યા તે છગનલાલ લક્ષ્મીશંકર પંડ્યા (જુની અંબિકા હોટેલ વાળા)ના પત્ની તથા મહેન્દ્રભાઈ (ક્રિષ્ના હોસ્પિટલ) ,શાસ્ત્રી જીગ્નેશભાઈ,મધુબેન અશ્વિનભાઈ દવે,અલ્કાબેન રાજેશભાઈ દવે ના માતુશ્રી તેમજ સ્વ.પ્રાણજીવન રાજારામ જોષી (સજનપર)ના દીકરી તથા સ્વ.શાંતિભાઈ (મો.નગર પાલિકા) સ્વ.મોહનભાઈ (ગૌશાળા) સ્વ.મનસુખભાઈ વૈદ્ય, સ્વ.અનિલભાઈ (સજનપર)ના બેન થાય જેમનું તા.૨૩ ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે.સદગતનું બન્ને પક્ષનું ઉઠમણું તા.૨૫ ને શનિવારના રોજ સાંજના ૫ થી ૬ કલાકે ચા.મ. મોઢ બ્રાહ્મણ જ્ઞાતિની વાડી, સાવસર પ્લોટ શેરી ૧૦-૧૧ મોરબી રાખેલ છે.

**રાજકોટઃ** ઔદિચ્ય ખરેડી સમવાય બ્રાહ્મણ સ્વ.શંકરલાલ દેવશંકર ભટ્ટનાં પુત્ર ઈન્દ્રવદનભાઈ તે સ્વ.ધર્મેન્દ્રભાઈ, સ્વ.ભુપેન્દ્રભાઈ, મુકુંદભાઈ, સ્વ.પ્રદિપભાઈનાં મોટાભાઈ, હંસાબેનનાં પતિ, તથા સ્વાતિબેન રશ્મીકાંત, તેજલબેન મહેશકુમાર, કુંજલબેન વિનયકુમાર તથા કલ્પેશભાઈ પિતાશ્રી તેમજ સ્વ.રતિલાલ માધવજી ભટ્ટના જમાઈનું તા.૨૪/૫/૨૪નાં રોજ, શુક્રવારે અવસાન થયેલ છે. તેમનું બેસણું તેમજ પિયર પક્ષનું બેસણું તા.૨૭ સોમવારે સાંજે ૫.૩૦ થી ૬.૩૦ વચ્ચે ભક્તિમંદિર આશ્રમ, એ.જી.ચોક, કાલાવડ રોડ રાજકોટ ખાતે રાખેલ છે.



૧૪મી વાર્ષિક પુણ્યતિથીએ
શ્રદ્ધાંજલિ
સ્વ. ચનાભાઈ પોપટભાઈ સુદાણી
સ્વ.તા.૨૫-૦૫-૨૦૧૦, મંગળવાર

યાદોના પાનાથી ભરેલી છે જીંદગી,
સુખ અને દુઃખના પ્રસંગોથી ભરેલી છે જીંદગી,
એકલા બેસી વિચારીએ છીએ જ્યારે,
આપના વિના કેટલી સુની છે જીંદગી...
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના..

ગં.સ્વ. જયાબેન ચનાભાઈ સુદાણી
સંજયભાઈ ચનાભાઈ સુદાણી | ભાવનાબેન સંજયભાઈ સુદાણી
હેમાંગ સંજયભાઈ સુદાણી | પ્રગતિ હેમાંગ સુદાણી
તથા સુદાણી પરિવારના જયશ્રી કૃષ્ણ...
કિર્તી પેકેજીંગ - જય ઓફસેટ- શ્રીધર ગ્રુપ, રાજકોટ । અમદાવાદ

# રાજકોટમાં મૈત્રી કરારમાં રહેતી મોરબીની યુવતીને યુવકે મારકૂટ કરી ત્રાસ આપતા આપઘાત કર્યો 'તો

**શિવધામ સોસાયટીમાં રહેતાં ભગીરથ વ્યાસ સામે મૃતક યુવતીના ભાઈએ ફરિયાદ નોંધાવી: આજીડેમ પોલીસે મરવા મજબુર કર્યાની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી**

રાજકોટ. તા.૨૫

રાજકોટમાં શિવધામ સોસાયટીમાં ભગીરથ વ્યાસ નામના શખ્સ સાથે મૈત્રી કરારમાં રહેતી મોરબીની યુવતીને મારમારી ત્રાસ આપતાં કંટાળેલી યુવતીએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું સામે આવતાં મૃતકના ભાઈએ ફરીયાદ નોંધાવતા આજીડેમ પોલીસે મરવા મજબુર કર્યાની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

બનાવ અંગે સનાળા રોડ પર ભરતનગર શેરી મોરબીમાં રહેતાં હિરેનભાઈ શાંતીલાલભાઈ સૈજા (ઉ.વ.૩૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ભગીરથ જીતેન્દ્ર વ્યાસ (રહે. શિવધામ સોસાયટી શેરી નં.૩,રાજકોટ) નું નામ આપતા આજીડેમ પોલીસે મરવા મજબૂરની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ મોરબીમાં ગુજરાત ગેસ પ્રા.લી. કંપનીમાં કરે છે. તે એક ભાઈ અને બે બહેન છે. જેમાં બીજા નંબરની બહેન નિધિના પ્રથમ લગ્ન રાજકોટમાં ઉદયભાઈ વ્યાસ સાથે થયેલ હતા અને તેમને સંતાનમા એક સાત વર્ષનો પુત્ર છે. તેમની બહેનને પતિ સાથે ધરકંકાસના કારણે છુટાછેડા થયેલ અને તેમનો ભાણો તિર્થે બનેવી સાથે રહેતો હતો અને તેમની બહેન હાલ તેમની સાથે રહેતી હતી પણ અગાઉ રાજકોટમાં રણુજા મંદિર પાસે રહેતા હતા ત્યાં શેરીમાં રહેતાં ભગીરથ સાથે પ્રેમ સંબંધ હોય જેથી તેણીને ભગીરથ સાથે લગ્ન કરવા છે તેમ ઘરે વાત કરતા તેમને સજાવેલ તેમ છતાં તે આરોપી સાથે મૈત્રી કરાર કરી ઘરેથી જતી રહેલ હતી. બાદમાં તેણી સાથે કોઇ સંબંધ રાખેલ ન હતા. તેઓની બહેન આરોપી સાથે એક વર્ષથી રહેતી હતી. ગઇ તા.૧૮/૦૫ ના તે ઘરે હતો ત્યારે તેમની રાજકોટ રહેતી માસીની દિકરીનો ફોન આવેલ અને જણાવેલ કે, મને ભગીરથનો ફોન આવેલ અને જણાવેલ છે કે, નિધીએ તેના ઘરે ગળાફાંસો ખાધેલ છે અને તેણીને સિવિલ હોસ્પિટલમાં સારવારમા લઇ ગયેલ છે. જેથી તેઓ અન્ય સંબંધી સાથે રાજકોટ સીવીલ હોસ્પિટલે આવેલ અને ત્યારે જાણવા મળેલ કે, તેઓની બહેનનું સારવારમાં મોત થયેલ છે.

બાદમાં બનાવ અંગે રાજકોટ રહેતી પારૂલબેનને પુછતા તેણીએ જણાવેલ કે, નિધી મારા ઘર બાજુ ખરીદી કરવા માટે આવે ત્યારે મારા ઘરે આવતી હતી અને ત્યારે તે મને કહેતી હતી કે, ભગીરથ તેણીને નાની નાની વાતમાં હેરાન કરી મારકુટ કરે છે. તેમજ ભગીરથ નિધીને જ્યારે મારકુટ કરે ત્યારે તે તેની બહેનપણીના ઘરે જતી રહેતી હતી. જેથી તેઓએ મૃતક બહેનના બહેનપણીને ફોન કરી નિધિના આપઘાતના બનાવ બાબતે પુછતા તેણીએ જણાવેલ કે, નિધીને ભગીરથ નાની નાની વાતમા દુઃખ ત્રાસ આપી માર મારતો હતો અને મારકુટ સહન ન થતાં તે મારા ઘરે આવતી રહેતી હતી. તેમને સમજાવી પરત તેના ઘરે મોકલી આપતી હતી.

ગઈ તા.૧૬/૦૫/૨૦૨૪ ના બંનેને માથાકુટ થતાં તેણીએ ભગીરથ વિરૂધ્ધ ફરીયાદ કરવા ગયેલ હતી. બાદમાં બંને વચ્ચે સમાધાન થયેલ હતું. તેવી વાત કરેલ હતી. જેથી તેણીને બહેનને આરોપી ભગીરથ અવાર નવાર ખુબ જ દુઃખ ત્રાસ આપી અને મારકૂટ કરતો હોય અને તેને મરી જવા માટે મજબુર થાય ત્યા સુધીનો ત્રાસ આપતાં તે સહન ન કરી શકતા પોતાની જાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરેલ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી આજીડેમ પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# સરકારી વિભાગો પણ લાઇનમાં આવ્યા! એક દિવસમાં વેરાની ૧૮.૭૦ કરોડની આવક

## મામલતદાર, સરકારી લેબ, એવીપીટી, એન્જી. કોલેજ, એસઆરપી કેમ્પ દ્વારા ટેકસ ભરી પ્રથમ વખત વળતર મેળવાયું : મોબાઇલ ટાવર સહિતના આસામીઓએ કુલ ૧૮૧ કરોડનો વેરો ભર્યો

રાજકોટ, તા. ૨૫

નવા નાણાંકીય વર્ષના પ્રારંભે મોટા ભાગે સામાન્ય અને પરંપરાગત પ્રમાણિક કરદાતાઓ એડવાન્સ મિલ્કત વેરો ભરીને ડિસ્કાઉન્ટ સ્કીમનો લાભ લે છે. પરંતુ આ વખતે કમિશ્નર સહિતના મનપા તંત્રએ સરકારી વિભાગો અને કચેરીઓને પણ સમયસર વેરો ભરવા અને ડિસ્કાઉન્ટનો લાભ લેવા સમજાવટ કરવા પ્રથમ વખત એપ્રિલ-મે માસથી સરકારી વિભાગો પણ વેરો ભરતા થયા છે. તેવામાં ગઇકાલે કચેરીઓ સહિતના આસામીઓએ એક દિવસમાં જ ૧૮.૭૦ કરોડની વિક્રમી વેરો જમા કરાવ્યો છે.

મહાપાલિકામાં એક દિવસમાં આ ખુબ મોટી આવક છે. નાણાકીય વર્ષના પ્રારંભે જ વેરા વસુલાતની ચાલતી કામગીરી કરી પ્રમાણિક કરદાતાની ઇમાનદારીના કારણે તા.૮-૫થી આજ સુધીમાં ૨.૫૭ લાખ નાગરિકે ૧૮૧ કરોડથી વધુનો વેરો ભરી દીધો છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલ નવા નાણાકીય વર્ષના શરૂઆતના તબક્કાથી જ વેરા વસુલાત ઝુંબેશ મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલના આદેશ તથા નાયબ કમિશનર ચેતન નંદાણીના નેતૃત્વમાં હાથ ધરવામાં આવી છે. જેમાં મહાનગરપાલિકાની વેરા વસુલાત શાખાના સહાયક કમિશનર સમીર ધડુકના માર્ગદર્શનમાં ઝુંબેશના રૂપમાં મિલકત વેરા વસુલાતની કામગીરી કરવામાં આવી રહી છે.

આ કામગીરી જે અન્વયે વિવિધ સરકારી વિભાગો તેમજ ત્રણેય ઝોન કક્ષાએ શહેરમાં વેરા વસુલાતની કામગીરી દરમ્યાન ગઇકાલે સાંજે ૬:૦૦ વાગ્યા સુધીમાં એક જ દિવસમાં કોર્પો.માં અંદાજીત રૂ. ૧૮.૭૦ કરોડ વિક્રમી વેરાની વસુલાત થયેલ છે. દરમ્યાન તા.૮-૪થી તા.૨૪-૫ દરમ્યાન ૨૫૭૫૫૯ કરદાતાઓએ રૂ.૧૮૧.૩૦ કરોડનો વેરો ભરપાઈ કર્યો છે.

આ વેરા વસુલાત ઝુંબેશ દરમ્યાન શહેરના વિવિધ સ્થળોએ રહેલા મોબાઇલ ટાવરના ટેક્સ પેટે રૂ.૬.૬૪ કરોડની વસુલાત થયેલ છે. જયારે હાઈ વેલ્યુ ટેક્સ પેયર પાસેથી રૂ.૮.૯૦ કરોડના વેરાની રકમ વસુલ કરવામાં આવેલ છે.

હાલ અર્લી બર્ડ ડિસ્કાઉન્ટ સ્કીમ ચાલી રહી છે જે અન્વયે ૩૧-મે સુધીમાં એડવાન્સ વેરો ભરપાઈ કરનાર કરદાતાને મળવાપાત્ર મહત્તમ ૨૨% ડિસ્કાઉન્ટ મેળવવા કમિશનર આનંદ પટેલ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

### એક દિવસમાં વેરાની વસુલાત

| | |
|---|---|
| મોબાઇલ ટાવર | ૬.૬૪ કરોડ |
| ગર્વમેન્ટ એન્જી.કોલેજ | ૫૩ લાખ |
| અન્ય હાઇ વેલ્યુ ટેક્ષ પેયર | ૮.૯૦ કરોડ |
| બી.કે મોદી | ૧૩ લાખ |
| ગર્વમેન્ટ લેબ | ૪૯ લાખ |
| એ.વી.પી.ટી | ૩૩ લાખ |
| પશ્ચિમ મામલતદાર | ૫૦ લાખ |
| વોકહાર્ટ હોસ્પિટલ | ૨૦ લાખ |
| જેરામ ઓટો મોલસ એન્ડ રિયાલિટીસ | ૩ લાખ |
| એસ.આર.પી કેમ્પ ઘંટેશ્વર | ૨૫ લાખ |
| **કુલ** | **રૂ.૧૮.૭૦ કરોડ** |

# દારૂનો ધંધાર્થી જય ઉર્ફે સાંઈ બે ચોરાઉ બાઈક સાથે ઝડપાયો

## હેન્ડલ લોક કર્યા વગરના બાઈક તેમજ મિત્રનું એકટીવા વાપરવા લઈ જવાનું કહી ચોરી કરી નાસી છુટતો હતોઃ આરોપી સામે મુંદ્રા પોલીસ મથકમાં દારૂના અનેક ગુના નોંધાયા છે

રાજકોટ તા.૨૫

દારૂના અનેક ગુનામાં સંડોવાયેલો સંતોષીનગરનો જય ઉર્ફે સાંઈને બે ચોરાઉ બાઈક સાથે ક્રાઈમ બ્રાંચે બસ સ્ટેન્ડ પાછળ મુરલીધર ગેસ્ટ હાઉસ પાસેથી ઝડપી પાડયો હતો.



પ્રાપ્ત વિગત મુજબ ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં હે.કો. અમીત અગ્રાવત, કોન્સ. વાલજીભાઈ જાડા, પ્રદીપસિંહ જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે મળેલ ચોકકસ બાતમીના આધારે કનક રોડ, બસ સ્ટેન્ડ પાછળ મુરલીધર ગેસ્ટ હાઉસ પાસેથી જય ઉર્ફે સાંઈ જગદીશ ટહેલીયાણી રહે. સંતોષીનગર મફતીયાપરા રેલનગરને બે ચોરાઉ બાઈક સાથે દબોચી રૂ.૪૦ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. બાઈક ચોરીના બનાવમાં કુવાડવા રોડ અને પ્ર.નગર પોલીસ મથકમાં ગુના નોંધાયેલ હતા.

વધુમાં પોલીસે જણાવ્યું હતું કે આરોપી હેન્ડલ લોક કર્યા વગરના બાઈક ડાયરેકટ કરી ઉપાડી જતો તેમજ મીત્રનું એકટીવા સાંજ સુધી વાપરવાનું કહી ચોરી કરી જવાની મોડસ ઓપરેન્ડી ધરાવતો હતો. ઉલ્લેખનીય છે કે આરોપી વિરૂધ્ધ મુંદ્રા પોલીસ મથકમાં અનેક દારૂના ગુના નોંધાયેલ છે.

# બેંગ્લોરમાં બોર ડૂકયા એટલે જળસંકટ સર્જાયું-રાજકોટમાં પણ નવા વિકલ્પની જરૂર

## જળસંચય માટે વિવિધ સંસ્થાઓ, બિલ્ડર, એસો. સાથે કમિશ્નરની બેઠક : નર્મદા યોજના સિવાયનો ભૂગર્ભ જળ જેવો મજબુત સ્ત્રોત અનિવાર્ય : ૯૦:૧૦થી જનભાગીદારી કરશે મહાપાલિકા

રાજકોટ, તા. ૨૫

મનપા ખાતે જળ સંચય અભિયાન બાબતે શહેરની જુદી જુદી સંસ્થાઓના હોદેદારો સાથે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં કમિશનર આનંદ પટેલે કહ્યું હતું કે, જુદી જુદી સંસ્થાઓ અને નાગરિકો દ્વારા શહેરમાં જળ સંચય માટે સારૂ કામ થઇ રહ્યું છે, પરંતુ જળ સંચયના પ્રમાણમાં હજુ પણ મોટા પાયે કામ કરવાની આવશ્યકતા જણાય છે. વધુ ને વધુ લોકો પોતાના ઘેર કે વ્યવસાયના સ્થળોએ રહેલા બોર રિચાર્જ કરાવી ચોમાસામાં વરસાદી પાણીને જમીનમાં ઉતારવા આગળ આવે એ વર્તમાન સમયની માંગ છે.

કમિશનરે બેંગ્લોર શહેરનું ઉદાહરણ આપતા એવી ટકોર પણ કરી હતી કે, કાવેરી નદીના નીર પર નિર્ભર બેંગ્લોર શહેર તાજેતરના સમયમાં મોટી જળ કટોકટીનો સામનો કરી રહ્યું છે. બેંગ્લોરમાં સર્જાયેલી જળ કટોકટીના અભ્યાસ પરથી એ પણ જાણવા મળ્યું છે કે, બેંગ્લોરમાં આશરે પંદર હજાર જેટલા બોર પૈકી છ હજાર જેટલા બોરમાં પાણી ખલાસ થઇ ધ્યું હતું. ચેન્નાઈ શહેર પણ થોડો સમય જળ કટોકટીનો સામનો કરી ચુક્યું છે. રાજકોટ શહેરમાં પણ જમીનમાં જળ સ્તર વધુ ને વધુ નીચે જઈ રહ્યું છે. ખાસ કરીને ઉનાળાના સમયમાં આવી સ્થિતિ અનુભવાય છે.

આનંદ પટેલે ટકોર પણ કરી હતી કે, ઉનાળાની શરૂઆત થાય ત્યાં જ બોરના પાણી ઊંડા ઉતરી જતા હોવાનું આપણે અનુભવીએ છીએ અને ત્યારબાદ ઉનાળામાં બોરના પાણીનો ઉપયોગ પણ વધતો હોય છે અને તેના પરિણામે જમીનમાં જળસ્તર વધુ ને વધુ નીચું ઉતરી જતું હોય છે. આવી પરિસ્થિતિમાં ચોમાસા પૂર્વે જ તમામ લોકોએ પોતાના મકાનના ધાબાનું પાણી બોરમાં ઉતારવા માટેની વ્યવસ્થા કરવી જ જોઈએ. ધારો કે, નર્મદાની જળ સપાટી અને જળ રાશી ઘટે તો શું થાય એ પ્રશ્ન વિશે પણ વિચારવું ખુબ જ જરૂરી છે. ભવિષ્યને ધ્યાનમાં રાખી રાજકોટવાસીઓ પાણીનો અન્ય એક વિકલ્પ પણ હાથવગો રાખે તે જરૂરી જણાય છે.





કેન્દ્ર સરકારે અમૃત ૨.૦ હેઠળ જળ સંચય પ્રવૃત્તિ માટે પાઈલોટ સિટી તરીકે દેશના જે ૧૦ શહેરો પસંદ કર્યા છે તેમાં રાજકોટનો પણ સમાવેશ થાય છે. નવા બજેટમાં ૯૦:૧૦ની સ્કીમ રજુ કરી જનભાગીદારીને પ્રોત્સાહન આપવાનું નક્કી કર્યું છે. જેમાં કોર્પો. ૯૦ ટકા અને લોકોએ ૧૦ ટકા ખર્ચ ભોગવવાનો રહેશે.

સિટી એન્જી. અલ્પના મિત્રાએ શહેરની ભૌગોલિક પરિસ્થિતિ અને ભૂસ્તર અંગે થયેલા અભ્યાસ અંગે વાત કરી હતી. ડે.એન્જી. કે. પી. દેથરિયાએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ આયોજન માટે ડે.ઈજનેરો છૈયા, પટેલ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

આ બેઠકમાં એન્જી. એસો., હોટેલ એસો. કન્સલ્ટીંગ સિવિલ એન્જી. એસો., ઈન્ડિયન મેડિકલ એસો., ખોડલધામ સંસ્થા, આજીજી.આઈ.ડી.સી. એસો., આર્કિટેક્ટસ એસો., સ્વામિનારાયણ સંસ્થા (કાલાવડ રોડ), સદભાવના ટ્રસ્ટ, સ્વામિનારાયણ સંસ્થા (ગોંડલ રોડ), ગીર ગંગા પરિવાર ટ્રસ્ટ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બિલ્ડર એસો., વગેરે સંસ્થાઓના મહાનુભાવો, નાયબ મ્યુનિ. કમિશનરઓ સ્વપિનલ ખરે અને ચેતન નંદાણી તેમજ સિટી એન્જી. અલ્પના મિત્રા, તેમજ અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વધુ વિસ્તારોમાં બોર રીચાર્જ કરાયા

| વોર્ડ નં. | સ્થળનું નામ |
|---|---|
| ૬ | શ્રી રણછોડનગર શેરી નં.૫ |
| ૧૫ | કુબલીયાપરા શેરી નં.૪ ચારબાઈ મંદિર પાસે |
| ૧૬ | જંગલેશ્વર શેરી નં.૩ ૭ |
| ૧૮ | કોઠારીયા સોલવન્ટ ફાટક પાસે |
| ૧૮ | કોઠારીયા સોલવન્ટ નુરાનીપરામેઈન રોડ |
| ૧૮ | કોઠારીયા સોલવન્ટ નારાયણનગર |
| ૧૮ | કોઠારીયા સોલવન્ટ ગુ.હા.બોર્ડ |

# મારા ઘર પાસે બેસવું નહી કહી વિદ્યાર્થીને છરી બતાવી નરેન્દ્ર પરમારે માર માર્યો

## આલાપ ગ્રીન સીટીની પાછળ સમૃધ્ધિ પાર્કનો બનાવઃ યુનિ. પોલીસે આરોપીની અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

રાજકોટ તા.૨૫

આલાપ ગ્રીન સીટીની પાછળ સમૃધ્ધિ પાર્કમાં મારા ઘર પાસે બેસવું નહીં કહી વિદ્યાર્થીને છરી બતાવી નરેન્દ્ર પરમાર નામના શખ્સે માર મારતા યુનિ. પોલીસે આરોપીની અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે વિદ્યુતનગર-૧માં રહેતા ક્રિશ પારસભાઈ કામદાર (ઉ.૧૭)એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે નરેન્દ્ર રમેશ પરમાર રહે. આલાપ ગ્રીન સીટી જીનીયસ હાઈટ્સ સમૃધ્ધિ પાર્ક-૨નું નામ આપતા યુનિ. પોલીસે મારામારીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે તે ધો.૧૦માં અભ્યાસ કરે છે. ગઈકાલે રાત્રીના ૧૧ વાગ્યે તે તેના મીત્ર ભાર્ગવ વાળા, જયમીન વ્યાસ, સહિતના શેરીમાં જીનીયસ હાઈટસ સમૃધ્ધિ સોસાયટી પાસે રોડ પર બેન્ચીસમાં બેઠા હતા અને અંદરોઅંદર વાતચીત કરતા હતા તે દરમ્યાન નરેન્દ્ર પરમાર ધસી આવેલ અને કહેલ કે આજ પછી રાતે અહી મારા ઘર પાસે કોઈ દિવસ બેસતા નહીં તેમ કહી ગાળો આપવા લાગતા અંદરોઅંદર બોલાચાલી થઈ હતી.

દરમ્યાન આરોપીએ પોતાની પાસે રહેલ છરી કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. બાદમાં તેમને ૧૦૦ નંબરમાં ફોન કરતા દોડી આવેલ પીસીઆર વાનમાં આરોપીને બેસાડી પોલીસ મથકે લઈ જવાયો હતો. બાદમાં યુનિ. પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# એસઓજીની ટીમે વહેલી સવારે પાંચ દિવસ રેકી કરી ગુજસીટોકના આરોપી સરતાજ ખીચાણીને દબોચ્યો

## શહેરના સીમાડાની દરગાહમાં પડયો રહેતો કુખ્યાત શખ્સ અઠવાડીયામાં એકવાર ઘરે આવતોઃ પંટરોને શોધી જુગાર રમાડી લેતો અને બાદમાં અજમેર ભાગી જતોઃ આરોપી ગુજસીટોકના ગુનામાં જામીન પરથી છુટયા બાદ એક વર્ષથી ફરાર હતો

રાજકોટ તા.૨૫



ભીસ્તીવાડની કુખ્યાત ખીયાણી ગેંગ સામે થયેલ ગુજસીટોકના ગુનામાં જેલમાં બંધ સરતાજ ખીયાણી એક વર્ષ પહેલા વચગાળાના જામીન પર છુટયા બાદ ફરાર થઈ ગયો હતો. જેમને એસઓજીની ટીમે વહેલી સવારે સતત પાંચ દિવસ રેકી કરી જંકશન પ્લોટમાંથી દબોચી લીધો હતો. કુખ્યાત શખ્સ શહેરના સીમાડાની દરગાહમાં પડયો રહેતો અને અઠવાડીયામાં એકવાર ઘરે આવતો હોવાની બાતમીના આધારે એસઓજીની ટીમે દબોચી મોટી કાર્યવાહી કરી હતી.

શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, એડી. પોલીસ કમિશ્નર વિધી ચૌધરી, ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ ભરત બસીયાએ નાસતા ફરતા આરોપીઓને પકડવાની આપેલ સુચનાથી એસઓજી પીઆઈ જે.એમ. કૈલાની રાહબરીમાં ટીમ તપાસમાં હતી ત્યારે એએસઆઈ ફીરોજ શેખ, હે.કો. ઉપેન્દ્રસિંહ ઝાલા, કોન્સ. વિરદેવસિંહ જાડેજાને મળેલ ચોકકસ બાતમીના આધારે ગુજસીટોકના ગુનામાં જેલમાંથી વચગાળાના જામીન પર છુટયા બાદ એક વર્ષથી ફરાર સરતાજ ઉર્ફે રાજન હમીદ ખીયાણી (ઉ.૪૨) રહે. સ્લમ કવાર્ટરની બાજુમાં ભીસ્તીવાડને જંકશન પ્લોટ શેરી નં.૮માંથી પકડી પાડી રાજકોટ મધ્યસ્થ જેલ હવાલે કરવામાં આવ્યો હતો.

વધુમાં પોલીસ સુત્રોએ જણાવ્યા અનુસાર કુખ્યાત સરતાજ ખીયાણી પેરોલ જંપ કરી નાસી છુટયા બાદ જામનગર રોડ, કુવાડવા રોડ, મોરબી રોડ, સહિતના શહેરના સિમાડામાં આવેલ દરગાહમાં પડયો પાથર્યો રહેતો હતો. અઠવાડીયામાં એકવાર ઘરે આવતો અને નાના મોટા પંટરોને શોધી જુગાર રમાડતો હતો. જેમાં જીતેલા નાણામાંથી થોડા રૂપિયા ઘરે આપી બાકી વધેલા રૂપિયા લઈ ટ્રેન મારફતે અજમેર ભાગી જતો હતો. તે વહેલી સવારે જ ફાટેલા તૂટેલા કપડા પહેરી ઘરે આવતો હોવાની બાતમી મળી હતી. જેથી એસઓજીની ટીમે છેલ્લા પાંચ દિવસથી વહેલી સવારે પાંચથી આઠ રેકી કરી હતી. ત્યારે ગઈકાલે વહેલી સવારમાં આબાદ દબોચાઈ ગયો હતો.

### મુખ્યત્વે સામેથી જ હાજર થતો સરતાજ પહેલીવાર પકડાયોઃ ડીસીપી ક્રાઈમે અભિનંદન પાઠવ્યા

ભીસ્તીવાડની ગેંગનો મુખ્ય સાગ્રીત કહી શકાય તે સરતાજ ખીયાણી સહિતની ગેંગે શહેરમાં ઉત્પાત મચાવ્યો હતો. જેથી પોલીસે ગુજસીટોકના કાયદાનું હથીયાર ઉગામી ગેંગને જેલ ભેગી કરી હતી. ઉલ્લેખનીય છે કે અનેક ગુનામાં સંડોવાયેલો સરતાજ ખીયાણી મુખ્યત્વે સામેથી જ પોલીસમાં હાજર થતો હતો. પ્રથમવાર એસઓજીની ટીમે સતત પાંચ દિવસ મહેનત કરી આરોપીને પકડી લેતા ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલે એસઓજીની ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

### સરતાજ ખીયાણી ફાટેલા કપડા પહેરતો અને મોબાઈલ પણ ન રાખતો

એસઓજીની ટીમે પકડેલા ગુજસીટોકના આરોપી સરતાજ ખીયાણી ફાટેલા તૂટેલા કપડા જ પહેરતો તેમજ શહેરના કોઈ વ્યકિત સાથે સબંધ પણ રાખતો ન હતો. તેમજ તે પકડાઈ ન જાય તે માટે મોબાઈલનો ઉપયોગ પણ કરતો ન હતો.

# નાથદ્વારા-ઓખા એકસપ્રેસ ટ્રેનમાંથી નકલી ટીસી ઝડપાયોઃ મુસાફર પાસેથી ૨૦૦ રૂપિયા પડાવ્યા'તા

## રાજકોટ આવી રહેલ મુસાફર પાસેથી આ એકસપ્રેસ ટ્રેન છે તેમ કહી આગ્રાના શખ્સે કારસ્તાન કર્યુંઃ રેલ્વે પોલીસે શખ્સને પકડી કાર્યવાહી કરી

રાજકોટ તા.૨૫

નાથદ્વારા ઓખા એકસપ્રેસ ટ્રેનમાં ચડેલા નકલી ટીસીએ મુસાફર પાસેથી રૂા.૨૦૦ પડાવી લીધા બાદ આરપીએફના જવાનોએ આગ્રાને શખ્સને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવ અંગે હાલ ભાણવડ રેલ્વે સ્ટેશન પાસે એક રેસ્ટોરન્ટમાં રહેતા જીતેન્દ્ર ગીસુલાલ વર્મા (ઉ.૨૫)એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે પ્રેમસી મોહનલાલ ધાકડ (રહે. આગ્રા)નું નામ આપી જણાવ્યું હતું કે તે તેના વતનના સુરેશ નામના યુવક સાથે બોટાદમાં આવેલ એક રેસ્ટોરન્ટમાં કામ કરતા હતા. ત્યાંથી ભાણવડ કામ માટે ગઈ તા.૨૪ના બોટાદથી અમદાવાદ રેલ્વે સ્ટેશન આવેલ અને અમદાવાદથી રાજકોટ સુધીની રૂા.૧૯૦ની ટીકીટ ખરીદી નાથદ્વારા-ઓખા એકસપ્રેસ ટ્રેનના પાછળના ડબ્બામાં બેસી રાજકોટ આવતા હતા દરમ્યાન વાંકાનેર રેલ્વે સ્ટેશન પસાર થયા બાદ ચાલુ ટ્રેને એક સફેદ શર્ટ કાળુ પેન્ટ પહેરેલ શખ્સ મુસાફરોની ટીકીટ ચેક કરતા કરતા તેમની પાસે આવેલ અને ટીકીટ માંગતા તેઓએ ટીકીટ બતાવી હતી.

ટીકીટ જોઈ આરોપીએ કહેલ કે હું રેલ્વે ટીકીટ ચેકર છું આ સુપર ફાસ્ટ ટ્રેન છે જેથી તમારે વધુ નાણાનો દંડ ભરવો પડશે તેમ કહેતા તેને રૂા.૨૦૦ આપેલ પરંતુ આરોપીએ રસીદ આપેલ ન હતી. જેથી તેની પાસે નાણા ભર્યાની રસીદ અને ટીકીટ ચેકરના ઓળખપત્રની માંગણી કરતા તે ડબ્બામાંથી નાસી છુટયો હતો. બાદમાં આરપીએફના જવાનોને બાબતથી વાકેફ કરતા આરોપીને પકડી રાજકોટ રેલ્વે પોલીસ મથકે લાવવામાં આવ્યો હતો અને ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# સતત બીજા દિવસે ગરમીમાં રાહતઃ ૪૦.૪ ડિગ્રી

## સપ્તાહના પ્રારંભે પારો ૪૪ ડિગ્રીને પાર ગયા બાદ અંતિમ દિવસોમાં નીચો આવ્યોઃ ૨૨ કિ.મી.ની ઝડપે ગરમ ફુંકાતા બપોરે લૂ વર્ષા યથાવત

રાજકોટ,તા.૨૫

ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છ સાથે રાજકોટ શહેરમાં પણ ચાલુ સપ્તાહના પ્રારંભીક દિવસોમાં ગરમીનો પારો ઉંચો ચડી મંગળ, બુધવારે ૪૪ ડિગ્રીને પાર જતા રાજકોટવાસીઓ કાળઝાળ ગરમી ઉકળી ઉઠયા હતા.ગરમીનાં પ્રકોપથી જનજીવન પશુપંખીઓ પર અસર જોવા મળી હતી બાદ સપ્તાહના અંતિમ દિવસમાં પારો નીચે ઉતરતા ગરમીમાં આંશીક રાહત થતા થોડા અંશે રાહત અનુભવાઈ છે. જો કે બપોરે આકરા તાપ સાથે લૂં વર્ષા યથાવત રહી છે.રાજકોટ શહેર ગઈકાલે શુકવારે બપોરે ૨.૩૦ કલાકે મહત્તમ તાપમાન ૪૧.૪ ડિગ્રીની સરખામણીએ આજે શનિવારે બપોરે ૨.૩૦ કલાકે મહત્તમ તાપમાન ૪૦.૪ ડિગ્રી સાથે પવનની ગતિ સરેરાશ ૨૨ કિ.મી નોંધાઈ હતી સાથે ગરમીમાં આંશીક રાહતથી શહેરીજનોએ હળવાશ અનુભવી હતી.બપોરે ૨૨ કિ.મીની ઝડપે લૂ વરસતા લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા હતાં.સપ્તાહના દિવસોમાં ગરમીએ હાહાકાર મચાવ્યા બાદ સપ્તાહ અંતિમ દિવસોમાં થોડી રાહત થઈ છે. પારો ૪ ડિગ્રી નીચો ઉતરતા થોડી અંશે રાહત થવા લાગી છે.રાત્રીના અસહ્ય ગરમીથી બચાવા મોટાભાગના લોકો અગાશીના ધાબા પર મીઠી નિંદ્રા માણી રહ્યા છે.રાત્રે થોડી ઠંડક થતા હાશકારો અનુભવાયો છે. ગરમીથી બચવા શહેરીજનો આઈસ્ક્રીમ ઠંડાપીણા, જયુસ, સરબતનો સહારો લઈ રહ્યા છે.

# 'જયહિન્દ' દૈનિકના પીઢ પ્રેસ ફોટોગ્રાફર પ્રવિણ સેદાણીના યુવાન પુત્ર સંદીપને હૃદયરોગનો હુમલો જીવલેણ નીવડયોઃ નિધન

રાજકોટ તા.૨૫

'જયહિન્દ' દૈનિકના પીઢ પ્રેસ ફોટોગ્રાફર પ્રવિણ સેદાણીના યુવાન પુત્ર સંદીપ સેદાણી (ઉ.૩૯)નું આજે બપોરે હૃદયરોગનો ઘાતક હુમલો આવતા નિધન થયું છે. તેમના નિધનથી પત્રકાર જગતમાં ઘેરા શોકનું મોજુ ફરી વળ્યુ છે.



બજાજ કેપીટલના ચીફ મેનેજર તરીકે ફરજ બજાવતા સંદીપ સેદાણીને પોતાના નિવાસસ્થાને સવારે છાતીનો દુઃખાવો થતા તેમને સીનર્જી હોસ્પીટલે લઈ જવાયા હતા અને ડોકટરોએ તેમને મૃત જાહેર કરતાં પરિવારમાં શોકની લાગણી છવાઈ હતી.

પ્રવિણભાઈ સેદાણીના બે પુત્રોમાંના સંદીપભાઈ મોટા હતા. સંદીપ સેદાણી તેમના મિલનસાર સ્વભાવના કારણે મિત્રો અને સ્નેહીજનોમાં જાણીતા હતા. સંદીપ સેદાણીના નિધનના સમાચાર સોશ્યલ મીડીયામાં ફરી વળ્યા હતા.

### ભારતમાં બે બંધારણ છે, એક સામાન્ય નાગરિક માટે, એક પાર્ટીઓ માટે : ક્ષત્રિયોનો રોષ

# પોલીસ કમિશનરને ઢંઢોળ તો ક્ષત્રિય સમાજ : પૂતળાદહનમાં અમારા યુવાનો સામે કલમ લગાવી એ જ હવે ભાજપ કાર્યકરો સામે લગાવો

રાજકોટ, તા.૨૫

શહેરના ક્ષત્રિય યુવાનો આજે પોલીસ કમિશનર કચેરીએ દોડી ગયા હતા અને પોલીસ કમિશનરને ઢંઢોળી સવાલો કહ્યું હતું કે, પૂતળાદહનમાં અમારા યુવાનો સામે કલમ લગાવી એ જ હવે ભાજપ કાર્યકરો સામે લગાવો. ભાજપ શહેર અને જિલ્લાના આગેવાનો કાર્યકરો દ્વારા જુદા જુદા બે સ્થળે મમતા બેનજીર્ના પૂતળાનું દહન કરાયું હતું. પોલીસે એક પણ બનાવમાં ગુનો નોંધાવની હિંમત કરી નથી..! જેથી હવે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સામે સવાલો ઉઠી રહ્યા છે. ક્ષત્રિય સમાજના યુવાનોએ રોષ પૂર્ણ નિવેદન આપ્યું કે, આ ભારત દેશમાં બે બંધારણ છે, એક સામાન્ય નાગરિક માટે અને બીજું રાજકીય પાર્ટીઓ માટે.



### ક્ષત્રિય સમાજના યુવાનો આજે પોલીસ કમિશનર કચેરીએ ગયા હતા અને પરસોત્તમભાઈ રૂપાલાના પૂતળાના દહન બાદ પોલીસે કરેલી કામગીરી યાદ અપાવી હતી

ઉલ્લેખનીય છે કે, પરસોત્તમ રૂપાલાના નિવેદનને લઈ લોકસભા ચૂંટણી પહેલા ક્ષત્રિયોમાં રોષ ફેલાયો હતો. સંમેલનો થયા હતા. શહેરોમાં પરસોત્તમ રૂપાલાના પૂતળાઓનું દહન થયું હતું. ત્યારે રાજકોટમાં રેલનગર વિસ્તારમાં ક્ષત્રિય સમાજ દ્વારા પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું. જે પછી પોલીસે આકરી કલમો સાથે ગુનો દાખલ કર્યો હતો. પબ્લિક પ્રોપર્ટીને નુકસાન કર્યું છે તેવી કલમો પણ લગાવી હતી. કેટલાક યુવાનોની અટકાયત થઈ હતી. જે તે સમયે જ ક્ષત્રિય સમાજના નામી વકીલો પોલીસ કમિશનર પાસે દોડી ગયા હતા. ડીસીપી અને એડી.સીપી સાથે બેઠક કરી હતી. ક્ષત્રિય સમાજના નામી વકીલો પોલીસ અધિકારીઓ સમક્ષ એટલી જ રજુઆત કરી હતી કે, હવે પછી જ્યારે પણ પૂતળા દહનનો કાર્યક્રમ કોઈ રાજકીય પાર્ટી કરે ત્યારે તેના તે કરનાર રાજકીય પાર્ટીના કાર્યકરો સામે પણ ક્ષત્રિય સમાજના યુવાનો સામે જે કલમ લગાવી એ જ લગાવજો અને કેદ દાખલ કરજો.

ગઈકાલે જિલ્લા ભાજપ દ્વારા ઢેબર રોડ, ગુરુકુલ પાસેના જિલ્લા ભાજપ કાર્યાલયે અને શહેર ભાજપ દ્વારા કિશાનપરા ચોકમાં મમતા બેનજીર્ના પૂતળાનું દહન થયું. ત્યાં પોલીસ હાજર હતી પણ આજ બપોર સુધીમાં કોઈ ગુનો દાખલ થયો નથી. જેથી આજે ક્ષત્રિય સમાજના યુવાનો સીપી કચેરીએ પહોંચ્યાં હતા. અને લેખિત રજુઆત કરી હતી. યુવાનોએ જણાવ્યું કે, રૂપાલાના પૂતળા દહન વખતે ક્ષત્રિય યુવાનો વિરુદ્ધ ગુનો દાખલ થયો હતો. તેમાં ૧૦-૧૦ વર્ષની સજાની જોગવાઈ હોય તેવી કલમો લગાવી હતી. ક્ષત્રિય યુવાનોને રાતભર લોકઅપમાં રખાયા હતા. હવે ભાજપના નેતાઓએ પણ પૂતળા દહન કર્યું. જેથી જેવી કલમ ક્ષત્રિય યુવાનો પર લગાવાઈ. એવી જ કલમ ભાજપના નેતા કાર્યકરો પર લગાવો.

### ભાજપ શહેર અને જિલ્લાના આગેવાનો કાર્યકરો દ્વારા જુદા જુદા બે સ્થળે મમતા બેનજીર્ના પૂતળાનું દહન કરાયું હતું, પોલીસે એક પણ બનાવમાં ગુનો નોંધાવની હિંમત કરી નથી..!

## અવસાન નોંધ

**રાજકોટઃ** રામજીભાઈ બચુભાઈ શિંગાળાના ધર્મપત્ની જયશ્રીબેન રામજીભાઈ શિંગાળાનું તા.૨૫ને શનિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૭ને સોમવારના રોજ સાંજે ૫થી૭ કલાકે પટેલ વાડી (વિભાગ:૧), દયાનંદનગર, રાજકોટ ખાતે રાખેલ છે.

# ચીની વૈજ્ઞાનિકોએ લેબમાં ખતરનાક વાઈરસ વિકસાવ્યોઃ ત્રણ જ દિવસમાં મોત થઈ શકે

બીજીંગ તા.૨૫

વિશ્વભરમાં હાહાકાર સર્જનારા કોરોના વાઈરસની ઉત્પતિ વિશે ચીન સામે આંગળી ચિંધાઈ જ રહી છે ત્યારે એ ચીન દ્વારા કોરોનાથી પણ વધુ ખતરનાક વાઈરસ લેબોરેટરીમાં તૈયાર કર્યો હોવાનું બહાર આવ્યો છે જેનુ સંક્રમણ લાગવાના સંજોગોમાં વ્યક્તિનું ત્રણ જ દિવસમાં મૃત્યુ થઈ જાય છે. હેબઈ મેડીકલ યુનિવર્સિટીના સંશોધકોએ ખતરનાક ઈબોલા વાઈરસના તત્વોના આધારે વિવાદીત અભ્યાસ સાથે તેનાથી પણ વધુ ખતરનાક વાયરસ વિકસાવ્યો છે. માનવ શરીરમાં તેની અસર અને લક્ષણો તથા સંક્રમણ ચકાસવાનો આશય રહ્યો છે. સંશોધકોની ટીમ દ્વારા ઈબોલામાંથી ગ્લાયકોપ્રોટીન કાઢીને વી.એસ.વાઈરસમાં નાખીને પ્રયોગ કરવામાં આવ્યો છે. વાયરસના દાખલ થવા તથા ચેપ લગાડવા માટે પ્રોટીન મહત્વનું હોય છે.

# દાહોદ-અમદાવાદ-ગાંધીનગર સિવાય રાજયમાં ગરમીમાં આંશિક ઘટાડો: હજુ એલર્ટ

## આગઝરતી લૂ હજુ યથાવતઃ અનેક સ્થળે ૧થી ૨ ડિગ્રી તાપમાન ઘટયુંઃ અમદાવાદ–ગાંધીનગરમાં હજુ રેડ એલર્ટઃ જામનગર–જુનાગઢ–સુરેન્દ્રનગર અને કચ્છમાં ઓરેન્જ એલર્ટ

રાજકોટ તા.૨૫

દાહોદ- અમદાવાદ- ગાંધીનગર સિવાય રાજયનાં મોટાભાગનાં શહેરોમાં ગઈકાલે કાળઝાળ ગરમીમાંથી આંશિક રાહત મળવા પામી હતી જો કે બપોરનાં ભાગે આગઝરતી લૂં યથાવત રહેવા પામી હતી.

ગઈકાલે દાહોદમાં ૪૬.૬ ડિગ્રી તથા ૪૫.૫ ડિગ્રી સાથે અમદાવાદ અને ગાંધીનગર સૌથી ગરમ શહેર રહ્યા હતા. આ ઉપરાંત અમરેલીમાં ૪૩.૮, રાજકોટમાં ૪૨.૭, વડોદરામાં ૪૪, ભાવનગરમાં ૪૨, ભુજમાં ૪૨.૫, છોટાઉદેપુરમાં ૪૪, સુરેન્દ્રનગરમાં ૪૪, ડાંગમાં ૪૧.૧, ડીસામાં ૪૪.૮, દિવમાં ૩૭.૨, દ્વારકામાં ૩૨.૮ તથા કંડલામાં ૩૭.૯ અને નલીયામાં ૩૬.૬ ડિગ્રી મહતમ તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગ તરફથી આગામી થોડા દિવસો માટે હિટવેવની ચેતવણી આપવામાં આવેલ

છે. જેથી ભાવનગરનું અમુક દિવસો માટે તાપમાન ખુબ જ ઊંચું રહેનાર હોય આ પરિસ્થિતિમાં શહેરીજનોને ગરમીથી સુરક્ષા મળી રહે અને ડી- હાઈડ્રેશન ન થાય તે હેતુથી ભાવનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના

અલગ અલગ ૧૦ થી ૧૨ જેટલા સર્કલ -સ્થળોએ ORS સાથેના પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેનો સમગ્ર શહેરીજનોને લાભ લેવા માટે મહાનગરપાલિકા દ્વારા અનુરોધ કરાયો છે.

ભાવનગરમાં રાત્રિનુ તાપમાન પણ ૩૦.૬ ડિગ્રી નોંધાયું હતું ભાવનગરમાં ગરમીનું જોર યથાવત રહ્યું છે. શુક્રવારે ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૪૨.૦ ડિગ્રી રેહેવા પામ્યું હતું. જ્યારે લઘુતમ તાપમાન ૩૦.૬ ડિગ્રી રહ્યું હતું .વાતાવરણમાં ભેજ નું પ્રમાણ ૪૦% રહ્યું હતું .જ્યારે પવનની ઝડપ ૨૬ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી. રાત્રીનું તાપમાન પણ વધતા લોકો અકળાયા છે.

સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાં છેલ્લા ૧૦ દિવસથી ગરમીનો પારો સતત વધી રહ્યો છે. ઘણા શહેરમાં છેલ્લા કેટલાક વર્ષના મે મહિનાની ગરમીનો રેકોર્ડ પણ તૂટયો છે. કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ પોકરી ઉઠયા છે. જો કે રાજ્યના તમામ શહેરમાં ગઇકાલની સરખાણીએ મહતમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. હવામાન વિભાગ દ્વારા આજે અમદાવાદ અને ગાંધીનગરમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગઈકાલે અમદાવાદ શહેરનું મહતમ તાપમાન ૧.૧ ડિગ્રી ઘટયું હતું. જ્યારે ગાંધીનગરનું મહત્તમ તાપમાન ૦.૫ ડિગ્રી ઘટયું હતું. આજે અમદાવાદ અને ગાંધીનગરમાં મહતમ તાપમાન ૪૫. ડિગ્રી નોંધાયું હતું. આ ઉપરાંત આ બન્ને શહેરોમાં રેડ એલર્ટની સાથે હીટવેવની અસર પણ વર્તાઈ હતી. તાપમાનનો પારો ભલે થોડો ગગડયો હોય પરંતુ લોકોને હજુ ગરમીમાંથી રાહત મળી નથી. આજે પણ બપોરના સમયે રસ્તાઓ સૂમસામ જોવા મળ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગ દ્વારા જે જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. ત્યાં પણ ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તેથી હવે આગામી બે દિવસ રાજયમાં તાપમાનનું જોર એકાદ ડિગ્રી ઘટે તેવી શક્યતા છે. ત્યાર બાદ ત્રીજા દિવસથી મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. એટલે ગુજરાતવાસીઓને ગરમીથી આંશિક રાહત મળે તેવી શક્યતાઓ છે. તેમજ આગામી ત્રણ દિવસ દરમિયાન સૌરાષ્ટ્રના ભાવનગર, કચ્છ, બોટાદ, સુરેન્દ્રનગર, દીવમાં હીટવેવની અસર રહેશે. જ્યારે મધ્ય ગુજરાતમાં છોટાઉદેપુર અને વડોદરા શહેરમાં હીટવેવની અસર રહેશે. આજે અમદાવાદ અને ગાંધીનગરમાં રેડ એલર્ટ રહેશે.

બનાસકાંઠા, પાટણ, મહેસાણા, અરવલ્લી, મોડાસા, સાબરકાંઠા, આણંદ, ખેડા, મહીસાગર, પંચમહાલ, છોટાઉદેપુર, વડોદરા, જામનગર, બોટાદ, જૂનાગઢ, સુરેન્દ્રનગર, કચ્છમાં ઓરેન્જ એલર્ટ રહેશે.

### વૃક્ષની કિંમત સમજાવતું પશુધન



બાબરામાં છેલ્લા એક સપ્તાહમાં રેકોડબ્રેક તાપ પડયો હતો. સરેરાશ ૪૦ ડીગ્રીથી ૪૬ ડીગ્રીનું તાપમાન શહેરનાં ગ્રામ્ય વિસ્તારનાં લોકોએ સહન કર્યુ હતું. બપોરે ૧૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી રીતસરનું કર્ફ્યુ લાગ્યું હોય તેમ લોકો બહાર નીકળવાનું ટાળી રહ્યા હતા રોડ અને બજારો સુમસામ જોવા મળી રહ્યા હતા. શહેરનાં રોડ પર એક મોટા વૃક્ષની નીચે મીઠા છાંયડામાં મૂંગા પશુઓ ઉભા રહી તાપમાનથી રાહત મેળવી રહ્યા હતા. મૂંગા પશુઓ વૃક્ષનો ઓથ મેળવી રહ્યા છે. ત્યારે એક વૃક્ષની કિંમત સમજાય માણસ તો ઘરમાં રહી પંખા કે એસી જેવા સાધનો વડે તાપમાન અને ગરમીથી રાહત મેળવે છે પણ બિચારા મૂંગા પશુઓ કયાંજાય માટે તો વૃક્ષ એકમાત્ર સહારો હોય છે.

(તસ્વીરઃ મિલાપ રૂપારેલ)

# સ્ટેટ બેન્કે લોન નીતિ બદલીઃ ધિરાણ મોંઘુ થઈ શકે

### રિઝર્વ બેન્કના નિયમનોથી બેંક પર આર્થિક બોજ વધે તો અધવચ્ચે વ્યાજદર વધારાની જોગવાઈઃ વ્યાપક ઉહાપોહ



મુંબઈ તા.૨૫

ભારતની જાહેર ક્ષેત્રની સૌથી મોટી બેંક એવી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાએ ઈન્ફ્રા-પ્રોજેકટ લોન નીતિમાં મોટો ફેરફાર કર્યો છે.બેંકીંગ ક્ષેત્રમાં સંભવીત નવા નિયમનોથી બેંક પર નાણાંકીય બોજ વધે તો ધિરાણ-લોનનાં વ્યાજમાં અધવચ્ચે પણ વધારો કરવાની જોગવાઈ ઉમેરી છે.આ નીતિ સામે ઔદ્યોગીક ક્ષેત્રમાં ઉહાપોહ સર્જાયો છે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાએ લોન કરારમાં દાખલ કરેલી નવી જોગવાઈઓ મુજબ નવા સંભવીત નિયમનોથી બેંકને વધુ નાણાંકીય જોગવાઈ કરવાની સ્થિતિ સર્જાઈ છે અને બેંક પર આર્થિક બોજ વધી જાય તો અધવચ્ચે લોનનું વ્યાજ વધારી નાખવામાં આવશે. લોન લેતી વખતે વ્યાજદર નિયત કરવામાં આવ્યો હોય તો પણ તેમાં વધારો કરી દેવાશે અને તેનો બેંકને અધિકાર રહેશે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ ચાલુ મહિનાની શરૂઆતમાં પ્રોજેકટ લોનનાં હિસાબો તથા ફાઈનાન્સને લગતી વિસ્તૃત ગાઈડલાઈન ઈસ્યુ કરી હતી. ગાઈડલાઈનમાં એવુ સુચવાયુ છે કે ઈન્ફ્રાસ્ટ્રકચર તથા કોમર્સીયલ રીયલ એસ્ટેટ પ્રોજેકટ નિર્માણનાં તબકકે હોય ત્યારે પાંચ ટકાનું પ્રોવિઝન રાખવામાં આવે અને આ પ્રોજેકટો આગળ ધપવા-કાર્યાન્વિત થવા સાથે તબકકાવાર તેમાં ઘટાડો થતાં હાલ બેંક દ્વારા કોમર્સીયલ રીયલ એસ્ટેટ લોનમાં ૧ ટકા, રેસીડિન્સીયલ હોમ પ્રોજેકટમાં ૦.૭૫ ટકા તથા પ્રોજેકટ ફાઈનાન્સ સહીતની અન્ય તમામ પ્રકારની લોનમાં ૦.૪ ટકાનુ પ્રોવીઝન રાખે છે.

આ સુચિત નિયમો હળવા બનાવવા માટે સ્ટેટ બેંક સહીતની બેંકો તથા કંપનીઓએ રિઝર્વ બેંક સમક્ષ ધા નાખી છે. આ કદમથી ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે બોજ વધવાની દલીલ કરી છે. માર્કેટ કેપીટલાઈઝેશનના ધોરણે ત્રીજા નંબરે આવતી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાએ રીઝર્વ બેન્કનાં નવા નિયમોથી ૯૦૦૦ કરોડની વધારાની જોગવાઈ કરવી પડે તેમ છે. જે વર્તમાન જોગવાઈ કરતા, ૨૮ ટકા વધુ થવા જાય છે અને કુલ જોગવાઈ ૩૨૦૦૦ કરોડ પર પહોંચી શકે તેમ છે.

મોટાભાગની બેંકો લોન કરારમાં ધિરાણની શરતોમાં ફેરફારની જોગવાઈ રાખતી જ હોય છે.જોકે ભાગ્યે જ તે લાગુ કરતી હોય છે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાએ આ કિસ્સામાં એકદમ સ્પષ્ટ અને સચોટ જોગવાઈ ઉમેરવાનો નિર્ણય લીધો છે બેંકીંગ સુત્રોએ કહ્યું કે આખરી દિશા નિર્દેશમાં રીઝર્વ બેન્ક કોઈ રાહત આપે તેવી શકયતા નથી. એટલે સ્ટેટ બેંકે વિશેષ જોગવાઈ ઉમેરી છે. બેંકોને ૧૫ મી જુન સુધીમાં અભિપ્રાય આપવા કહેવાયુ છે. બેંકોને ૧૫ મી જુન સુધીમાં અભિપ્રાય આપવા કહેવાયું છે અને ત્યારબાદ નવી ગાઈડલાઈનનો રીઝર્વ બેન્ક અમલમાં મુકનાર છે.

રીઝર્વ બેન્કની ગાઈડલાઈન બાદ સ્ટેટ બેંકે નિર્માણનાં તબકકે રહેલા કોઈપણ પ્રોજેકટની લોન મંજુર કરી નથી.

# પૂના બાદ નાગપુરમાં પૂરઝડપે દોડતી કારે ત્રણને કચડયા

### કારમાંથી દારૂ અને ડ્રગ્સ મળ્યાઃ વિફરેલા લોકોએ કારચાલકને અધમુઓ કરી નાખ્યો



નાગપુર તા.૨૫

મહારાષ્ટ્રનાં પુનામાં સગીર બિલ્ડર પુત્રએ સર્જેલા જીવલેણ અકસ્માતનો વિવાદ હજુ શમ્યો નથી ત્યાં નાગપુરમાં પૂરઝડપે દોડતી કારે ત્રણ લોકોને કચડી નાખ્યા હતા.આ અકસ્માત બાદ તૂર્તજ ચાર શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી હતી. અકસ્માતથી વિફરેલા લોકોએ કારચાલકની ધોલાઈ કરી હતી. કારમાંથી દારૂ અને ડ્રગ્સ પણ મળી આવ્યું હતું.

પોલીસના સુત્રોએ કહ્યું કે નાગપુરમાં મોડીરાત્રે પુરઝડપે જતી કારે એક મહિલા બાળક અને એક યુવકને કચડી નાખ્યા હતા. જેને પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને કારચાલકની ધોલાઈ કરીને કારમાં તોડફોડ કરી હતી. પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને કારમાં સવાર ચાલક સહીત ચાર શખ્સોની ધરપકડ કરી હતી. કારમાંથી દારૂની બોટલ અને કેફી પદાર્થ પણ મળી આવ્યા હતા.અકસ્માતમાં હડફેટે ચડેલા મહિલા યુવક અને બાળકને ગંભીર ઈજા થયાનુ બહાર આવ્યું છે.

# ‘ન તો મેં કે BCCIએ કોઈ પૂર્વ ઓસ્ટ્રેલિયન ખેલાડીનો સંપર્ક કર્યો નથી’ - લેંગર-પોન્ટિંગને મુખ્ય કોચ બનાવવાની ઓફરના દાવાને જય શાહે ફગાવી દીધો

### બોર્ડ એવા કોચની નિમણુંક કરશે જેને ઘરેલુ ક્રિકેટની સમજ હોય



મુંબઈ :

રાહુલ દ્રવિડનો કાર્યકાળ T20 વર્લ્ડ કપ ૨૦૨૪ બાદ સમાપ્ત થશે. આવી સ્થિતિમાં ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચને બદલવામાં આવશે. બીસીસીઆઈએ તાજેતરમાં આ પદ માટે અરજીઓ આમંત્રિત કરી હતી. દરમિયાન, ઘણા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે BCCIએ રિકી પોન્ટિંગ અને જસ્ટિન લેંગરને મુખ્ય કોચ બનવાની ઓફર કરી હતી. જોકે, હવે આ અહેવાલોને BCCI સેક્રેટરી જય શાહે ફગાવી દીધા છે. તેણે કહ્યું કે બોર્ડે ઓસ્ટ્રેલિયાના કોઈપણ પૂર્વ ક્રિકેટરને કોચિંગ માટે કોઈ ઓફર કરી નથી. આ સિવાય તેણે કહ્યું કે BCCI એવા દિગ્ગજ ખેલાડીઓની શોધ કરી રહી છે જેમને ઘરેલુ ક્રિકેટની સારી સમજ હોય.

**બીસીસીઆઈ સેક્રેટરીના નિવેદન**

શાહે કહ્યું, ‘‘ન તો મેં કે બીસીસીઆઈએ કોઈ પૂર્વ ઓસ્ટ્રેલિયન ખેલાડીનો સંપર્ક કર્યો નથી. કેટલીક મીડિયા ચેનલોમાં ચાલી રહેલા અહેવાલો સંપૂર્ણપણે ખોટા છે.’’ પોન્ટિંગ અને લેંગર બંને ઈન્ડિયન પ્રીમિયર લીગમાં અનુક્રમે દિલ્હી કેપિટલ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સના મુખ્ય કોચ તરીકે સામેલ છે.

જસ્ટિન લેંગર અને રિકી પોન્ટિંગે ખુલાસો કર્યો હતો કે તેમને BCCI તરફથી મુખ્ય કોચનું પદ સંભાળવાની ઓફર મળી હતી. જોકે, બંનેએ આ ઓફર સ્વીકારવાની ના પાડી દીધી હતી. હવે BCCI સેક્રેટરીએ બંને દિગ્ગજોના દાવાને ફગાવી દીધા છે.

ગૌતમ ગંભીર પણ મુખ્ય કોચ પદનો દાવેદાર છે. હકીકતમાં, કેટલાક અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે બીસીસીઆઈએ પૂર્વ ઓપનિંગ બેટ્સમેન સાથે આ મામલે ચર્ચા કરી છે. ગંભીર હાલમાં IPLમાં કોલકાતા નાઈટ રાઈડર્સનો મેન્ટર છે. તેમના માર્ગદર્શન હેઠળ કોલકાતા ફાઇનલમાં પહોંચી છે. અગાઉ ગંભીર લખનૌ સુપર જાયન્ટ્સ સાથે સંકળાયેલો હતો. તેઓ બે વર્ષ સુધી આ ટીમના મેન્ટર રહ્યા. જોકે, તે ઈફ્ક ૨૦૨૪માં ઘરે પરત ફર્યો છે.

તાજેતરમાં જ BCCI સેક્રેટરી જય શાહે સ્પષ્ટ કર્યું હતું કે અલગ-અલગ ફોર્મેટ માટે અલગ કોચ નહીં હોય. આવી સ્થિતિમાં, ત્રણેય ફોર્મેટ માટે એક જ કોચની શોધ થશે, જે ૩.૫ વર્ષ માટે ભારતીય ક્રિકેટ ટીમની જવાબદારી સંભાળશે. T20 વર્લ્ડ કપ બાદ દ્રવિડનો કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. તેમણે મુખ્ય કોચના પદ પર રહેવા માટે પણ અરજી કરવી પડશે. બીસીસીઆઈએ અરજી કરવાની છેલ્લી તારીખ ૨૭ મે નક્કી કરી છે.

### ૨૦ મિનિટ લાઈનમાં ઉભા રહ્યા બાદ...

# વિદેશમંત્રી એસ.જયશંકરનું વોટર લિસ્ટમાં નામ ન મળતા મતદાન કર્યા વિના પાછા ફર્યા

### બાદમાં ખરા મતદાન કેન્દ્રમાં જઈ વોટીંગ કર્યુ




નવી દિલ્હી તા.૨૫

લોકસભા ચૂંટણીમાં આજે છઠ્ઠા તબકકાના વોટીંગ દરમિયાન દિલ્હીની સાત લોકસભા સીટો પર આ તબકકામાં મતદાન થઈ રહ્યું છે ત્યારે વિદેશમંત્રી એસ.જયશંકર પણ મતદાન કરવા પોલીંગ બુથે પહોંચ્યા હતા. જો કે ૨૦ મિનિટ સુધી લાઈનમાં ઉભા રહ્યા બાદ તેમને ખબર પડી કે તેનું નામ લિસ્ટમાં નથી. આ સ્થિતિમાં તેઓ મતદાન કર્યા વિના જ ઘેર પાછા ફર્યા. ઘર પર તેમણે બીજી વાર ચેક કર્યું તો ખબર પડી કે તેમનું વોટીંગ સેન્ટર બીજું છે પછી બીજા મતદાન કેન્દ્ર પર તેમણે પોતાનો મત આપ્યો હતો. સાથે સાથે તેમણે લોકોને રેકોર્ડબ્રેક સંખ્યામાં મતદાન કરવાની અપીલ કરી હતી.

નવી દિલ્હીની ડીસ્ટ્રીકટ ઈલેકશન ઓફિસ તરફથી દેશના વિદેશમંત્રી એસ.જયશંકરને તે પોલીંગ સ્ટેશન પર પ્રથમ પુરુષ મતદાતા બન્યાનું પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યું હતું. ખુદ કેન્દ્રીય મંત્રીએ સર્ટીફિકેટની સાથે પોતાની તસવીર સોશિયલ મીડીયા પર શેર કરી હતી.

# ચીનની ‘પનીશમેન્ટ’ ડ્રીલઃ તાઈવાનની સમુદ્રી સીમામાં ચીનના ૪૬ સૈન્ય વિમાન ઘુસ્યા

### ડ્રેગને અમેરિકાને પણ ધમકી આપી દીધીઃ તાઈવાનની સ્વતંત્રતાની દિશામાં પ્રયાસ એક ‘ડેડ એન્ડ’

તાઈપે (તાઈવાન) તા.૨૫

ચીનની ‘પનીશમેન્ટ’ ડ્રીલ દરમિયાન ચીનના ૪૬ સૈન્ય વિમાન તાઈવાનની સમુદ્રી સીમામાં ઘુસ્યા હતા એટલું જ નહીં, ડ્રેગને અમેરિકાને પણ ચેતવણી આપી દીધી હતી.

તાઈવાનના રક્ષા મંત્રાલયે જણાવ્યું હતું કે ૪૬ ચીની સૈન્ય વિમાન શુક્રવારે તાઈવાન જલડમરુ મધ્યની મધ્ય રેખાને પાર કરી ગયા હતા અને આ હરકત હીપની ચારે બાજુ ‘દંડ’ અભ્યાસ દરમિયાન કરી હતી અને તાઈવાનના નવા રાષ્ટ્રપતિ લાઈ ચિંગ-તેના નિવેદનના જવાબમાં શુક્રવારે ‘દંડ’ અભ્યાસના બીજા દિવસે આયોજન કર્યું હતું.

જયારે લોકશાહી રીતે શાસીત તાઈવાનના કેટલાક નિવાસીઓએ જણાવ્યું હતું કે તે બીજીંગના દબાણ છતાં પોતાના જીવનને સામાન્ય રીતે જીવવાનું ચાલુ રાખશે. સામાન્ય નાગરિકોમાં ચીનને લઈને કોઈ ડર નથી. દાયકાઓથી ચીની ખતરા સાથે જીવવાની તેમની આદત બની ગઈ છે. એક તાઈવાની નાગરિકે જણાવ્યું હતું કે ચીનનો સૈન્ય અભ્યાસ ખરેખર તો અમારા દૈનિક જીવનને કોઈ અસર નથી કરતો.

બીજી બાજુ ચીને અમેરિકાને પણ ચેતવણી આપી છે કે તાઈવાનની સ્વતંત્રતાની દિશામાં પ્રયાસ એક ‘ડેડ એન્ડ’ છે અને તેની માત્ર ઉંધી અસર પડશે. ઉલ્લેખનીય છે કે ચીન તાઈવાનને પોતાનું ક્ષેત્ર માને છે અને તેના પર નિયંત્રણ કરવા માટે બળપ્રયોગની ધમકી દે છે.

# છતીસગઢની દારૂગોળા ફેકટરીમાં પ્રચંડ વિસ્ફોટ



રાયપુર તા.૨૫

છતીસગઢનાં બેમેથરાની દારૂગોળા ફેકટરીમાં પ્રચંડ વિસ્ફોટ સર્જાતા દસ લોકોના મોત નિપજયા હતા અને ડઝનથી વધુ લોકો ઘાયલ થયા હતા.વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે તેનો અવાજ અનેક કિલોમીટર સુધી સંભળાયો હતો અને આસપાસના ગામડાઓમાં પણ ધ્રુજારી અનુભવાઈ હતી.

દારૂગોળા ફેકટરીમાં ભયાનક વિસ્ફોટ પછી આસપાસના ગામ લોકો મદદે પહોંચી ગયા હતા.ત્રણ કલાક સુધી બચાવ ટીમ ઘટનાસ્થળે નહિં આવતા લોકોએ જ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવાની વ્યવસ્થા કરી હતી.આ ઘટનામાં અનેક લોકો દટાઈ ગયા હતા પ્રાથમીક અહેવાલ પ્રમાણે દુર્ઘટનામાં દસ લોકોનાં મોત નિપજયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે.સમગ્ર ફેકટરીને કોર્ડન કરી લેવામાં આવી છે.

એવુ બહાર આવ્યું છે કે જે સ્થળે વિસ્ફોટ થયો ત્યાં પંદરથી વીસ લોકો કામ કરતા હતા. ધડાકાના પગલે સમગ્ર ફેકટરીમાં મજુરોમાં નાસભાગ મચી ગઈ હતી.

# નમોલક્ષ્મી-સરસ્વતી યોજના હેઠળ વિદ્યાર્થીનીઓને રૂા.૮૫ કરોડના પ્રથમ હપ્તાની રકમ તા.૨૭ જૂને ચૂકવાશે

### શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે જ થશે ચૂકવણીઃ સોમવારથી રજિસ્ટ્રેશન પ્રક્રિયા

અમદાવાદ તા.૨૫

શિક્ષણ વિભાગ દ્વારા નમો સરસ્વતી અને નમો લક્ષ્મી યોજના અમલમાં મુકવામાં આવ્યા બાદ હવે આ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને પ્રથમ હપ્તાની ચૂકવણી માટેનો નિર્ણય લેવામાં આવેલ છે.

રાજયના મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં શિક્ષણ વિભાગની બેઠક મળી હતી. જેમાં આ બંને યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને રૂા.૮૫ કરોડનો પ્રથમ હપ્તો ૨૭ જૂનના રોજ ચૂકવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ૨૭ જૂનના રોજથી પ્રવેશોત્સવ હાથ ધરવામાં આવનાર હોવાથી પ્રથમ દિવસે જ હપ્તાની ચૂકવણીનું આયોજન કરાયું છે. આ માટે સોમવારથી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજય સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજના અંતર્ગત રાજ્યની ૧૦ લાખ વિદ્યાર્થીનીઓ અને ધોરણ ૧૧-૧૨ સાયન્સનાં ૨.૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓને ૨૭ જૂનના રોજ પ્રથમ હપ્તાના રૂા.૮૫ કરોડની ચુકવણી કરવામાં આવશે.૨૭ જૂનના રોજ પ્રવેશોત્સવનું આયોજન કરાયું છે તેના પ્રથમ દિવસે જ બંને યોજનાના પ્રથમ હપ્તાની ચુકવણી પણ કરી દેવાશે. શુક્રવારના રોજ મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં શિક્ષણ વિભાગની બેઠક મળી હતી. જેમાં આ અંગે નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

ઉચ્ચસ્તરીય બેઠકમાં નિર્ણય લેવાયા બાદ શિક્ષણ સચીવ દ્વારા તમામ જિલ્લાના શિક્ષણના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવાની સુચના આપવામાં આવી છે. પ્રથમ હપ્તાની ચુકવણી માટેની તૈયારીઓ શરૂ કરવામાં આવી હોવાનું પણ જાણવા મળે છે. જેમાં સ્કોલરશીપ માટેનું પોર્ટલ તૈયાર કરી દેવાયુ છે. જેના માટે સોમવારથી રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. રજીસ્ટ્રેશન વર્ગ શિક્ષક દ્વારા કરવામાં આવશે. આમ, પ્રવેશોત્સવ શરૂ થાય તે દિવસ તમામ વિદ્યાર્થીઓને પ્રથમ હપ્તાની રકમ મળી રહે તે માટે પુરજોશમાં તૈયારીઓ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહના શિક્ષણ માટે પ્રોત્સાહન મળે અને તેમાં પણ કન્યાઓ ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ મેળવે એ હેતુથી ‘નમો લક્ષ્મી’ અને ‘નમો સરસ્વતી’ યોજના જાહેર કરાઈ છે. ‘નમો લક્ષ્મી’ યોજના અંતર્ગત ધોરણ-૯થી૧૨માં અભ્યાસ કરતી અંદાજે ૧૦ લાખ જેટલી વિદ્યાર્થીનીઓને ચાર વર્ષના અભ્યાસક્રમ દરમિયાન રૂા.૫૦ હજારની સહાય ચુકવવાની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં ધોરણ-૯ અને ૧૦માં રૂા.૧૦-૧૦ હજાર અને ધોરણ-૧૧ અને ૧૨માં રૂા.૧૫-૧૫ હજારની સહાય ચુકવાશે.

આ વિદ્યાર્થીનીઓને પ્રથમ હપ્તા પેટે રૂા.૬૬ કરોડની ચુકવણી કરવામાં આવશે. આ સિવાય નમો સરસ્વતી વિજ્ઞાન સાધના અંતર્ગત ધોરણ-૧૧ અને ૧૨માં અભ્યાસ કરતાં ગુજરાત બોર્ડ અને સીબીએસઈ સંલગ્ન સ્કુલોના વિદ્યાર્થીઓને ધોરણ-૧૧ માટે રૂા.૧૦ હજાર અને ધોરણ-૧૨ માટે રૂા.૧૫ હજાર સહાય ચુકવાશે. નમો સરસ્વતી યોજનામાં અઢી લાખ વિદ્યાર્થીઓને પ્રથમ હપ્તા પેટે રૂા.૧૯ કરોડ ચુકવવામાં આવશે.

# નરેન્દ્ર મોદી મેડીકલ કોલેજમાં જુનિયર વિદ્યાર્થી પર રેગીંગઃ ચાર તબીબ છાત્રને સસ્પેન્ડ કરી દેવાયા

### ૭૦૦ વખત કેસ પેપર લખવા આપ્યાઃ ગાળાગાળી અને ત્રાસઃ વિભાગના વડાએ ધ્યાન ન દેતા ડીનને ફરિયાદ કરી હતી



અમદાવાદ તા.૨૫

નરેન્દ્ર મોદી મેડીકલ કોલેજમાં રેગિંગની ઘટના સામે આવતા ભારે ચકચાર મચી ગઈ છે. આ કોલેજમાં અભ્યાસ કરતા સર્જરી વિભાગના ચાર સિનિયર વિદ્યાર્થીએ પહેલા વર્ષની જુનીયર વિદ્યાર્થીઓનું રેગિંગ કરતા ચાર તબીબી વિદ્યાર્થીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ત્રીજા વર્ષના ચાર વિદ્યાર્થીઓ પૈકી એક વિદ્યાર્થીને ૨ વર્ષ, એક વિદ્યાર્થીને એક વર્ષ અને બાકીને બે વિદ્યાર્થીને ૨૮ દિવસ માટે સસ્પેન્ડ કરવાનો નિર્ણય કરાયો છે. આ ઉપરાંત આગામી દિવસોમાં આ પ્રકારની ઘટના ન બને તે માટે તકેદારીના પગલા લેવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે, સમગ્ર કેસ એન્ટિરેગિંગ કમિટી સમક્ષ નહીં, પરંતુ કોલેજ કાઉન્સિલ સમક્ષ લઈ જઈને સજા કરવામાં આવી હતી.

શહેરની એલ.જી. હોસ્પિટલમાં આવેલી નરેન્દ્ર મોદી મેડીકલ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા ચાર વિદ્યાર્થી દ્વારા કોલેજના જ પ્રથમ વર્ષમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓનું રેગિંગ કરવામાં આવતું હતું. આ રેગિંગ અંતર્ગત જુનીયર વિદ્યાર્થીઓ સાથે ઉધ્ધતાઈપૂર્વક વર્તન કરવું, ઉતારી પાડવા અને જાહેરમાં ગાળાગાળી કરવી, ખરાબ ભાષાનો પ્રયોગ કરવો જેવી પ્રવૃતિઓ કરવામાં આવતી હતી. આ ઉપરાંત સિનિયર વિદ્યાર્થીઓ જુનિયર વિદ્યાર્થીઓને બે બે કેસ પેપર ૭૦૦થી ૧૦૦૦ વખત લખવા આપતા હતા. આ પ્રકારની પ્રવૃતિઓ છેલ્લા કેટલાય સમયથી ચાલતી હતી.

જુનિયર વિદ્યાર્થીઓએ સૌથી પહેલ આ મુદ્દે વિભાગના વડાને ફરિયાદ કરી હતી. આ ફરિયાદ પછી પણ કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા વિદ્યાર્થીઓએ ડીનને ફરિયાદ કરતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો. સામાન્ય રીતે આ પ્રકારની પ્રવૃતિ બહાર આવે તો સીધી એન્ટિરેગિંગ કમિટી સમક્ષ ફરિયાદ કરવામાં આવતી હોય છે. આ કિસ્સામાં એન્ટિ રેગિંગ કમિટીને નહીં, પરંતુ કોલેજ કાઉન્સિલ સમક્ષ કેસ લઈ જવામાં આવ્યો હતો.

કાઉન્સિલ સમક્ષ રેગિંગ કરનારા સર્જરી વિભાગના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ, જુનિયર વિદ્યાર્થીઓ તેમના માતા પિતા અને સંબંધિત જવાબદાર વ્યકિતઓની સાથે બેઠક યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ સૌથી પહેલી ફરિયાદ વડાને કરી હોવાથી તેમને પણ બોલાવવામાં આવ્યા હતા. જુનિયર વિદ્યાર્થીઓએ રજૂ કરેલા પુરાવાઓ અને ફરિયાદની સુનાવણી કર્યા બાદ ચાર સિનિયર વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા વ્રજ વાઘાણીને બે વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. આ જ રીતે શીવાની પટેલને એક વર્ષ માટે સસ્પેન્ડ કરાયા હતા. આ ઉપરાંત અન્ય બે સિનિયર અધ્યાપકોમાં કરણ પરેજીયિ અને અનેરી નાયકને ૨૮ દિવસ માટે સસ્પેન્ડ કરાયા હતા.

બે વિદ્યાર્થીને ઓછી સજા અંગે કોલેજ સતાવાળાઓ કહે છે કે, રેગિંગમાં બે વિદ્યાર્થીની જવાબદારી ઓછી હોવાથી તેમને માત્ર ૨૮ દિવસની સજા કરવામાં આવી હતી. વાલીઓ અને કોલેજ સતાધીશોની બેઠકમાં વિદ્યાર્થીઓ અને વાલીઓની રજૂઆત અને ગંભીર સજા ન કરવા માટે કરાયેલી વિનંતીને માન્ય રાખીને નેશનલ મેડીકલ કમિશનને જાણ કરવાનું મુલત્વી રાખીને કોલેજ કાઉન્સિલ અને હેરેસમેન્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા જ સજા કરવામાં આવી હતી.

### વાલીઓની રજૂઆતથી હળવી સજા

નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજના સત્તાધીશો કહે છે કે, પહેલા તબકકે તમામ વિદ્યાર્થીઓને કોલેજમાંથી દૂર કરવાનું નકકી કરાયું હતું. આ ઉપરાંત એન્ટિ રેગિંગ કમિટી અને નેશનલ મેડિકલ કમિશનને ફરિયાદ કરીને કડક સજા કરવાનું નકકી હતું, પરંતુ વાલીઓ અને સિનિયર-જુનીયર વિદ્યાર્થીઓ વચ્ચેની બેંક બાદ વાલીઓએ પહેલી વખત આ પ્રકારનું કૃત્ય કરવામાં આવ્યું હોવાથી વિદ્યાર્થીઓની કારકીર્દી ન બગડે તે માટે રજૂઆત કરાઈ હતી. જેને માન્ય રાખીને સર્જરી વિભાગના ચાર સિનિયર વિદ્યાર્થીઓ પૈકી બે વિદ્યાર્થીઓ બે અને એક વર્ષ માટે અને બાકીના બે વિદ્યાર્થીને માત્ર ૨૮ દિવસ માટે સસ્પેન્ડ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.











૯૫ વર્ષીય પિતાને વ્હીલચેરમાં લઈને મતદાન કરવા પહોંચ્યા CEC, કેજરીવાલ તેમના પરિવાર સાથે લાઈનમાં ઉભા જોવા મળ્યા

# રાષ્ટ્રપતિ મૂર્મુ, રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, ઉપરાષ્ટ્રપતિ ધનખડ સહિતના દિગ્ગજ નેતાઓએ મતદાન કર્યું

ન્યુ દિલ્હી,તા.૨૫

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના છઠ્ઠા તબક્કા માટે મતદાન આજે સવારથી શરૂ થઈ ગયું છે. આઠ રાજ્યોમાં સવારે ૭ વાગ્યાથી મતદાન ચાલુ છે. આ તબક્કામાં કુલ ૧૧.૧૩ કરોડથી વધુ મતદારો ૮૮૯ ઉમેદવારો પર નિર્ણય લેશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સહિત ઘણા રાજકીય નેતાઓએ છઠ્ઠા તબક્કામાં મતદાન કર્યું.મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) રાજીવ કુમારે પણ આજે મતદાન કર્યું હતું. તેઓ તેમના ૯૫ વર્ષીય પિતાને વ્હીલચેર પર લઈને મતદાન મથક પર પહોંચ્યા હતા.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પરિવાર સાથે મતદાન કર્યું. વોટ આપ્યા બાદ તેમણે મીડિયા સાથે વાત કરી હતી. કેજરીવાલે લોકોને તાનાશાહી વિચારધારા વિરુદ્ધ મતદાન કરવાની અપીલ કરી હતી.કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી તેમની માતા સોનિયા ગાંધી સાથે દિલ્હીમાં મતદાન કરે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તસવીરો શેર કરતાં તેણે કહ્યું કે તેણે અને તેની માતાએ મતદાન કરીને લોકશાહીની ઉજવણીમાં યોગદાન આપ્યું છે.ઉપાધ્યક્ષ જગદીપ ધનખરે પત્ની સુદેશ ધનખર સાથે પોતાનો મત આપ્યો. પોતાનો મત આપ્યા બાદ મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું, ''મતદાન જવાબદારી અને શક્તિ બંને છે. ભારત વિશ્વમાં સૌથી વધુ ગતિશીલ, સક્રિય અને અસરકારક લોકશાહી છે.''

રાષ્ટ્રીય મહિલા આયોગના વડા રેખા શર્માએ પણ આજે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મતદાન કર્યા પછી, તેમણે તેમના મતદાન મથક પર સૌથી વૃદ્ધ નાગરિક હોવા બદલ ખુશી વ્યક્ત કરી.રાહુલ ગાંધીની બહેન પ્રિયંકા ગાંધીએ તેમના પુત્ર રેહાન અને પુત્રી મીરાયા સાથે લોધી રોડ પરના મતદાન મથક પર મતદાન કર્યું હતું. પોતાનો મત આપ્યા બાદ પ્રિયંકાએ કહ્યું કે મને ભારત ગઠબંધન સાથે હોવાનો ગર્વ છે.દિલ્હીમાં આમ આદમી પાર્ટીના નેતાઓ આતિશી અને સ્વાતિ માલીવાલે પણ આજે મતદાન કર્યું હતું.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ આજે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. તેમણે દિલ્હીમાં મતદાન કર્યું હતું.ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનની પત્ની કલ્પના સોરેને પણ આજે મતદાન કર્યું હતું. તેમણે રાંચીમાં પોતાનો મત આપ્યો. મતદાન મથકની બહાર આવ્યા બાદ તેણીએ કહ્યું, ''હું તમામ મતદારોને અપીલ કરું છું કે આજે રજા ન માને અને ઘરે બેસી જાઓ. તમારા બધાની જવાબદારીઓ છે, જે તમારે પૂરી કરવી જોઈએ.''

'રેમલ' વાવાઝોડાથી હવામાનપલ્ટો સર્જાશે

# ઉતર ભારતમાં ગરમી- દક્ષિણમાં વરસાદનો કહેર

## રાજસ્થાન, પંજાબ, હરિયાણા, હિમાચલ, કાશ્મીરમાં હજુ ત્રણ દિવસ 'હીટવેવ'ની ચેતવણી



નવી દિલ્હી તા.૨૫

બંગાળની ખાડીમાં ઉદભવેલુ રેમલ વાવાઝોડુ આવતીકાલે મોડીરાત્રે ત્રાટકવાની શકયતા વચ્ચે દેશના અનેક ભાગોમાં હવામાન પલ્ટો થવાની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગ દ્વારા ભયંકર તોફાનની ચેતવણી આપવામાં આવી છે. પશ્ચીમ બંગાળ તથા બાંગ્લાદેશના બોર્ડર વિસ્તારમાં વાવાઝોડુ રેમલ લેન્ડફોલ કરે તેવી સંભાવના છે. વાવાઝોડાને કારણે પશ્ચીમ બંગાળના સાગરકાંઠાના નીચાણવાળા ભાગોમાં પુર પરીસ્થિતિ સર્જાવાની તથા બાંગ્લાદેશના દરિયાકાંઠાના ભાગોમાં ભૂસ્ખલનની ચેતવણી છે.

રેમલ વાવાઝોડાના પ્રભાવ હેઠળ પશ્ચીમ બંગાળની આસપાસના રાજયો- વિસ્તારોમાં હવામાનપલ્ટો થવાની સંભાવના છે. બિહાર તથા ઓડિશામાં મુખ્ય અસર થશે અને ભીષણ ગરમીમાંથી રાહત પણ મળી શકે છે.

રવિવારે મોડીરાત્રે વાવાઝોડાના લેન્ડફોલના સમયગાળામાં પશ્ચીમ બંગાળ ઉપરાંત મિઝોરમ, ત્રિપુરા, દક્ષિણ મણીપુર, આસામ, મેઘાલય, અરૂણાચલપ્રદેશ, નાગાલેન્ડ જેવા રાજયોમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. પશ્ચીમ બંગાળના સાગરકાંઠે ત્રાટકયા બાદ બાંગ્લાદેશ પહોંચશે જયાં ૧૧૦થી૧૨૦ કીમીના અને ઝાટકાના ૧૩૫ કીમીના પવન ફુંકાશે.

બીજી તરફ ઉતર ભારત હજુ પ્રચંડ હીટવેવમાં બેહાલ જ રહ્યું છે. ઉતર પશ્ચીમ ભારત માટે આવતા ત્રણ દિવસનું રેડએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

રાજસ્થાનનું ફલૌદી ૪૯ ડીગ્રી તાપમાન સાથે સૌથી ગરમ રહ્યું હતું જયારે જૈસલમેરમાં ૪૮.૩ ડીગ્રી તથા બાડમેરમાં ૪૮.૨ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું. કાશ્મીર, પંજાબ, હરિયાણામાં હજુ લૂની સ્થિતિ રહેવાની શકયતા છે. રાજસ્થાન તથા ગુજરાતના અમુક ભાગો માટે પણ રેડએલર્ટ આપવામાં આવ્યુ છે. કાશ્મીર-હિમાચલપ્રદેશમાં પણ હીટવેવની સ્થિતિ રહી શકે છે.

### કેરળમાં ભારે વરસાદથી ૧૧ના મોતઃ સાત જીલ્લામાં એલર્ટ

ઉતર ભારતમાં હીટવેવ સામે દક્ષિણ ભારતમાં વરસાદનો કહેર રહ્યો છે. કેરળમાં પ્રિ-મોન્સુન એકટીવીટી અંતર્ગત ભારે વરસાદ થયો હતો તેમાં ૧૧ લોકોના મોત નિપજયા હતા. રાજયના સાત જીલ્લામાં ભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. રાજયના કેબીનેટપ્રધાન કે.રાજને કહ્યું કે ૯થી૨૩ મે દરમ્યાન વિવિધ દુર્ઘટનામાં ૧૧ લોકોના મોત નિપજયા હતા. છ લોકોના ડુબી જવાથી, બે લોકોના વિજળી પડતા એકનું મકાન ધસી જવાથી મોત નિપજયું હતું.

# પાકિસ્તાની નેતાએ કેજરીવાલનાં ફોટા પર ટિપ્પણી કરી, દિલ્હીના મુખ્યમંત્રીએ આપ્યો જડબાતોડ જવાબ





ન્યુ દિલ્હી : ભારતમાં લોકસભાની ચૂંટણી થઈ રહી છે. ત્યારે પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના ભૂતપૂર્વ નેતા ચૌધરી ફવાદ હુસૈન ભારતીય ચૂંટણી અંગે ટિપ્પણી કરી રહ્યા છે. રાહુલ ગાંધીના સમર્થન બાદ તેમણે દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી હતી. જો કે આ વખતે કેજરીવાલે તેમની બરાબરની ધોલાઈ કરી હતી.

વાસ્તવમાં સીએમ કેજરીવાલે શનિવારે છઠ્ઠા તબક્કામાં પરિવાર સાથે મતદાન કર્યું હતું. તેણે ડ પર તેનો ફોટો પણ શેર કર્યો છે. કેજરીવાલની આ પોસ્ટનો જવાબ આપતા ફવાદે કહ્યું કે શાંતિ અને સદભાવ નફરત અને ઉગ્રવાદની શકિતઓને હરાવી જોઈએ. આ જવાબ પર કેજરીવાલે ફવાદને જબરદસ્ત જવાબ આપ્યો. પોતાનો જવાબ શેર કરતા કેજરીવાલે કહ્યું કે ચૌધરી સાહેબ, હું અને મારા દેશના લોકો અમારા મુદ્દાઓને સંભાળવા માટે સંપૂર્ણ રીતે સક્ષમ છીએ. તમારી ટ્વીટની જરૂર નથી. હાલમાં પાકિસ્તાનની સ્થિતિ ખૂબ જ ખરાબ છે. તમે તમારા દેશનું ધ્યાન રાખો. આ પછી ટ્વિટર પર બીજી પોસ્ટ કરતા કેજરીવાલે કહ્યું કે ભારતમાં જે ચૂંટણી થઈ રહી છે તે અમારી આંતરિક બાબત છે. ભારત આતંકવાદના સૌથી મોટા પ્રાયોજકોની દખલગીરી સહન કરશે નહીં.

# અસ્વચ્છતાના કારણે બિમારીનો ભરડો : દર આઠમાંથી એક દર્દીનું મોત

## બેકટેરીયા, ફુગ, વાયરસને વધુ ફેલાવતા રોકવા સ્વચ્છતા પર ભાર જરૂરી : લેન્સેટનો અભ્યાસ : વર્ષે લાખો જિંદગી બચાવી શકાય તેમ છે

નવીદિલ્હી તા.૨૫

એન્ટિમાઈક્રોબાયલ રેઝિસ્ટન્સ (એએમઆર) સમગ્ર વિશ્વમાં મધ્યમ અને ઓછી આવક ધરાવતા દેશોમાં દર વર્ષે અંદાજે ૭.૫ લાખ મૃત્યુનું કારણ બને છે. સ્વચ્છતા સંબંધિત ઉપયો અપનાવીને આને અટકાવી શકાય છે. લેન્સેટ જર્નલમાં થયેલા એક અભ્યાસમાં આ દાવો કરવામાં આવ્યો છે.



### એન્ટિમાઈક્રોબાયલ રેઝિસ્ટન્સ શું છે?

રોગ પેદા કરતા બેકટેરિયા, ફૂગ, વારસ અને પરોપજીવી એન્ટિબાયોટિકસ સામે પ્રતિકાર વિકસાવે છે, આ સ્થિતિને એન્ટિમાઈક્રોબાયલ રેઝિસ્ટન્સ કહેવામાં આવે છે. આ દવાઓના સંપર્કમાં આવવાને કારણે, આ પેથોજેન્સ તેમના શરીરને આ દવાઓ માટે અનુકુળ કરે છે. શહેરમાં આ ફેરફારોને કારણે આ દવાઓ પ્રત્યે પ્રતિરોધક શકિત વિકસે છે. પરિણામે આ એન્ટિબાયોટિકસ તેમની સામે બિનઅસરકારક બની જાય છે. જયારે આવું થાય છે, માનવ શરીરમાં ઈન્ફેકશન જલ્દી ઠીક થતું નથી.

સંશોધકોએ શોધી કાઢયું કે આરોગ્ય સંભાળ સેટિંગ્સમાં ચેપ નિયંત્રણ, જેમાં હાથની સુધારેલી સ્વચ્છતા અને સાધનોની નિયમીત સફાઈ અને જીવાણુ નાશકક્રિયાનો સમાવેશ થાય છે. નિવારણમાં સુધારો કરીને દર વર્ષે ૩.૩૭ લાખ જીવન બચાવી શકાય છે. લોકોને પીવાનું શુધ્ધ પાણી પુરૂ પાડવું અને શૌચાલય જેવી જાહેર સુવિધાઓમાં અસરકારક રીતે સ્વચ્છતા જાળવી રાખવાથી લગભગ ૨.૫ લાખ લોકોના જીવન બચાવી શકાય છે.

### અસરકારક એન્ટિબાયોટિકસ પ્રદાન કરવી જરૂરી છે

સંશોધકોએ એન્ટિમાઈક્રોબાયલ પ્રતિકારના ઉદયને અસરકારક રીતે ઉકેલવા માટે લોકોને એન્ટિબાયોટિકસની સરળ એકસેસ પ્રદાન કરવા માટે હાકલ કરી છે. નાઈજીરીયામાં ઈબાદાન યુનિવર્સિટીના પ્રોફેસર અને અભ્યાસના સહ-લેખક ઈરુકા ઓકેકે જણાવ્યું હતું કે લોકોને આ એન્ટિબાયોટિકસ ન આપવી એ બાળકોની સુરક્ષા અને લાંબા સમય સુધી સારા સ્વાસ્થ્યને જાળવવાના સંયુકત રાષ્ટ્રના સતત વિકાસ લક્ષ્યોને પૂરા કરવાના ભાવથી જોખમમાં મૂકી દે છે. ડેવલપમેન્ટ ગોલ્સને પહોંચી વળવા માટે ખતરો છે. સમય તમને જોખમમાં મૂકે છે.


### વિશ્વના નિમ્ન મદયમ આવક ધરાવતા દેશોમાં એન્ટિમાઈક્રોબાયલ પ્રતિકારનો વ્યાપ વધુ છે.

# તમારા મોબાઈલ ફોનમાંથી આ ફાઈલને દૂર નહી કરો તો ધીમેધીમે નકામો થઈ જશે

## ઘણા લોકોની ફરિયાદ છે કે ફોન જૂનો થતાની સાથે જ તે ધીમો થવા લાગે છે એનું કારણ જાણો

રાજકોટ,તા.૨૫

ઘણા લોકોની ફરિયાદ હોય છે કે ફોન જૂનો થતાંની સાથે જ તે ધીમો થવા લાગે છે.આવું એટલા માટે થાય છે કારણ કે આપણે કેટલીક નાની બાબતો પર ધ્યાન નથી આપતા. આપણામાંથી મોટાભાગના લોકોએ શબ્દ સાંભળ્યો જ હશે.પરંતુ માત્ર થોડા જ લોકો જાણતા હશે કે તે શું છે અને તે ફોન માટે કેવી રીતે હાનિકારક છે.ચાલો જાણીએ કે ફોનમાંથી કેશ કેવી રીતે સાફ કરી શકાય છે.અને તે તમારા ફોન પર કેવી રીતે ખરાબ અસર કરે છે. કેશ સાફ કરવા માટે તમારા એડલોન્ડ ફોન પર સેટિંગ્સ એપ્લિકેશન પર જાઓ અને તેને ખોલો. તમારા સેટિંગ્સ મેનૂમાં સ્ટોરેજ વિભાગ પર જાઓ,વિભાગ તમારા ઉપકરણ મોડેલ પર આધાર રાખીને અલગ અલગ સ્થળોએ હોઈ શકે છે.એકવાર સ્ટોરેજ મેનૂમાં, ઈન્સ્ટોલ કરેલ એપ્લિકેશન્સની સૂચિ જોવા માટે એપ્સ અથવા એપ



સ્ટોરેજ પર ટેપ કરો હવે તે એપ પસંદ કરો જેના માટે તમે કેશ અથવા ડેટા સાફ કરવા માંગો છો.એપ્લિકેશનનાં સેટિંગ્સમાં, તમે કેશ સાફ કરો અને કિલયર સ્ટોરેજ (અથવા સમાન શબ્દો) ના વિકલ્પો જોશો.અસ્થાયી ફાઈલો કાઢી નાખવા માટે Clear Cache પર ટેપ કરો કિલયર સ્ટોરેજને કાળજીપૂર્વક પસંદ કરો કારણકે તે તમામ એપ્લિકેશન ડેટાને ભૂંસી નાખશે. તમને ફરીથી લોગિન કરવાની મંજૂરી આપે છે. અને સંભાવતા રૂમથી એપને ફરીથી રીસેટ કરવાની જરૂરત હોય છે.

### આઈફોન પર કેશ કેવી રીતે સાફ કરવું?

તમારા iPhone પર Safari એપ ખોલો.

બુકમાકર્સ બટનને ટેપ કરો, ઈતિહાસ બટનને ટેપ કરો, પછી કલીયર પર ટેપ કરો.

સમયમર્યાદાની નીચે, તમે કેટલો બ્રાઉઝિંગ ઈતિહાસ સાફ કરવા માંગો છો તે પસંદ કરો.

ધ્યાન આપોઃ જો તમારી પાસે Safari પ્રોફાઈલ્સ સેટઅપ હોય, તો માત્ર તે પ્રોફાઈલ માટે ઈતિહાસ સાફ કરવા માટે એક પ્રોફાઈલ પસંદ કરો અથવા બધી પ્રોફાઈલ પસંદ કરો.

ઈતિહાસ સાફ કરો પર ટેપ કરો.

# બ્રિટને સ્ટુડન્ટ વિઝાનો દુરઉપયોગ ઘટાડવા આકરા નિયમો ઘડયાઃ ગ્રેજયુએટ વિઝાનાં છાત્રોને રાહત

## પીએચડી ગ્રેજયુએટસ માટે ૩ વર્ષ સુધી યુકેમાં રહેવાની મંજુરી સાથે કામ શોધવાની તક પણ મળશે

લંડન,તા.૨૫

બ્રિટને હાલમાં જ સ્ટુડન્ટ વિઝાનો દુરૂપયોગ ઘટાડવા આકરા નિયમો ઘડ્યા છે. પરંતુ ગ્રેજ્યુએટ વિઝા રૂટ જારી રાખી વિદ્યાર્થીઓને રાહત પણ આપી છે. બ્રિટિશ સરકાર તેનો રિવ્યુ કર્યા બાદ રિવ્યૂ પરથી કોઈ ફેરફાર કરી શકે છે. ગ્રેજ્યુએટ રૂટ ઈન્ટરનેશનલ વિદ્યાર્થીઓને પોતાનો કોર્સ પૂરો કર્યા બાદ બે વર્ષ (પીએચડી ગ્રેજ્યુએટ્સ માટે ૩ વર્ષ) સુધી યુકેમાં રહેવાની મંજૂરી આપે છે. જેમાં કામ શોધવાની તક પણ મળે છે.

આ નવા પ્રસ્તાવોથી ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની ભરતી પણ નિયંત્રણો મૂકવામાં આવશે અને ભ્રષ્ટ ભરતી એજન્ટો પર સંકજો કસવામાં આવશે. એજન્ટ યુનિવર્સિટીઝના એજન્ટ્સ સાથે મળી લોકોને બ્રિટિશ યુનિવર્સિટીમાં અપ્લાય કરવા પ્રેરિત કરે છે. જેમાં લાયકાત અને ધારા-ધોરણોને અનુસર્યા વિના જ સરળતાથી યુનિવર્સિટીમાં એડમિશન અપાવી યુકે વિઝા અપાવે છે.

અગાઉ, બ્રિટિશ સરકાર દ્વારા રચિત માઈગ્રેશન એડવાઈઝરી કમિટીએ ઓળખી કાઢ્યું છે કે, યુકેમાં ગ્રેજ્યુએટ વિઝા કાર્યક્રમનો દુરપયોગનું પ્રમાણ ઓછું છે.

નિયંત્રણો લાગુ કરવા માટે યુનિવર્સિટી અને કોલેજોને વિદેશથી આવતા વિદ્યાર્થીઓ માટે કડક નિયમો લાગુ કરવા નિર્દેશ કર્યો છે. જો યુનિવર્સિટીએ દિશા-નિર્દેશોનુ પાલન ન કર્યુ તો તેનું સ્પોન્સર લાઇસન્સ રદ કરવામાં આવશે.

ઓફિસ ફોર નેશનલ સ્ટેટિસ્ટિક્સ અનુસાર, ૨૦૨૨માં માઈગ્રેશનમાં ૧૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. બ્રિટિશ સરકાર દ્વારા વિઝાના નિયમોમાં ફેરફાર કરવામાં આવતા વિઝા અરજી ૨૫ ટકા ઘટી છે. ઓફિસ ફોર બજેટ રિસ્પોન્સિબિલિટીએ અગાઉ અંદાજ મૂક્યો હતો કે, આગામી ૧૨ માસમાં માઈગ્રેશન ૨૦૨૨ની ટોચેથી અડધુ થશે.

બ્રિટિશ ગૃહ સચિવ જેમ્સ કલેવરલીએ જણાવ્યું હતું કે, ''અમે અમારા દેશના ઈતિહાસમાં લીગલ ઈમિગ્રેશનમાં સૌથી મોટો ઘટાડો હાંસલ કરવા માટે નિર્ણાયક અને જરૂરી પગલાં લીધા છે. ગયા વર્ષની સરખામણીએ આ વર્ષના પ્રથમ ચાર મહિનામાં વિઝાની અરજી ઘટી છે. છેલ્લા એક ત્રિમાસિકમાં વિઝા એપ્લિકેશન્સમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.''

આ સુધારાઓ દ્વારા બ્રિટિશ સરકાર લીગલ માઈગ્રેશન ઘટાડવાની યોજના બનાવી રહી છે. આનો અર્થ એ થયો કે ગયા વર્ષે આવેલા ૩ લાખ લોકો નવા નિયમો હેઠળ વસવાટ કરી શકશે નહીં.

આંતરરાષ્ટ્રીય ઉચ્ચ શિક્ષણ કન્સલ્ટિંગ કંપની ફતેહ એજ્યુકેશનના CEO અને કો-ફાઉન્ડર સુનીત સિંહ કોચરે જણાવ્યું હતું કે, અમે માનીએ છીએ કે સૂચવેલા પગલાં સબ-એજન્ટોને વિદ્યાર્થી વિઝા અને GIRનો ઈમિગ્રેશનના પ્રવેશદ્વાર તરીકે દુરુપયોગ કરતા અટકાવશે તેઓ જે એજન્ટો સાથે કામ કરે છે અને તેઓ જે વિદ્યાર્થીઓની ભરતી કરે છે તેમના માટે જવાબદાર રહેશે.''

### કાલે 'લાઈફ' દ્વારા 'પીસીઓડીઃ કારણ અને નિવારણ' વિષય પર ફેસબુક લાઈવ પ્રવચન

લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, પ્રોજેકટ 'લાઈફ', રેસકોર્સ રીંગ રોડ, રાજકોટ દ્વારા આયોજિત આરોગ્યલક્ષી પ્રવચન શ્રેણી 'શું કરીએ તો સદાય સાજા રહીએ' અંતર્ગત ૨૬૬ માં પ્રવચનનું આવતીકાલ તા. ૨૬ ને રવિવારના રોજ સવારે ૧૦ થી ૧૧ સુધી આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ડો. ફોરમ તન્ના MBBS, MS દ્વારા 'પીસીઓડીઃ કારણ અને નિવારણ' પર મહત્વની માહિતી આપવામાં આવશે અને તે ફેસબુક લાઈવ કરવામાં આવશે.

# માધાપરમાં ઉદ્યોગના હેતુ માટે ફાળવાયેલ સરકારી જમીન ભાડે પધરાવી દીધી!: શરત ભંગની કલેકટરને ફરિયાદ

**ગુરૂકૃપાજીનના નામે ભાગીદારી પેઢી ચલાવતા ૧૨ ભાગીદારો સામે છેતરપીંડીનો પણ આક્ષેપઃ ભાડાના હિસાબ પેટે વસુલ કરાયેલ રૂા.૧.૫૦ કરોડની રકમ વસુલ કરવા અરજદારની માંગ**

રાજકોટ તા.૨૫

રાજય સરકાર દ્વારા માધાપરમાં ઉદ્યોગના હેતુ માટે ફાળવાયેલ જમીન ભાડે પધરાવી શરતભંગ કરાયાની ફરિયાદ ઉઠી છે. આ પ્રકરણમાં જિલ્લા કલેકટર તેમજ રાજયના મુખ્યમંત્રી અને મહેસુલમંત્રી સુધી રજુઆત પહોંચી છે.

આ મામલે અરજદારે રાજકોટ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી કરેલી રજુઆતમાં જણાવેલ છે કે માધાપરમાં સર્વે નં.૧૧૧ પૈકીના પ્લોટ નં.૧૬ની ૬૦૫૦ ચો.મીટર જમીન મે. અમૃતલાલ મોરારજીને દુકાન નં.૩૧૧૦/૭૩થી જીનીંગ ઉદ્યોગના હેતુ માટે નવી શરતથી ફાળવવામાં આવેલ છે.

જે તેઓ ગુરૂકૃપા જીનના નામથી ૧૨ ભાગીદારો ચલાવતા હતા. જેમાં રમેશચંદ્ર અમૃતલાલ, રજનીકાંત અમૃતલાલ, ભરતકુમાર અમૃતલાલ, ચંદ્રકાંત અમૃતલાલ, સુર્યકાંત અમૃતલાલ, મનોજ જયસુખલાલ, અલ્પેશ જયસુખલાલ, મયુર રમેશચંદ્ર, હીતેષ રમેશચંદ્ર, હીરેન રજનીકાંત, સાગર રજનીકાંત અને હરી સુર્યકાંતભાઈ (ઠે.માધાપર)નો સમાવેશ થાય છે.

તેઓએ જણાવેલ છે કે તા.૧૦-૨-૨૦૧૪ થી અમારા ધંધાને માટે જરૂરી હોય અમોને વિશ્વાસ આપી આ જગ્યા ભાડે આપેલ તે સમયે ફાઈલ તપાસતા આ જગ્યા સરકાર તરફથી નવી શરતમાં જગ્યા હોવાનું માલુમ પડેલ હતું.

ત્યારે અમોએ ચોખવટ કરતા ૧૨ ભાગીદારોએ વિશ્વાસ આપેલ ત્યારે જણાવેલ કે અમોએ સરકારમાંથી જરૂરી મંજુરી લઈ લીધી છે. સરકારના નિયમો અનુસાર ફી ભરી મંજુરી લીધી છે અને ભવિષ્યમાં કોઈપણ જાતનું નુકસાન જાય તો અમો ૧૨ ભાગીદારો તેનું વળતર-નુકશાની ચુકવી આપવાની જવાબદારી લઈએ છીએ તેમ જણાવી વધુમાં એવું પણ કહેલ કે આ જમીન આ પહેલા અન્ય ઈસમોને પણ વખતોવખત ભાડે આપેલ હતી.

અરજદારે વધુમાં એવું પણ જણાવેલ છે કે અમોએ આ જમીન વર્ષ ૨૦૧૯ સુધી ભાડે રાખેલ અને રૂા.૧,૬૫,૦૦૦થી લઈને રૂા.૨,૨૫,૦૦૦ સુધીનું એક વર્ષનું અલગ અલગ ભાડુ ભરેલ છે જેમાં કુલ આશરે રૂા.૧,૫૦,૦૦,૦૦૦ ભાડાના હિસાબના ચૂકવેલ છે.

ત્યારબાદ વર્ષ ૨૦૧૯માં અમોએ અનેકવાર સરકારની મંજુરીનો પત્ર માંગતા અપાયેલ નહીં. આમ અમારી સાથે છેતરપીંડી થયાનો અહેસાસ થતા અમોએ ધંધો બંધ કરવાનું નકકી કરેલ હતું. ત્યારે અમોએ સરકારમાં જાણ કરવા અને કાયદેસર મંજુરી મેળવવાની વાત કરતા અમોને ધાકધમકી અપાયેલ હતી ત્યારે અમારા ભાગીદારો પાસે જગ્યા ખાલી કરવાનુ સોગંદનામુ બનાવી લીધેલ જેથી અમારે અનઈચ્છાએ કામકાજ બંધ કરી રૂા.૫૦ લાખનો ફર્નીચર સહિતનો માલ-સામાન છોડી દેવો પડેલ. તેઓએ જણાવેલ છે કે સરકારની પુર્વ મંજુરી વગર સરકારી જમીન ભાડે આપી શકાય નહીં. આ પ્રકરણમાં પગલા લેવા તેઓએ કલેકટરને રજુઆત કરી છે.

# રાજકોટ નાગરિક બેંક સાથે કરોડોની છેતરપીંડીઃ સત્તાધીશો પ્રજાને ગેરમાર્ગે દોરવાનું બંધ કરે

## મહારાષ્ટ્રની કાલબાદેવી શાખામાંથી ૨૫ જેટલી લોન આપવામાં કોનું હિત?: લોન ખાતાના લાભાર્થીઓના નામ, એકા. નંબર સહિતની માહિતી જાહેર કરવા નાગરિક બેંક બચાવો સંઘની તૈયારી

રાજકોટ, તા.૨૫

નાના માણસોની મોટી બેંક ગણાતી રાજકોટ નાગરિક બેંક દ્વારા મહારાષ્ટ્રની કાલબાદેવી શાખામાં ૨૫ લોન આપવામાં બેંક સાથે છેતરપીંડી કરવામાં આવી છે. બેંક બચાવો સંઘ દ્વારા આ પાંચ કરોડના કૌભાંડ અંગેના દસ્તાવેજી પુરાવા એકત્ર કરવામાં આવ્યા છે. જો નાગરિક બેંકના સત્તાધીશો આ બાબતે જવાબદારો સામે કાયદેસર પગલાં ન ભરે તો દસ્તાવેજી પુરાવા સાથે વિગતવાર પર્દાફાશ કરવામાં આવશે. તેમજ જરૂર પડયે બેંક બચાવો સંઘ દ્વારા જ કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે તેમ સંગઠનના કન્વીનર ચંદુભા પરમાર, પૂર્વ ડેપ્યુટી મેયર માવજીભાઇ ડોડીયા, અપના બજારના પૂર્વ ચેરમેન બાલુભાઇ શેઠ, યુવા અગ્રણી મનીષ ભટ્ટએ એક નિવેદનમાં જણાવ્યું છે.

તેઓએ જણાવેલ છે કે અમે જ્યારે આ અંગે પ્રાથમિક માહિતી જાહેર કરી ત્યારે તેનો વિગતવાર સચોટ જવાબ આપવાને બદલે રીઝર્વ બેંકે નાગરિક બેંકને કલીનચીટ આપી હોવાનો ખોટો બચાવ બેંક દ્વારા કરવામાં આવેલ છે. રીઝર્વ બેંકે આ બાબતે બેંકને પ્રમાણપત્ર આપ્યું છે. તે બેંકના શાસકો અધિકૃત રીતે જાહેર કરે તેવો અમારો ખુલ્લો પડકાર છે.

અમારી પાસેની પ્રાપ્ત માહિતી મુજબ નાગરિક બેંકની મુંબઇ સ્થિત કાલબાદેવી શાખા દ્વારા ૨૫ જેટલી લોનમાં બેંક સાથે છેતરપીંડી કરવામાં આવી છે. લોનના અરજદારની લોન પરત કરવાની આર્થિક ક્ષમતાના ધારાધોરણો લોન આપવામાં જાળવવામાં આવ્યા નથી.

મોટા ભાગના કિસ્સામાં લોન માટે બેંકમાં અરજદારે ગીરવે મુકેલ મીલ્કતની વાસ્તવિક કિંમત કરતાં ૩ ગણી કિંમત આંકવામાં આવી છે. લોન લેનાર લાભાર્થીના ખાતામાં લોન આપનાર અધિકારીના ખાતામાં અઢળક આર્થિક વ્યવહારો થયા હોવાનું બેંકના ઇન્વેસ્ટીગેશન રીપોર્ટમાં શોધી કાઢવામાં આવ્યું છે.

આ ગંભીર કૃત્યમાં બેંકના વેલ્યુઅરની ભુલ હોય તેવું માનવાને કોઇ કારણ નથી. બેંકના અધિકારી હેમાંગ ઢેબર તથા તેજસ મહેતાએ આપેલો અહેવાલ ખૂબ ગંભીર અને ચોંકાવનારો છે. જેમાં લોન આપવામાં નીતિ-નિયમોને ઘોળીને પી જવામાં આવ્યા હોવાનું સ્પષ્ટ થાય છે. જો બેંકના શાસકો સત્ય છુપાવવા ન માંગતા હોય તો તપાસનીસ અધિકારીઓના આ અહેવાલની નકલ મીડીયા (અખબારો અને ચેનલો) સમક્ષ રજુ કરે તેવી અમારી માંગણી છે.

મુંબઇ સ્થિત કાલબાદેવી શાખાના ૨૫ ખાતામાં થયેલી છેતરપીંડી, લોનના લાભાર્થીઓના નામ સહિત છેતરપીંડીના વર્ણન સાથે જાહેર કરવા અમારી તૈયારી છે. અમે માત્ર બેંકના હિત માટે સ્વ. અરવિંદભાઇ મણીયાર, સ્વ. લાલજીભાઇ રાજદેવ, વજુભાઇ વાળા, સ્વ. ચંદ્રકાંત પાવાગઢી સહિતના અનેક સહકારી અગ્રણીઓએ અથાગ પરિશ્રમ કરી આ બેંકને ઉચ્ચ સ્થાને લઇ જવા માટે નિષ્ઠાપૂર્વક પસીનો વહાવીને પ્રયાસ કરેલ છે તેને ડાઘ લાગવા દેવા માંગતા નથી.

આ સત્ય ઉજાગર કરવા માટેની લડાઇ છે બેંક સાથે છેતરપીંડી કરનારને યોગ્ય સજા કરાવવાની લડાઇ છે. બેંકની ચિંતા કરનારા નાગરિક બેંક પરિવારના જ સભ્યો છીએ અને બેંકના હિત માટે બેંકને થતું નુકશાન અટકાવવા માટે અને લાખો નાના ડીપોઝીટરના નાણાંની સુરક્ષા માટે આ અભિયાન શરુ કરેલ છે તેમ તેઓએ જણાવેલ છે.

# 'નાગરિક બચાવો સંઘ' સામે બદનક્ષીનો દાવો દાખલ કરી કાયદેસરના પગલા લેવાશે

## કથીત સંસ્થાએ જાહેર કરેલી વિગતો બેબુનિયાદઃ રાજકોટ નાગરિક સહકારી બેંક

રાજકોટ, તા.૨૫

નાગરિક બેંક બચાવો સંઘ નામની કહેવાતી સંસ્થાએ રાજકોટ નાગરિક બેંક સાથે ૨૫ લોન આપવામાં કરોડોની છેતરપીંડી થયાની જાહેર કરેલી વિગતો બેબુનીયાદ અને સત્યથી વેગળી છે તેમ રાજકોટ નાગરિક સહકારી બેંક દ્વારા જણાવાયું છે.

રાજકોટ નાગરિક સહકારી બેંક દ્વારા જણાવાયું છે કે આ કહેવાતી સંસ્થા ખરેખર છે કે કેમ? તે એક મોટો પ્રશ્નાર્થ છે. આ કહેવાતી સંસ્થાની તા.૨૦-૫ અને તા.૨૪-૫ની યાદીમાં સંસ્થાનું સરનામુ અને મોબાઇલ નંબર તદન અલગ અલગ છે. બે-ચાર દિવસમાં જ આ સંસ્થાનું સરનામુ મોબાઇલ નંબર બદલાતા હોય તો તે ખરેખર છે કે કેમ તે તપાસનો વિષય છે.

વધુમાં આ કથિત સંસ્થા બેંકના બાકીદારો ભૂતકાળમાં સજા પામનાર પૂર્વ કર્મચારી તથા બેંકના હિત શત્રુઓની મીલીભગતથી બનેલી સંસ્થા હોય તેવું પ્રાથમિક દ્રષ્ટિએ જણાય છે. આ કથિત સંસ્થા કોના હિતમાં અથવા કોના દોરી સંચારથી કામ કરે છે તે તપાસનો વિષય છે. કારણ કે આ કથિત સંસ્થાની સ્થાપનાના ફકત થોડા જ કલાકોમાં બેંકની વડોદરા શાખાના મોટા ડીફોલ્ટર હોટલ ઓમ રીજન્સી દ્વારા સંસ્થાનો સંપર્ક કરવામાં આવે છે અને બેંક દ્વારા હાથ ધરાયેલ રીકવરીની પ્રક્રિયાને રોકવા માટે પ્રેશર ટેકનીકનો ઉપયોગ કરાતો હોય તેવી શંકા લાગે છે.

આ કથિત સંસ્થાના કથિત પ્રમુખ ચંદુભા પરમાર અને તેના પરિવાર દ્વારા ભૂતકાળમાં કરોડો રુપિયાનો ચુનો લગાડવામાં આવેલ છે. તેમજ ચંદુભા પરમારને બેંક દ્વારા ભૂતકાળમાં એક થી વધુ વખત ઇજાફા રોકવાની તથા નીચલી પ્રાયોરીએ ઉતરવાની શિક્ષા પણ કરાઇ છે.

કથિત સંસ્થાના મહામંત્રી વિબોધભાઇ જોષીને પણ તાજેતરમાં બેંક દ્વારા નોકરીમાંથી બરતરફ કરવામાં આવેલ છે અને ભૂતકાળમાં પણ ઇજાફા રોકવાની શિક્ષા બેંક દ્વારા કરવામાં આવે છે. આ કથિત સંસ્થાના એક હોદેદારે ભૂતકાળમાં બેંકના એક ખાતેદાર સામેની વસુલાત સામે પ્રેશર ટેકનીક ઉભી કરવાના હેતુસર ઘણા લાંબા સમય સુધી બેંક વિરુધ્ધ પોતાના અખબારમાં વિવિધ માહિતીઓ અધુરી અને અધકચરી રજુ કરી બેંકને બદનામ કરવાનો પ્રયત્ન કરેલ જેની સામે બેંક દ્વારા નોટીસ પણ ઇસ્યુ કરવામાં આવેલ હતી. બેંક દ્વારા આ કથિત સંસ્થા અને તેના હોદેદાર સામે ટૂંક સમયમાં જ બદનક્ષીનો દાવો દાખલ કરી કાયદેસરના પગલા લેવામાં આવશે.

# માત્ર પાંચ હજાર માટે કસાઈએ બાંગ્લાદેશી સાંસદનાં મૃતદેહનાં ૮૦ ટુકડાઓ કરી જળમાં ફેંકી દીધા હતા

## સોનાની દાણચોરીનાં હિસ્સાને લઈને મિત્રએ જ કાવતરૂ ઘડયુ હતુંઃ અમેરિકા સ્થિત માસ્ટર માઈન્ટે પાંચ કરોડ મોકલ્યાનું અનુમાન



કોલકતા,તા.૨૫

બાંગ્લાદેશ સાંસદ મર્ડર કેસઃ બાંગ્લાદેશી સાંસદ અનવારૂલ અઝીમ અનારની હત્યા કેસમાં આજે નવો ખુલાસો થયો છે. અસંદિગ્ધ કસાઈ ઘણા રહસ્યો ગુમાવે છે. બુચર જેહાદ હવાલદારે પૂછપરછ દરમિયાન જણાવ્યું કે તેણે પાંચ હજાર રૂપિયામાં બાંગ્લાદેશી રાજનેતાના મૃતદેહના ૮૦ ટુકડા કરી નાખ્યા હતા. સોનાની દાણચોરીમાં ૨૦૦ કરોડના હિસ્સાને લઈને સાંસદના મિત્ર સાથે અણબનાવ થયો હતો.

બાંગ્લાદેશ સાંસદ મર્ડર કેસઃ કોલકાતાના કાવતરામાં બાંગ્લાદેશના સાંસદ અનવારૂલ અઝીમ અનારની હત્યાના કેસમાં ધરપકડ કરાયેલ કસાઈ ઘણા રહસ્યો ગુમાવે છે. કસાઈ જેઠવ ઈવલદારે પૂછપરછ દરમિયાન જણાવ્યું કે તેણે બાંગ્લાદેશી રાજનેતાના શરીરના ૮૦ ટુકડા કરી નાખ્યા હતા. પાંચ હજાર માટે મૃતદેહના ટુકડા કરી

આ ટુકડાઓ દક્ષિણ પાસમાના જિલ્લાના ભાનગઢમાં કૃષ્ણમતી ગઢના વિવિધ જળાશયોમાં ફેંકી દીધા.તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર, શરીરના ટુકડાઓ પુનઃપ્રાપ્ત કરવું વધુ મુશ્કેલ બન્યું. એવું માનવામાં આવે છે કે મૃત શરીરના ટુકડાઓ કોઈ જળચર પ્રાણી દ્વારા લેવામાં આવ્યા હશે.

પોલીસના જણાવ્યા અનુસાર, સાંસદ અને તેના મિત્ર અખ્તરુઝ્ઝમાન શાહીન, જે બાંગ્લાદેશી મૂળના અમેરિકન નાગરિક છે, શારીરિક સંબંધ બાંધતા હતા. ગ્યાહીને જ કસાઈને કલકત્તા મોકલ્યો હતો અને બાંગ્લાદેશી સાંસદને મારવા માટે તેને પૈસા આપ્યા હતા. અખ્તરુઝ્ઝમાન હાલમાં અમેરિકામાં છે. આ હત્યાનો માસ્ટર માઈન્ડ હોવાનું કહેવાય છે.

સોનાની દાણચોરીના ધંધાને લઈને બંને વચ્ચે અણબનાવ હતો. બદલો લેવા માટે, અખ્તરુઝ્ઝમાને સાંસદની હત્યાનું કાવતરું ઘડ્યું અને તેને અંજામ આપવા માટે તેણે આરોપીઓને લગભગ ૫ કરોડ રૂપિયા પણ મોકલ્યા હોવાનું માનવામાં આવે છે.

# પુણેનાં અકસ્માતના બનાવમાં સગીરનાં પિતા બાદ દાદાની પણ ધરપકડઃ રિમાન્ડ મંજૂર

## સગીરને બચાવવા પિતા-પુત્રએ ડ્રાઈવરને ગોંધી રાખ્યો હતો, બાર માલિક અને મેનેજર વિરૂદ્ધ પણ ગુનો દાખલ કરાયો



પુણે,તા.૨૫

પુણે પોલીસની ક્રાઈમ બ્રાન્ચે શનિવારે (૨૫ મે) પોર્શ અકસ્માત કેસમાં સગીર આરોપીના દાદા સુરેન્દ્ર અગ્રવાલની ધરપકડ કરી છે. તેમના પર પરિવારના ડ્રાઈવરને બંધક બનાવવાનો આરોપ છે. આ કેસમાં સગીરના પિતા વિશાલ અગ્રવાલ પણ આરોપી છે. પોલીસે ૨૧ મેના રોજ તેમની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, ૧૮ મેની રાત્રે થયેલા અકસ્માત બાદ આરોપીના દાદા અને પિતાએ સગીરને બચાવવા માટે ડ્રાઈવરનો પ્લાન ઘડ્યો હતો. તેઓએ ડ્રાઈવરનો ફોન છીનવી લીધો હતો.અને પોલીસને તેના પરિવારનો ડ્રાઈવર ચલાવતો હોવાનું નિવેદન આવ્યું હતું.

પુણેના પોલીસ કમિશનર અમિતેશ કુમારે જણાવ્યું હતું કે સગીર મિત્રો સાથે આરોપી ૧૮ મેના રોજ રાત્રે ૧૦:૪૦ વાગ્યે કોજી પબમાં ગયો હતો. અહીં તેણે ૯૦ મિનિટમાં ૪૮ હજાર રૂપિયાનું બિલ ચૂકવ્યું હતું. આ પછી તે રાત્રે ૧૨.૧૦ વાગે બ્લેક કલબ મેરિયટ હોટેલ ગયો. અહીંથી નીકળ્યા બાદ રાત્રે ૨ વાગે તેમની કારને અકસ્માત નડ્યો હતો. તે ૨૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે કાર ચલાવી રહ્યો હતો.

ACP મનોજ પાટીલે કહ્યું- આરોપીનું બ્લડ ટેસ્ટ કરવામાં આવ્યું છે. મોટર વાહન અધિનિયમની કલમ ૧૮૫નો ચાર્જ - દારૂના નશામાં ડ્રાઇવિંગ એટલે કે ડ્રિંક એન્ડ ડ્રાઇવનો આરોપ FIRમાં ઉમેરવામાં આવ્યો છે. તેની સામે આઈપીસી કલમ ૩૦૪ અને મોટર વ્હીકલ એક્ટની જોગવાઈઓ હેઠળ પણ કેસ નોંધવામાં આવ્યો છે.

૨૪ મેના રોજ સ્પેશિયલ કોર્ટે આરોપી સગીરના પિતા વિશાલ અગ્રવાલ સહિત તમામ છ આરોપીઓને ૭ જૂન સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દીધા હતા. પોલીસ કમિશનર અમિતેશ કુમારે કહ્યું કે આ મામલે પોલીસનો પક્ષ રજૂ કરવા માટે એક વિશેષ કાઉન્સિલની નિમણૂક કરવામાં આવશે.

પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે આરોપી સગીર કાર ચલાવતો ન હતો તેવું બતાવવા માટે કેસમાં પુરાવા સાથે ચેડા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પોલીસે આરોપીના પિતા, બાર માલિકો અને મેનેજર સામે નોંધાયેલી FIRમાં છેતરપિંડીનો કલમ ૪૨૦ પણ ઉમેરી છે.

# શેરબજારમાં તેજી સાથે ફ્રોડ વધ્યાઃ ઉંચા રીટર્નની લાલચમાં ફસાતા ઈન્વેસ્ટરો

## બેંગ્લોરમાં માત્ર ૪ મહિનામાં ૭૩૫ ઈન્વેસ્ટરો ૨૦૦ કરોડમાં છેતરાયા

શેરબજારમાં થઈ રહેલી કમાણીને જોતાં શેરબજારમાં રોકાણ કરનારાઓની સંખ્યા સતત વધી રહી છે. જેની સાથે છેતરપિંડી કરનારાઓ પણ સક્રિય બન્યા છે. હાલમાં જ આઈટી હબ બેંગ્લુરૂમાં સ્ટોક માર્કેટ ફ્રોડના કેસોમાં જબરદસ્ત વધારો થયો છે. છેલ્લા ચાર મહિનામાં રૂ. ૧૯૭ કરોડની છેતરપિંડી થઈ છે.

બેંગ્લુરૂમાં છેલ્લા ચાર મહિનામાં શેરબજાર છેતરપિંડીના કુલ ૭૩૫ કેસો નોંધાયા છે. જેમાં રોકાણ કરી આકર્ષક રિટર્નની લાલચ આપી છેતરપિંડી આચરવામાં આવી છે. ઉલ્લેખનીય છે, પોલીસને એક પણ કેસ ઉકેલવામાં સફળતા મળી નથી. માત્ર ૧૦ ટકા કેસમાં બેન્ક એકાઉન્ટ ફ્રીઝ કરી શકી છે. છેલ્લા ચાર માસમાં બેંગ્લુરૂના લોકોએ રૂ. ૧૯૫ કરોડ ગુમાવ્યા છે.

અમદાવાદમાં રહેતા સીએ પણ સ્ટોક માર્કેટ ફ્રોડનો ભોગ બન્યા હતા. જેમાં રૂ. ૧.૭૮ કરોડના રોકાણ પર રૂ. ૫ કરોડનુ રિટર્ન બતાવી ટેક્સ પેટે ૧૮.૭૦ લાખ ચૂકવવાનું કહી કુલ રૂ. ૨ કરોડની રકમ લઈ કૌંભાંડીઓની વેબસાઈટ અને તેઓ પોતે રફુચક્કર થઈ ગયા હતા.

### એનએસઇ દ્વારા ચેતવણી

માર્ચ ૨૦૨૪માં, નેશનલ સ્ટોક એક્સચેન્જે રોકાણકારોને ચેતવણી આપી હતી કે ઘણા સાયબર ગુનેગારો મોટી નાણાકીય સંસ્થાઓ સાથે સંકળાયેલા હોવાનો દાવો કરીને નકલી પ્રમાણપત્રો બતાવીને રોકાણકારોને નિશાન બનાવી રહ્યા છે. આ નકલી પ્રમાણપત્રો સેબી દ્વારા જારી કરવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ પહેલા ફેબ્રુઆરીમાં માર્કેટ રેગ્યુલેટર સેબીએ રોકાણકારોને FPIતના નામે થતી છેતરપિંડી અંગે ચેતવણી આપી હતી.

શેરબજારમાં છેતરપિંડીના સૌથી વધુ કેસ ફેબ્રુઆરી મહિનામાં નોંધાયા છે. સાયબર પોલીસે કેસની તપાસ માટે એક વિશેષ ટીમ બનાવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, માત્ર ફેબ્રુઆરી ૨૦૨૪માં જ શેરબજારમાં છેતરપિંડી સંબંધિત દરરોજ ૮ કેસ નોંધાયા હતા. કુલ ૨૩૭ કેસમાં રોકાણના નામે લોકો સાથે ૮૮ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી.

એડિશનલ જોઈન્ટ કમિશનર ઓફ પોલીસ ચંદ્રગુપ્તાએ આ બાબતે કહ્યું કે લોભના કારણે લોકો આ ગુનેગારોનો શિકાર બની રહ્યા છે. તેમણે કહ્યું કે છેતરપિંડીનો ભોગ બનેલા મોટાભાગના લોકો ૩૦ વર્ષથી ઓછી ઉંમરના છે અને તેઓ બજાર વિશે જાણે છે, પરંતુ વધુ રિટર્ન મળવાની લાલચે તેઓ ગુનેગારોનો શિકાર બની રહ્યા છે.

# ગુજરાતના રાજયપાલે પરિવાર સાથે લાઈનમાં ઊભા રહી પોતાના વતનમાં કર્યું મતદાન

## રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ આજે પરિવારજનો સાથે હરિયાણાના કુરુક્ષેત્રના મિર્ઝાપુરમાં મતદાન કર્યું








ગાંધીનગર : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ લોકતંત્રના મહાપર્વમાં એક નાગરિક તરીકેના પોતાના કર્તવ્યોનું પાલન કરતાં આજે પરિવારજનો સાથે હરિયાણાના કુરુક્ષેત્રના મિર્ઝાપુરમાં સરકારી પ્રાથમિક શાળામાં બુથ નંબર ૧૫૭માં મતદાન કર્યું હતું. લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કામાં આજે હરિયાણામાં મતદાન થઈ રહ્યું છે.

મતદાન મથકમાંથી બહાર આવીને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ભારતના સંવિધાને પ્રત્યેક વયસ્ક ભારતીયને મત આપવાનો અધિકાર આપ્યો છે. એટલે આપણું નૈતિક કર્તવ્ય છે કે, રાષ્ટ્ર નિર્માણ માટે, રાષ્ટ્રના ઉત્થાન માટે, કલ્યાણ માટે, સર્વાંગીણ વિકાસ માટે મતનો અવશ્ય ઉપયોગ કરીએ. તેમણે કહ્યું કે, જીવનમાં અનેક કામો આપણી અગ્રતાના હોય છે. પરંતુ મતદાનના દિવસે અગત્યના અનેક કામો છોડીને પણ નાગરિક તરીકેના કર્તવ્યનું પાલન કરતાં અવશ્ય મતદાન કરવું જોઈએ. હું પણ મતદાન માટે જ આજે ગુજરાતથી અહીં હરિયાણા આવ્યો છું.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૪૦-૨૫૯૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૯૦-૨૫૪૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૧૦-૧૭૪૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૬૦-૧૬૯૦ |
| પામોલીયન તેલ | ૧૪૯૦-૧૪૯૫ |
| મસ્ટર્ડ તેલ | ૧૭૨૦-૧૭૪૦ |
| સનફલાવર તેલ | ૧૫૪૦-૧૫૬૦ |
| મકાઇ તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૫૦-૧૬૮૦ |
| કોપરેલ | ૨૪૩૦-૨૪૮૦ |
| દિવેલ | ૨૦૦૦-૨૦૨૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૭૪૧૦૦(-૨૦૦) |

| ચાંદી |
|---|
| ૯૨૨૫૦(-૨૫૦) |


**ફોર્મ નં.-યુઆરસી-૨**

અધિનિયમના XXI પ્રકરણના ભાગ I હેઠળ નોંધણી વિશે સૂચના આપતી નોટિસ [કંપની અધિનિયમ, 2013 ની કલમ 374(બી) અને કંપની (નોંધણી માટે અધિકૃત) નિયમો, 2014ના નિયમ 4(1) ને અનુસરીને]

૧. આથી સૂચના આપવામાં આવે છે કે કંપની એક્ટ, ૨૦૧૩ની કલમ ૩૬૬ની પેટા કલમ (૨)ના અનુસંધાનમાં, અહીંથી પંદર દિવસ પછી પરંતુ ત્રીસ દિવસની મુદત પૂરી થાય તે પહેલા **સેન્ટ્રલ રજીસ્ટ્રેશન નોંધણી કેન્દ્ર (સિ.આર.સિ.), ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોર્પોરેટ અફેર્સ (આઈ.આઈ.સિ.એ.), પ્લોટ નંબર ૬, ૭, ૮, સેક્ટર ૫, આઈ.એમ.ટિ. માનેસર, જિલ્લો ગુડગાંવ (હરિયાણા), પિનકોડ-૧૨૨૦૫૦** ને "આરજીઈટી લેબ્સ એલએલપી (LLPIN : AAS-9442)" એક એલએલપી કંપની એક્ટ ૨૦૧૩ના ચેપ્ટર XXI ના ભાગ I હેઠળ શેર મૂડી દ્વારા મર્યાદિત કંપની તરીકે અરજી કરવાની દરખાસ્ત મુકી શકે છે.

૨. **કંપનીના મુખ્ય હેતુઓની નીચે મુજબ છે :** ભારતમાં અથવા અન્યત્ર ઓટોમેટિક, સેમીઓટોમેટિક અને અન્ય તમામ પ્રકારની ઈલેક્ટ્રોનિક વસ્તુઓમાં ઉત્પાદક, ડિઝાઈનર્સ, સંશોધકો, વિકાસકર્તાઓ, ખરીદદારો, એસેમ્બલર્સ, મોડિફાયર, રિ-કન્ડીશનર્સ, ટ્રેડર્સ, આયાતકારો, નિકાસકારો તરીકે વ્યવસાય કરવો અને તેને લગતા તમામ આનુષંગિક કૃત્યો કરવા કે જેથી ઉપરોક્ત હેતુઓ પ્રાપ્ત થઈ શકે.

૩. સૂચિત કંપનીના ડ્રાફ્ટ મેમોરેન્ડમ અને આર્ટિકલ્સ ઓફ એસોસિએશન ની નકલ **કિશાન, બ્લોક નંબર-૧૦૧, સરકારી કર્મચારી સોસાયટી, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ-૩૬૦૦૦૪, ગુજરાત** ખાતે તેની આવેલી ઓફિસમાં તપાસણીના હેતુ સર રાખવામાં આવેલ છે.

૪. આથી સૂચના આપવામાં આવે છે કે આ અરજી સામે વાંધો ઉઠાવનાર કોઈપણ વ્યક્તિ પોતાનો વાંધો લેખીતમાં **સેન્ટ્રલ રજીસ્ટ્રેશન સેન્ટર (સિ. આર. સિ.), ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોર્પોરેટ અફેર્સ (આઈ. આઈ. સિ. એ.), પ્લોટ નંબર ૬, ૭, ૮, સેક્ટર ૫, આઈ.એમ.ટિ. માનેસર, જિલ્લો ગુડગાંવ (હરિયાણા), પિનકોડ-૧૨૨૦૫૦,** આ નોટિસના પ્રકાશનની તારીખથી એકવીસ દિવસની અંદર જણાવી શકશે. તથા વાંધાની એક નકલ કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ મોકલાવની રહેશે.

**આરજીઈટી લેબ્સ એલએલપી**

**સહી/-**

**અરજદારનું નામ**

૧. કિશનભાઈ કાંતિલાલ ગોવાણી (નિયુક્ત ભાગીદાર)

૨. પાર્થ રોહિતકુમાર ત્રિવેદી (નિયુક્ત ભાગીદાર)

તારીખ : ૨૫ મે, ૨૦૨૪ | સ્થળ : રાજકોટ



**AMBIT Finvest** Pragati ke partner **AMBIT FINVEST PRIVATE LIMITED**

**કોર્પોરેટ ઓફિસઃ** કનકિયા વોલ સ્ટ્રીટ, ૫મો માળ, એ ૫૦૬-૫૧૦, અંધેરી-કુર્લા રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ-૪૦૦૦૯૩

**ડિમાન્ડ નોટિસ**

**ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ('ધ એક્ટ') અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ('ધ રૂલ્સ')ની જોગવાઈઓ હેઠળ**

અધિનિયમ હેઠળ એમ્બિટ ફિનવેસ્ટ પ્રાઈવેટ લિમિટેડના અધિકૃત અધિકારી હોવાના કારણે અને નિયમ ૩ સાથે વાંચેલા અધિનિયમની કલમ ૧૩ (૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને અધિનિયમની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ (ઓ) બહાર પાડી , નીચેના ઉધાર લેનારા(ઓ)ને સંબંધિત સૂચના(ઓ)માં ઉલ્લેખિત રકમની ચુકવણી આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર કરવા કહે છે. નીચે હસ્તાક્ષર કરનાર વ્યાજબી રીતે માને છે કે ઉધાર લેનારાઓ ડિમાન્ડ નોટિસની સેવા ટાળી રહ્યા છે, તેથી નોટિસની સેવા નિયમો અનુસાર જોડાણ અને પ્રકાશન દ્વારા પ્રભાવિત કરવામાં આવી રહી છે. ડિમાન્ડ નોટિસ(ઓ)ની સામગ્રી અહીં નીચે ઉતારવામાં આવી છે:

| લેનારા(ઓ)નું નામ | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ |
|---|---|
| ૧. નિકુંજ એમ લાખાણી ૨. મનસુખભાઈ બેચરભાઈ લાખાણી લેન નં. RJK000000046461 | 17.05.2024 રૂ. 20,60,655.71/- (રૂપિયા વીસ લાખ સાઈઠ હજાર છસો પંચાવન અને એકોતેર પૈસા માત્ર) : 15.05.2024ના રોજ |

**ગીરો મૂકેલી સ્થાવર મિલકત/સંપત્તિઓનું વર્ણન**

**મિલકત નં. ૧ કોમર્શિયલ ઓફિસ નં. ૭૦૧, બિલ્ટ અપ એરિયા ૧૭.૮૯ ચો. MTRS. (કાર્પેટ એરિયા ૧૫-૭૯ ચો. મીટર.) ૮૫૨-૨૯ ચોરસ મીટરની કુલ જમીન પર બાંધવામાં આવેલી 'એન્જલ બિઝ' તરીકે ઓળખાતી બિલ્ડિંગમાં ૭મા માળે. MTRS. ઓફ પ્લોટ નં. ૯ થી ૧૫ 'મવડી રેવન્યુ સર્વે નંબર ૨૨ના દિવાળી પાર્ક તરીકે ઓળખાય છે, જે પેટા જીલ્લા અને જીલ્લામાં RMCની હદમાં આવેલું છેઃ ગુજરાત રાજયના રાજકોટ-૩૬૦૦૦૪ રાજકોટ મિલકતઃ ઉત્તરઃ ખુલ્લું સ્પેસ પછી અન્ય પ્રોપર્ટી ઈસ્ટ-ઃ ઓફિસ નંબર ૭૦૨ દક્ષિણઃ પેસેજ વેસ્ટઃ ખુલ્લી જગ્યા પછી ૧૨-૦૦ MTRS રોડ.**

**મિલકત નં. ૨ કોમર્શિયલ ઓફિસ નં. ૬૦૩, બિલ્ટ અપ એરિયા ૧૫-૫૦ ચો. MTRS. (કાર્પેટ એરિયા ૧૪-૩૩. MTRS.) છઠ્ઠો માળ, એન્જલ બિઝ ઈમારત તરીકે ઓળખાતી કુલ ૮૫૨-૨૯ ચો. MTRS. ઓફ પ્લોટ નં. ૯ થી ૧૫ 'મવડી રેવન્યુ સર્વે નંબર ૨૨ ના દિવાળી પાર્ક તરીકે ઓળખાય છે, જે પેટા જીલ્લા અને જીલ્લામાં RMCની હદમાં આવેલું છેઃ ગુજરાત રાજયના રાજકોટ-૩૬૦૦૦૪ રાજકોટ મિલકતઃ ઉત્તરઃ ખુલ્લું સ્પેસ પછી અન્ય પ્રોપર્ટી ઈસ્ટ-ઃ ઓફિસ નંબર ૬૦૪ દક્ષિણઃ પેસેજ અને પાર્કિંગ વેસ્ટઃ ઓફિસ નંબર ૬૦૨ લેનારાઓને આથી ડિમાન્ડ નોટિસ(ઓ)નું પાલન કરવાની અને ચૂકવણી કરવાની સલાહ આપવામાં આવે છે.**

તેમાં ઉલ્લેખિત /માગની રકમ અને અહીં આ પ્રકાશનની તારીખથી ૬૦ દિવસની અંદર લાગુ પડતા વ્યાજ, વધારાના વ્યાજ, બાઉન્સ શુલ્ક, ખર્ચ અને ચૂકવણીની પ્રાપ્તિની તારીખ સુધીના ખર્ચ સાથે. લેનારા(ઓ) નોંધ કરી શકે છે કે AFPL એક સુરક્ષિત લેણદાર છે અને ઋણ લેનાર(ઓ) દ્વારા લેવામાં આવતી લોનની સુવિધા એ સ્થાવર મિલકત/સંપત્તિઓ સામે સુરક્ષિત દેવું છે જે ઉધાર લેનારા(ઓ) દ્વારા ગીરો રાખેલી સુરક્ષિત સંપત્તિ(ઓ) છે. જો ઋણ લેનાર (ઓ) નિર્ધારિત સમયની અંદર તેમની જવાબદારીઓને સંપૂર્ણ રીતે નિભાવવામાં નિષ્ફળ જાય, તો AFPL કાયદાની કલમ ૧૩(૪) હેઠળ સુરક્ષિત સંપત્તિ(ઓ)નો કબજો લેવા માટેના તમામ અધિકારોનો ઉપયોગ કરવા માટે હકદાર રહેશે, પરંતુ વેચાણ દ્વારા અથવા અધિનિયમ અને તેના હેઠળના નિયમો હેઠળ ઉપલબ્ધ અન્ય કોઈપણ ઉપાયો દ્વારા તેને ટ્રાન્સફર કરવા અને ચૂકવણીની અનુભૂતિ કરવા સુધી મર્યાદિત નથી. AFPL ને વેચાણ અથવા સ્થાનાંતરિત કરવાના અધિકારનો અમલ કરતા પહેલા સુરક્ષિત સંપત્તિ(ઓ) જોડવા અને/અથવા સીલ કરવાની પણ સત્તા છે. સિક્યોર્ડ એસેટ(એસેટ)ના વેચાણ પછી, એએફપીએલને બાકી લેણાંની વસૂલાત માટે અલગ કાનૂની કાર્યવાહી શરૂ કરવાનો પણ અધિકાર છે, જો ગીરો મૂકેલી મિલકતોનું મૂલ્ય એએફપીએલને ચૂકવવાપાત્ર લેણાંને આવરી લેવા માટે અપૂરતું હોય તો આ ઉપાય છે. કોઈપણ અન્ય કાયદા હેઠળ AFPL માટે ઉપલબ્ધ અન્ય તમામ ઉપાયો ઉપરાંત અને સ્વતંત્ર. ઋણ લેનાર(ઓ)નું ધ્યાન, ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, અધિનિયમની કલમ ૧૩(૮) તરફ, સુરક્ષિત અસ્કયામતોને રિડીમ કરવા માટે અને આગળ કાયદાની કલમ ૧૩(૧૩) તરફ આમંત્રિત કરવામાં આવે છે, જેમાં ઉધાર લેનારાઓ AFPL ની પૂર્વ લેખિત સંમતિ વિના સુરક્ષિત અસ્કયામતોનો નિકાલ કરવા અથવા તેની સાથે વ્યવહાર કરવા અથવા વેચાણ, લીઝ અથવા અન્યથા (વ્યવસાયના સામાન્ય અભ્યાસક્રમ સિવાય) દ્વારા ટ્રાન્સફર કરવા માટે પ્રતિબંધિત/પ્રતિબંધિત અને ઉપરોક્તનું પાલન ન કરવું એ ઉપરોક્ત અધિનિયમની કલમ ૨૯ હેઠળ શિક્ષાપાત્ર ગુનો છે. ડિમાન્ડ નોટિસની નકલ નીચે હસ્તાક્ષરકર્તા પાસે ઉપલબ્ધ છે અને લેનારા(ઓ) જો ઇચ્છે તો, સામાન્ય ઓફિસ સમય દરમિયાન કોઈપણ કામકાજના દિવસે નીચે હસ્તાક્ષરકર્તા પાસેથી તે એકત્રિત કરી શકે છે.

**SD/- પ્રશાંત ઓહલ, અધિકૃત અધિકારી, એમ્બિટ ફિનવેસ્ટ પ્રાઈવેટ લિમિટેડ**

તારીખઃ ૨૫.૦૫.૨૦૨૪. સ્થળઃ રાજકોટ






## ગોંડલમાં શ્રીરામચરિતમાનસ કથામાં ૩૫૦૦૦થી વધુ શ્રોતાઓ ઉમટી પડયા : રામ નામની ગુંજ

# જેમના મનમાં રામ જન્મે એમના હૃદયમાં અંધકાર નહિ પણ સદૈવ ઉજાસ : પૂ. મોરારીબાપુ

**આ કળયુગ નથી, ભજનનો યુગ છે, કથાનો યુગ છે, જીવન જીવવાનો યુગ છે, રામ સર્વકાલીન છે, રામ બીજ મંત્ર છે, રામ પરમ વિષ્ણુ છે**

**તણખલા જેવું તૃણપદ, ગુરૂ પાસેથી મળે તે ચૂર્ણપદ, આપણામાંથી સંસાર નીકળ્યો હોય એ જ ગોથુ ખવડાવી દે તે ઉર્ણપદ, ચોથુ વર્ણપદ, આ ચાર પદ પ્રાપ્ત થયા પછી જે મળે છે તે પૂર્ણપદ**

**જે રામ નામ જપે એનું શોષણ ન થાય, પરંતુ પોષણ જ થાય, બીજાને બદલવામાં કોઇ દિવસ સફળતા નહિ મળે, આપણે જ બદલાવું પડશે**

**(તસ્વીર/અહેવાલ : જીતેન્દ્ર આચાર્ય-ગોંડલ) ગોંડલ, તા. ૨૫**

ગોંડલનાં દાસીજીવણ પાર્ટીપ્લોટમાં પુ.મોરારીબાપુનાં ભાવવાહી કંઠમાં ચાલી રહેલી રામચરીત માનસ કથાનાં આજે સાતમાં દિવસે ૩૫૦૦૦થી વધુ શ્રોતાઓ એ કથાનું રસપાન કરી ભોજન પ્રસાદ લીધો હતો. મોરારીબાપુએ રામ જન્મ સાથે રામાયણની વાત આગળ ધપાવી હતી. તેમણે કહ્યુ કે રામ સર્વકાલીન છે. રામ પોતે પરમવિષ્ણુ છે.

બાપુએ કહ્યુ કે રામ કથારધેનુ છે. રામકથા તમામ સુખનું સેવન છે. શ્રવણ કરવુ એ પણ સેવન છે. રામકથા લખવી એ પણ સેવન, કથા ગાવી એ પણ સેવન છે. છે.

રામકથા માં નિધિધ્યાન કરવું પણ સેવન છે.'બીજાને બદલવાની કોશિષમાં કોઈ દિવસ નહીં સફળતા નહિ મળે. આપણે જ બદલવું પડશે.

બાપુએ રામ નામનો મહિમા વર્ણવી ગત કાલે રામજન્મ બાદ નામકરણ સંસ્કાર કથાને આગળ ધપાવી હત્તી. વૈરાગના પંથમાં વિઘ્ન ઘણા આવે છે. રામકથા પણ સુરધેનુ છે.આ સાથે બાપુએ પદના પ્રકાર દર્શાવ્યા હતા.જેમાં તૃણપદ એ તણખલા જેવું પદ છે જેની કોઈ કિંમત નથી હોતી. બીજું ચૂર્ણપદ જે ગુરૂ પાસેથી મળે છે. ત્રીજું ઉર્ણપદ આપણામાંથી સંસાર નીકળ્યો હોય એ જ ગોથું ખવડાવી દે તેવું ઉર્ણપદ, ચોથું વર્ણપદ. આ ચાર પદ પ્રાપ્ત થયા પછી જે મળે એ છેપૂર્ણ પદ.

આમ બાપુએ પદ ને મુલવ્યા હતા.બાપુએ વધુમાં જણાવ્યું કે આગળ હોવા છતાં પાછળ જવું એ ભજન છે.અંદરો અંદર ની ઈર્ષા છોડી દઇએ તો ઘણું સારૂ કામ થઈ જાય.અદરો અંદર ની ઈર્ષા નીકળી જાય તો વૈકુંઠ ઉપરથી નીચે આવી ગાવું, શ્રવણ કરવું મનન કરવું, નિધિધ્યાસન,એવમ રજૂ કરવું ,પરસ્પર સંવાદ કરવો એ પણ એક સેવન છે.

ભગવાન ૨૪ અવતાર છે એમ ભજન ના ૨૪ પ્રકાર છે.આ કળિયુગ નથી કથા યુગ છે.આ જીવવા જેવો યુગ છે. કળિયુગમાં તંત્રના પ્રયોગ બહુ થાય છે.તંત્ર ના યુગમાં ભોળી પ્રજા ભરમાય છે બહુ. એક કથા પ્રેમી એ રામચરિત માનસ ને ગુરૂ માની પ્રશ્ન રજૂ કરતા બાપુએ પ્રશનને નવજયો હતો વ્યક્તિ ગુરૂ હોય સાથે આખું અસ્તિત્વ સાથે હોય છે. ગુરુ નાનકે ગ્રંથને ગુરૂ માની ગુરૂગ્રંથને પ્રસ્થાપિત કર્યો છે.બુદ્ધ પુરૂષ હાલતો ચાલતો ગ્રંથ છે. સાધુ હાલતા ચાલતા સદગ્રંથ છે. અન્નનો મહિમા ઘણો છે. રામાયણમાં તુલસીદાસજી એ અન્નક્ષેત્રનો મહિમા ગાયો છે. કોઈપણને જમાડો એટલે ઈશ્વરને જમાડ્યા બરાબર ગણાય.કેટલી કેટલું અંદર પડ્યું હોય પરંતુ એ બધું સમય આવે બહાર આવતું હોય છે.કથામાં અન્ન ભોજન નથી થતું બ્રહ્મભોજન થાય છે. ગુરૂ ને હૃદયમાં રખાય. હું રામને ભૂલું પણ મારા ગુરૂ ને ભૂલું નહી. બાપુએ ગુરૂ મહિમા ના મર્મ સાથે સુંદર સમજ આપી હતી. સાધઓએ કર્યું એવું કોઈએ નથી કર્યું. બાપુએ જણાવ્યું હતું કે જેમના મનમાં રામજન્મે એમને અંધકાર ન હોઈ સદૈવ અજવાળા જ હોય. પ્રામાણિક પ્રણામ કરો તો ફાયદો જ છે. આ સાથે કલકી અવતાર વિશે વિશેષ ધ્યાન દોર્યું હતું. જેમને કાલની ખબર ન હોઈ એ શું કલકી ! રામનામ જપે એનું શોષણ ન થાય પરંતુ પોષણ જ થાય બીજાને બદલવામાં કોઈ દિવસ સફળતા નહિ મળે. આપણે જ બદલાવું પડશે બદલા લેવા કરતા બદલાઈ જવામાં મજા છે.ગામડામાં બહેનો પાથી એ પાથીએ તેલ નાંખે એમ હું પોથી પોથી એ તેલ નાખવા આવ્યો છું બાપુએ કથામાં રામાયણના આધારે નામનો મહિમા સમજાવ્યો રામ લક્ષ્મણ ભરત શત્રુઘ્ન આમ ચાર ભાઈઓના નામનો મહિમા સમજાવ્યો હતો કથામાં હજારોની સંખ્યામાં શ્રોતાઓ રસતરબોળ બની રામમય બનવા પામ્યા હતા.

---

# કંબોડિયામાં આયોજિત કાનૂની સહાય પરિષદમાં ભારત તરફથી રાજકોટના ભાવનાબેન જોશીપુરાએ પ્રતિનિધિત્વ કર્યુ

## લગ્ન વિષયક તકરારના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય કાનૂન સંદર્ભે પ્રવર્તમાન સ્થિતિની કરી છણાવટ



રાજકોટ, તા.૨૫

પ્રાચીન ભારતીય સનાતન હિન્દુ સંસ્કૃતિનો જ્યાં આજે પણ ખૂબ જ પ્રભાવ છે અને જ્યાં સદીઓ જૂનું ભવ્ય વિશ્વવિખ્યાત અંગકોરવાટ વિષ્ણુ મંદિર આવેલું છે તેવા કંબોડિયા દેશના પાટનગર નોમ પેન્હ ખાતે બાર એસોસિએશન ઓફ ધી કિંગડમ ઓફ કંબોડિયાના યજમાનપદે આયોજિત બેક ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન લીગલ એઈડ'' પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાર એસોસિએશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ પ્રશાંત કુમાર અને લો એશિયાના પ્રમુખ શ્યામ દિવાનની આગેવાનીમાં દેશના ધારાવીદોનું પ્રતિનિધિ મંડળ કંબોડિયા ખાતે આયોજિત આ મહત્વપૂર્ણ પરિષદમાં ભાગ લેવા અર્થે પહોંચ્યા હતા.

બાર એસોસિએશન ઓફ ઈન્ડિયાના નેશનલ એક્ઝિક્યુટિવ મેમ્બર અને વરિષ્ઠ ધારાશાસ્ત્રી ભાવનાબેન જોષીપુરા આ પ્રતિનિધિ મંડળમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ આંતરરાષ્ટ્રીય પરિષદનું ઉદઘાટન કંબોડિયા સર્વોચ્ચ અદાલતના પ્રમુખ ચીફ જસ્ટિસ ચિવ કેંગ દ્વારા કરવામાં આવ્યું હતું. ધારાશાસ્ત્રી અને પ્રથમ મહિલા મેયર ભાવનાબેન જોશીપુરાએ નિઃશુલ્ક અને સક્ષમ કાનૂની સહાયમાં સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકાના વિષય ઉપર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા અને ખાસ કરીને વર્તમાન સમયમાં ગરીબ અને મધ્યમ વર્ગ માટે નિઃશુલ્ક અને સક્ષમ કાનૂની સહાયની જોગવાઈ કરવામાં આવી છે પરંતુ આ વ્યવસ્થા સાચા લાભાર્થીઓ સુધી કેવી રીતે પહોંચી શકે અને તેમાં સ્વૈચ્છિક સંસ્થાઓ ચાવીરૂપ ભૂમિકા ભજવી શકે તે વિષય ઉપર વિચારો વ્યક્ત કર્યા હતા. લગ્ન વિષયક તકરારના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય કાનૂન સંદર્ભે પ્રવર્તમાન સ્થિતિની છણાવટ પણ કરી હતી. કોન્ફરન્સમાં ૩૦થી વધારે દેશના પ્રતિનિધિઓએ એ વિષય ઉપર ગંભીરતાપૂર્વક તારણ પર આવેલ કે સંસ્થાગત સ્તર ઉપર તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે સર્વાંગીણ પ્રયત્નો છતાં વિશ્વભરના બે તૃતીયાંશ લોકો હજુ પણ નિઃશુલ્ક અને સક્ષમ કાનૂની સહાય મેળવવામાં અનેકવિધ અવરોધોનો સામનો કરી રહેલ છે, જેની અંદર ખાસ કરીને લીગલ એડના ક્ષેત્રમાં ધારાશાસ્ત્રીઓની સંખ્યા વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ ઉપરાંત સાચા લાભાર્થીઓ સુધી લીગલ એડની સુવિધાની જાણકારી આપવી ખૂબ જ જરૂરી માનવામાં આવી હતી, કંબોડિયામાં ૨૦૨૩ થી ૨૦૨૮ વર્ષ માટે નિઃશુલ્ક અને સક્ષમતાની સહાય દરેક વ્યક્તિને મળી રહે તે માટે ખાસ યોજના બનાવેલી છે.કોન્ફરન્સમાં કંબોડિયા સરકારના સાતથી વધારે મંત્રાલયો પ્રત્યક્ષ સામેલ થયા હતા. આ ઉપરાંત વિવિધ દેશોના ન્યાયમૂર્તિઓ ધારાશાસ્ત્રીઓ આંતરરાષ્ટ્રીય સંગઠનો, શૈક્ષણિક સંગઠનો યુનિવર્સિટીઓ સંયુક્ત રાષ્ટ્ર સંઘ વિકાસ કાર્યક્રમ, સંયુક્ત રાષ્ટ્ર સંઘ માનવ અધિકાર હાઈ કમિશનર ના પ્રતિનિધિ સહિત અલગ અલગ આંતરરાષ્ટ્રીય સ્તરના તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા. બાર એસોસિયેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ અને સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ધારાશાસ્ત્રી પ્રશાંત કુમારે આ પ્રસંગે સવિશેષ રીતે કાનૂની સહાયના પ્રકલ્પમાં ધારાશાસ્ત્રીઓની સહભાગીતાને સામાજિક ઉત્તરદાયિત્વની સંકલ્પના જણાવવાની સાથે ભારતમાં નિઃશુલ્ક અને સક્ષમ કાનૂની સહાય કેવી રીતે આપવામાં આવે છે તેની પૂરી વિગત આંતરરાષ્ટ્રીય મંચ ઉપર રજૂ કરી હતી.

એશિયા ના ધારાશાસ્ત્રીઓના કેન્દ્રીય /પ્રમુખ સંગઠન લો એશિયાના પ્રમુખ શ્યામ દીવાને સમાજ જીવનના વંચિત વર્ગ માટે ન્યાય સહાયની વ્યવસ્થાને વધુ સક્ષમ બનાવવા પર ભાર મૂક્યો હતો. બોમ્બે હાઈકોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ નીતિન ઠક્કર, ઉદય વરુંજીકર, કાયદા વિદ જે.પી. ગુપ્તા કર્ણાટક હાઈકોર્ટ બાર એસોસિએશનના શ્રીરંગા સહિત ભારતીય પ્રતિનિધિ મંડળમાં સભ્યો જોડાયા હતા.

**વિશ્વભરના બે તૃતીયાંશ લોકો નિઃશુલ્ક અને સક્ષમ કાનૂની સહાય મેળવવામાં કરી રહ્યા છે અનેકવિધ અવરોધોનો સામનોઃ ૩૦થી વધુ દેશના પ્રતિનિધિઓ હાજર રહ્યા**

---

## આર્યસમાજ હાથીખાના ખાતે કાલે નિઃશુલ્ક બાવીસમો નેત્ર નિદાન કેમ્પ

રાજકોટ તા.૨૫

આર્યસમાજ હાથીખાના તથા માયાણીનગર સંચાલીત મહર્ષિ દયાનંદ કલ્યાણનિધિ દ્વારા બાવીસમાં નિઃશુલ્ક નિરામય નેત્રયજ્ઞનું કાલે સવારે ૮થી૧૧.૩૦ કલાકે માયાણીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આર્યસમાજના સંચાલક મહર્ષિ દયાનંદ સરસ્વતીની ૨૦૦મી જન્મજયંતિ તથા આર્યસમાજની સ્થાપનાના ૧૫૦માં વર્ષ નિમિતે અને સદશાસ્ત્રી ધર્મજીવનદાસજી હોસ્પિટલના સહયોગથી નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ તકે ડો. સનાતન જાની, ડો.દીપશિખા મિતલ, ડો. ભાગ્યશ્રી સાંકળીયા, ડો. અખિલેશ દ્વિવેદી તેમજ અંજનીકુમાર ચૌહાણ અને મનીષકુમાર શર્મા સેવા આપશે.

આ નેત્રયજ્ઞમાં નામ નોંધાવવાનું સ્થળ આર્યસમાજ, મહર્ષિ દયાનંદ માર્ગ, હાથીખાના ખાતે અને આર્ય ડેરીફાર્મ ૨-વિશ્વનગર પટેલ બોર્ડીંગ ખાતે સંપર્ક કરવાનો રહેશે.

---

# મગફળીના વાવેતર માટે ખેડૂતોને પ્રોત્સાહન આપવા બોનસ જાહેર કરો

## તેલીબીયા સંગઠનના પ્રમુખ સમીર શાહની કૃષિ મંત્રીને રજૂઆત



રાજકોટ, તા.૫

રાજ્યમાં મગફળીનું મોટા પ્રમાણમાં ઉત્પાદન કરવા માટે ખેડૂતોને યોગ્ય પ્રોત્સાહન આપવું જોઈએ. આ અંગે ગુજરાત ખાદ્ય તેલ એસો.ના પ્રમુખ સમીર શાહએ કૃષિ મંત્રી રાઘવજી પટેલને રજુઆત કરી છે. મગફળીમાં તેલની ટકાવારી ઘણી ઉંચી છે. તેથી મગફળીનું વાવેતર વધે તે માટે ઘનિષ્ઠ પ્રયાસો કરવા પડશે. ગત વર્ષે સરકારે મગફળીના ટેકાના ભાવમાં વધારો કર્યો હતો.

રાજયમાં વિવિધ સરકારી એજન્સીઓએ ટેકાના ભાવે મગફળી ખરીદવાની તૈયારીઓ કરી છે. પરંતુ બજારમાં ૫૦ ટકા જેટલી મગફળી ટેકાના ભાવ કરતાં નીચા ભાવે વેચાતી હોવા છતાં ખેડૂતો સરકારી એજન્સીઓને મગફળી વેચવા ન આવ્યા અને નાફેડ, ગુજકો માસોલ જેવી સંસ્થાને એક કિલો મગફળી મળી નથી. આ પરથી જાણી શકાય કે સરકારી એજન્સીઓને મગફળી વેચવા ખેડૂતો ઉત્સુક નથી. સરકારી લેવલે મગફળી અને સીંગતેલનો વપરાશ વધે તે માટે સ્યસ્ટમેટીક એડ કેમ્પેનીંગ ચલાવું જોઈએ. સરકારે મગફળીના ટેકાના ભાવ કરતાં ખેડૂતોને મગફળીના વાવેતર પર બોનસ જાહેર કરવું જોઈએ જેથી ખેડૂતો વધુને વધુ વાવેતર માટે પ્રેરાય.

### ખાદ્યતેલો જુના ટીનમાં ભરવા પર પ્રતિબંધનો કાયદો રદ કરવા

રાજકોટ, તા.૨૫

છેલ્લા કેટલાક વખતથી રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટ દ્વારા ખાદ્યતેલોના પૈકીંગમાં વપરાતા રીસાયકલન્ટીન સેકન્ડ હેન્ડ ટીનનો ઉપયોગ ન કરવાના અને આવું કરનાર પર કાયદેસર કાર્યવાહી કરવાના પ્રયત્નો શરૂ થયા છે.

રીસાયકલટીનના વપરાશ ન કરવાનો કાયદો ઘણા વર્ષોથી ઘડાયો છે પરંતુ દેશના કોઈ રાજ્યમાં તેનો અમલ થતો નથી. આ કાયદો તદન બિનજરૂરી અને કોઈક ચોક્કસ જુથના દબાણને કારણે ઘડાયેલ છે. ઘર વપરાશ માટે લેવાતા ખાદ્યતેલના નવા ડબ્બાઓ જ્યારે ખાલી થાય ત્યારે ઘરે ઘરેથી કલેક્ટ કરતા ફેરિયાઓ, ત્યારબાદ તેની યોગ્ય સફાઈ કરી, પેકીંગ યુનિટોમાં વેંચાણ કરી ત્યાં સુધી પહોંચાડવામાં હજારો લોકોને રોજીરોટી સમાયેલ છે. આ ટીન્સની સફાઈની ચકાસણી કરી ત્યારબાદ જ તેનો ફરી ઉપયોગ થાય છે જેથી તેના વપરાશથી આરોગ્ય પર કોઈ વિપરીત અસર થતી નથી. ખાદ્યતેલ પેકીંગ ઈન્ડસ્ટ્રીઝમાં દાયકાઓથી આવા રીસાયકલટીનના રાજ્યમાં પેક થતાં તમામ ખાદ્યતેલો જો નવા ડબ્બામાં જ પેક કરવામાં આવે તો તેટલા ડબ્બા બનાવવાની ઔદ્યોગીક ક્ષમતા જ નથી. જરૂરી માત્રામાં ખાલી નવા ટીનની મળતર ન થતાં નવા ટીનનાં ભાવમાં વધારો થઈ શકે છે. આ ઉપરાંત ખાલી નવા ડબ્બાની મળતર પુરતા પ્રમાણમાં ન હોવાથી ખાદ્યતેલનું ડિસ્ટ્રીબ્યુશન ખોરવાઈ જવાનો, તેને કારણે અછત સર્જાવાનો અને બિનજરૂરી ભાવ વધવાનો ખતરો પણ સંભવિત છે. આથી આ કાયદો રદ કરવા રજુઆત કરવામાં આવી છે.

---

# વોર્ડ નં.૧૩ના આનંદ બંગલા ચોક પાસેની શ્રમજીવી સોસાયટીમાં પાર્કિંગ બનાવી રોડમાં તોડફોડ : લત્તાવાસીઓની કોર્પો.ને ફરિયાદ

## ફેન્સીંગ પણ બાંધી લેવાતા આંખના દર્દીઓને હેરાનગતિ : પોલીસ કેસ કરવા વિસ્તારવાસીઓની કમિશનરમાં અરજી




રાજકોટ, તા. ૨૫

શહેરના વોર્ડ નં. ૧૩માં આવેલ આનંદ બંગલા ચોક પાસે શિવાનંદ હોસ્પિટલવાળી શેરીમાં ગેરકાયદે પાર્કિંગ અને રોડ ખોદી પીલર ઉભા કરવાની પ્રવૃત્તિ કરવામાં આવી હોય, શ્રમજીવીઓના લત્તાવાસીઓને મ્યુનિ. કમિશ્નર, ટીપી અને દબાણ હટાવ શાખાને પત્ર લખીને આ ગેરકાયદે બાંધકામ હટાવવા માંગણી કરી છે.

આનંદ બંગલા ચોક નજીક શ્રમજીવી સોસાયટીમાં રહેતા લતાવાસીઓએ મહાપાલિકા તંત્રને કરેલી અરજીમાં જણાવ્યું છે કે મવડી મેઈન રોડ પર આનંદ બંગલા ચોક પાસે શ્રમજીવી સોસા. શેરી નં.૨ આવેલી છે.

અહીં શિવાનંદ હોસ્પિટલવાળી શેરીમાં મકાન પાસે બે ગાડી પાર્ક કરવામાં આવી છે. ૪×૧૨ની શેરી ખોદીને પિલર ઉભા કરીને ફેન્સીંગ બાંધવામાં આવી છે. કોર્પો.ના નિયમ મુજબ રસ્તો ખોદવાની મનાઈ હોવા છતાં આ કામ કરી લોકોની અવરજવર બંધ કરવા પ્રયાસ થાય છે. નજીકમાં આવેલી હોસ્પિટલમાં દર્દીઓ આવતા હોય, અવરજવરમાં મુશ્કેલી પડે છે.

આથી તાત્કાલીક આ દબાણ દુર કરવા અને ડામર રોડ તોડનાર સામે પોલીસ ફરિયાદ કરવામાં નહીં આવે તો આંદોલન કરવાની ચિમકી લતાવાસીઓએ આપી છે.

---

## કાલે સંતશ્રી વેલનાથ જયંતિ નિમિતે ચુંવાળીયા કોળી સમાજની મિટિંગઃ શોભાયાત્રાને થશે ૨૪ વર્ષ પૂર્ણ

### ઉત્સવ સમિતિમાં પ્રમુખ દેવાંગ કુકાવા, મહામંત્રી દીપક બાબરીયા અને ઈન્ચાર્જ દેવ કોરડીયાની કરાઇ




રાજકોટ, તા.૨૫

સંતશ્રી વેલનાથ જયંતિ ઉત્સવ નિમિતે ભવ્ય શોભાયાત્રાના આયોજનની તૈયારીના ભાગરૂપે ચુંવાળીયા કોળી વિદ્યાર્થી ભુવન ૪-લાખાજીરાજ ઉદ્યોગ નગર, ચુનારાવાડ, રાજકોટ ખાતે પ્રથમ મિટિંગનું આવતીકાલ તા.૨૬ ને રવિવારના રોજ સાંજે ૬ કલાકે આયોજન કરવામાં આવ્યું છે.

સંતશ્રી વેલનાથ જયંતિ ઉત્સવ નિમિતે છેલ્લા ૨૪ વર્ષથી રાજકોટ શહેરમાં ભવ્ય અને દિવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે. તો આ વર્ષે આ અદભુત શોભાયાત્રાના ૨૫ વર્ષ પૂર્ણ થશે. ત્યારે સમાજની વિવિધ સંસ્થાના આગેવાનો સાથે મળીને સિલ્વર જયુબેલીની ઉજવણી તરીકે આ અવસર ઉજવાશે. સંતશ્રી વેલનાથ જયંતિ ઉત્સવ સમિતિના પ્રમુખ તરીકે દેવાંગભાઈ કુકાવા, મહામંત્રી તરીકે દિપકભાઈ બાબરીયા ઈન્ચાર્જ તરીકે દેવભાઈ કોરડીયાની વરણી કરવામાં આવી છે.

---

## એડવોકેટ રચના કક્કડ અને ઈવેન્ટ મેનેજમેન્ટ એક્સપર્ટ ભાવિક કક્કડની ઓફિસનું કાલે ઉદઘાટન



રાજકોટ,તા.૨૫

ફેમિલી કોર્ટના લિગલ પેનલ એડવોકેટ રચના ભાવિક કક્કડ અને ઈવેન્ટ મેનેજમેન્ટ એક્સપર્ટ ભાવિક કક્કડની ઓફિસનું આવતીકાલે ઉદઘાટન છે. રચના કક્કડ રાજકોટ ફેમિલી કોર્ટના લિગલ પેનલ એડવોકેટ છે. તેઓ સરકારી વકીલ બિનલબેન રવેશીયાના નાના બહેન છે. ભાવિક કક્કડે ડ્રીમ્સ પ્રો-ઈવેન્ટસ મેનેજમેન્ટના નામથી દેશ - વિદેશના ખ્યાતનામ લોકેશન કામ કરેલ છે. આવતીકાલે ઓફિસ નં.૧૦૩૦ આર.કે. વર્લ્ડ ટાવર, ૧૫૦ ફૂટ રીંગ રોડ ખાતે તેઓ બંનેની ઓફિસનો શુભારંભ છે. આ તકે મો.નં. ૯૨૬૫૦ ૨૦૬૫૦ અને ૯૭૨૪૭ ૬૩૭૫૭ ઉપર શુભેચ્છા મળી રહી છે.

---

## ટંકારા : હેપ્પી બર્થ ડે દર્શી



ટંકારના યુવા પત્રકાર હાર્દિક સેજપાલની પુત્રી દર્શીનો જન્મદિવસ છે તે બે વર્ષ પુરા કરી ત્રીજા વર્ષમાં મંગલ પ્રવેશ કરશે તેમના જન્મદિવસની અલ્પાબેન, દાદા અશોકભાઈ, દાદી ગીતાબેન જન્મદિવસની શુભેચ્છા પાઠવે છે.

# ભરબપોરે લક્ષ્મીનગર ચોક પાસે આનંદી જવેલર્સમાં લૂંટનો પ્રયાસ

### છરી સાથે ધસી આવેલા બે શખ્સો સાથે વેપારીને ઝપાઝપી થયા બાદ નાસી છુટયો : બનાવની ઘટના સીસીટીવીમાં કેદ : વેપારીને ઈજા પહોંચતા સારવારમાં ખસેડાયા : માલવીયાનગર સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે : તપાસનો ધમધમાટ

### ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી સહિતની ટીમો દોડાવાઈ : સીસીટીવી અને હ્યુમન સોર્સથી આરોપીઓના ઠેકાણાની શોધખોળ : શહેરમાં પ્રવેશતા તમામ માર્ગો પર નાકાબંધી : આસપાસના જિલ્લાની પોલીસને એલર્ટ કરાઈ

રાજકોટ, તા. ૨૫


ભરબપોરે લક્ષ્મીનગરના નાલાથી આગળ આવેલ લક્ષ્મીનગર ચોક પાસે આનંદી જવેલર્સમાં ધસી આવેલા બે શખ્સોએ લૂંટનો પ્રયાસ કર્યો હતો. જેમાં વેપારીએ હિંમત દાખવી સામનો કરતા લૂંટ કરવા આવેલા શખ્સોએ છરી બતાવતા ઝપાઝપી થઇ હતી. બાદમાં બંને શખ્સો નાસી છુટયા હતા. બનાવની જાણ થતા માલવીયાનગર પોલીસ ક્રાઇમ બ્રાન્ચ, એલસીબી સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી જઇ સીસીટીવી ફુટેજના આધારે તપાસનો ધમધમાટ આદર્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ લક્ષ્મીનગર ચોક પાસે આવેલ આનંદી જવેલર્સમાં ભરબપોરે બે લુંટારૂઓ છરી સાથે ત્રાટકયા હતા. લૂંટને અંજામ આપે તે પહેલા જ વેપારીએ પણ તેમનો તાકાતથી સામનો કરતા લૂંટારૂઓ અને વેપારી વચ્ચે ઝપાઝપી થઇ હતી. જેમાં વેપારીને ગંભીર ઇજા પહોંચી હતી. મામલો સામે આવતા આસપાસના લોકો દોડી આવતા બંને લુંટારૂઓ તકનો લાભ લઇ નાસી છુટયા હતા. સમગ્ર બનાવ સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો. બનાવની જાણ થતા માલવીયાનગર પોલીસ મથકના પીઆઇ જીજ્ઞેશ દેસાઇ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી હતી. ઇજાગ્રસ્ત વેપારીને તાત્કાલીક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.લૂંટનો બનાવ બનતા પોલીસમાં દોડધામ મચી ગઇ હતી.




રાજકોટના તમામ પ્રવેશદ્વાર સમાન માર્ગો પર નાકાબંધી કરી દેવાઇ હતી. ઉપરાંત આસપાસના જિલ્લાની પોલીસને એલર્ટ કરી દેવાઇ હતી. લૂંટારુઓ ફરાર થતાં તેમની પાછળ એલસીબી, એસઓજી સહિતની ટીમોને લગાવી દેવાઇ હતી. આ તરફ સીસીટીવી અને હ્યુમન સોર્સને પણ એક્ટીવ કરી દેવામાં આવેલ. હાલ પણ એવી માહિતી મળે છે કે કોઇ મુદામાલ ગયેલ નથી પરંતુ પોલીસ એ દિશામાં પણ પૂછપરછ કરી રહી છે કે કોઇ મુદામાલ ગયો છે કે નહીં આરોપીઓની સંખ્યા કેટલી હતી શું બીજા કોઇ આરોપીઓ રેકી કરી હતી કે પછી ફકત આ જ આરોપીઓ હતા. હાલ લૂંટની ઘટનાથી શહેરભરમાં ચકચાર મચી ગઇ છે.

# આકરા ઉનાળામાં દબાણ હટાવની જેમ અખાદ્ય-વાસી ફૂડના નાશ માટે પણ ડ્રાઈવની જરૂર : એક વર્ષમાં ૩૬ હજાર કિલો સડેલો માલ મળ્યો



### સડેલા નમકીનના કારખાનાઓને પ્રથમ વખત સીલ મરાયા : વર્ષમાં ૩૩૨ સેમ્પલ પૈકી ૨૭ ફેઈલ : ૫૩ નમુનાના રીપોર્ટની હજુ રાહ

રાજકોટ, તા. ૨૫

રાજકોટ શહેરમાં છેલ્લા વર્ષમાં હલકી કક્ષાના નમકીન, મીઠાઇ, પપૈયા, ઘી સહિતના ખાણીપીણીના એકમો પડકાયાની વિક્રમી કામગીરી થઇ છે. ફૂડ શાખાએ દુકાનોથી માંડી માર્કેટીંગ યાર્ડમાં દરોડા પાડીને લોકોના આરોગ્યને હાનિ કરે એવો ટનબંધ માલ પકડીને નાશ કર્યો છે. હવે આ વર્ષે ઉનાળામાં આટલા વર્ષોની વિક્રમી ગરમી પડી છે ત્યારે જે રીતે રસ્તા પરથી દબાણો હટાવવા કોર્પો. તંત્ર રોજ કામ કરી રહ્યું છે ત્યારે ગરમ દિવસોમાં ખાણીપીણીની તમામ બજાર, દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટમાં પણ મોટી ડ્રાઇવ ચલાવવાની જરૂર હોવાનો મત છે.

બીજી તરફ નવા ભળેલા સહિતના મહાનગરના વિસ્તારોમાં છેલ્લા એક વર્ષમાં લેવાયેલા ખાણીપીણીના ૩૩૨ નમુના પૈકી ૨૬ સેમ્પલ ફેઇલ થયા છે તો એક માત્ર વડોદરાની ફૂડ લેબોરેટરીમાં ખાદ્ય પદાર્થોનું પરીક્ષણ થતું હોય, થોડા સમય પહેલાના અને મહિનાઓ જુના ૩૩ સેમ્પલના રીપોર્ટની રાહ જોવાઇ રહી છે. રીપોર્ટ આવતા પહેલા ફરી સેંકડો કિલો માલનું વેંચાણ થતું હોય, લોકોના આરોગ્ય પર જોખમ રહે છે. આથી જ હવે આવા ઉત્પાદન કેન્દ્રોને સીલ મારવાની કડક કાર્યવાહી મનપાએ શરૂ કરી છે.

આરોગ્ય વિભાગમાંથી મળેલી વિગત મુજબ છેલ્લા એક વર્ષમાં ફૂડ વિભાગ દ્વારા જુદી જુદી કેટેગરીમાં ૨૨૧૫ રજીસ્ટ્રેશન અને ૧૧૬૪ ફૂડ લાયસન્સની કામગીરી કરવામાં આવી છે. આ દરમિયાન કુલ ૩૩૨ સેમ્પલ લેવાતા તે પૈકી ૨૬ નમુના ફેઇલ અને એક અનસેફ જાહેર થયેલ છે. એટલે કે કુલ નમુનામાંથી બાકીના ૨૫૨ સેમ્પલ પાસ પણ થયા છે. આમ છતાં રીપોર્ટની ધીમી કામગીરીના કારણે હજુ ૫૩ રીપોર્ટ આવ્યા નથી.

મનપાએ ફૂડ એકટ હેઠળ ૨૨ કેસ દાખલ કર્યા છે અને તેમાં ૧૯.૨૫ લાખનો દંડ થયો છે. આ વર્ષમાં અધધધ ૩૫૯૬૫ કિલો વાસી અને અખાદ્ય માલનો નાશ કરવામાં આવ્યો છે. તો અવારનવાર ચાલતી ડ્રાઇવમાં ૧૩૦૯ જગ્યાએ લાયસન્સ લેવા નોટીસ અપાઇ છે. આરોગ્ય વિભાગને એક વર્ષમાં ૨૮૭ ફરિયાદો મળી હતી.

એક વર્ષમાં સેફટી વાન સાથે કોર્પો.એ ૩૭૨૮ ખાદ્ય વસ્તુઓનું ટેસ્ટીંગ કર્યુ હતું અને કાયદાની જાણકારી આપતી અવેરનેસ ડ્રાઇવ પણ ચલાવી હતી. આમ છતાં બજારમાં હજુ વાસી અને અખાદ્ય તથા ઉનાળામાં લોકોને બિમાર પાડે એવા પદાર્થો વેંચાતા હોય, વિદેશમાં તો જે કાયદાનો આકરો અમલ થાય છે તે ફૂડ એકટ હેઠળ રાજકોટમાં પણ આકરી કાર્યવાહી કરવાની જરૂર હોવાનો મત છે.

# જુના કપડા-પુંઠામાંથી તોરણ, નાઈટ લેમ્પ, ફોટોફ્રેમના નિર્માણ

### તિરૂપતિનગર, પંચશીલનગર, ઈન્દીરાનગરમાં સ્વસહાય જુથની બહેનોએ વેસ્ટમાંથી બેસ્ટનો સફળ પ્રયોગ કર્યો



રાજકોટ, તા. ૨૫

મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ અંતર્ગત વોર્ડ નં.૯ ખાતે તિરૂપતિનગર, વોર્ડ નં.૧૧ માં પંચશીલ નગર અને વોર્ડ નં.૧૭માં ઇન્દિરાનગર વિસ્તારનાં સ્વ-સહાય જૂથની બહેનો દ્વારા ઘરમાં પડી રહેલ બિનઉપયોગી વસ્તુઓનો ડેકોરેટીવ વસ્તુઓ બનાવવા માટે એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં જુના કપડા, કાપડમાંથી ફેબ્રીક જવેલેરી, તોરણ, વેસ્ટ પૂઠા માંથી સુશોભિત વોલ હેન્ગીંગ, નાઈટલેમ્પ, આર્ટીફીશ્યલ ફ્લાવર્સ, પ્લાસ્ટિક બોટલ્સ માંથી ફ્લાવરવાઝ, પેનસ્ટેન્ડ, ફોટોફ્રેમ, મુન લાઈટ વેસ્ટ પ્લાસ્ટિકની બોટલમાંથી તોરણ તથા ચા-ની વેસ્ટ કુલ્લડ માંથી ટોડલીયા, પર્સ, પૂઠા માંથી ડેકોરેટીવ મટકીઓ, ડેકોરેટીવ સાથીયા, નેઈમ પ્લેટ વગેરે વેસ્ટ વસ્તુઓનો સદુપયોગ કરીને તેનું નવીનીકરણ કરી ઘર ઉપયોગી કૃતિઓ સ્વ-સહાય જૂથની બહેનો દ્વારા બનાવવામાં આવેલ હતી.



વેસ્ટ વસ્તુઓ કે શહેર માંથી ઉત્પાદિત થતા કચરો જ્યાં ત્યાં ફેકવાને બદલે તેનો ઉપયોગ કરી ઘરમાંથી બિનજરૂરી વસ્તુઓનો ફરી ઉપયોગ કરી શહેરમાં વેસ્ટનું પ્રમાણ ઘટાડવાની દિશામાં સ્વ-સહાય જૂથની બહેનો દ્વારા એક પ્રયાસ કરવામાં આવ્યો છે.



આ સમગ્ર કામગીરીને સફળ બનાવવા પ્રોજેક્ટ ઓફિસર કાશ્મિરા વાઢેરનાં માર્ગદર્શનમાં સીનીયર કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર જીતુભાઈ વ્યાસ, શ્રીમતિ નયનાબેન કાથડ, ટી.બી.જાંબુકિયા તથા મેનેજર શાંતિલાલ બથવાર અને સમાજ સંગઠક જાદવ તુલસીબેન, ચૌહાણ પ્રતિક્ષાબેન, ચોટલીયા ચેતનાબેને જહેમત ઉઠાવી હતી.

# લોકસભામાં કોંગ્રેસને ૮૫થી ૧૦૦ અને એનડીએને ૨૭૫થી ૩૦૫ બેઠક મળશે : યોગેન્દ્ર યાદવ

નવી દિલ્હી, તા. ૨૫

પ્રશાંત કિશોર બાદ હવે ચૂંટણી વિશ્લેષકમાંથી રાજકારણમાં આવેલા યોગેન્દ્ર યાદવે પણ આ ચૂંટણીમાં ભાજપને કેટલી સીટ મળશે એ બાબતે આગાહી કરી છે. પ્રશાંત કિશોરે પણ યોગેન્દ્ર યાદવની આગાહીને સમર્થન આપતા કહ્યું હતું કે, 'યાદવના મતે ભાજપ ૨૪૦ થી ૨૬૦ સીટ જીતી શકે છે. આ સિવાય ભાજપના સહયોગી પક્ષો ૩૫ થી ૪૫ સીટ જીતી શકે છે. આવી સ્થિતિમાં એનડીએનો આંકડો ૨૭૫ થી ૩૦૫ની વચ્ચે પહોંચી જશે, જે સરકાર બનાવવા માટે પૂરતો હશે.'પ્રશાંત કિશોરે સોશિયલ મીડિયા પર લખ્યું, ચૂંટણી અને સામાજિક-રાજકીય મુદ્દાઓને ઊંડાણપૂર્વક સમજનારા લોકોમાંથી એક યોગેન્દ્ર યાદવે પણ પોતાનું વિશ્લેષણ શેર કર્યું છે. તેમણે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે ભવિષ્યવાણી કરી છે. તેમના મતે ભાજપને ૨૪૦થી ૨૬૦ બેઠકો મળી શકે છે. તે જ સમયે, એનડીએમાં તેના સાથી પક્ષો પણ ૩૫ થી ૪૫ બેઠકો જીતી શકે છે. આવી સ્થિતિમાં ભાજપ પાસે ૨૭૫થી ૩૦૫ બેઠકો હશે.દેશમાં સરકાર બનાવવા માટે ૨૭૨ સીટ જરૂરી છે. આ લોકસભામાં ભાજપ પાસે ૩૦૩ અને એનડીએ પાસે ૩૨૩ સીટ છે. શિવસેનાએ એનડીએનો હિસ્સો રહીને પણ ૧૮ સીટ જીતી હતી.

### જે ક્રિકેટરો આઈપીએલ ફાઈનલમાં નથી તે અમેરિકા જવા રવાના

# વિરાટ, રોહિત સહિત છ ખેલાડીઓ ટી૨૦ વર્લ્ડકપ માટે આજે રાત્રે નીકળશે

### ગઈકાલે કવોલીફાયર રમનાર ખેલાડી સંજુ સેમસન, જયસ્વાલ સહિતના ખેલાડીઓ સોમવારે નીકળશે : હાર્દિક હાલ લંડનમાં છે

મુંબઈ : રોહિત શર્મા અને વિરાટ કોહલી T20 વર્લ્ડ કપ ૨૦૨૪ માટે રવાના થનાર ભારતીય ક્રિકેટરોની પ્રથમ બેચમાં છે. ૨૫ મે, શનિવારના રોજ, ખેલાડીઓ ન્યૂયોર્કની ફ્લાઇટ લેતા પહેલા રાત્રે ૧૦ વાગ્યે મુંબઈથી દુબઈ જશે. આજે જસપ્રીત બુમરાહ, ઋષભ પંત, સૂર્યકુમાર યાદવ અને કુલદીપ યાદવ અન્ય મોટા નામોમાં સામેલ છે જે શનિવારે ટી ૨૦ વર્લ્ડ કપ માટે રવાના થશે.

સંજુ સેમસન, યુઝવેન્દ્ર ચહલ, અવેશ ખાન અને યશસ્વી જયસ્વાલ ભારતીય ક્રિકેટરોની બીજી બેચમાં રવાના થશે. ચહલ, જયસ્વાલ, અવેશ અને સેમસને તાજેતરમાં ચેન્નાઈના MA ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે શુક્રવાર, મે ૨૪ ના રોજ ક્વોલિફાયર ૨ માં SRH સામે ૩૬ રનથી હાર્યા બાદ ઇન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૪ નું અભિયાન સમાપ્ત કર્યું .

ચાર ખેલાડીઓમાં, અવેશ ટીમનો ભાગ નથી, પરંતુ ખલીલ અહેમદ, રિંકુ સિંહ અને શુભમન ગિલ રિઝર્વ પ્લેયર તરીકે સામેલ થશે. પ્લેઓફ પહેલા DC અને GT IPL ૨૦૨૪ માંથી બહાર ફેંકાઈ ગયા પછી ખલીલ અને શુભમનની ઝુંબેશ પૂરી થઈ ગઈ. જોકે, રિંકુ ૨૬ મેના રોજ ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં KKR અને SRH વચ્ચે યોજાનારી ફાઇનલમાં ભાગ લેશે.

T20 વર્લ્ડ કપ માટે ભારતીય ટીમના વાઇસ-કેપ્ટન હાર્દિક પંડ્યા લંડન ગયો હતો કારણ કે તેની ટીમ MI પ્લેઓફમાં પ્રવેશ કરી શકી નથી. હાર્દિક થોડા દિવસો માટે લંડનમાં તાલીમ લીધી હતી અને ત્યાંથી જ તે રાષ્ટ્રીય ટીમ સાથે જોડાય તેવી શક્યતા છે. જોકે, હાર્દિક દુબઈ કે ન્યૂયોર્કમાં ટીમ સાથે જોડાશે કે કેમ તે અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.વર્લ્ડ કપમાં ભારતની પ્રથમ મેચ ન્યૂયોર્કમાં ૫ જૂન બુધવારે ગ્રુપ Aની મેચમાં પોલ સ્ટર્લિંગની આયર્લેન્ડ સામે છે.

### ઈન્દિરા ગાંધીએ ભલે પોખરણમાં અણુ ધડાકો કર્યો હોય પણ...

# વડાપ્રધાન મોદી માને છે- જો કોંગ્રેસ સત્તામાં આવી તો દેશનો અણુબોમ્બ ડિફયુઝ કરી દેશે

નવી દિલ્હી તા.૨૫

લોકસભાની ચૂંટણીમાં પ્રચાર દરમિયાન વડાપ્રધાન મોદી નિરંતર કોંગ્રેસને નિશાન બનાવતા રહે છે એ રસપ્રદ વાત છે કે પુર્વ વડાપ્રધાન સ્વ. ઈન્દિરા ગાંધીએ સૌ પ્રથમવાર પોખરણમાં અણુ ધડાકો કરીને દેશને અણુબોમ્બથી સજજ બનાવ્યો હતો ત્યારે વડાપ્રધાન મોદીએ પોતાના પ્રવચનમાં કોંગ્રેસ સામે નિશાન સાધતા જણાવ્યું હતું કે જો કોંગ્રેસ સતામાં આવી તો દેશના અણુ બોમ્બને ડિફયુઝ કરી દેશે, ખતમ કરી દેશે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે કોંગ્રેસની સોચ એટલી ખતરનાક છે કે જો તે સતામાં આવી તો દેશની પરમાણુ ક્ષમતાને ખતમ કરી નાખશે. જેથી આપણો દેશ નબળો પડી જશે. મોદીએ જણાવ્યુ હતું કે વડાપ્રધાનની આગેવાનીવાળી પરિષદ જ પરમાણુ હથિયારોને લઈને નિર્ણય લે છે, કોંગ્રેસની સરકાર બની તો તે પરમાણુ ક્ષમતા ખતમ કરી દેશે.

# સેબીનો વધુ એક નિર્ણયઃ કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં ડિલિવરી સમય ઘટાડાતો

### પાંચને બદલે હવે ત્રણ દિવસઃ ૧ લી જુલાઈથી નવો નિયમ લાગૂ થશે

મુંબઈ,તા.૨૫

સેબીએ કોમોડિટી ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સ્ટેગર્ડ ડિલિવરી પીરિયડમાં ઘટાડો કર્યો છે. નવો નિયમ ૧ જુલાઈ, ૨૦૨૪થી લાગૂ થશે. સેબી દ્વારા જારી સર્ક્યુલરમાં આ અંગે માહિતી આપવામાં આવી છે.

સેબી દ્વારા જારી કરાયેલા સર્ક્યુલર અનુસાર, હવે સ્ટેગર્ડ ડિલિવરી પિરિયડ ૫ દિવસથી ઘટાડી ૩ દિવસ કર્યો છે. સ્ટેગર્ડ ડિલિવરીનો સમયગાળો એ કોન્ટ્રાક્ટની સમાપ્તિ પહેલાંનો સમય છે જ્યાં ખરીદદાર અથવા વેચનાર ઓપન પોઝિશન સાથે ડિલિવરી આપ-લેની ઈચ્છા રજૂ કરી શકે છે. આ સમય હવે ઘટાડીને ૩ દિવસ કરવામાં આવ્યો છે.

સેબીને જાણવા મળ્યું હતુ કે જુદા જુદા એક્સચેન્જો અલગ-અલગ ડિલિવરી શેડ્યૂલ અપનાવી રહ્યાં છે તે પછી SEBIએ સ્ટેગર્ડ ડિલિવરી માટે ન્યૂનતમ સમયમર્યાદા નક્કી કરી હતી. જ્યારે કોમોડિટી ડેરિવેટિવ્ઝ સેગમેન્ટ માટે ૪ ઓગસ્ટ, ૨૦૨૩ના માસ્ટર સર્ક્યુલરમાં સેબીએ જણાવ્યું હતું કે ઓપન ઈન્ટરેસ્ટ રેકોર્ડ, એક્સપાયરી વોલ્યુમ વગેરેના સંકેતોને ધ્યાનમાં લઈને એક્સચેન્જો કોઈપણ કોમોડિટી ફ્યુચર કોન્ટ્રાક્ટ માટે ડિલિવરીનો સમયગાળો વધારી શકે છે. આ જોગવાઈ હજુ પણ લાગુ રહેશે.

આ પહેલા પણ સેબીએ ઘણા મોટા નિર્ણયો લીધા છે. આમાંથી એક શેરબજારમાં અફવાઓને કારણે શેર પર થતી અસર દૂર કરવા સંબંધિત છે. માર્કેટ રેગ્યુલેટર સેબીએ આ અંગે નવી ગાઈડલાઈન બહાર પાડી છે. નિયમો અનુસાર, જો કોઈ અપ્રમાણિત સમાચાર અથવા અફવાને કારણે સ્ટોકમાં મોટો તફાવત થાય તો ૨૪ કલાકની અંદર તે સમાચાર કે અહેવાલની ખાતરી અથવા નકારી કાઢવાની રહેશે. કંપનીએ તેની સ્થિતિ સ્પષ્ટ કરવી પડશે. સેબીના સર્ક્યુલર મુજબ, જો અફવાની પુષ્ટિ થાય છે, તો શેરને નિયમો અનુસાર અનઅફેકડેટ પ્રાઈસ તરીકે ગણવામાં આવશે.

# BCCI એ રાજસ્થાન રોયલ્સના બેટસમેન શિમરોન હેટમાયરને મેચ ફીનો ૧૦ ટકા દંડ ફટકાર્યો

### હૈદરાબાદ સામેની મેચમાં શિમરોન હેટમાયરનું ખરાબ પ્રદર્શન રહ્યું

નવીદિલ્હી,તા.૨૫

હાર બાદ રાજસ્થાનના આ ખેલાડી પર BCCI દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, ચેન્નાઈના એમ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં ઉત્તર હૈદરાબાદે ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો અને આચારસંહિતાના ઉલ્લંઘનને કારણે આ સજા આપવામાં આવી હતી.

ઓવરમાં નવ વિકેટ ગુમાવીને ૧૭૫ રન બનાવ્યા બાદ રાજસ્થાન ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૩૯ રન બનાવી શક્યું હતું. IPL 2024માં રાજસ્થાન રોયલ્સની સફર સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની હાર બાદ સમાપ્ત થઈ ગઈ. શુક્રવારે ક્વોલિફાયર-૨માં હૈદરાબાદે રાજસ્થાનને ૩૬ રનથી હરાવીને ફાઇનલમાં જગ્યા બનાવી લીધી હતી. આ મેચ બાદ BCCIએ રાજસ્થાનના વિસ્ફોટક બેટ્સમેન શિમરોન હેટમાયર પર IPL આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ કાર્યવાહી કરી છે.

ચેન્નાઈના એમ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં હૈદરાબાદ ૬ વર્ષ બાદ ફાઈનલમાં પહોંચ્યું હતું, જેણે ટોસ હારીને પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં નવ વિકેટ ગુમાવીને ૧૭૫ રન બનાવ્યા હતા. જવાબમાં રાજસ્થાન ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૩૯ રન બનાવી શક્યું હતું. હૈદરાબાદની ટીમ ૨૦૧૮ પછી ક્યારેય વર્લ્ડ કપની મેચમાં પ્રવેશી ન હતી અને હવે છ વર્ષ પછી તે ફાઈનલ રમી શકશે નહીં.

મેચ બાદ BCCIએ શિમરોન હેટમાયરને તેની મેચ ફીના ૧૦ ટકા દંડ ફટકાર્યો હતો. જો કે બોર્ડ દ્વારા હજુ સુધી તેમની ભૂલની સ્પષ્ટતા કરવામાં આવી નથી. તે જ સમયે, BCCI દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે રાજસ્થાનના બેટ્સમેને પોતાની ભૂલ સ્વીકારી લીધી છે.

BCCIએ કહ્યું, ''રાજસ્થાન રોયલ્સના શિમરોન હેટમાયર ૨૪ મેના રોજ એમએ વિદમ્બરમ સ્ટેડિયમ, ચેન્નાઈમાં.સનરાઇઝર્સ હૈદરાબાદ સામે ટાટા ઇન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૪ ના ક્વોલિફાયર ૨ દરમિયાન IPL આચાર સંહિતાના ભંગ બદલ મેચ ફીના ૧૦ ટકાનો દંડ લાદવામાં આવ્યો છે.તેણે કોડ ઓફ કન્ડકરતી કલમ ૨.૨ હેઠળ લેવલ ૧નો ગુનો કર્યો હતો.

હૈદરાબાદ સામે રમાયેલી મહત્વની મેચમાં ૨૭ વર્ષનો બેટ્સમેન સંપૂર્ણપણે ફ્લોપ રહ્યો હતો. હેટમાયરે ૧૦ બોલમાં માત્ર ચાર રન બનાવ્યા હતા અને તેના ખરાબ પ્રદર્શનને કારણે રાજસ્થાનને મહત્વની મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો.

## મતદાન

(પહેલા પાનાનું ચાલું)

પાટનગર દિલ્હીની તમામ સાત બેઠકો પર મતદાન હોવાથી પ્રચંડ ઉત્સાહ જોવા મળ્યો હતો અને સવારથી મતદારોની લાઈનો લાગી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ મતદાન કરીને મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. પુર્વ સાંસદ ગૌતમ ગંભીર, બાંસુરી સ્વરાજ, કેન્દ્રીયમંત્રી હરદીપસુરી સહિતના મહાનુભાવોએ મતદાન કર્યુ હતું.

ભગવાન જગન્નાથ પણ મોદીના ભકત હોવાનું વિધાન કરીને વિવાદ સર્જનાર ભાજપના ઓડિશાની પુરી બેઠકના ઉમેદવાર સંબીત પાત્રાએ મંદિરમાં પુજા કર્યા બાદ મતદાન કર્યુ હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના રાજકીય નેતાઓએ વધુને વધુ મતદાન કરવાનો અનુરોધ કર્યો હતો. નરેન્દ્ર મોદીએ કહ્યું કે નાગરિકોનો એક-એક મત કિંમતી છે અને તમામ લોકો મતદાન કરે. લોકોના મતદાન થકી જ લોકશાહી વધુ વિકસે છે. ખાસ કરીને મહિલા-યુવા મતદાતાઓને મહતમ મતદાન કરવાનો તેઓએ આગ્રહ કર્યો હતો.

ભાજપ માટે આજના છઠ્ઠા તબકકાની ચૂંટણી અત્યંત મહત્વપૂર્ણ છે. કારણ કે ૫૮માંથી ૪૦ બેઠકો પર ૨૦૧૯માં એકલા હાથે જીત મેળવી હતી. આ સિવાય ચાર બેઠકો પર બહુજન સમાજ પાર્ટી, ત્રણ બેઠકો પર જેડીયુ, ચાર બેઠકો પર બીજુ જનતાદળ, ત્રણ બેઠકો પર તૃણમુલ કોંગ્રેસે વિજય મેળવ્યો હતો. લોક જનશક્તિ પાર્ટી, ઝારખંડ સ્ટુડન્ટ યુનિયન પાર્ટી, સમાજવાદી પાર્ટી તથા કાશ્મીર નેશનલ કોન્ફરન્સ પાર્ટીએ એક-એક બેઠક પર જીત મેળવી હતી. આજની ૫૮માંથી એક પણ બેઠક પર કોંગ્રેસની જીત થઈ ન હતી.

છઠ્ઠા તબકકાના મતદાનમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે લોખંડી બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો.

દિલ્હીમાં આમ આદમી પાર્ટીના નેતા આતિશીએ એવો આરોપ મુકયો હતો કે 'આપ'નુ પ્રભુત્વ હોય તેવા વિસ્તારોમાં મતદાન ધીમુ રાખવા પોલીસને સુચના આપવામાં આવી છે. કાશ્મીરમાં પણ ગરબડના આરોપ સાથે મહેબુબા મુફતી ધરણા પર બેસી ગયા હતા.

## કોરોના

(પહેલા પાનાનું ચાલું)

ગયો છે. આ દરમિયાન કોરોનાના વેરિએન્ટના અનેક મ્યુટેશન થયા અને સંક્રમીતોમાં હળવાથી લઈને ગંભીર સ્તરના લક્ષણ રિપોર્ટ થયા. કોરોનાનો ખતરો હજુ પણ નથી ટળ્યો. હાલના રિપોર્ટ મુજબ વાયરસમાં ફરી એકવાર મ્યુટેશન થયું છે, જેનાથી ઉત્પન્ન નવુ વેરિએન્ટ અનેક દેશોમાં સંક્રમણ વધારતુ જોવા મળી રહ્યું છે. સિંગાપોરના સ્થાનિક મીડિયા રિપોર્ટ મુજબ અહીં બે સપ્તાહમાં જ કોરોનાના કેસોમાં ૯૦ ટકાથી વધુનો રિપોર્ટ કરવામાં આવ્યો છે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના વિશેષજ્ઞોએ બધા લોકોને કોરોનાથી બચાવને લઈને સતત સાવધ રહેવા અપીલ કરી છે. ડબલ્યુએચઓએ જણાવ્યું છે કે કોરોનાને કારણે વૈશ્વિક સરેરાશ જીવનમાં લગભગ બે વર્ષનો ઘટાડો થયો છે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને જણાવ્યું હતુ કે છેલ્લા એક દાયકામાં સરેરાશ આયુષ્યમાં બહેતર સુધારો જોવા મળ્યો હતો પરંતુ કોરોનાના કારણે તેમાં ઘટાડો આવ્યો છે. મહામારીએ સંપૂર્ણ સ્વાસ્થ્યને ગંભીર અસર કરી છે. સંક્રમણના કારણે અનેક બીમારીઓ વિકસીત થતી જોવા મળી રહી છે. આ પરીસ્થિતિએ જીવન અપેક્ષાને ઘણું નુકસાન પહોંચાડયું છે.

સ્વાસ્થ્ય સંગઠનોનો રિપોર્ટ જણાવે છે કે કોરોનાના પ્રારંભીક દોરમાં જ વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ૧.૫૯ કરોડથી વધુ લોકોના મોત થયા હતા.

ડબલ્યુએચઓના સંશોધકોએ જણાવ્યું હતું કે ગત અડધી સદીમાં કોઈપણ અન્ય ઘટનાની તુલનામાં કોરોનાએ સંપૂર્ણ સ્વાસ્થ્ય અને સરેરાશ જીવન અને જીજિવિષા પર સૌથી ઉંડો પ્રભાવ પાડયો છે. ડબલ્યુએચઓના મહાનિદેશક ટેડ્રાસ અદનોમ ઘેબ્રિયસે કહ્યું હતું કે આ આંકડા વૈશ્વિક સ્વાસ્થ્ય સુરક્ષાને મજબૂત કરવા અને સ્વાસ્થ્યના ક્ષેત્રમાં દીર્ઘકાલીક રોકાણને પ્રોત્સાહન આપવાના મહત્વ પર પ્રકાશ ફેંકે છે.

## ગરમી

(છેલ્લા પાનાનું ચાલું)

**વડોદરામાં ૩૦ લોકોના મોત**

અસારવા સિવિલ હોસ્પિટલમાં જ ખાસ ઉભા કરાયેલા હીટ સ્ટ્રોક દર્દીઓ માટેના વિશેષ વોર્ડમાં બે દિવસમાં ૪૩ દર્દીઓને સારવાર માટે દાખલ કરાયા હતા. આ પૈકીના એક ૫૫ વર્ષીય આધેડ અને એક ૩૫ વર્ષીય યુવાનનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આ બન્ને દર્દીઓ ૧૦૪-૧૦૫ ફેરનહીટ તાવ સાથે અહીં દાખલ કરાયા હતા. આ સિવાય ૪૧ દર્દીઓની હજુ સારવાર ચાલી રહી છે. આ પૈકી દસેક દર્દીઓની હાલત હજુ નાજુક હોવાનું જાણવા મળ્યું છે. અમદાવાદ મહાનગરપાલિકા હસ્તકની તેમજ ખાનગીહોસ્પિટલોમાં પણ સંખ્યાબંધ દર્દીઓને હીટ સ્ટ્રોક અને ડીહાઈડ્રેશનને લીધે દાખલ કરવામાં આવ્યા છે. આજે ૧૦ અને ૧૫ દિવસના બે નવજાત બાળકોના પણ ગરમીની અસરથી મોત થયા હતા.

## સંદીપ સેદાણી

(છેલ્લા પાનાનું ચાલું)

ડોક્ટર મિત્ર તુરંત ઘરે પહોંચે ત્યાં સંદીપભાઈને તેના પરિવારના સભ્યો એમ્બ્યુલન્સમાં લઇ જતા જોવા મળે છે. સીનર્જી હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ત્યાંના તબીબોએ જણાવ્યું કે, સંદીપભાઈને મેજર હાર્ટ એટેક આવી ગયેલ છે.

ત્યાંથી સંદીપભાઈને સિવિલ હોસ્પિટલમાં રીફર કરાતા અહીં તેમને મૃત ઘોષિત કરવામાં આવે છે. મૃતક બે ભાઈમાં મોટા હતા. સંદીપભાઈને સંતાનમાં ૧ દીકરો અને ૧ દીકરી છે. સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો. સંદીપભાઈના પિતા પ્રવિણભાઈ જયહિંદ ન્યૂઝ પેપરના ફોટોગ્રાફર છે.

બનાવના પગલે હોસ્પિટલ ખાતે પત્રકારો અને પ્રેસ ફોટોગ્રાફરો પણ દોડી આવ્યા હતા.

## હાર્ટએટેક

(છેલ્લા પાનાનું ચાલું)

ઓમનગર સર્કલ ૪૦ ફૂટ મેઇન રોડ પ્રિય દર્શન-૨) તેઓ ગઈ કાલે સાંજના પોતાનાં ઘરે હતાં ત્યારે અચાનક છાતીમાં દુઃખાવો થતાં ૧૦૮ મારફત તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે હાર્ટ એટેકથી મોત થયાનું જાહેર કર્યું હતું . મૃતક હિરા ઘસવાનું કામ કરતા હતા. મૃતક બે ભાઈ અને બે બહેનમાં બીજા નંબરના હતાં. તેમજ તેઓને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતુ. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે રાજકોટ તાલુકા પોલીસને જાણ કરી હતી.વધુ એક બનાવની વિગત મુજબ દીપકભાઈ શાંતિલાલ જેઠવા (ઉ.વ.૬૧, રહે.મિલપરા શેરી નં-૨૬) તેઓ એકલવાયું જીવન જીવતા હતા. તેઓનું મકાન છેલ્લાં બે દિવસથી બંધ હતું. જેથી પાડોશીઓને શંકા જતાં મકાનમાં ગયા અને વૃદ્ધ બેભાન હાલતમાં પડેલ હોય તેને જગાડવાનો પ્રયાસ કરતા જાગ્યા ન હતાં.પાડોશીએ પોલીસને જાણ કરતાં ભકિતનગર પોલીસ દોડી ગઈ હતી. અને ૧૦૮ ની ટીમે જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. હાર્ટ એટેક આવી ગયો હોવાનું જાણવા મળ્યું હતું.

આ ઉપરાંત જેન્તીભાઈ જાદવભાઈ રાઘવાણી (ઉ.વ.૪૮, રહે. તિરુપતિ સોસાયટી, મોરબી રોડ, પૂનમ હોલ વાળી શેરી) ગત રાત્રે જમીને સુઈ ગયા હતા. સવારે ૬.૩૦ વાગ્યે તેમના પરિવારજનો ઉઠાડવા જતા તેઓ ઉઠ્યા નહોતા. જેથી એમ્બ્યુલન્સ મારફત તુરંત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અહીં તેમને મૃત જાહેર કરાતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો. મૃતકને સંતાનમાં ૨ દીકરી અને ૧ દીકરો છે. જેન્તીભાઈ ૪ ભાઈમાં વચેટ હતા અને ડ્રાઇવિંગ કરતા હતા.

# સાંજ સમાચાર ટચુકડી જાહેર-ખબર

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...
સાંજ સમાચાર
ટૂંકી જાહેરાત
સાંજ સમાચારમાં
ગુરૂવાર-શનિવારના
અંકમાં પ્રસિધ્ધ
★ઓછામાં ઓછી ૪ લાઈન
★ફક્ત રોકડા રૂપિયાથી સ્વીકારાશે
★સવારના ૧૦ થી સાંજના ૮ સુધી
★અમારે દરેક ગામ/શહેર એજન્ટ અને ખબરપત્રી દ્વારા પણ આપી શકાશે.
- વ્યવસ્થાપક




## વેચવાનું છે

**તાત્કાલીક ફલેટ વે. નો છે**
એપલ એલીગન્સ, ૨ બેડ, હોલ, કીચન, સેમી ફર્નિ., જીમ, સ્વીમીંગ, ફુલ પાર્કિંગ, ઈશ્વરીયા પહેલા, કાલાવડ રોડ, રાજકોટ. મો. ૯૭૨૭૬ ૫૫૩૨૫ (૬૬૫૧)

**ફલેટ વેચવાનો છે**
૩ બીએચકે, ૯૫૦ સ્કે. ફુટ, ફર્નિચર સાથે, નિર્મલા રોડ પાસે, મો. ૮૮૬૬૨૦૦૮૯૨ (૬૭૦૭/૧)

**દુકાન વેચવાની છે**
શોરૂમ લાયક ઉપર-નીચે દુકાન, જયુબેલી પાસે મેઈન બજાર, ૩૫૦ સ્કે. ફીટ, મો. ૮૮૬૬૨ ૦૦૮૯૨ (૬૭૦૭/૨)

**બે કુટુંબ રહી શકે એવું ડુપ્લેક્ષ**
ગેસ, નળ, બોર, લાઈટ, પ્લાન પાસ, જ્ઞાતિ બાદ નથી, મોચીનગર-૬, ૮૪૦૧૯ ૫૧૫૬૧, ૯૦૧૬૫ ૪૮૩૩૬ (૬૭૦૮)

ટોપ બંગલો-૧૩૮ વાર, મોટી ટાંકી ચોક પાસે, કરણપરામાં ૧૦૦ વાર, ગોંડલ રોડ પુલ પાસે, ૭૫૦ ફુટ, દુકાન અપરલેવલ, મધુ એસ્ટેટ, ૯૯૦૯૯ ૧૨૦૧૩,૮૦૦૦૧ ૯૦૦૦૭(૬૭૨૧/૨)

**શશી પબ્લીસીટી**
૧/૩ લક્ષ્મીવાડી કોર્નર, રાજકોટ.
દરેક પેપરની ટચૂકડી જા.ખ. માટે મળો: પ્રકાશ ગાંગડીયા
મો: ૯૮૨૫૫ ૫૫૮૪૫, ૮૮૪૯૩ ૮૦૭૪૮

## યાત્રા પ્રવાસ

**રામા ટ્રાવેલ્સ-જેતપુર ધમાકા-ધમાકા-ધમાકા**
ઉજજૈન, ઓમકારેશ્વર, ચિત્રકુટ, અલ્હાબાદ, કાશી, અયોધ્યા, હરિદ્વાર, મથુરા, રામદેવડા, અંબાજી દિવસ-૨૦ ભાડુ રૂા. ૯૦૦૦/- રહેવા- જમવા સાથે ઉપડશે. તા. ૧/૬/૨૪ (૨) દિવસ-૨૦ રૂટ ઉપર મુજબ ભાડુ રૂા. ૭૦૦૦/- (ફકત ભાડુ) મો. ૯૯૭૮૮ ૧૨૫૩૮

## ધંધાદારી

**ખાણ ખનીજ**
ખાણ ખનીજની કોરી લીઝ માઈનીંગ લીઝ અપીલ અરજી રીવીઝન અરજી તથા ખાણ ખનીજને લગતા કોઈપણ પ્રશ્નોનું નિરાકરણ સફળ તાપૂર્વક કરી આપશું તેમજ ખાણની જમીન માલીકીના ધોરણે મેળવવા માટે તેમજ ખેતીની જમીન ૧૨ વર્ષના કબજા પછી માલીકીના ધોરણે મેળવવા માટે સંપર્ક : હસમુખભાઈ જોષી - ૮૮૪૯૫ ૪૫૫૪૩

**ગણેશ રીનોવેશન**
તમારા મકાન, ફલેટ, ઓફિસને કરાવો ચકચકાટ, બજેટથી વિશેષ રીનોવેશન માટે મળો. ચણતર, પ્લાસ્ટર, લાદીકામ, પ્લમ્બિંગ, કલર કામ, ફેબ્રીએશન કામ તથા પથ્થરના કબાટ કામ પથ્થર કબાટ મજુરી માલ સહિત તદન રીઝનેબલ ભાવથી સંતોષપૂર્વક કરી આપશુ. આર્કિટેક મિત્રો પણ કોન્ટેકટ કરો, મો. ૯૫૮૬૭૯૦૦૪૦ / ૭૯૮૪૫ ૨૨૮૩૨

**શુધ્ધ અને સાત્વિક**
ઘર જેવું ટીફીન બનાવી આપીશું. ૭૨૨૬૯ ૮૦૩૬૫

## વેચવાનું છે

**વેચવાનું છે ટેનામેન્ટ**
ગુંદાવાડી-૧૨માં ૩ બેડ, હોલ, કિચન, પાર્કિંગવાળુ, મો. ૯૯૨૪૮ ૭૨૦૮૫

**મકાન વેચવાનું છે**
૧૦૦ વાર, બીમ કોલમ, કાર + ૨ વ્હીલર, વિશાળ પાર્કિંગ, ૨ એન્ટ્રી, ૨ ફેમીલી રહી શકે તેવું ૨૬.૫×૩૩.૫, સોની બજારથી તદન નજીક મો. ૭૮૦૧૮ ૪૧૯૧૮

**સોનીભાઈઓ માટે ખાસ ફલેટ વેચવાનો છે**
૩ બીએચકે, પેલેસ રોડ ટચ ૮૦૦ કાર્પેટ, ૧ માળે ૧ ફલેટ ફુલ હવા ઉજાસ પાણી ગેસ લાઈન, ફુલ ફર્નિચર સાથે, ૯૪૨૬૨ ૨૯૩૬૮

**જુનુ મકાન વેચવાનું છે**
માસ્તર સોસાયટી, ૩૦૦ વાર મો. ૮૩૨૦૯ ૫૮૮૪૬

**સેટી વેચવાની છે**
ગાદલા વગર બે સેટી ૬×૩, ગાદલા સાથે બે સેટી ૬×૨॥ મો. ૯૭૩૭૦ ૫૮૦૬૮

**પ્રાઈમ લોકેશનમાં ફલેટ**
વેચવાનો છે. ૨ બીએચકે, ફર્નિચર એસી સાથે, રીલાયન્સ મોલ પાછળ, ઓસ્કાર ટાવર્સમાં ૯૩૭૪૧ ૦૭૨૮૯

**વેચવાનું છે**
વિરાટનગર શેરી નં.૫, નાલંદા સ્કુલ પાસે, સુચિત, ૫૬ વાર, કિંમત ૧૬ લાખ, મિનાક્ષી સોસાયટી શેરી નં. ૧, ટાઈટલ કિ.૧૩૬ વાર, ૪ બેડ રૂમ, બે કિચન, ફોર વ્હીલ પાર્કિંગ, કિં. ૭૦ લાખ, ન્યુ કેદારનાથ સોસાયટી શેરી નં. ૬, ૩૫ વારના ૨ મકાન, કિં. ૧૪ લાખ, મો. ૯૯૦૪૩ ૪૪૦૯૫

## ભાડે આપવાનું છે

**સ્વતંત્ર મકાન ભાડે આપવાનું છે**
સ્વતંત્ર ૨ બીએચકે, ડેલી બંધ ફળીયા સાથે, નોકરીયાતને જ ભાડુ-૧૧,૫૦૦, પી.ડી.એમ. કોલેજ પાસે, સ્વામીનારાયણ ચોક, રાજકોટ. ૯૪૨૬૨ ૨૯૩૬૮

## જોઈએ છે

**રાજકોટ માટે ડ્રાઈવર જોઈએ છે**
બલેનો તથા સીયાજ ગાડી ચલાવી શકે તેવા અનુભવી ડ્રાઈવર મો. ૯૪૨૯૩ ૧૬૯૩૮

**સેલ્સમેન / માણસો જોઈએ છે**
જલારામ ટ્રેડીંગ ગીફટ શોપ, ગુંદાવાડી મેઈન રોડ, રામજી મંદિર પાસે, ૯૯૦૯૮ ૨૮૫૪૪

**જોઈએ છે**
**ઓટોમોબાઈલ્સ પાર્ટસની દુકાનમાં કામ કરી શકે તેવા માણસો**
અનુભવીને પ્રથમ પસંદગી. રૂબરૂ મળો.
**રક્ષીત એન્ટરપ્રાઈઝ**
૩-વિજયપ્લોટ, ગોંડલ રોડ, સુર્યકાંત હોટલ પાસે, રાજકોટ

**ફલેટ વેચવાનો છે**
રેસકોર્ષ પ્રાઈમ લોકેશનમાં, ૨ બીએચકે, ફર્નિચર સાથે, કિં. ૪૦ લાખ, મો. ૯૪૨૬૭ ૧૨૧૩૬ (૬૬૮૨)

**તાત્કા. દુકાન વેચવાની છે**
સુપર લોકેશન, ૮૦ ફુટનો કોઠારીયા રોડ, કિ. ૪૫ ફાઈનલ, મો. ૯૪૦૮૯ ૨૪૫૧૮ (૬૭૧૩)

**જંકશન ફલેટ**
૧ બીએચકે ટેરેસ સાથે ફલેટ વેચવાનો છે. લીફટ, પાણી, ૯૪૨૮૨ ૩૩૯૧૯

**પ્લોટ વેચવાનો છે**
ગ્લોબલ ગ્રીન ઈશ્વરીયા ૧૮ પૈકી ૨, વાર ૧૦૩, ૩૦નો રોડ, કાલાવડ રોડ, બ્રોકર આવકાર્ય, ૯૪૨૬૯ ૪૩૨૮૧ (૬૭૨૭/૧)

**મકાન વેચવાનું છે**
૧૧૧ વાર, ૩ બીએચકે, સ્વામીનારાયણ મંદિર પાસે, કાલાવડ રોડ, બ્રોકર અશોકભાઈ : ૯૪૨૬૯ ૪૩૨૮૧ (૬૭૨૭/૨)

**ધ્રુવ એડસ**
હિરા કોમ્પ્લેક્ષ, બીજા માળે, ફુલછાબ ચોક પાસે, પટ્ટણી સોની બોર્ડીંગ સામે, રાજકોટ-૧.
M. 96247 10323

**જોઈએ છે**
જોઈએ છે
અનુભવી બાઈન્ડર અને કટીંગમેન, હિંમતલાલ પ્રેસ, પરા બજાર.

**વેંચવાનું છે**
દુકાન/ઓફિસ વેચવાની
(૧) સદ્‌ગુરૂ માર્કેટ શોપ નં. ૬, સીટી સેન્ટર સામે (૨) સદ્‌ગુરૂ તીર્થધામ, શોપ નં. ૨૩, ગ્રાઉન્ડ ફ્લોર, રૈયા રોડ, રાજકોટ. મો. ૯૮૨૫૪ ૭૯૧૦૦

ફ્લેટ વેંચવાનો છે
૩ બીએચકે, લીફ્ટ વગર, ૧૨૮૦ ફૂટ, ગેલેક્સી સિનેમા પાછળ, ૯૦૧૬૯ ૪૦૭૭૧

**એપેક્ષ એડવર્ટાઈઝીંગ**
કોમર્સ હાઉસ, ઢેબર રોડ, વન-વે, રાજકોટ.
મો. ૯૪૨૬૯ ૯૧૮૦૦

**મકાન વેચવાનું છે**
૩-બેડ, હોલ, કીચન, ફુલ ફર્નિચર, ૧, બેકબોન પાર્ક, 'કિશન', બાલાજી હોલ પાછળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, મો. ૯૮૨૪૨૦૬૪૨૧

**સેલ્સમેન જોઈએ છે**
હોઝયરી-નાઈટવેરના રીટેઈલ શો-રૂમ માટે જેન્ટસ સેલ્સમેન રૂબરૂ મળો 'મનહર', ધર્મેન્દ્ર રોડ, જોગેશ્વરીની બાજુમાં, રાજકોટ. મો. ૯૪૮૪૮ ૮૦૭૦૦

**ડુપ્લેક્ષ બંગલો વે.નો છે**
૩-બીએચકે., ૧૧૦ વાર, ૨૦ ફુટ નો ફ્રન્ટ, ઈસ્ટ વેસ્ટ ઓપન, ફિક્સ્ડ ફર્નિચર, તમામ સુવિધા સાથે વોકહાર્ટ હોસ્પિટલ સામે, કાલાવડ રોડ અને ૧૫૦ ફુટ રોડની નજીક, બ્રોકર આવકાર્ય, કિં.૧.૩૦, મો. ૯૬૮૭૬ ૩૦૯૦૮

**વેચવાના છે**
રોયલ પાર્કમાં ૩ બીએચકે, ૧૨૫૦, કારપેટ રીનોવેટ સાથે સેમી ફર્નિચર સાથે તુરંત વેચવાનો છે. (કસમાં) ૯૪૨૬૧ ૭૪૬૮૦ (૬૭૧૨/૧)

**ફલેટ વેચવાના**
લકઝરીયસ ફલેટો સર્કિટ હાઉસ તેમજ શ્રોફ રોડ ઉપર ૧૩૦૦ થી ૧૭૦૦ કારપેટના ફુલ્લી ફર્નિશ / સેમી. ૯૪૨૬૧ ૭૪૬૮૦ (૬૭૧૨/૪)

**વેચવાનું છે**
રૈયા રોડ ઉપર મીરાનગરમાં કાટખુણાનું ૮૩ વારમાં ૨ બીએચકે ફર્નિચર સાથે ૯૪૨૬૧ ૭૪૬૮૦ (૬૭૧૨/૫)

**વેચવાનું છે**
વાણીયાવાડી મેઈન રોડ ઉપર કોમર્શિયલ થાય તેવું મોટા મોઢાનું, ૬૩ વારનું મકાન, ૯૪૨૬૧ ૭૪૬૮૦ (૬૭૧૨/૬)

**મકાન વેચવાનું છે**
૫૦ વાર, કિ. ૨૭ લોનેબલ, મેહુલનગર-૧, કોઠારીયા મેઈન રોડ, ઉપર નીચે બંધ શેરી, ૨ બીએચકે, ટાઈટલ કલીયર, મો. ૮૮૪૯૯ ૫૩૯૦૨ (૬૭૩૧)

## ધંધાદારી

**સાંઝાચુલા (ગુજરાતી થાળી)**
ફકત રૂા. ૭૫માં ફુલ થાળી, રોટલી, દાળ, ભાત, શાક, સંભારો (૨ શાક) ઈન્દીરા સર્કલ પાસે, કાલાવડ રોડ, રામ ઔર શ્યામ ગોલાવાળાની બાજુમાં, ફોન : ૯૯૭૯૯ ૧૬૩૫૬/૯૯૨૪૫ ૭૮૧૪૪ (સી)

સાંઈરામ, ઘરે બેઠા આઈ.ટી. રીટર્ન અને GST સર્વિસ મેળવો, મો. ૯૩૭૬૬ ૪૨૩૬૦ (એસ/એસ)

**ગાર્ડન માટે લોનમુવર**
ઈલેકટ્રીક તથા નેમીપુઅલ લોનમુવર ભારમલ બ્રધર્સ રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનની સામે, ઢેબર રોડ, રાજકોટ. મો. ૯૮૨૫૩ ૨૦૮૨૯ (મહાદેવ)

**ઘરબેઠા ફ્રીઝ રીપેરીંગ**
સીંગલ-ડબલ ડોર ફ્રીઝ માટે શ્રી સદગુરૂ રેફ્રીજરેશન, રૈયા રોડ, મો.૯૪૨૬૨ ૩૮૨૧૪ (૬૫૯૮)

**શ્રી યમુના પેકેજીંગ - રાજકોટ**
પ્લાસ્ટીક બોકસ-પ્લાસ્ટીક બોકસ ઝટકા મશીન બનાવવા- ઓટો પાર્ટસ ઓટો મોબાઈલ્સ- નટ બોલ્ટ- મશીન પાર્ટસ- ટ્રેકટર પાર્ટસ-જેસીબી પાર્ટસ- ટુલ્સ- હાર્ડવેર-બ્રાસ પાર્ટસ- મોબાઈલ એસેસરી- વી.એમ.સી. - સી.એન.સી. - પાર્ટસ ઈલેકટ્રોનિક પાર્ટસ- ચશ્માની ફ્રેમ તથા ગ્લાસ રાખવા, મેડીકલ (દવાઓ રાખવા) સર્જીકલમાં- પ્લેટ- સ્ક્રુ તથા નેઈલ રાખવા, સોની કામના ઓજાર- ચાંદી કામ વેક્ષ માટે-કટલેરી હોઝીયરી તથા આપની નાની મોટી ફેકટરીમાં દરેક જાતના ટુલીંગ- પાર્ટસ રાખવા માટે પ્લાસ્ટીકના હેવી બોકસ હાજર સ્ટોકમાં મેળવવા માટે- શ્રી યમુના પેકેજીંગ, રાજકોટ. મો. ૯૮૭૯૪ ૭૯૬૯૫, ૯૭૨૭૮ ૭૪૨૬૬ (૬૪૯૪)

ઘર બેઠા બત્રીસી બનાવી આપશુ તથા ફિકસ દાંત ગોલ્ડન, સિલ્વર બનાવી આપશું. દાંતના તમામ કામ માટે મળો. ભારતીબેન પંડયા : ૯૯૯૮૦૦૧૭૧૪ (૬૫૯૯)

**સુથારી કામ**
ફર્નિચર, ડોર, બારી, કાચ, સોફા, નવું જુનુ કામ કરનાર, મો. ૯૭૨૭૦ ૫૧૭૧૭ (૬૭૦૦)

**ઘેર બેઠા વેલ્ડીંગ**
ડેલા, છાપરા, સ્ટીલની રેલીંગ, રોલીંગ શટર, ચેર, નવું તથા જુનુ રીપેરીંગ કરનાર. મો. ૯૭૨૭૦૫૧૭૧૭(૬૭૦૦)

**વોટર પ્રુફીંગ**
અગાસી, મકાન, દુકાન, કલર, લાદી, મારબલ, નવુ જુનુ રીનોવેશન કરનાર, ૯૭૨૭૦ ૫૧૭૧૭(૬૭૦૦)

**હોમ કેર**
૩૩ વર્ષ સરકારી હો. અનુભવ, ડ્રેસીંગ, ઈન્જેકશન, પાઈન્ટ, એનીમા, કેથેટર વગેરે. મો. ૯૯૨૪૮ ૭૦૧૨૬ (૬૬૪૧)

**ઘરઘંટી, વોશીંગ મશીન, ફ્રીઝ**
ગીઝર, આરો, ઓવન, ગેસ ચુલો રીપેરીંગ, મો. ૯૭૨૩૧ ૨૫૯૬૪ (૬૪૬૬)

**એસી, ફ્રીઝ, વોશિંગ મશીન,**
વોટર કુલર, રીપેરીંગ / સર્વિસ, મહેન્દ્રભાઈ- ૯૮૨૪૬ ૯૪૫૬૭ (૬૬૩૨)

**પ્રોપર્ટી પોઈન્ટ**
બ્રોકર : અભિષેક લાખાણી
(લે-વેચ-ભાડે) ૯૫૮૬૦૦૭૦૭૮

**પ્લોટ વેચવાનો છે**
યુનિ.રોડ કન્યા છાત્રાલયની સામે નીલકંઠનગર ૩૯×૪૬.૫=૨૦૩ વાર ૨૫નો રોડ, ભાવ વારના ૬૬૦૦૦

**કસમાં ડુપ્લેક્સ વેચવાનું છે**
એરપોર્ટ રોડ રૂચી બંગલા સામે જસાણી પાર્ક, સારી લોકાલિટી, ૭૫ વાર, ૨ બેડ, હોલ, કીચન, ફર્નિચર, કિં. ૫૮ લાખ માન રહેશે.

**મકાન વેચવાનું છે**
રેસકોર્સ રિંગ રોડ, એરપોર્ટ રોડ, મારૂતિનગર આશરે ૭૫ વાર, ૨ બેડ, હોલ, કિચન, ફર્નિચર, કિં. ૫૫ લાખ

**કસમાં ફલેટ વેચવાના છે**
જામનગર રોડ, નાગેશ્વર મંદિર નજીક (૧)૩ બેડ હોલ લીફ્ટ, કિં. ૨૪, લાખ (૨) ૨ બેડ હોલ, કીચન, કિં. ૧૬લાખ

**ફલેટ ભાડે આપવાનો છે**
રેસકોર્સ રિંગ રોડ નજીક એરપોર્ટ રોડ, સદગુરૂ વાટિકામાં મોટો કાર્પેટ, ૩ બેડ, હોલ, કીચન, ફર્નિચર, ટીપટોપ કન્ડિશન લીફ્ટ, વોચમેન પાર્કિંગ ભાડુ-૨૨૦૦૦

**ડુપ્લેક્સ ભાડે આપવાનું છે**
એરપોર્ટ રોડની સારી સો. સ્વતંત્ર ૨ બેડ, હોલ, કિચન, ફર્નિચર, બેડ, એસી, ગ.સ.પ્રા.લી. ભાડુ ૧૬૦૦૦

**ફલેટ ભાડે આપવાના છે**
(૧) એસ્ટ્રોન ચોક નજીક જાગનાથમાં ૨ બેડ, હોલ, કીચન, ફર્નિચર બીજા માળે (લીફ્ટ નથી) ભાડુ ૧૧,૦૦૦(૨) એરપોર્ટરોડ રેસકોર્સપાર્ક ૨ બેડ, હોલ, કીચન બીજા માળે (લીફ્ટ નથી) ભાડુ ૧૦૦૦૦

**કામદાર પબ્લીસીટી**
કોઈપણ દૈનિક ન્યુઝ પેપરની નાની-મોટી કે ટચુકડી જાહેરાત આપવા સંપર્ક કરો
ચંદ્રકાન્તભાઈ કામદાર-૯૮૭૯૨ ૬૬૫૧૫
નિતેશ કામદાર-૯૮૯૮૯ ૭૨૮૩૮
પ્રમુખસ્વામી આર્કેડ, ૩જા માળે, માલવીયા ચોક, રાજકોટ

MRP ઉપર ૧૭૦ ટકા, લેસ ૩૨૫ ટકા ફાયદો મનપસંદ બ્રાન્ડ શર્ટ, કિશોર (કેની) જૈન, ધર્મેન્દ્ર, રોડ, ૭ કડીયા નવલાઈન, સમય ૫ થી ૮ (૬૭૧૮)

## વાહન લે-વેચ

હુન્ડાઈ ક્રેટા ૨૦૧૯/૪, ટોપ મોડલ, વ્હાઈટ ઓટો ગિયર, ફુલ વિમો, અલ્ટો ૨૦૧૯ જુજ વપરાયેલ, રાજ પાર્સીંગ, વનઓનર, લોન + બદલો થશે. ૯૯૦૯૯ ૧૨૦૧૩/૮૦૦૦૧ ૯૦૦૦૭(૬૭૨૧/૧)

**કાર લેવા-વેચવા**
ટીગોર ૨૦૨૨, ઈલેકટ્રીક ટોપ મોડલ, ૫૬૦૦ ચાલેલી, મો. ૯૮૨૪૨ ૯૨૮૩૭ (૬૭૨૨/૧)

**કાર લેવા-વેચવા**
(૧) અર્ટીગા ૨૦૧૫ VDI ૧ ઓનર (૨) બ્રીઓ ૨૦૧૫ ઓટોમેટીક ૧ ઓનર (૩) હોન્ડા સીટી-૨૦૧૫ ઓટોમેટીક (૪) સ્વીફટ ડીઝાયર ૨૦૧૩+૨૦૨૦ ZXI ૧ ઓનર, મો. ૯૮૨૪૨ ૯૨૮૩૭ (૬૭૨૨/૨)

**આપના ધંધાકીય વિકાસ માટે ટચુકડી જાહેરાત આપી આપના ધંધાનો વિકાસ**

## લગ્ન વિષયક

શ્રી વલ્લભભાઈ માધવજીભાઈ સોજીત્રા (વિધુર૧.૫ વર્ષ) ઉ.૫૪, અભ્યાસ એમ.એ., એક બાળક, ઉ.વ.૬, લેઉવા પટેલ, ડેન્ટલ કોલેજ જામનગર, લેઉવા પટેલ, ૩૨ થી ૪૫ વર્ષ અથવા ઉચ્ચ જ્ઞાતિની સંસ્કારી પાત્રએ સંપર્ક કરવો:૯૬૨૪૦૭૫૦૫૦ (ગાંધી)

## ભાડે આપવાનું છે

**ઓફીસ ભાડે આપવાની છે**
એ.સી., ફર્નિચર, પી.ઓ.પી. સાથેની પ્રમુખસ્વામી આર્કેડ, માલવિયા ચોક, રાજકોટ. મો. ૯૯૨૫૮ ૭૫૯૧૯ (૬૭૧૦)

**મકાન ભાડે આપવાનું છે**
રોયલ પાર્ક, શે. નં. ૫, મો. નં. ૯૪૨૮૨ ૭૪૫૬૩ (૬૭૦૯)

**ભાડે દેવાના છે**
જુના જાગનાથમાં ૨ બીએચકે સેમી, યુનિવર્સિટી રોડ ઉપર ૨ બીએચકે, સેમી ફર્નિચર સાથે ૯૪૨૬૧ ૭૪૬૮૦ (૬૭૫૨/૨)

**ભાડે દેવાનો**
ચૌધરી હાઈસ્કુલ નજીક ૪ બીએચકે, સેમી ફર્નિચર સાથે ૧૭,૦૦૦, ૯૪૨૬૧ ૭૪૬૮૦ (૬૭૫૨/૩)

**ભાડે દેવાનું**
૧ બીએચકે, ગેસ, કિચન, સોફા, લીફટ, ૮૦૦૦ : ૯૪૨૬૧ ૭૪૬૮૦ (૬૭૧૨/૭)

**એડેક્સ મીડીયા લીંક્સ**
જાહેરાત 99 242 34 642 વોટસએપ કરો અને ઓનલાઈન પેમેન્ટ કરો
309 - માધવ કોમ્પલેક્ષ, હોટલ ઈમ્પીરીયલ સામે, યાજ્ઞિક રોડ, રાજકોટ. મો. 99 242 34 642

**ભાડે વિભાગ**
કાલાવડ રોડ સ્વામિનારાયણ મંદિર પાછળ પોશ એરીયા, પાંચ મોટા રૂમ ફકત ઓફિસ, ગોડાઉન, પ્લે હાઉસ માટે ભાડે. મો.૬૩૫૨૧ ૫૮૯૧૨

**ધંધાદારી**
૧૨ પાસ હોય તેવા ૧૦૦ યુવાનોની તાત્કાલીક જરૂર છે મો.૯૪૨૮૯ ૫૩૬૮૩

**ધંધાદારી**
આધારકાર્ડ અને પાનકાર્ડ લિંક કરી આપીશું. મો. ૯૪૦૮૫ ૧૪૧૪૧

આધારકાર્ડ તથા પાનકાર્ડ માં નામ, નંબર અને એડ્રેસ ફેરવી આપીશું અને નવા પણ બનાવી આપીશું. મો. ૯૪૦૮૫ ૧૪૧૪૧
6725

**વિકાસ પબ્લીસીટી**
RK સુપ્રીમ, 1120-1121, 11માં માળે, ટવીન સ્ટાર સામે, 150 ફુટ રીંગ રોડ, રાજકોટ.
Mo. 98795 18143 • 99795 18143

## વેચવાનું છે

**બંગલો વેચવાનો છે**
એરપોર્ટ વિસ્તાર, રૂચી બંગલો, ૧૩૦ વાર, ૩ બીએચકે, ફુલ ફર્નિચર સાથે. કિ. ૧.૩૦. મો. ૯૮૨૫૧ ૫૦૫૦૭

**ઈકો વેચવાની છે**
પેટ્રોલ, એસી, ૫ સીટર, જીજે-૩, સિલ્વર, વન ઓનર, નવેમ્બર-૨૦૧૧ મોડેલ, માત્ર ૪૧૦૦૦ કિમી, વ્યાજબી કિંમતે. ૯૮૨૫૪ ૯૭૮૯૭

**બંગલો વેચવાનો છે**
૧૧૭ વાર, ૩ બીએચકે કોર્નરનો ફર્નિચર સાથે, નોર્થ-વેસ્ટ ઓપન, મીરાનગર ૫/૩, રૈયા રોડ. મો. ૯૩૨૭૧ ૧૨૩૪૧

**ફ્લેટ વેચવાનો છે**
૨ બેડ, સીટી કોર્ટયાર્ડ, રૈયાધાર, શાંતીનગર. મો. ૯૯૨૫૬ ૧૧૬૫૩

## જોઈએ છે

**રસોઈ માટે બહેન જોઈએ છે**
સવારે ૯ (નવ) થી રાત્રે ૮ (આઠ) સુધી રોકાઈ રસોઈ ને લગતું કામ કરી શકે તેવા. મો. ૯૪૨૬૬ ૯૮૯૯૦

**મકાન ભાડે આપવાનું છે**
એક બેડ હોલ, કિચન, બાથ સંડાસ, ફુલ પાણી, શ્રી કૃષ્ણ કુંજ, જલારામ-૨, યુનિવર્સિટી રોડ, પંકજભાઈ મો. ૯૭૨૬૨ ૪૨૮૧૨ (૬૭૧૫)

સાધુ વાસવાણી મેઈન રોડ ઉપર મકાન તથા દુકાન ભાડે / દેવાની છે. મો. ૯૪૨૭૭ ૨૧૮૩૬ (૬૭૧૬)

**ફલેટ ભાડે**
જંકશનમાં ૧ બીએચકે, ગં. સં.ને ફેમીલી, ૩ સભ્ય માટે, ૯૪૨૮૨ ૩૩૯૧૯ (૬૭૦૫)

**ફલેટ-મકાન ભાડે દેવાનું**
ગુંદાવાડીમાં ૧ બેડ તથા ૨ બેડના ફલેટ, લીફટ નથી, નિલકંઠ ટોકીઝ સામે, બીજા માળે, ૨ રૂમ, કિચનનો ફલેટ, ગુંદાવાડીમાં ૩ બીએચકેનું મોટુ, સ્વતંત્ર મકાન, મેહુલનગરમાં ૨ બેડ તથા ૪ બેડનું મકાન ભાડેથી બ્રોકર : પ્રમોદભાઈ પંડયા : મો. ૯૮૭૯૦ ૭૮૯૭૧ (૬૭૨૯)

**મકાન ભાડે આપવાનું છે સરકારી-નોકરને**
ઠે. સ્વસ્તિક ક. ટાઉશીંગ સોસાયટી, વોર્ડ નં. ૨૨, સત્યમ મકાન, રાજકોટ. દલાલે તકલીફ લેવી. મો. નં. ૮૪૬૯૬ ૦૦૦૦૮ (૬૭૨૬)

## યાત્રા પ્રવાસ

**શ્રી હરિરાય યાત્રા**
વ્રજ લીલી પરિક્રમા ૮૪ કોષ, રાજકોટથી તા.૧૦-૯-૨૦૨૪ના ટ્રેન બસ દ્વારા દિવસ- ૧૫ (૬૭૦૬)

**સદગુરૂ યાત્રા**
(૧) હૈદરાબાદ, સિકંદરાબાદ, શ્રીસેલમ મલ્લિકાર્જુન, તિરૂપતિ, વેલુર, ગોલ્ડન ટેમ્પલ, રામોજી ફિલ્મ સીટી (૨) બેંગ્લોર, મૈસુર, ઉટી, મદુરાઈ, કન્યાકુમારી, રામેશ્વરમ, તિરૂપતિ (૩) કાઠમંડુ, પોખરા, ચિતવન, મનોકામના, લુમ્બિની, ગોરખપુર-ગુજરાતી ભોજન, કપલ રૂમ-દાસભાઈ : ૯૮૨૫૪ ૦૯૯૪૦ / ૮૧૫૫૮ ૮૧૨૮૮ (૬૭૧૮)

**નયન પબ્લીસીટી**
સોરઠીયાવાડી ચોક કોર્નર, રાજકોટ
દરેક પ્રકારની ટચૂકડી જા.ખ. માટે મળોઃ
મહેશભાઈ - મો. ૯૮૨૪૫ ૩૧૪૧૭/૯૭૩૭૪૮૦૨૪૮

**છોકરા જોઈએ છે**
આઈસ્ક્રીમની ડિલેવરી માટે કોઠારીયા મેઈન રોડ, મો. ૯૯૭૪૫ ૯૪૭૪૫

**મકાન વેચવાનું છે**
સત્યમપાર્ક-૨, ઈકવીટી હુન્ડાઈ શોરૂમ સામે, ૩ બીએચકે + સીડી રૂમ, મો. ૯૮૨૪૩ ૪૬૭૫૯

**જોઈએ છે**
કુર્તિ, લેગીઝ માટે સેલ્સમેન, હેલ્પર, ફુલ ટાઈમ, હાફટાઈમ, લેડીઝ જેન્ટસ, ગુંદાવાડી, રાજકોટ. ૯૯૦૪૨ ૨૮૨૧૩

**બહેનો જોઈએ છે**
મહેનતુ, વાણીયાવાડીના નજીકના વિસ્તારમાંથી મો. ૯૯૦૪૭ ૪૬૧૬૧

**કસમાં ફલેટ વે. છે**
૧ બીએચકે, પૂર્વ પશ્ચિમ ઓપન કુલ હવા ઉજાસ, પાણી ભ. સર્કલ નજીક, ૬૩૫૩૨ ૬૦૨૪૩

**કસમાં મકાન વેચવાનું**
માત્ર ૫૦૦૦ રૂા.માં વાર, જુનુ મોકાનું, ટાઈટલ કલીયર, કોટક શેરી, મેઈન રોડ, ગામ- પડધરીમાં માત્ર રૂા. ૧૫ લાખમાં, મો. ૯૮૯૮૩ ૮૮૩૬૬

**ન્યુ ફલેટ (૩) વેચવાના**
૫ ફલેટના બિલ્ડીંગમાં ૩ ફલેટ વેચવાના, ૧૦૩૦ કાર્પેટ, ૩ બેડ હોલ કિચન સેમી ફર્નિશ્ડ, ગેસ લાઈન, વેસ્ટ ઓપન, એરોડ્રામ પાસે, ગીત ગુર્જરી સોસાયટી મેઈન રોડ, યોગ્ય બદલો ચાલશે. મો. ૯૮૯૮૧ ૮૦૨૦૪

**માત્ર રૂા. ૯૯૯માં**
ઈન્કમટેક્ષ રીટર્ન માત્ર રૂા. ૯૯૯માં કોન્ટેક ૯૯૨૫૮ ૦૦૯૫૧

**૩ બીએચકે ફલેટ વે.**
રૈયા ટેલીફોન એકસચેંજ પાસે, શ્રીજી કોમ્પલેક્ષ, બ્રોકર આવકાર્ય, ૯૯૭૪૪ ૧૪૨૪૮

**એકાઉન્ટન્ટ જોઈએ છે**
જીએસટી ઈન્કમટેક્ષ ટીડીએસ મીનીમમ-૩ વર્ષના અનુભવી લોકો જ સંપર્ક કરે (ફુલટાઈમ માટે જ) રવિ પ્રકાશન (શો રૂમ) ચિરાગભાઈ ૯૩૧૬૫ ૩૩૫૮૮

**ઔષધ ચમત્કાર**
સાયટીકા, ગોઠણ, કમરનો દુઃખાવો વા-વાના સોજા, હરસ, પથરી, ડાયાબીટીસ, ૫૦૦ ટકા મટાડવા માટે મો. ૯૮૨૪૮ ૬૦૨૯૯

**ફુલટાઈમ જોઈએ છે**
આકર્ષક પગારથી કાયમી ધોરણે ભાઈઓ તથા બહેનો, પુસ્તકોનો શોરૂમ રવિ પ્રકાશન (બ્રાન્ચ) યાજ્ઞિક રોડ, રામકૃષ્ણ આશ્રમની બાજુમાં (બ્રાન્ચ) કેકેવી હોલ પાસે, પંજાબ હોન્ડાના શોરૂમ સામે, ચિરાગભાઈને રીઝયુમ સાથે મળો. રાત્રે ૮ થી ૯

**એકાઉન્ટીંગ તથા સેલ્સ**
પર્સન જોઈએ (ફુલટાઈમ માટે જ) બહેનો તથા ભાઈઓ મીરેકલ ટેલીના અનુભવી રવિ પ્રકાશન, શોરૂમ, ચિરાગભાઈ ૯૩૧૬૫ ૩૩૫૮૮

**૧ બીએચકે ભાડે દેવાનું**
ઉપરના માળે, કોઠારીયા રોડ, હુડકોમાં નળ, બોર, ગેસલાઈન, ફર્નિચર ભાડુ ૬૦૦૦/- નાના નોકરીયાત ફેમીલીને મો. ૮૮૪૯૫ ૫૬૩૬૪

**જાહેરાત માટે મળો**
દરેક છાપામાં ટચુકડી, શ્રધ્ધાંજલી, ડીસ્પ્લે, વગેરે જાહેરાત આપવા માટે મળો. નયન બુક સ્ટોલ એન્ડ પબ્લીસીટી, સોરઠીયા વાડી ચોક (કોર્નર) રાજકોટ મો. ૯૮૨૪૫ ૩૧૪૧૭

**સુચિત મકાન વે. છે**
ગોંડલ ચોકડી ૫૬ વાર, કિં. ૧૨ લાખ, મો. ૯૭૨૬૪ ૪૨૭૩૧

**મકાન વેચવાનું છે**
'અક્ષર' યાગરાજનગર-૧, હોલી ડેમર સ્કુલ પાસે, અયોધ્યા ચોક પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, મો. ૯૯૨૪૯ ૮૬૭૮૯

**કસમાં મકાન વે. છે**
ગોંડલમાં પ્રોપર્ટી તાત્કાલીક વેચવાની છે. પાર્ટીને વિદેશ જવાનું હોવાથી કસમાં વેચવાનું છે. કૈલાસબાગ સોસાયટી શેરી નં. ૯, ૩ બીએચકે, ફુલ ફર્નિચર ગોંડલ મો. ૭૩૮૩૨ ૯૪૨૪૬

**સેલ્સમેન જોઈએ છે**
જવેલરી સોફટવેર સેલ્સપર્સન (અનુભવ જરૂરી) ફોન કરો, રવિવાર ૧૦ થી ૪ મો. ૮૮૬૬૬ ૨૩૯૮૭

**લગ્ન વિષયક યુવતી જોઈએ છે**
જૈન વિધુર નિઃસંતાન એકલા રહેતા સુખી ઘરના મકાન સારી નોકરી પંદર હજાર પગાર ધરાવતા યુવક ઉ.વ.૬૫ માટે યોગ્ય ઉચ્ચ જ્ઞાતિ, નિઃસંતાન યુવતી જોઈએ છે. સંપર્ક : મો. ૯૮૨૪૫ ૯૫૭૬૨

# ચોટીલા હાઈવે ઉપર કિન્નરોએ ચકકાજામ કર્યો !

## તળેટી મંદિરનાં સિકયુરીટી ગાર્ડે માર માર્યાનો આક્ષેપ : કિન્નરોનાં ટોળા પોલીસ મથકે ધસી ગયા



સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તળેટી મંદિરના સિક્યુરિટી ગાર્ડ દ્વારા અપશબ્દો અને માર માર્યાના આક્ષેપો સાથે કિન્નરો દ્વારા ચોટીલા હાઈવે ચક્કાજામ કરવામાં આવ્યો હતો. જેમાં ચોટીલાના કિન્નરો ટોળા સાથે ચોટીલા પોલીસ મથકે ધસી જઈ આ બાબતે પોલીસ ઈન્સ્પેક્ટરને પણ રજુઆત કરી હતી.

ચોટીલા ચામુંડા માતાજીના મંદિરે દરરોજ અને એમાંય ખાસ કરીને પૂનમ અને તહેવારો ટાણે શ્રદ્ધાળુઓની ભારે ભીડ જામે છે. અને દર વર્ષે બંને નવરાત્રીમાં તો ચોટીલા ચામુંડા માતાજીના મંદિરે ભકતોનું ઘોડાપુર જ ઉમટે છે. ત્યારે આ ધાર્મિક જગ્યા પર કિન્નરો ભક્તોને આશીર્વાદ આપી એમના પાસેથી મળતી રકમમાંથી પોતાનું અને પોતાના પરિવારજનોનું ગુજરાન ચલાવે છે.

ત્યારે ચોટીલા તળેટી મંદિરના સિક્યુરિટી ગાર્ડ દ્વારા અપશબ્દો અને માર માર્યાના આક્ષેપો સાથે કિન્નરો દ્વારા ચોટીલા હાઈવે ચક્કાજામ કરવામાં આવ્યો હતો. આથી હાઈવે પર બંને બાજુ વાહનોની ખુબ લાંબી કતારો લાગી હતી. બાદમાં ચોટીલાના કિન્નરો ટોળા સાથે ચોટીલા પોલીસ મથકે ધસી જઈ હલ્લાબોલ કરવાની સાથે આ બાબતે પોલીસ ઈન્સ્પેક્ટરને પણ ઉગ્ર રજુઆત કરી હતી

આ અંગે ચોટીલાના કિન્નર સમાજે આક્રોશ સાથે જણાવ્યું કે, અમે ધાર્મિક જગ્યા પર ભકતો અને શ્રદ્ધાળુઓને આશિર્વાદ આપી એમની પાસેથી મળેલી રકમ દ્વારા ગુજરાન ચલાવીએ છીએ. પણ સિક્યુરિટી ગાર્ડ દ્વારા અમને માર મારી અને અપશબ્દો બોલી હેરાન કરવામાં આવે છે. આથી અમે બધા કિન્નરો ચોટીલા પોલીસ ઈન્સ્પેકટરને રજૂઆત કરવા ચોટીલા પોલીસ મથકે આવીને રજુઆત કરી હતી.(તસ્વીર / અહેવાલ : ફારૂક ચૌહાણ - વઢવાણ)

# વડવાજડી પાસેથી દારૂની ૧૪ બોટલ સાથે ત્રણ ઝડપાયાઃ રાજકોટના મુન્નાનું નામ ખુલ્યું

## મેટોડા પોલીસે રૂા.૪૪૮૩૦નો મુદ્દામાલ કબ્જે કર્યો: સપ્લાયરની શોધખોળ

રાજકોટ તા.૨૫

વડવાજડી પાસેથી દારુની ૧૪ બોટલ સાથે ત્રણ શખ્સોને દબોચી લીધા હતાં. જ્યારે દારુ મોકલનાર રાજકોટના મુન્ના નામના શખ્સને પકડી પાડવા શોધખોળ હાથ ધરી છે. પોલીસે દારૂ અને બાઈક સહીત રૂા.૪૪,૮૩૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

દરોડાની વિગત મુજબ, મેટોડા જીઆઈડીસી પોલીસ મથકના કોન્સ્ટેબલ નીતીન મકવાણા, લક્કિરાજસિંહ જાડેજા, રાજદિપસિંહ ગોહિલ, રવુભાઈ ગીડા, જસમત માનકોલીયા પેટ્રોલિંગમાં હતાં દરમીયાન વડવાજડી જુના ગામ તરફ જવાના રસ્તા પર ત્રણ શખ્સો બાઈકમાં દારૂ સાથે ઉભા હોવાની મળેલ બાતમીના આધારે તપાસ કરતા દારુની ૧૪ બોટલ સાથે આશિષ વાલજી મકવાણા (ઉ.વ.૨૫, રહે.વીરડા વાજડી), કરણ ઉર્ફે કાનો મહેશ દાફડા (ઉ.વ.૨૧, રહે.વડવાજડી જુના ગામમાં), મહેશ ગોવિંદ દાફડા (ઉ.વ.૪૫ રહે.વડવાજડી જુના ગામમાં) ને દારૂ અને બાઈક મળી રૂા.૪૪ હજારના મુદ્દામાલ સાથે દબોચી લીધા હતાં. જ્યારે દારૂનો જથ્થો મોકલનાર મામા ઉર્ફે મુન્નો (રહે.સદર બજાર ઈન્ડીયન ઓઈલ પેટ્રોલપંપની પાસે) નું નામ ખુલતાં તેની શોધખોળ હાથ ધરી હતી.

# કેશોદમાં સ્ટેટ મોનીટરીંગ સેલનો દરોડોઃ ૯.૫૯ લાખનું બાયોડીઝલ ઝડપાયું

**લાયસન્સ કે પરમીટ વગર વેંચાણ થતું હતુંઃ ૭૯ હજારની રોકડ, વાહનો, ટાંકી, મોબાઈલ સહિત રૂા.૪૧.૭૪ લાખનો મુદ્દામાલ જપ્તઃ કેશોદ-સોમનાથ ત્રણ રસ્તા પર સસ્તા ભાવે બાયોડીઝલ વેચનારા ત્રણ ઝડપાયાઃ ૧૦ સામે ગુનો દાખલ**

જુનાગઢ તા.૨૫

સસ્તા ભાવે ડીઝલનું વહેચાણ કરવા જવલંત પેટ્રોલીયમ બહારથી મંગાવી તેનું ડીઝલથી સસ્તા ભાવે વેચાણ કરતા હોવાની બાતમીના આધારે કેશોદ ખાતે ગુજરાત સ્ટેટ સેલ મોનીટરીંગ ગાંધીનગરની ટીમ ખાબકી કુલ રૂા.૪૧,૭૪,૫૭૦નો મુદામાલ કબજે કર્યો છે. આ અંગે કેશોદ પોલીસમાં નોંધાવેલ ગુન્હાની વિગત મુજબ કેશોદ સોમનાથ ત્રણ રસ્તા પાસે જય દ્વારકાધીશ પાનની દુકાન પાસે ખુલ્લી જગ્યામાં ગત તા.૨૩/૫/૨૦૨૪ની સાંજે ૬-૧૫ કલાકે બાતમીના આધારે ગુજરાત રાજય સ્ટેટ મોનીટરીંગ સેલના પોલીસ સબ ઈન્સ. જે.ડી. બારોટ અને તેની ટીમે ત્રાટકી આરોપીઓ બહારથી ટેન્કરમાં ડીઝલ જેવા ભળતા ભેળસેળ યુકત જવલનશીપ પેટ્રોલીયમ પ્રવાહી સસ્તા ભાવે મંગાવી પોતાના હવાલા વાળી ખુલ્લી જગ્યામાં જમીનમાં દાટેલી ટેન્કરમાં સંગ્રહ કરી જુદા જુદા વાહનોમાં બજારભાવ કરતા સસ્તા ભાવે ઈંધણ તરીકે ભરી આપી માણસોની જીંદગી જોખમાય તે રીતે ફાયર સેફટીના કોઈપણ સાધનો કે કોઈ લાયસન્સ કે પરમીટ વગર જવલંત પ્રવાહી મોટા જથ્થામાં સંગ્રહ કરી તેનું જાહેરમાં વહેંચાણ કરતા હોય



રેડ દરમ્યાન જથ્થો ૧૩,૧૦૦ લીટર કીંમત રૂા.૯,૫૯,૨૦૦ રોકડ રૂા.૭૯,૬૭૦ વહેચાણના, જમીનમાં દાટેલી બે ટાંકી રૂા.૮૦,૦૦૦, પ્લાસ્ટીકની ટાંકી રૂા.૩૦૦૦, બે વાહનો રૂા.૩૦,૦૦,૦૦૦, મોબાઈલ ત્રણ રૂા.૧૫૦૦૦, ડીપ્રેસર મશીન રૂા.૩૦,૦૦૦ મોટી પાઈપો બે રૂા.૫૦૦૦ ખુરસીઓ, પાણીનો જગ, પંખા, કેલ્કયુલેટર સહીત કુલ રૂા.૪૧,૭૪,૫૭૦નો મુદામાલ સાથે આરોપીઓ ભાવેશ પુંજા રાવલીયા (ઉ.૨૫) રે. પીપળી (કેશોદ) મજુર રફીકશા અહમદશા બાનવા (ઉ.૪૨) રે. સીડોકર (વેરાયવળ) ધંધો ડ્રાઈવર મહમદ હસન ચૌહાણ (ઉ.૩૫) રે. વાવળી (વેરાવળ), ડ્રાઈવરને દબોચી લીધા હતા.

જયારે ધંધો કરનાર મુખ્ય આરોપી ગૌતમ લખમણ કારેથી રે. વંથલી કોર્ટ રોડ, મોહીત ભગવાનજી ત્રાંબડીયા રે. વંથલી ટ્રક નં. જીજે ૩૨ ટી ૫૭૮૭નો મળી, સતીષ સરમણ સોલંકી ટ્રક નં. જીજે ૩૨ ટી ૬૧૪૧નો માલીક પુના અરજણ સોલંકી, કાળુ ગોવિંદ હુંબલ રે. ગાદોઈ (કેશોદ) ધંધો કરનાર મુખ્ય આરોપી તેમજ જગ્યા ભાડે આપનાર બે સહિત કુલ ૧૦ સામે ઈ.પી.કો. ૨૮૫, ૨૮૬, (૨૦ બી) ચીજવસ્તુ ધારા કલમ ૩-૭ એકસ્પો જીપી એકટ ૧૮૮૪ની કલમ મુજબ પોલીસ ઈન્સ. પી.કે. ચાવડા તપાસ ચલાવી (એસઓજી) રહ્યા છે.

# ભચાઉ પાસે ટ્રેઈલરે ટ્રેકટરને કચડી નાખ્યુ : ત્રણ ખેડુતના મોત

**સવારે સામખીયાળીના રસ્તે કરૂણ અકસ્માતઃ એરંડા ભરીને યાર્ડમાં માલ વેંચવા જતા હતા : મૃતકો શિવલખા ગામના...**

**(ગની કુંભાર)** ભચાઉ, તા. ૨૫

ભચાઉમાં આજે સવારે ટ્રેઈલરે ટ્રેક્ટરને હડફેટે લેતા ત્રણ ખેડુતના મોત નિપજતા અરેરાટી ફેલાઇ છે. આ કિસ્સામાં આજે સવારે માર્કેટ યાર્ડ ખાતે એરંડા વેંચવા જતા હતા ત્યારે કરૂણ બનાવ બન્યો હતો અને હાઇવે પર એમ્બ્યુલન્સ સહિતનો સ્ટાફ દોડી ગયો હતો.

ભચાઉમાં આજે વહેલી સવારે ભયંકર અકસ્માત સર્જાયો હતો. ભચાઉના લાકડીયા-સામખિયાળી વચ્ચે રાયમલબાપની મઢી નજીક ટ્રેલર અને ટ્રેક્ટર વચ્ચે જોરદાર અકસ્માત થયો હતો. ટ્રેલરની ટક્કર લાગતા ટ્રોલી સાથે ટ્રેક્ટર આખુ પલટી ગયું હતું. આ અકસ્માતમાં ટ્રોલીમાં સવાર એક જ ગામના ત્રણ લોકોના મોત થયા છે. જેમાં એકના તો ચીથરા ઉડી ગાય હતા. જ્યારે ટ્રેક્ટર ચાલકને સામાન્ય ઈજા પહોચી હતી. બે લોકોના ઘટનાસ્થળે અને એકનું સારવારમાં મોત થયુ હતું. આ અંગે શિવલખા ગામના ટ્રેક્ટર ચાલક બહાદુરસિંહ સામતસિંહ જાડેજાનો સંપર્ક સાધતા તેમણે જણાવ્યું હતું કે, આજે સવારે ૮ થી ૮.૧૫ના અરસામાં આ અકસ્માતની ઘટના બની હતી. જેમાં ટ્રેક્ટરની ટ્રોલી ઉપર



બેઠેલા શિવલખાં ગામના ૨૦ વર્ષીય લકીરાજસિંહ અજીતસિંહ જાડેજા, ૫૫ વર્ષીય જીલ્લુભા ભુરજી જાડેજા અને મિતેષ હરખા અનુસુચિતના કરૂણ મોત થયા હતા. આ બનાવ અંગે લાકડીયા પોલીસ વધુ તપાસ હાથ ધરી છે. મૃતકો ખેડુત હોવાનું અને એરંડા ભરીને માલ વેંચવા જતા હોવાનું બહાર આવ્યું છે.

# પૂર્વ પ્રેમીએ ન્યૂડ ફોટા યુવતીના પિતાને મોકલી રૂા.૫ લાખ માંગ્યા : ગુનો દાખલ

રાજકોટ, તા.૨૫

જેતપુરમાં ચકચાર મચાવતી ઘટના સામે આવી છે. પૂર્વ પ્રેમીએ ન્યૂડ ફોટા યુવતીના પિતાને મોકલી રૂ.૫ લાખ માંગ્યા હતા. જે અંગે ગુનો દાખલ થયો છે. અગાઉ બ્રેકઅપ કરતી વખતે પણ અંગત પળોના ફોટા-વીડિયો બતાવી યુવતીને બ્લેકમેઈલ કરી ૫૦ હજાર પડાવી લીધા હતા. પીઆઈ એ.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ જેતપુર સિટી પોલીસની ટીમે આરોપીને દબોચી આગવી ઢબે સરભરા કરી હતી.

આ અંગે મળતી વિગત મુજબ, જેતપુરમાં જ રહેતો આરોપી અને જેતપુરમાં જ રહેતી આશરે ૨૨ વર્ષીય યુવતી ત્રણેક વર્ષ પહેલા એક કંપનીમાં સાથે નોકરી કરતા હતા. બંને વચ્ચે સંપર્ક થતા આંખ મળી હતી અને પ્રેમ સંબંધ બંધાયો હતો. પ્રેમમાં પડેલી યુવતીએ સર્વસ્વ પ્રેમીને સમર્પિત કરી દીધી હતું. જોકે આરોપી પ્રેમી ફક્ત પ્રેમનો ઢોંગ કરતો હોય તેમ આયોજન પૂર્વક જ્યારે બંને શરીર સંબંધ બાંધતા ત્યારે પોતાના મોબાઈલમાં અંગત પળોના વીડિયો ઉતારતો અને ફોટા પાડતો. ત્રણેક વર્ષ રિલેશન રહ્યા બાદ છેલ્લે આરોપીએ પોતાનું અસલી રૂપ બતાવ્યું હતું. તેણે યુવતીને પોતાની અંગત પળોના ફોટા અને વીડિયો બતાવી બ્લેક મેઈલ કરવાની શરૂઆત કરી હતી. તેણે રૂ.૫૦ હજાર માંગ્યા હતા. જો એ ન આપે તો વીડિયો ફોટા તેના પિતાને મોકલવા અને તેણીને અને તેના પિતાને મારી નાખશે તેવી ધમકી આપેલી. ગભરાઈ ગયેલી યુવતીએ જેમ તેમ કરી રૂ.૫૦ હજાર આરોપીને આપી બ્રેકઅપ કરી નાખ્યું હતું.

જોકે, રૂપિયાનો ભૂખ્યો આરોપી પોતાની દાનત ભુલ્યો નહીં. તેણે યુવતીના પિતાને યુવતીના ન્યૂડ ફોટો અને વીડિયો વોટ્સએપ મારફત મોકલ્યા હતા. આ જોઈ પિતા સ્તબ્ધ થઈ ગયા હતા. આરોપીએ પિતા પાસે રૂ.૫ લાખની રકમ માંગી હતી. પૈસા ન આપે તો વીડિયો વાઈરલ કરી દેશે તેવી ધમકી આપેલી. જોકે યુવતીના પિતા સીધા પોલીસ પાસે પહોંચ્યા હતા અને સમગ્ર હકીકત જણાવતા પોલીસે આરોપીને પકડી કાયદાનું ભાન કરાવ્યું હતું. જેતપુર સિટી પોલીસે આઈપીસી ૩૮૬ અને આઈટી એક્ટ મુજબ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# લાલચ બુરી ચીઝ હૈઃ ધારી આઈસીઆઈસીઆઈ બેંકમાં મેનેજરે જ રૂા.૬.૬૫ લાખની રોકડ ચોરી હતી

## પોલીસે સીસીટીવી કેમેરા, ફિંગર પ્રિન્ટ અને ડોગ સ્કવોર્ડની મદદથી ભેદ ઉકેલ્યોઃ મેનેજરે ચોરીની કબુલાત આપી

(મિલાપ રૂપારેલ) અમરેલી,તા.૨૫

ધારી ગામે આવેલ એક બેંકમાં પડેલા ખાનગી નાણાં ચોરી પોલીસે સી.સી.ટી.વી, ટેકનિકલ સોર્સ અને હ્યુમન સોર્સની મદદ વડે ચોરીનો ભેદ ઉકેલી બેન્કના મેનેજરની અટક કરી વધુ તપાસ હાથ ધરી છે. આ બનવાની વિગત એવી છે કે, અમરેલી જિલ્લાના ધારી ગામે આવેલ અજાણ્યા ઇસમે આઈસીઆઈસીઆઈ બેન્કમાં પ્રવેશ કરી બેંકમાં બેંકના સર્વર રૂમની બાજુમાં ટેબલના ખાનામાં ખાનગી પાર્ટીસ સાચવવા આપેલ રાખેલ રોકડા રૂપિયા ૬,૬૫,૦૦૦ બેન્કના કર્મચારીએ મુકેલ હતા તે રકમ ગત .૨૧ ના રોજ બપોરના ૧-૧૮ થી સાંજના ૫:૨૦ વાગ્યા સુધીમાં કોઇપણ સમયે કોઇ અજાણ્યો ઇસમ ચોરી કરી લઇ કરી લઈ ગયાની ફરિયાદ બેન્કના કર્મચારી પ્રિયાંકભાઇ જીતેન્દ્રભાઇ દેસાઇએ ધારી પોલીસમાં નોંધાવેલ હતી.



ધારી પોલીસે પોલીસે સી.સી.ટી.વી. તથા ફિંગર પ્રિન્ટ નિષ્ણાંત અને ડોગસ્કવોર્ડની મદદ લઇ આરોપીને ઝડપી પાડવા તપાસનો ધમધમાટ શરૂ કરેલ હતો. ત્યારે પોલીસને મળેલ બાતમી તથા ટેકનિકલ સોર્સ અને હ્યુમન સોર્સની મદદ વડે તે જ બેંકમાં મેનેજર તરીકે ફરજ બજાવતા અને અમરેલીના હનુમાનપરા રોડ ઉપરવાળા આવેલ પરમ રેસીડેન્સીમાં રહેતા શૈલેષભાઈ બાબુભાઇ ગઢીયા નામનાં ઇસમની શંકાના આધારે પોલીસે પૂછપરછ કરતાં તેઓએ આ રકમની ચોરી કરી હોવાની કબુલાત આપી હતી.

પોલીસની પૂછપરછ દરમિયાન આરોપીએ જણાવ્યું હતું કે, આ બેન્કના કર્મચારીને કોઈ બહારની વ્યક્તિ આ રકમ થોડીવાર માટે સાચવવા માટે આપી ગયેલ હતા. તે નાણાં બેન્કના જ કર્મચારીએ બેંકમાં બેંકના સર્વર રૂમની બાજુમાં ટેબલના ખાનામાં મુકેલ હોય ત્યારે આરોપી આ બધી હકીકત જાણતા હોય ત્યારે આ જ બેન્કના મેનેજર નાણાંની લાલચમાં આવી જઈ ચોરી લીધા હતા. પોલીસે આરોપીની રોકડ રકમ ૬,૬૫,૦૦૦ ના મુદામાલ સાથે અટક કરેલ છે.

# ઓનલાઈન પાઈપ મંગાવવા જતા યુવાન છેતરાયોઃ રૂા.૨૧ હજારની છેતરપીંડી

## યુનીક ઈલેકટ્રીક કંપનીમાં કામ કરતા ધવલ મેમકીયાએ ઈન્ડીયા માર્ટ એપ મારફતે ઓર્ડર આપી રૂપિયા ઓનલાઈન ટ્રાન્ઝેકશન કર્યાઃ પરેશ ત્રિવેદી નામના શખ્સે તારીખો આપી હાથ ઉંચા કરી દીધાઃ ગુનો નોંધાયો

રાજકોટ તા.૨૫

દુધસાગર રોડ પર આવેલ યુનીક ઈલેકટ્રીક કંપનીમાં કામ કરતા યુવાને ઓનલાઈન પાઈપ મંગાવતા છેતરપીંડીનો ભોગ બનવું પડયું હતું. પરેશ ત્રિવેદી નામના શખ્સે રૂા.૨૧ હજાર ટ્રાન્સફર કરાવી હાથ ઉંચા કરી દેતા થોરાળા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે આડા પેડક રોડ, લાખેશ્વર સોસાયટી શેરી નં.૧૨માં રહેતા ધવલભાઈ પ્રાગજીભાઈ મેમકીયા (ઉ.૨૪)એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે પરેશ ત્રિવેદીનું નામ આપતા થોરાળા પોલીસે છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરીયાદીએ જાણાવ્યું હતું કે તેઓ દોઢેક વર્ષથી યુનીટ ઈલેકટ્રીક કંપનીમાં વર્ક કંપ્લીકશનનું કામ કરે છે. તેમની ઓફીસ દુધસાગર રોડ પર ખોડીયાર ઈલેકટ્રીકલ આવેલ છે. ગઈ તા.૧૦/૪ના તેમના મોબાઈલ ફોનમાં ઈન્ડીયા માર્ટ એપ ઈન્સ્ટોલ કરેલ. જે એપમાં હોટ ડીપ પાઈપ સર્ચ કરેલ. જે બાદ તેમના વોટ્સએપમાં ત્રિવેદી મેટલ કંપનીના માલીક પરેશ ત્રિવેદીએ કેટલોંગ મોકલેલ જેથી તેઓએ તા.૧૮/૪ના જરૂરીયાત મુજબ અલગ અલગ સાઈઝના ૨૩૨ કિલો પાઈપનો ઓર્ડર કરેલ હતો. જે અંગે પરેશ સાથે ફોનમાં વાત થયેલ અને ડીલ નકકી થયા મુજબ રૂા.૨૧૩૧૫ બેંક ટ્રાન્ઝેકશનથી ચુકવ્યા હતા.

આરોપીએ પાઈપનો જથ્થો તા.૨૦ સુધીમાં તેમને મળી જશે તેવું કહેલ બાદમાં માલ ન આવતા તેમને ફોન કરી પૂછતા તે તારીખો આપી આજ દિન સુધી રૂા.૨૧૦૦૦ના પાઈપ ન મોકલી છેતરપીંડી આચરી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી થોરાળા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# 'ભૈયાજી' નબળી પટકથાએ તાકતવર 'ભૈયાજી'ને ફીક્કા કરી નાખ્યા

મુંબઇ, તા.૨૫

બોલીવૂડમાં ઇન્ડીપેન્ડેન્ટ સિનેમાને મજબૂતી આપનાર બહેતરિન એક્ટર મનોજ બાજપેયી ૧૦૦મી ફિલ્મ 'ભૈયાજી'માં પોતાના ઇતર એકશન અવતારમાં દર્શકો વચ્ચે પહોંચ્યા છે. બિહારની માટીમાં રચાયેલી બદલાની ભાવનાની આ કથાને સિંગલ સ્ક્રીન એકશન એન્ટેન્ટેનર તરીકે બનાવવામાં આવી છે.

જેમાં કડક દેશી સીન જરૂરી છે પણ નબળી પટકથાના કારણે 'ભૈયા જી'નો સમયકાળ ફીસ્કો થઇ ગયો છે.

કથા બિહારી બાબુ રામચરણ ત્રિપાઠી ઉર્ફે ભૈયા જી (મનોજ બાજપેયી)ની છે. જે પોતાના વિસ્તારના રોબિન હડનો બાપ છે. ક્યારેક તેના નામથી પૂરો વિસ્તાર થર થર કાંપતો હતો. પોતાના પાવડાથી તેણે મોટા મોટા માથાભારે લોકોને પરલોક સિધાવી દીધા હતા. પણ પોતાના પિતાને વચન આપવાના કારણે તે ખૂન-ખરાબા છોડીને પોતાની સાવકી મા અને સાવકા ભાઇ સાથે ઇમાનદારીની જિંદગી જીવવા લાગે છે. ત્યારે પોતાના માસૂમ ભાઇની દર્દનાક હત્યા બાદ તે ફરીથી પાવડો ઉઠાવવા અને રૌદ્રરૂપમાં આવવા મજબૂર બને છે.



ફિલ્મના નિર્દેશક અપૂર્વ સિંહ કાર્કીએ પોતાની રિયલિસ્ટિક અંદાજવાળી પહેલી ફિલ્મ 'સિર્ફ એક બંદા કાફી હૈ'થી ઘણી પ્રશંસા મેળવી હતી.

આ વખતે તેમણે લાર્જર ધેન લાઇફ મસાલા ફિલ્મ બનાવી છે. પણ અહીં ના તો વાર્તામાં નવીનતા છે કે ના તો ટ્રીટમેન્ટ ધારદાર છે. આ ફિલ્મની ટ્રીટમેન્ટ અને સ્લો મોશનવાળી એકશન 'પુષ્પા' અને 'કેજીએફ'ની યાદ અપાવે છે. પણ 'ભૈયા જી' પુષ્પા કે રોકીભાઇ જેવું આકર્ષણ પેદા નથી કરી શકતા. ફિલ્મની નબળાઇ સરેરાશ પ્રોડ્કશન ડિઝાઇન છે, એડીટીંગમાં ચુસ્તીની જરૂર હતી, ફિલ્મના મજબૂત પક્ષની વાત કરીએ તો ખુદ ભૈયા જી એટલે કે મનોજ બાજપેયી છે. ફિલ્મની નાયિકા મૈથીલીના રોલમાં જોયા હુસેને ધારદાર એકશન કરી છે. સુવિન્દર વિક્કીના પાત્રને બરાબર ડેવલપ નથી કરાયું. બેક ગ્રાઉન્ડ સ્કોર જોરદાર છે. ગીતો પમ સારા બન્યા છે.

# દારૂના ગુનામાં ફરાર ગંજીવાડાનો જુનૈદ ખલીફા ઝડપાયો

## ક્રાઈમ બ્રાંચની ટીમે આરોપીને પકડી કાર્યવાહી કરી



રાજકોટ તા.૨૫

દારૂના ગુનામાં લાંબા સમયથી નાસતા ફરતા જુનૈદ ખલીફાને ક્રાઈમ બ્રાંચની ટીમે દબોચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં કોન્સ. હરદેવસિંહ રાણા, અનીલભાઈ સોનારા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે ચોકકસ બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચના દારૂના ગુનામાં લાંબા સમયથી ફરાર જુનૈદ હારૂન ખલીફા (ઉ.૩૦) રહે. ગંજીવાડા શેરી


## જોઈએ છે

**એકાઉન્ટન્ટ આસી. ભરતી**
F.P.A.I. રાજકોટ માટે ૧૨ પાસ ટેલીપ્રાઈમ એકાઉન્ટીંગ તથા અંગ્રેજી, ગુજરાતી ટાઈપીંગ જાણકાર એકાઉન્ટ આસીસ્ટન્ટની હંગામી ધોરણે ભરતી કરવાની છે. વેતન મુખ્યાલયના નિયમો અનુસાર રહેશે. (દિવસ ૮માં) F.P.A.I. રામનગર શેરી, નં.૧, ગોંડલ રોડ, રાજકોટ ખાતે અરજી કરવી. (એડ મીડીયા)

## મકાન વેચવાનું છે

**સેમી ફર્નિચર | કિં. 38.51**
સોલાર, પાણી, ગેસની ફુલ સુવિધા સાથે
ત્રિલોક પાર્ક, દર્શન પાર્ક મેઈન રોડ, અક્ષર સ્કુલની સામે, સાધુ વાસવાણી રોડ નજીક, રાજકોટ.
M. 75730 07188, 98245 02297

**જોઈએ છે**
વેલ્ડર ઈલે.-૧
હેલ્પર-૨, રાજકોટ
મો. ૮૮૪૯૮ ૮૪૧૩૫ (૬૭૩૩)

## પિન્ટુ પબ્લીસીટી

આશાપુરા રોડ, ઋતુરાજ સિઝનની બાજુમાં,
હરેશભાઈ કટારીયા : ૯૮૯૮૯ ૮૬૭૬૫
વોટસએપ ઉપર જાહેરાત મોકલો
ઓનલાઈન પેમેન્ટ કરો

જોઈએ છે સાડીની દુકાન માટે અનુભવી સેલ્સમેન બીનઅનુભવી માણસો મળો. મનાલી ટેક્ષટાઈલ્સ, દિવાનપરા મે. રોડ, રાજકોટ. મો. ૯૮૭૯૩ ૭૫૮૦૩

**મીની બંગલો વેચવાનો**
૮૦ વાર બીમ કોલમ નવું બાંધકામ નીચે પાર્કિંગ, ૪ બીએચકે, ડાઈનીંગ, વોશ એરીયા, લોનેબલ (કિંમત ૬૫) ગૌતમનગર, સ્ટર્લિંગ હોસ્પિટલ સામે, મો. ૯૪૨૬૯ ૮૬૦૬૫

**ફલેટ વેચવાનો છે**
૩ બીએચકે, ૮૫૦ સ્કે. ફુટ, સેમી ફર્નિચર સાથે, પેલેસ રોડ ટચ, પ્રહલાદ પ્લોટ, આશાપુરા મેઈન રોડ, રાજકોટ. મો. ૯૯૨૪૪ ૮૮૬૬૦

**બહેનોને રૂમ ભાડે**
નોકરી / અભ્યાસ કરતા બહેનોને રૂમ ભાડે રૂા. ૧૫૦૦ પંચવટી સોસા. અમીન માર્ગ, મો. ૯૮૯૮૯૮૬૭૬૫

**૭૦૦૦માં ફલેટ ભાડે**
૧ બીએચકે ફલેટ, ગ્રા.ફલોર, મુંજકા, હરિવંદના કોલેજ પાસે, મે. રોડ, ફેમીલી, ગર્લ્સ, ગર્વ. સર્વન્ટને મો. ૯૮૯૮૯ ૮૬૭૬૫

**વેચવાનું છે**
જે.પી. સોડા મશીન ૬+૨ વાલ્વ ૨ વર્ષ જુનુ, સારી કંડીશનમાં રાહત ભાવે વેચવાનું છે. રાજકોટ. મો. ૯૩૧૩૭ ૩૫૬૧૭

## વેચવાનું છે

**દુકાનો વેચવાની છે**
અતિ મોકાની અને કસમાં મેઈન રોડ ટચ દરેક ધંધાને અનુકુળ સાઈઝ ૧૨×૧૮ તેવી ૩ દુકાન એક ગ્રા.ફ. ૧૨×૧૮ની ૩ ફ. ફલોરમાં ૨૨૫ ફુટની મનહર પ્લોટ-૫ મંગળા રોડ, મો. ૯૮૨૪૨ ૭૨૩૯૫ (૬૭૩૪/૧)

**ઘરવખરી વેચવાની છે**
(૦૨૮૧) ૨૨૨૩૮૨૫ (શશી)

**૧ બીએચકે ફલેટ વેચવાનો છે**
નવી કોર્ટની સામે, માધાપર પાસે, ૧ બીએચકે, ૩૭૦ કાર્પેટ, કિંમત ૯.૭૫, મળો : ૯૮૨૫૧ ૬૫૨૨૦ (૬૭૩૨/૧)

**કેયુર એડ એજન્સી**
મેટોડા GIDC
Mo. 98248 03727
ઈશ્વરીયાના કોઈપણ સર્વે નં. માં પ્લોટ લેવા-વેચવા માટે
ગોપી પાર્ક/ ઈશ્વર પાર્ક જતીન પાર્ક/ જગદિશ પાર્ક મિલન પાર્ક/ત્રિશા પાર્ક પ્રિન્સ પાર્ક/પાશ્વવિહાર પાર્ક/પ્રશાંત પાર્ક/ગ્લોરીયશ પાર્ક/K-9 પાર્ક/K-11 પાર્ક ગિરિરાજ પાર્ક/ઋષભ પાર્ક સિલ્વર વિલા/સિલ્વર ગોલ્ડ અંબાજી પાર્ક/હિલ વ્યુ/ વ્રજ ભૂમિ/ ડાયમંડ પાર્ક મો. ૯૬૨૫૫ ૮૮૮૮૮

## સાંજ સમાચાર ટચુકડી જાહેર ખબર

**૨ બીએચકે ફલેટ વેચવાનો છે**
ફર્નિચર સાથે નવી કોર્ટની સામે ૨ બીએચકે, ૭૦૦ કાર્પેટ, જામનગર રોડ, શેઠનગરની પાછળ, નવી કોર્ટ સામે, ૯૮૨૫૧ ૬૫૨૨૦ (૬૭૩૨/૨)

## ભાડે આપવાનું છે

**દુકાનો ભાડે દેવાની છે**
દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ, ૧૨×૧૮ની દુકાન-૩ ગ્રા.ફ. ભાડુ ૧૮૦૦૦/- ૧૨×૧૮,ફ. ફલોર પર ૩ દુકાન, ભાડુ ૧૫૦૦૦/- મનહર પ્લોટ, મંગળા રોડ, મો. ૯૮૨૪૨ ૭૨૩૯૫ (૬૭૩૪/૨)

**સાંજ સમાચાર**
૧૨ અક્ષરની ૧ લાઈન
૧ લાઈનના માત્ર રૂા.૧૦
ટચૂકડી સ્વીકારવાનો સમય
૧૦ થી ૮- સોમથી શનિ

# સાંજ સમાચાર

## ટચુકડી જાહેર-ખબર

શ્રી

# મોદી એસ્ટેટ

MODI ESTATE

®

## શેઠનગર, જામનગર રોડ, રાજકોટ - મો : ૯૫૧૦૧૦૧૦૪૪

**સંસ્કૃતિ ધામ**
બાલસર-૨૫, ૧૨૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૦૦૦

**સીટી વિસ્તાર**

**ભોમેશ્વર સોસાયટી**
૩૧૧ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૫૦૦૦

**નાલંદા પાર્ક**
અમીન માર્ગ, ૧૦૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧.૨૦ લાખ

**કિડવાયનગર-૧**
રૈયા ટેલીફોન એક્સ. ૧૩૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૮૫૦૦૦

**નારણ સોસાયટી**
ઢેબર રોડ, ૧૩૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૦,૦૦૦

**ન્યુ મહાવીરનગર**
રામાપીર ચોકડી પાસે, ૪૦૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૪૮,૦૦૦

**યોગેશ્વર પાર્ક**
યુનિવર્સિટી રોડ, ૧૬૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૪૫૦૦૦

**દર્શન પાર્ક**
સાંઈબાબા સર્કલ, ૩૨૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૪૦,૦૦૦

**સિલ્વર ગોલ્ડ રેસીડેન્સી**
નાના મવા, ૨૧૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૯૫૦૦૦

**૧૫૦ ફુટ રીંગ રોડ**
પુનિતનગર સર્કલ પાસે, ૨૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧.૩૦ લાખ

**અંબિકા ટાઉનશીપ**
જીવરાજ પાર્ક, ૧૭૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૫૦૦૦

**શિવદ્રષ્ટિ સોસાયટી**
શાસ્ત્રીનગર, ૨૧૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧.૨૦ લાખ

**નવજયોત પાર્ક**
ગિરિરાજ હોસ્પિટલ પાસે, ૧૬૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧.૩૫ લાખ

**સિંચાઈ નગર**
એરપોર્ટ વિસ્તાર, ૧૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૫ લાખ

**ત્રિવેદીનગર**
ગુરૂકૃષ્ણ ચોક, ૧૫૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૫ લાખ

**શાસ્ત્રી સોસાયટી**
મવડી પ્લોટ, ૨૨૯ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૦,૦૦૦

**કાલાવડ રોડ**

**ધર્મજીવન સોસાયટી**
વાવડી સર્વે નં., ૨૨૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૭૦૦૦

**સહજાનંદ પાર્ક**
હરિપર પાળ -૪૪/૨, ૨૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૭૦૦૦

**ચંદ્રરાજ રેસીડેન્સી**
વિરડા વાજડી-૧૧૯, ૨૨૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૫,૦૦૦

**અશોક વાટિકા**
વિરડા વાજડી-૯૮/૧, ૧૫૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૦,૦૦૦

**ડાયાભાઈ પાર્ક**
હરિપર ૫૬/૧/૩, ૧૩૨ વાર, ૩૦નો રોડ, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૦,૦૦૦

**પુજા પાર્ક**
વડવાજડી-૮૦, ૪૦૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૫,૦૦૦

**અનંતનાગ**
વડવાજડી-૨/૩ પૈકી, ૨૧૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૧,૦૦૦

**રાધાકૃષ્ણ પાર્ક**
મોટા મવા-૫૪, ૯૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૦,૦૦૦

**ગજાનંદ પાર્ક**
ઈશ્વરીયા-૨૫, ૩૩૭ વાર, પેટ વેચવાનો છે. ભાવ-૮૦૦૦

**ગ્રાન્ડ સન સીટી**
આણંદપર સર્વે ૩૫૪/૨, ૧૫૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૪૦૦૦

**સેતુ પાર્ક**
હરિપર-૪૯, ૧૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૨,૩૦૦

**સંજય વાટિકા**
મુંજકા-૧૪/૧૫, ૨૧૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૧,૦૦૦

**રિધ્ધિ સિધ્ધિ પાર્ક**
બાલસર, ૨૩૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૦ લાખ

**કલાસર્જન પાર્ક**
ઈશ્વરીયા-૧૯૯, ૨૩૧ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૨,૦૦૦

**ઈન્ડસ્ટ્રીયલ**

**કનેરીયા ઝોન**
શાપર સર્વે નં. ૫૨૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૦,૦૦૦

**સરદાર ઈન્ડસ્ટ્રીયલ**
પડવલા-૧૩૭/૧, ૫૧૫ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૦,૫૦૦

**અરિહંત ઈન્ડસ્ટ્રીયલ**
હરિપર પાળ -૩૯/૧, ૧૭૨૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૮,૦૦૦

**વ્રજ ઈન્ડસ્ટ્રીયલ**
લોઠડા-૧૬૭/૭, ૫૦૦થી ૨૦૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૧,૫૦૦

**મામાદેવ ઈન્ડસ્ટ્રીઝ**
તા. લોધીકા, ૪૦૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૯,૦૦૦

**બાલાજી ઈન્ડસ્ટ્રીઝ**
નારણા ચોકડી પાસે, ૫૦૦ વાર, પ્લોટ વેચવાનો છે, ભાવ- ૧૨,૦૦૦

**રિવેરા ઈન્ડસ્ટ્રીયલ ઝોન**
શાપર-વેરાવળ, ૬૧૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૨,૫૦૦

**સનલાઈટ ઈન્ડસ્ટ્રીયલ**
રિબડા-૯૫ અને ૯૭, ૬૬૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૬,૫૦૦

**જામનગર રોડ**

**બાલાજી-૫**
પડધરી સર્વે નં. ૧૯૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૦,૦૦૦

**માધાપર-૧૧**
દ્વારિકાની સામે, ૧૩૩ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૫૫,૦૦૦

**પરાશર પાર્ક**
એ ચ સી જી હોસ્પિટલ પાછળ , ૧૩૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૦,૦૦૦

**માધાપર-૫૫**
૧૩૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૫૦૦૦

**નાગેશ્વર**
ઘંટેશ્વર-૨૮, ૩૪૪ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૨,૦૦૦

**આશુતોષ પાર્ક**
નારણકા-૧૭૧/૧, ૧૭૯ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૧,૦૦૦

**મારૂતિ પાર્ક**
નારણકા-૧૪૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૦,૦૦૦

**ક્રિસ્ટલ સીટી**
ઘંટેશ્વર-૧૪૦, ૧૯૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૫૦૦૦

**મોરબી રોડ**

**નવું ગાંધીવન**
હડાળા-૨૪૧, ૨૩૩ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૦૦૦

**પ્રભુ પાર્ક**
રતનપર-૧૪૯, ૪૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૫૫૦૦

**અક્ષર વાટિકા**
હડાળા-૧૭૧, ૫૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૩૦૦

**ગીત ગોવિંદ પાર્ક**
રતનપર-૧૭૧/૧, ૪૫૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૪૭૦૦

**પંચરત્ન પાર્ક**
કાગદળી-૪૪૨, ૨૫૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૪૦૦૦

**જમીન**
તા. ગોંડલ, ગામ પાટીદળ, ૪ એકર, જમીન વેચવાની છે. ભાવ-૩૫ લાખ (વિઘા)

**છાપરા**
૨ એકર ૧૬ ગુંઠા જમીન વેચવાની છે. ભાવ-૨.૨૫ કરોડ (એકર)

**હડાળા**
૨ એકર જમીન વેચવાની છે. ભાવ-૯૦ લાખ (એકર)

**લોધીકા**
૧૧ વિઘા, જમીન વેચવાની છે. ભાવ-૧.૧૦ કરોડ (એકર)

**ટંકારા**
ગામ:જીવાપર, ૧૩ એકર, જમીન વેચવાની છે. ભાવ- ૬૦ લાખ (એકર)

**ફગાસ**
તા.કાલાવડ, ૧૬ એકર, જમીન વેચવાની છે. ભાવ-૨૦ લાખ (એકર)

**કુવાડવા-વાંકાનેર**

**રણછોડનગર**
કુવાડવા રોડ, ૨૪૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧.૧૦ લાખ

**માધવ વાટિકા**
રાણપુર-ગામ, ૧૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૧,૦૦૦

## ફાસ્ટ પેમેન્ટથી પ્લોટ વેચવા માટે મળો

૧૪૧ શહેરોના અભ્યાસના આધારે ભુવનેશ્વર આઈઆઈટીનો ચોંકાવનારો રીપોર્ટ

# હીટવેવ માટે શહેરીકરણ જવાબદાર: ત્રણ દાયકામાં ગરમી ૯૦ ટકા સુધી વધશે

નવી દિલ્હી તા.૨૫

દેશના પાટનગરથી નાના-મોટા શહેરો ભીષણ ગરમીનો સામનો કરી રહ્યા છે ત્યારે એક નવા સંશોધનમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે વધતુ શહેરીકરણ પણ ગરમીના આ પ્રકોપ પાછળ જવાબદાર છે. શહેરોમાં ગરમીનું સ્તર ૬૦ ટકા વધી ગયુ છે અને આવતા ત્રણ દાયકામાં શહેરી વસ્તી ડબલ થવા સાથે ગરમીનું સ્તર ૯૦ ટકા થઈ શકે છે.

સંશોધનમાં થયેલા દાવા ગીચતા સર્જાય છે. માળખાકીય સુવિધા વિસ્તારવામાં આવે છે. પરિણામે લૂ, પુર જેવી કુદરતી ઘટનાઓનો કહેર વધી રહ્યો છે. કલાયમેટ ચેન્જનો પ્રભાવ પણ વધે છે. દિલ્હી-મુંબઈ જેવા મહાનગરોની સરખામણીએ ભારતના ટાયર-ટુ શહેરોમાં વધતી ગરમી પાછળ શહેરીકરણ મોટો ભાગ ભજવી રહ્યું છે.

સંશોધનમાં એવા ઉદાહરણ ટાંકતા જણાવાયુ છે કે પુનામાં શહેરીકરણમાં

## શહેરોમાં ગરમી હાલ ૬૦ ટકા વધી ગઈ છે: એક દાયકામાં સરેરાશ ૦.૨ ડીગ્રીનો જયારે અમદાવાદમાં ૦.૪૫ ડીગ્રીનો વધારો: ટાયર-ટુ શહેરો વધુ પ્રભાવિત થવાની ચેતવણી

પ્રમાણે ભારતના ટિયર-ટુ શહેરો સૌથી વધુ પ્રભાવિત થઈ શકે છે. ભુવનેશ્વર સ્થિત આઈઆઈટીના વૈજ્ઞાનિકોએ આ સંશોધન રિપોર્ટ તૈયાર કર્યો છે. દેશમાં હાલ ભયંકર હીટવેવનો દોર ચાલી રહ્યો છે. દિલ્હી ઉપરાંત ઉતરપ્રદેશ, બિહાર, ગુજરાત સહિતના રાજયોના નાના શહેરોમાં પણ તાપમાન ૪૫ ડીગ્રીથી વધી ગયુ હતુ.

વૈજ્ઞાનિકો દ્વારા ભારતના ૧૪૧ શહેરોમાં વધતા તાપમાન મામલે શહેરીકરણ તથા લોકલ કલાયમેટ ચેન્જ વિશે અભ્યાસ હાથ ધર્યો હતો અને આ માટે ઉપગ્રહથી મેળવાયેલા ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

શહેરોમાં વધતા તાપમાન માટે કોંક્રીટ-ડામરના ઉપયોગ, પવનની ગતિમાં બદલાવ તથા વધતી માનવીય ગતિવિધિને જવાબદાર ગણવામાં આવે છે. આ કારણોથી ધરતી વધુને વધુ ગરમ થઈ રહી છે. શહેરોમાં વસ્તીવધારાથી ૬૧.૨૩ ટકાનો વધારો થયો છે તેની સામે છેલ્લા એક દાયકામાં તાપમાન ૦.૫૫ ડીગ્રી વધી ગયુ છે. અમદાવાદના તાપમાનમાં છેલ્લા એક દાયકામાં ૦.૪૫ ડીગ્રીનો સરેરાશ વધારો થયો છે. રાયપુરનું તાપમાન ૦.૪૧ ડીગ્રી, જયપુરનું ૦.૪૯ ડીગ્રી, પટણાનું ૦.૪૩ ડીગ્રી તથા લખનૌનું ૦.૪૦ ડીગ્રી વધી ગયુ છે.

રિપોર્ટમાં દર્શાવાયા પ્રમાણે શહેરીકરણને પગલે તાપમાનમાં છેલ્લા એક દાયકામાં સરેરાશ ૦.૨ ટકાનો વધારો થયો છે. વધતી ગરમીના ૩૭.૭ ટકા ગરમી પાછળ વધતુ શહેરીકરણ કારણરૂપ છે. આવતા ત્રણ દાયકામાં ઉર્જા માંગમાં રેકોર્ડબ્રેક વૃદ્ધિ થશે અને તેની અસર જલવાયુ પરિવર્તન પર પણ થશે.

શહેરીકરણના વધતા ટ્રેન્ડને કારણે શહેરોમાં કુદરતી સ્ત્રોતો નાશ પામી રહ્યા છે. એવુ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે ૨૦૫૦ સુધીમાં દુનિયાની ૬૮ ટકા વસતી શહેરોમાં વસવાટ કરતી હશે.

ભારતીય હવામાન વિભાગના રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો

## ધીખતી ધરા: ગરમ લહેરોના દિવસમાં ચાર ગણો વધારો

### છેલ્લા ૧૦ વર્ષમાં લુ અસરગ્રસ્ત રાજયોમાં ૩૫ ટકાનો વધારો, ભીષણ ગરમીની ઝપટમાં ૨૩ રાજયો આવી ગયા: હિમાચલ પ્રદેશ, ઉતરાખંડ, જમ્મુ-કાશ્મીર જેવા પહાડી રાજયોમાં પણ ગરમીની અસર: ૧૬ વર્ષ પહેલા માત્ર ૯ રાજયોમાં ગરમી અને લૂની અત્યધિક અસર હતી, છેલ્લા કેટલાક વર્ષોમાં આ સંખ્યા વધી

નવી દિલ્હી તા.૨૫

હવામાન રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૨૨માં પ્રારંભીક લૂની આશંકા ૩૦ ગણી વધુ હતી, આ વર્ષે પાંચમું સૌથી વધુ ગરમ વર્ષ રહ્યું, જયારે ૨૦૨૩ અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ રહ્યું. ૨૦૧૫ થી ૨૦૨૪ દરમિયાન દેશમાં અત્યધિક ગરમીથી અસરગ્રસ્ત રાજયોની સંખ્યા ૧૭થી વધીને ૨૩ થઈ ગઈ છે.



ધરતીનો તાપ વધવાને કારણે દેશમાં ગત ૧૦ વર્ષમાં લૂ અસરગ્રસ્ત રાજયોની સંખ્યામાં ૩૫ ટકાનો વધારો થયો છે અને તેની સંખ્યા ૨૩ થઈ ગઈ છે, જયારે ગરમ લહેરોના દિવસોમાં રાષ્ટ્રીય સ્તરે સરેરાશ ચાર ગણો વધારો થયો છે.

રિપોર્ટમાં જણાવ્યા મુજબ લૂ અસરગ્રસ્ત રાજયોની યાદીમાં અરુણાચલ પ્રદેશ, તમિલનાડુ, કેરળ, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર અને ઉતરાખંડનું નામ સામેલ થયું છે, જયાં મેદાની રાજયોની જેમ ભીષણ ગરમી અને ગરમ હવાઓ ચાલવાને લઈને જનજીવન ઘણુ અસરગ્રસ્ત બન્યું છે.

રિપોર્ટમાં સ્પષ્ટ કહેવાયું છે કે ગરમીનો આ ટ્રેન્ડ જલવાયુ પરિવર્તનની અસરોને સાબીત કરે છે. વર્ષ ૨૦૧૪થી પહેલા તામિલનાડુ અને કેરલ જેવા કિનારાના અને હિમાચલ અને અરુણાચલ પ્રદેશ જેવા પહાડી રાજયોમાં ગરમ લહેરો મતલબ લૂની અસર નહોતી, પણ છેલ્લા કેટલાય વર્ષોમાં ખાસ કરીને કોરોના મહામારી બાદ ૨૦૨૧થી ૨૦૨૩ દરમિયાન ઘણી ઝડપથી હવામાનમાં ફેરફાર આવ્યો છે. સેન્ટર ફોર સાયન્સ એન્વાયર્નમેન્ટ (સીએસઈ) એ હાલમાં જ જણાવ્યું હતુ કે ૨૦૨૩માં ૩૨૯ દિવસ લૂની અસર નહી જે ૨૦૨૨માં ૨૦૩ દિવસ હતી જયારે ૨૦૧૪થી૨૦૨૩ દરમિયાન રાષ્ટ્રીય સ્તરે સરેરાશ લૂ અસરગ્રસ્ત દિવસોની સંખ્યા ૭.૪ થી વધીને ૩૨.૨ દિવસો સુધી પહોંચી ગઈ છે.


એનસીડીસીએ જણાવ્યું હતું કે ૧૬ વર્ષ પહેલા ૨૦૦૮માં દેશમાં માત્ર ૯ રાજયોમાં અત્યધિક ગરમી અને લૂની અસર હતી, જયાં દર વર્ષે માર્ચથી જુલાઈ દરમિયાન સરકારોનું ધ્યાન રહેતું હતું. ઓરિસ્સા, બિહાર, ઉતરપ્રદેશ, પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન, ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશનું ઉત્તર-પશ્ચિમ ક્ષેત્ર અને મહારાષ્ટ્રના વિદર્ભ તેની ઝપટમાં હતા. છેલ્લા કેટલાક વર્ષોથી દેશમાં ગરમી વધવાની પ્રવૃતિ નોંધાઈ રહી છે. જેની અનેક જિલ્લા અને શહેરોમાં ગંભીર અસર પડી રહી છે.

ઉતરભારતમાં અત્યધિક ગરમીની સૌથી વધુ અસર પંજાબ અને હરિયાણા રાજયમાં જોવા મળી રહી છે. હિમાચલ ક્ષેત્રની નજીક હોવા છતાં પણ આ બન્ને રાજયોમાં ગત વર્ષોની તુલનામાં ગરમ લહેરોના દિવસોમાં લગભગ ૧૨ ગણો વધારો નોંધાયો છે.

અત્યાર સુધીના હવામાન રેકોર્ડમાં વર્ષ ૨૦૨૩ સૌથી ગરમ વર્ષ રહ્યું હતુ. આ પુરા વર્ષમાં ૧૯૪૦૨ લોકો હોસ્પિટલમાં દાખલ થયા હતા. જેમાં ૧૮૯ લોકોના મોત થયા હતા. તેના માટે હીટ સ્ટ્રોકને જવાબદાર માનવામાં આવે છે.

પ્રચંડ ગરમીને લઈને રાજસ્થાનના ફલૌદીમાં શુક્રવારે પારો ૪૯ ડીગ્રી સેલ્સીયસ નોંધાયો હતો. રાજયમાં ગરમીના કારણે ૬ લોકોના મૃત્યુ થયા હતા.

દિલ્હી સહિત રાજસ્થાનના અનેક ભાગોમાં સવારનું ન્યુનતમ તાપમાન ૩૦.૮ ડીગ્રી નોંધાયું છે. પ્રચંડ ગરમીને લઈને લોકોને ઘરમાં રહેવાની સલાહ અપાઈ છે.



# ‘ટી-૨૦ વિશ્વકપ’ની કોમેન્ટ્રી પેનલમાં હવે શાસ્ત્રી-ગાવસ્કર સાથે દિનેશ કાર્તિકનો સમાવેશ



પૂર્વ ક્રિકેટર શાહિદ આફ્રિદી

દુબઇ : ભૂતપૂર્વ પાકિસ્તાની ઓલરાઉન્ડર શાહિદ આફ્રિદીને શુક્રવારે ૨ જુનથી શરૂ થઇ રહેલા ટી-૨૦ વર્લ્ડ કપ માટે ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઇસીસી)ના એમ્બેસેડર તરીકે નિયુકત કરવામાં આવ્યો છે. આફ્રિદીએ ૨૦૦૮માં પાકિસ્તાનની ટી-૨૦ વર્લ્ડ કપ જીતવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ રીતે તે ટુર્નામેન્ટ એમ્બેસેડર્સના જૂથમાં જોડાયો જેમાં ભારતના યુવરાજસિંહ, વેસ્ટ ઇન્ડિઝના ક્રિસ ગેલ અને મહાન દોડવીર બોલ્ટનો સમાવેશ થાય છે.

આફ્રિદીએ આઇસીસી મીડિયા રીલીઝમાં કહ્યું, આઇસીસી મેન્સ રીલીઝમાં કહ્યું, આઇસીસી મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ મારા દિલની ખુબ નજીક છે. હું એમ્બેસેડર તરીકે આ તબકકાનો ભાગ બનવા માટે રોમાંચિત છું.

આ વખતના વિશ્વકપ ટી-૨૦ ૨૦૨૪માં પહેલા કરતા વધુ દેશો વધુ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે સાથે અમેરિકા જેવા દેશમાં ક્રિકેટની શરૂઆત થાય છે.

### કોમેન્ટ્રી પેનલ

આઇસીસી શુક્રવારે આગામી ટી-૨૦ વર્લ્ડ કપ માટે સ્ટાર ક્રિકેટરોની કોમેન્ટી પેનલની જાહેરાત કરી હતી. જેમાં ક્રિકેટ અને કોમેન્ટ્રી ક્ષેત્રના કેટલાક મોટા નામો જેમ કે ભૂતપૂર્વ ભારતીય કોચ રવિ શાસ્ત્રી અને સુનીલ ગાવસ્કરનો સમાવેશ થાય છે. ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેનાર દિનેશ કાર્તિકની પણ કોન્મેટ્રી પેનલમાં પસંદગી કરવામાં આવી છે. મુખ્ય કોમેન્ટરોમાં શાસ્ત્રી, નાસિર હુસૈન, ઇયાન સ્મિથ, મેલ જોન્સ, હર્ષા ભોગલે અને ઇયાન બિશપનો સમાવેશ થાય છે.

# માતાના જન્મ દિને દીકરી આરાધ્યા સાથે ઐશ્વર્યા મા પાસે પહોંચી

### જન્મ દિન પાર્ટીમાં અભિષેકની ગેરહાજરી પર લોકોના સવાલો



મુંબઈ: ઐશ્વર્યા રાય બચ્ચન કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પોતાનું સૌંદર્ય વિખેર્યા બાદ દેશ પરત ફરી છે. દેશ પરત ફર્યા બાદ તે મતદાનના દિવસે મત આપતી નજરે પડી હતી.

હવે તેની નવી તસવીર બહાર આવી છે. ખરેખર તો ઐશ્વર્યા રાય બચ્ચને પોતાની માતા વૃંદા રાયનો જન્મ દિવસ આ સેલિબ્રેશનના ફોટો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. આ અવસરે તેની સાથે તેની દીકરી આરાધ્યા પણ હાજર હતી. ઐશ્વર્યાએ માના બર્થ ડેએ એક નાની પાર્ટી પણ રાખી હતી. જેમાં સંબંધીઓ પણ સામેલ થયા હતા.

ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલી તસ્વીરોમાં ઐશ્વર્યા માં વૃંદા, દીકરી આરાધ્યા અને સંબંધીઓ સાથે નજરે પડે છે.

ઐશ્વર્યાએ કેપ્શનમાં લખ્યું છે-હેપ્પી બર્થ ડે ડાર્લીંગ મમ્મી-ડોડા. આપને ખુબજ પ્રેક કરું છું. જોકે આ તસ્વીરોમાં પતિ અભિષેક બચ્ચન નજરે નથી પડતો.

જોકે આ કારણે તમામ લોકો અભિષેકની ગેરહાજરીને લઈને કોમેન્ટ બોકસમાં સવાલ પણ કરતા હતા.

# ચૂંટણી પ્રચાર વચ્ચે પણ મોદીએ હિમાચલમાં કુદરતી સૌંદર્ય માણ્યું: કેમેરામાં કંડાર્યું

### કોંગ્રેસ પર પ્રહાર,દલાઈ લામાનો ઉલ્લેખ કરવામાં પણ ડર અનુભવતી હતી, હું તેમની સાથે વાતો પણ કરું છું.


સિમલા,તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હિમાચલ પ્રદેશના ચૂંટણી પ્રવાસ પર છે. આ સમયે હિમાચલ પ્રદેશના ઘણા વિસ્તારોની મુલાકાત લઈ ચૂકેલા વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે જેમાં તેઓ હિમાચલ પ્રદેશની સુંદરતાને પોતાના કેમેરામાં કેદ કરી રહ્યાં છે.

સુંદર હિમાચલ પ્રદેશ! ભારે ચૂંટણી પ્રચાર વચ્ચે સુંદર કુદરતી વાતાવરણની કેટલીક ઝલક મેળવવાનું શકય બન્યું હતું. હું હિમાચલમાં છું અને અહીં મારી અગાઉની મુલાકાતોની યાદ તાજી કરું છું. આ રાજ્ય સાથે મારું બંધન ખૂબ જ મજબૂત છે, મોદીએ ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યું.

હિમાચલ પ્રદેશ એક ટોપ-રેટેડ પર્યટન સ્થળ તરીકે રાજ્યના ભાવિ વિશે અપેક્ષા અને ઉત્તેજના પેદા કરે છે. તેના લેન્ડસ્કેપ્સ, સમૃદ્ધ સંસ્કૃતિ અને ટકાઉપણાની પ્રતિબદ્ધતા સાથે, હિમાચલ પ્રદેશ વિશ્વભરના પ્રવાસીઓના હૃદયને કબજે કરવા માટે તૈયાર છે. તે વિશ્વના શ્રેષ્ઠ પર્યટન સ્થળોમાંનું એક હોવાનું કહેવાય છે.

હિમાચલ પ્રદેશમાં બોલતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે હિમાચલ પ્રદેશમાં ઘણા મહત્વપૂર્ણ બૌદ્ધ સ્થળો છે. કોંગ્રેસ સરકાર દલાઈ લામાના નામનો ઉલ્લેખ કરવામાં પણ ડરપોક હતી. હું ઘણીવાર આધ્યાત્મિક ગુરુ સાથે વાત કરું છું. તેઓ આપણા સમૃદ્ધ વારસાના પ્રચારક છે. ભારત બુદ્ધની ભૂમિ છે અને મોદી સરકારે આ વિરાસતને ખૂબ જ ઉત્સાહથી આગળ વધારી છે. હિમાચલના પર્વતો મારા આત્માને ઉત્તેજીત કરે છે. વડાપ્રધાને





કહ્યું કે અહીંના બરફના પહાડોએ મને ઠંડા મનથી કામ કરવાનું શીખવ્યું છે. હું ભારત માતાનું અપમાન સહન કરી શકતો નથી. કોંગ્રેસને ભારત માતા કી જય અને વંદે માતરમ બોલવામાં તકલીફ છે. કોંગ્રેસ ક્યારેય દેશનું ભલું નહીં કરી શકે. મોદીએ કહ્યું કે, તેમણે કોંગ્રેસ કરતા અનેક ગણા વધુ પૈસા સરહદી વિસ્તારોને આપ્યા છે.

# કાન્સમાં ભારતે ઈતિહાસ રચ્યો : મેરઠની માનસી મહેશ્વરી અને FTII વિદ્યાર્થીઓની ફિલ્મે એવોર્ડ જીત્યા

### ૨ શોર્ટ ફિલ્મોએ એવોર્ડ મેળવ્યા : ૭૮ વર્ષ બાદ સફળતા મેળવી

કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં આ વખતે એ જોવા મળ્યું જે છેલ્લા ૭૮ વર્ષમાં જોવા મળ્યું નથી. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલની શરૂઆત ૧૯૪૬માં કરવામાં આવી હતી, પરંતુ આ વખતે વિશ્વભરમાંથી ૫૫૫ ફિલ્મ સ્કૂલોની એન્ટ્રી પણ લેવામાં આવી હતી. આ ફિલ્મ સ્કૂલોએ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ૨,૨૬૩ એન્ટ્રી મોકલી હતી, જેમાંથી માત્ર ૧૮ની પસંદગી થઈ હતી. અને આ ૧૮ ફિલ્મોમાંથી જે બે ફિલ્મોની પસંદગી કરવામાં આવી છે તે ભારતની છે અને દેશવાસીઓ માટે ગર્વ ની વાત છે જયારે બે ભારતીય ફિલ્મોએ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં એવોર્ડ જીત્યા છે. મેરઠની માનસી મહેશ્વરીની ટૂંકી ફિલ્મ ‘બન્નીહૂડ’એ કાન્સમાં ઘણી પ્રશંસા મેળવી અને લા સિનેફ કેટેગરીમાં ત્રીજું ઇનામ જીત્યું. FTII પુણેના વિદ્યાર્થીની એક ટૂંકી ફિલ્મને એ જ શ્રેણીમાં પ્રથમ ઇનામ મળ્યું.





માનસી મહેશ્વરી કાન્સમાં સિઝલ્સ, ૭૭માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ફિલ્મ ‘બન્નીહૂડ’ની ચર્ચા ફેમસ થઈ હતી. તેમના દ્વારા બનાવવામાં આવેલી શોર્ટ ફિલ્મ બન્નીહૂડ જોયા પછી ત્યાં બધાએ તેમના વખાણ કર્યા. તે બ્રિટનમાંથી ગ્રેજ્યુએશન કરી રહી છે. શોર્ટ ફિલ્મમાં માનસી મહેશ્વરીએ તેની માતાની સર્જરીની કહાની સંભળાવી, જે દરેકના દિલને સ્પર્શી ગઈ. માનસી મહેશ્વરીએ કહ્યું કે તેમની માતાની સર્જરીની વાત તેમનાથી છુપાવવામાં આવી હતી. તેમાંથી પ્રેરણા લઈને તેણે ’બન્નીહૂડ’ બનાવી, જેમાં જીવનનું સત્ય બતાવવામાં આવ્યું છે.

યુકેમાંથી સ્નાતક થયા પહેલા માનસી મહેશ્વરી દિલ્હીના NIFTમાંથી નીટવેરનો અભ્યાસ કરતી હતી. અહીંથી જ તેણે ફિલ્મો બનાવવાની શરૂઆત કરી હતી. માનસી મેરઠની રહેવાસી છે અને તેણે પ્રારંભિક અભ્યાસ ત્યાંથી જ કર્યો હતો. તે દિલ્હી પબ્લિક સ્કૂલમાં ધોરણ ૧૨માં ટોપર રહી ચૂકી છે.

માનસી ઉપરાંત FTII, પુણેની વિદ્યાર્થીનીએ લા સિનેફ કેટેગરીમાં પ્રથમ ઇનામ જીત્યું હતું. આ ૧૫ મિનિટની કન્નડ શોર્ટ ફિલ્મ છે, જે કર્ણાટકની લોકકથા પર આધારિત છે. તેનું નિર્દેશન ડોક્ટર અને ફિલ્મ નિર્માતા વિદાનંદ નાયકે કર્યું હતું.આ શોર્ટ ફિલ્મનું શૂટિંગ ટીવી યુનિટ કોર્સના અંતિમ વર્ષના વિદ્યાર્થી સૂરજ ઠાકુરે કર્યું હતું, જેનું સંપાદન મનોજ વી અને સાઉન્ડ ડિઝાઇન અભિષેક કદમે કર્યું હતું. તેને પ્રથમ ઇનામ તરીકે ૧૩.૫ લાખ રૂપિયા મળ્યા હતા.

# હૈદરાબાદ ત્રીજી વખત IPL ફાઈનલમાં પહોચ્યું : ક્વોલિફાયર-2માં રાજસ્થાનને 36 રનથી હરાવ્યું

## સ્પિનરોએ ૫ વિકેટ લીધી, RRનાં બેટરો ફેઈલઃ હવે આવતીકાલે હૈદરાબાદ અને કોલકતા વચ્ચે ફાઈનલ જંગ રમાશે




ચેન્નાઈ,તા.૨૫

સનરાઇઝર્સ હૈદરાબાદ ત્રીજી વખત IPL ફાઇનલમાં જગ્યા બનાવી છે. ટીમે શુક્રવારે ક્વોલિફાયર-૨માં રાજસ્થાનને ૩૬ રનથી હરાવ્યું હતું. હૈદરાબાદ ૬ વર્ષ બાદ આ લીગની ફાઇનલમાં પહોંચી છે. આ પહેલા ટીમ ૨૦૧૮માં ફાઇનલમાં પહોંચી હતી. હૈદરાબાદ આ સિઝનની ફાઇનલમાં ૨૬મી મેના રોજ કોલકાતા નાઇટ રાઇડર્સ સામે ટકરાશે.

ચેન્નાઈના ચેપોક સ્ટેડિયમમાં રાજસ્થાને ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. હૈદરાબાદે ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૭૫ રન બનાવ્યા હતા. જવાબમાં રાજસ્થાન ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૩૯ રન જ બનાવી શકી હતી. ટીમના સ્પિનરોએ ૫ વિકેટ ઝડપી હતી જેમાં શાહબાઝ અહેમદની ૩ અને અભિષેક શર્માની ૨ વિકેટ સામેલ હતી. આરઆર તરફથી યશસ્વી જયસ્વાલે ૪૨ અને ધ્રુવ જુરેલે ૫૬ રન બનાવ્યા હતા.

SRH તરફથી હેનરિક ક્લાસને ૫૦ રન બનાવ્યા હતા. ટ્રેવિસ હેડે ૩૪ અને રાહુલ ત્રિપાઠીએ ૩૭ રન બનાવ્યા હતા. આરઆરના ટ્રેન્ટ બોલ્ટ અને અવેશ ખાને ૩-૩ વિકેટ લીધી હતી. સંદીપ શર્માને ૨ વિકેટ મળી હતી.

### પેટ કમિન્સે આ સિઝનમાં ૧૭ વિકેટ લીધી

કેપ્ટન તરીકે IPLની કોઈપણ સિઝનમાં સૌથી વધુ વિકેટ લેવાના મામલે અનિલ કુંબલેની બરાબરી કરી લીધી છે. કુંબલેએ ૨૦૧૦માં RCBની કેપ્ટનશિપ દરમિયાન ૧૭ વિકેટ લીધી હતી અને હવે કમિન્સે પણ કેપ્ટન તરીકે એટલી જ વિકેટ લીધી છે. IPLની કોઈપણ સિઝનમાં કેપ્ટન તરીકે સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ રાજસ્થાન રોયલ્સના ભૂતપૂર્વ કેપ્ટન શેન વોર્નના નામે છે જેણે ૨૦૦૮ની સિઝનમાં ૧૯ વિકેટ લીધી હતી. જો કમિન્સ અંતિમ મેચમાં ત્રણ વિકેટ લેવામાં સફળ રહે છે, તો તે આ મામલે શેન વોર્નને પાછળ છોડી દેશે.

### બોલ્ટે T-20માં પાવરપ્લેમાં ૧૦૦ વિકેટ પૂરી કરી

બોલ્ટ પ્રથમ છ ઓવરમાં કોઈ પણ ટીમ માટે ખતરનાક સાબિત થાય છે અને હૈદરાબાદ વિરુદ્ધ તેની શાનદાર બોલિંગને કારણે તેણે T-20માં પાવરપ્લેમાં ૧૦૦ વિકેટ પૂરી કરી હતી. બોલ્ટ આ સિદ્ધિ મેળવનાર ત્રીજો બોલર છે. તેના પહેલા ડેવિડ વિલી (૧૨૮ વિકેટ) અને ભુવનેશ્વર કુમાર (૧૧૮ વિકેટ) આ સિદ્ધિ મેળવી ચૂક્યા છે.

### ધ્રુવ જુરેલની ૨૬ બોલમાં ફિફ્ટી

જુરેલે ૧૯મી ઓવરમાં પોતાની ફિફ્ટી પૂરી કરી લીધી છે. તેણે ૨૬ બોલમાં અડધી સદી ફટકારી હતી. તેણે ૩૫ બોલમાં ૫૬ રનની અણનમ ઈનિંગ રમી હતી.




### ક્લાસનની સિઝનની ચોથી ફિફ્ટી, ૩૩ બોલમાં અડધી સદી :

હેનરિક ક્લાસને ઈનિંગ્સની ૧૮મી ઓવરમાં પોતાની અડધી સદી પૂરી કરી લીધી છે. તેણે ૩૩ બોલમાં ફિફ્ટી ફટકારી હતી. ક્લાસને આ સિઝનમાં તેની ચોથી ફિફ્ટી પૂરી કરી છે.

### રાજસ્થાનનાં બેટરો ન ચાલ્યાઃ

યશસ્વીના આઉટ થયા બાદ રાજસ્થાનનો દાવ ખોરવાઈ ગયો અને જુરેલ સિવાય ટીમનો અન્ય કોઈ બેટ્સમેન મોટી ઈનિંગ રમી શક્યો નહીં. શાહબાઝના નેતૃત્વમાં હૈદરાબાદના બોલરોએ નિયમિત અંતરે રાજસ્થાનની વિકેટો ઝડપી હતી. રાજસ્થાનની બેટિંગ એટલી ખરાબ હતી કે ટીમના ચાર જ બેટ્સમેન ડબલ ફિગર સુધી પહોંચી શક્યા હતા. જોકે, જુરેલે પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં શાનદાર બેટિંગ કરી અને અડધી સદી ફટકારી. જુરેલ ૩૫ બોલમાં સાત ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૫૬ રન બનાવીને અણનમ પરત ફર્યો હતો.

### IPL પ્લેઓફમાં રાજસ્થાનની આ છઠ્ઠી હાર

IPL પ્લેઓફમાં સૌથી વધુ મેચો ગુમાવનાર રાજસ્થાન છઠ્ઠી ટીમ છે. પ્લેઓફમાં સૌથી વધુ મેચ હારવાનો અનિચ્છનીય રેકોર્ડ RCBના નામે છે, જેણે ૧૬ મેચમાં ૧૦ મેચ હારી છે, જ્યારે બીજા સ્થાને CSKની ટીમ છે જેણે ૨૬ પ્લેઓફ મેચોમાં નવ મેચ ગુમાવી છે. બીજી તરફ હૈદરાબાદની ટીમ ત્રીજી વખત IPLની ફાઇનલમાં પહોંચવામાં સફળ રહી હતી. હૈદરાબાદની ટીમ પ્રથમ વખત ૨૦૧૬માં ટાઈટલ મેચમાં પહોંચી હતી, તે સમયે ટીમે ટાઈટલ જીત્યું હતું.

# એવા ખેલાડીઓ જે ફકત એક જ વન ડે મેચ રમ્યા




One Chance

## આંતરરાષ્ટ્રીય ક્રિકેટનું સ્વપ્ન !



**ક્રિકેટ ક્લાસિકસ**
**પ્રકાશ ભટ્ટ**

જયારે કોઇ ખેલાડી દેશ માટે રમવા પસંદગી પામે છે. તે તેનામાં સર્વોચ્ચ સમ્માન અને ગર્વની બાબત હોય છે. ડોમેસ્ટીક ક્રિકેટમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યા પછી સદભાગ્યે આવી તક મળતી હોય છે. ભારત જેવા વિશાળ દેશમાં કે જયાં પ્રથમ કક્ષાના ક્રિકેટમાં જ ૩૭ ટીમો રમે છે. ત્યાં પસંદગી પામવીએ ખુબ જ સ્પર્ધાત્મક બાબત બની રહે છે. સાતત્યપૂર્ણ શ્રેષ્ઠ પ્રદર્શન ઉપરાઉપરી બે-ત્રણ ડોમેસ્ટીક સીઝનમાં પણ નેશનલ કોલ માટે ઘણી વાર પર્યાપ્ત હોતુ નથી અને એક વાર પસંદગી થયા પછી દેશની ટીમમાં પોતાની કાયમી જગ્યા બનાવવી એ તો સાવ અલગ જ પડકાર હોય છે.

હવે તો જો કે પસંદગીકારોનો અભિગમ બદલાયો છે. સારૂ પ્રદર્શન કરવાવાળા ખેલાડીઓને ઘણી જલ્દી તક મળે છે. વળી જો ભારતીય ટીમમાં પસંદગી થઇ હોય તો ત્યાં પણ સારો દેખાવ કરવા માટે પુરતા ચાન્સ આપવામાં આવે છે. કોઇપણ ખેલાડીને બે-ત્રણ સીરીઝ કે ૫-૬ મેચથી ઓછી મેચમાં તક દીધા વગર ટીમમાંથી પડતા મુકવામાં આવતા નથી. પણ દરેક ખેલાડી આવા ભાગ્યશાળી નથી હોતા ભુતકાળમાં ઘણા એવા ખેલાડીઓ છે. જેમને ફકત એક જ મેચમાં અજમાવવામાં આવ્યા અને એ પછી તેઓ કદિ ભારતીય ટીમ માટે પસંદ કરવામાં ન આવ્યા. તમને આવા કોઇ ખેલાડી યાદ છે ? વન ડે મેચની આ યાદી ઘણી રસપ્રદ છે.

**(૧) ભાગવત ચંદ્રશેખર-** ભારતીય ટીમના ભુતપૂર્વ મેચ વિનર રાઇટ આર્મ લેગ સ્પીનર ચંદ્રશેખરે આપણા દેશને કેટલાય ટેસ્ટ વિજય મેળવવામાં મુખ્ય ભૂમિકા નિભાવી છે. ૫૮ ટેસ્ટ મેચમાં ૨૪૨ વિકેટ લેનાર બી.એસ.ચંદ્રશેખર ફકત એક વન ડે મેચ રમેલા છે. નિવૃતિના ત્રણ વર્ષ પહેલા ૧૯૭૬માં તેઓ ન્યુઝીલેન્ડે સામે ઇડન પાર્કમાં વન-ડે મેચ રમેલા અને ૩૬ રન આપી ૩ વિકેટ પણ મેળવેલી ખુબ આશ્ચર્યની વાત છે કે એ પછી તેઓ કદી ભારતીય ટીમ માટે વન ડે મેચ ન રમ્યા. કદાચ તેમની સાધારણ બેટીંગ અને ફિલ્ડીંગ આ માટે કારણભૂત હોઇ શકે.

**(૨) ડોડા ગણેશ -** બેંગ્લોર-કર્ણાટકાથી આવતા ડોડા ગણેશ ૧૯૯૫થી ૨૦૦૦ની સાલ સુધી ડોમેસ્ટીક ક્રિકેટમાં ખુબ જ સારા પ્રદર્શન કરેલા. ઝંઝાવતી ફાસ્ટ બોલર ડોડા ગણેશે ડોમેસ્ટીક ક્રિકેટની કેટલાય મજબુત બેટીંગ લાઇન આપને એક-એક સેશનમાં ધરાશાયી કરેલી છે. તેમના સુંદર દેખાવના કારણે તેઓને ભારતીય ટીમમાં સ્થાન મળ્યું અને તેઓ ૪ ટેસ્ટ મેચ પણ રમેલા છે. પરંતુ વન ડે મેચ રમવા માટે તેમને ફકત એક જ તક મળી. આ મેચ તેઓ ઝીમ્બાબ્વે સામે બુલાવાયોમાં રમ્યા. ૫ ઓવરમાં ૨૦ રન આપી એક વિકેટ પણ લીધી પરંતુ આ પછી તેઓ ફરી કયારેય દેશ માટે વન ડે મેચ ન રમ્યા.

**(૩) પંકજસિંઘ -** આ પણ એક ઉંચા ખડતલ ફાસ્ટ બોલર હતા. લાંબા સ્પેલ નાખવા માટે પ્રસિધ્ધ પંકજ સિંઘ રણજી ટ્રોફીમાં રાજસ્થાન માટે ઉમદા પ્રદર્શન કરેલા છે. જોકે ખરા સમયે ઇજાગ્રસ્ત થવાથી તેમણે ઘણુ નુકસાન ભોગવવું પડયું. પંકજસિંઘ પણ દુર્ભાગ્યે ભારતીય ટીમ માટે ફકત બે ટેસ્ટ મેચ (ઇંગ્લેન્ડ સાથે) અને એક માત્ર વન ડે ઇન્ટરનેશનલ શ્રીલંકા સામે રમ્યા અને ફરી કોઇ દિવસ દેશ માટે ન રમ્યા.

**(૪) ફૈઝ ફઝલ-** વિદર્ભમાં રણજી ટ્રોફી અને ઇરાની ટ્રોફી વિજેતા કેપ્ટન ફૈઝ ફઝલ એક માત્ર એવા ક્રિકેટર છે. જેમણે ૩૦ વર્ષ ઉપરાંતની ઉંમરે ભારતીય ટીમ માટે વન ડે મેચમાં પદાર્પણ કર્યુ. ડોમેસ્ટીક ક્રિકેટના જાયન્ટ ખેલાડી ફૈઝ ફઝલના પ્રથમ કક્ષા ક્રિકેટના રેકોર્ડસ અદભુત છે. પરંતુ ભારતીય ટીમ માટે રમતા-રમતા ખુબ મોડુ થઇ ગયું અને જયારે તક મળી ત્યારે પણ ફકત એક જ મેચ માટે મળી. ૨૦૧૬માં તેઓ ઝીમ્બાબ્વે સામે એ વન ડે રમ્યા અને ૫૫ રન પણ બનાવ્યા જે તેમની અંતિમ આંતરરાષ્ટ્રીય મેચ બની રહી.

**(૫) પરવેઝ રસુલ-** જમ્મુ અને કાશ્મીરના હિરો ક્રિકેટર એટલે પરવેઝ રસુલ તેમના સ્ટેટ માટે એક દાયકા ઉપરાંત રમનાર પરવેઝે રસુલે રણજી ટ્રોફી ટીમની કપ્તાની પણ ખુબ લાંબા સમય સુધી કરી. ઓફ સ્પીનર ઓલરાઉન્ડર પરવેઝે રસુલ આઇપીએલમાં પણ રમેલા છે. પરંતુ ભારતીય ટીમ માટે તેઓ ફકત એક વન ડે અને એક ટી-૨૦ મેચ રમ્યા છે. બાંગ્લાદેશ સામે વન ડેમાં ૬૦ રનમાં ૨ વિકેટ લીધી ત્યારે ટી૨૦ મેચમાં ઇંગ્લેન્ડ સામે ૪ ઓવરમાં ૩૨ રન આપી એક વિકેટ મેળવેલી. રવિચંદ્રન અશ્વિન અને રવિન્દ્ર જાડેજા સાથેની સ્પર્ધામાં રસુલએ પછી ખાસ વિશેષ પ્રદર્શન કરી ન શકયા અને ઇન્ડીયા કોલ કરી કદી ન આપ્યો.

**(૬) પંકજ ધર્માણી-** પંજાબના આક્રમક બેટસમેન વિકેટ કીપર પંકજ ધર્માણીના ડોમેસ્ટીક ક્રિકેટના સ્ટેટેસ્ટીકસ જોઇને કોઇની પણ આંખો પહોળી થઇ જાય. લગભગ દોઢસો ફર્સ્ટ કલાસ મેચ રમનાર આ ખેલાડીની ૫૦ રનની તો એવરેજ છે. સચીન, કાંબલી, માંજરેકર, અઝરૂદ્દીનના સમકાલીન પંકજને ખુબ ઓછી તક મળી. એક આખી ઓસ્ટ્રેલીયા સીરીઝમાં તેઓ ફકત રીઝર્વ ખેલાડી જ રહ્યા. અંતે જયપુરમાં દક્ષિણ આફ્રિકા સામે એક માત્ર વન ડે મેચ રમવા તેઓને પસંદ કરાયા જેમાં તેમણે ૮ રન કર્યા અને એ પછી તેઓ કોઇ દિવસ ભારતીય ટીમ માટે રમવાનો ચાન્સ મળ્યો જ નહી. આ તમામ ખેલાડીઓએ ક્રિકેટની રમતને પુરેપુરૂ જીવન સમર્પિત કરી દીધુ અને દેશ માટે રમવાનું સર્વોચ્ચ સ્વપ્ન ફકત એક જ વખત સાકાર થયું.

# ‘વિરાટ’

## સ્ટ્રાઈક રેટથી જેને જવાબ આપ્યો



મુંબઇ :

IPL-2024માં RCBનું અભિયાન સમાપ્ત થઈ ગયું છે. વિરાટ કોહલી નામનું ‘રન મશીન’ પણ આ સિઝનમાં જોવા નહીં મળે.

RCB સિઝનની પ્રથમ સાત મેચમાંથી છમાં હારી ગયું હતું અને વિરાટ કોહલીનો સ્ટ્રાઈક રેટ ચર્ચાના કેન્દ્રમાં હતો. વિરાટ રન બનાવી રહ્યો હતો, પરંતુ તેની સ્ટ્રાઈક રેટ ટીમની હારનું મુખ્ય કારણ કહેવાય છે. તેમના સ્ટ્રાઈક રેટ અને સ્પિન સામેના સંઘર્ષની સુનીલ ગાવસ્કર સહિત ઘણા ભૂતપૂર્વ ક્રિકેટરોએ ટીકા કરી હતી. શરૂઆતમાં, વિરાટે ટીકા સામે પોતાના બચાવમાં પૂર્વ ક્રિકેટરો પર નિશાન સાધ્યું અને કહ્યું કે તે ઘણા વર્ષોથી આ રીતે રમી રહ્યો છે અને તેને તેનાથી કોઈ સમસ્યા કે કોઈ ખામી દેખાની નહી.


### સિક્સથી જવાબ આપવાનું શરૂ કર્યુ

તેના આ નિવેદનથી વિવાદ પણ થયો અને ગાવસ્કર ગુસ્સે થઈ ગયા હતા. તેણે કહ્યું, ‘અમે બધાએ થોડું થોડું ક્રિકેટ રમ્યું છે. અમે જે જોઈએ છીએ તે જ કહીએ છીએ. ગાવસ્કરના આ નિવેદન બાદ બધુ બદલાઈ ગયું. પ્રથમ છ મેચમાં ૧૩૧ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી રહેલા વિરાટે પોતાની બેટિંગ સ્ટાઈલ બદલી હતી. ગ્રાઉન્ડ શોટ રમવામાં માહેર આ બેટ્સમેન બોલને હવામાં રમવા લાગ્યો. પહેલી જ ઓવરથી ધુંઆધાર બેટીંગ શરૂ કરી અને ચોગ્ગા ને બદલે છગ્ગા મારવા લાગ્યો. લીગ રાઉન્ડ સુધી તેણે ૩૭ સિક્સ ફટકારી હતી જે બીજા નંબરની સૌથી વધુ છગ્ગા હતા. વિરાટે આ સિઝનમાં કુલ ૬૨ ફોર અને ૩૮ સિક્સર ફટકારી હતી. વિરાટ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સ્વીપ શોટ નથી રમતો. પરંતુ તેણે તેની રમત બદલીને આશ્ચર્યચકિત કરી દીધા અને સ્લોગ સ્વીપ શોટ પણ મારવાનું શરૂ કર્યું.

### કોહલીએ આ સિઝનમાં તેની IPL કારકિર્દીમાં 8000 રન નો આંકડો પાર કર્યો.

### આઠ હજારને પાર

આ સીમાચિહ્ન સુધી પહોંચનાર તે પ્રથમ બેટ્સમેન બન્યો છે. તેણે IPL ૨૦૨૪ની ૧૫ મેચોમાં ૬૧.૭૫ની એવરેજ અને ૧૫૪.૭૦ની સ્ટ્રાઈક રેટથી ૭૪૧ રન બનાવ્યા. તેમાં એક સદી અને ૫ અડધી સદી છે.



વિરાટ કોહલી જેવા ખેલાડીઓને ચીડાવા ન જોઈએ. આ સાથે તે વધુ સારો બની જાય છે. તેણે સ્ટ્રાઈક રેટને લઈને ટીકા સાંભળવી પડી. આ ટીકાએ મન ઉપર લઈ કામ કર્યું અને તેની અંદર આગને હવા મળી. ઈજાગ્રસ્ત ખેલાડી વધુ ખતરનાક હોય છે.

**-મેથ્યુ હેડન, ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન ક્રિકેટર**

### વર્લ્ડકપમાં ઓપનિંગ કરશે

જો આપણે ટી૨૦ વર્લ્ડ કપ માટે પસંદ કરાયેલી ભારતીય ટીમના અન્ય બેટ્સમેન સાથે વિરાટના સ્ટ્રાઈક રેટની તુલના કરીએ તો તે ચોથા સ્થાને આવે છે. જો કે, જ્યારે રન સાથે સ્ટ્રાઈક રેટની સરખામણી કરવામાં આવે છે, ત્યારે તે અન્ય કોઈ કરતા ઘણો આગળ છે. રોહિતને ખતરનાક સ્ટ્રાઈકર માનવામાં આવે છે, પરંતુ IPLની સિઝનમાં વિરાટે તેના કરતા વધુ અને ઝડપી રન બનાવ્યા છે. યશસ્વી જયસ્વાલ આક્રમક બેટ્સમેન છે, પરંતુ તે આ સિઝનમાં હલચલ મચાવી શક્યો નથી. વિરાટ જે પ્રકારના ફોર્મમાં છે, તેણે ઓપનિંગમાં એક વિકલ્પ પણ આપ્યો છે. બ્રાયન લારાએ એવું પણ સૂચન કર્યું હતું કે વિરાટ-રોહિતની ઓપનિંગ જોડી ભારત માટે વર્લ્ડ કપમાં અસરકારક સાબિત થઈ શકે છે.

### T-20 2024માં ટી-૨૦ વિશ્વકપમાં પસંદ કરેલ ભારતીય બેટર


| પ્લેયર | રન | શ્રેષ્ઠ | સ્ટ્રાઈક રેટ |
|---|---|---|---|
| વિરાટ કોહલી | ૭૪૧ | ૧૧૩* | ૧૫૪.૬૯ |
| સંજુ સેમસંગ | ૫૨૧ | ૮૬ | ૧૫૫.૫૨ |
| ઋષભ પંત | ૪૪૬ | ૮૮* | ૧૫૫.૪૦ |
| રોહિત શર્મા | ૪૧૭ | ૧૦૫* | ૧૫૦.૦૦ |
| શિવમ દુબે | ૩૯૬ | ૬૬* | ૧૬૨.૨૯ |
| યશસ્વી જયસ્વાલ | ૩૯૩ | ૧૦૪* | ૧૫૨.૩૨ |
| સુર્યકુમાર યાદવ | ૩૪૫ | ૧૦૨* | ૧૬૭.૪૭ |
| હાર્દિક પંડયા | ૨૧૬ | ૪૬ | ૧૪૩.૦૪ |

### વિરાટ ૨૦૧૬થી અત્યાર સુધી




### વિરાટનું આઈપીએલ ૨૦૨૪માં સ્ટ્રાઈક રેટ

131 શરૂઆતના ૬ મેચ | 153.31 છેલ્લા ૯ મેચ




અમે જે રીતે રમતમાં ચેન્જ લાવી અને પ્લેઓફ માટે ક્વોલિફાય કર્યું તે ખાસ હતું. હું આને હંમેશા યાદ રાખીશ કારણ કે RCBના દરેક ખેલાડીએ શાનદાર ભાવના દર્શાવી હતી.

**-વિરાટ કોહલી**

# નવા મકાનમાં ટેકસમાં મુકિત માટે મિલકત પર કબ્જાની તારીખ મહત્વની: આઈટીએટી


## એનઆરઆઈ દંપતીના કેસમાં મુંબઈની ઈન્કમટેકસ અપીલીય ટ્રિબ્યુનલનો ચુકાદો

નવી દિલ્હી તા.૨૫

જો આપ નવુ મકાન ખરીદી રહ્યા છો અને ટેકસમાં છૂટ ઈચ્છો છો તો આ છૂટ ત્યારે મળશે જયારે નવા મકાનનું પઝેશન (કબજો) આપને નિશ્ચિત સમયમાં મળી જાય.

અહેવાલો મુજબ મુંબઈનાં ઈન્કમટેકસ અપીલીય ટ્રિબ્યુનલ (આઈટીએટી)એ હાલમાં જ એનઆરઆઈ સાથે જોડાયેલા એક કેસમાં નિર્ણય સંભળાવતા કહ્યું હતું કે ‘ઈન્કમ ટેકસના સેકશન ૫૪ અંતર્ગત ટેકસ લાભ મેળવવા માટે પ્રોપર્ટીનાં પઝેશનની તારીખ સૌથી વધુ જરૂરી છે.

ટેકસમાંથી મુકિત મેળવવા માટે નવા મકાનમાં રોકાણ એક નિશ્ચિત સમય સીમામાં જયારે આપ જુનુ ઘર વેંચીને નવુ ઘર ખરીદો છો. તો નવા ઘરમાં જેટલા પૈસા લાગે છે એટલા જ જ જુના ઘરના વેચાણથી થયેલા થયેલ લોંગ ટર્મ કેપીટલ ગેઈન પર લાગનારા ટેકસથી ઓછો થઈ જાય છે. આથી આપને ટેકસમાં વધુ બચત થાય છે. પણ મહત્વનુ એ છે કે આ છૂટ ત્યારે મળશે જયારે નવા ઘરમાં રોકાણ નિશ્ચિત સમયની અંદર થઈ જાય.આ સમય નવા ઘર પર પઝેશન મળવાની તારીખથી નકકી થાય છે નિર્માણ શરૂ થવાની તારીખથી નહિં. આ નિયમના હિસાબે



નવુ મકાન ખરીદવા માટે આપની પાસે બે વિકલ્પ છે.પ્રથમ જુનુ મકાન વેચવાની તારીખથી એક વર્ષ પહેલા કે બે વર્ષ બાદ કે પછી જુનુ મકાન વેચવાની તારીખથી ત્રણ વર્ષની અંદરમાં નવુ મકાન બનીને તૈયાર થઈ જવુ જોઈએ. કરમાં મુકિત મેળવવા માટે આ સમય સીમાઓનું પાલન કરવુ જરૂરી છે.

### આખરે શું હતો મામલો ?:

ખરેખર તો આ મામલો નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ માં એક એનઆરઆઈ દંપતીનો છે. ત્યારે આવકવેરા અધિકારીએ તેમને ટેકસમાં છૂટ દેવાનો ઈન્કાર કર્યો હતો. બન્નેની ટેકસેબલ ઈન્કમ ૩૬ લાખ રૂપિયા નકકી કરી હતી. તેના પર દંડ પણ લગાવાયો હતો.આ મામલો બાદમાં મુંબઈની ઈન્કમટેકસ અપીલીય ટ્રિબ્યુનલમાં પહોંચ્યો હતો. જયાં આઈટીએટીએ એનઆરઆઈ દંપતીના પક્ષમાં ફેંસલો આપ્યો હતો.ત્યારે ટ્રિબ્યુનલનું કહેવુ હતું કે માત્ર પર્ચેસ એગ્રીમેન્ટ પર સહી કરવાથી નવુ મકાન નથી ખરીદાતું, બલકે પઝેશન મળ્યા બાદ ખરીદ પ્રક્રિયા પૂરી થાય છે.

# મેડિકલ કોર્સમાં સુધારાથી ફિલીપાઈન્સમાં ભણેલ ભારતીય છાત્ર કરી શકશે પ્રેકિટસ

## ભારતના નેશનલ મેડિકલ કમિશનની જરૂરિયાતો મુજબ ફિલીપાઈન્સના મેડિકલ કોર્સમાં ફેરફારથી છાત્રોને થશે ફાયદો

નવી દિલ્હી તા.૨૫

ફિલીપાઈન્સની સરકારે મેડિકલ એજયુકેશન અને પ્રોડકટને લઈને કેટલાક ફેરફાર કર્યા છે, જેનો ફાયદો ભારત સહિત બધા ઈન્ટરનેશનલ મેડિકલ ગ્રેજયુએટને મળશે. જે અંતર્ગત બીજા દેશોના છાત્રોને લાયસન્સ આપવા અને સ્થાનિક સ્તરે પ્રેકટીસની મંજુરી મળશે. આથી આમેય છાત્રોને પણ સરળતા રહેશે, જે ભારતમાં પ્રેકિટસ કરવા માંગે છે.

કારણ કે આ નિયમ ભારતના નેશનલ મેડીકલ કમિશન (એનએમસી)ના એ નિયમો સાથે મેળ ખાય છે, જેના અનુસાર વિદેશમાં અભ્યાસ બાદ ભારતમાં સ્ક્રીનીંગ ટેસ્ટમાં સામેલ થવા માટે માન્ય પ્રેકટીસ જરૂરી છે. આ પ્રકારનાં પગલાં અગાઉ પણ કેટલાક અન્ય દેશોએ લીધા છે, જેમાં મોટી સંખ્યામાં ભારતીય છાત્ર મેડીકલ એજયુકેશન માટે જાય છે. જેમકે રશિયા, બેલારુસ, જયોર્જિયા, એનએમસીએ ૨૦૨૧થી જ એ નિયમ લાગુ કરી રાખ્યો છે કે જે છાત્ર વિદેશથી મેડીકલ ડિગ્રી લે છે, તેમણે અહીની સ્ક્રીનીંગ ટેસ્ટમાં સામેલ થવાની મંજજુરી માત્ર ત્યારે આપવામાં આવશે જયારે તેમની પાસે એ દેશનું માન્ય પ્રેકટીસીંગ લાયસન્સ હશે. હવે ફિલીપાઈન્સે છાત્રો માટે લાયસન્સ અને પ્રેકટીસના નિયમ



બનાવી દીધા છે. જેથી ભારતીય છાત્રોને ફાયદો થવાનું નકકી છે.

આ પહેલા ૨૦૨૩માં એનએમસી એ ફિલીપાઈન્સના બેચલર ઓફ સાયન્સ કોર્સને માન્યતા નહોતી આપી, જેને ભારતના એમબીબીએસ કોર્સ સમાન માનવામાં આવ્યો હતો. પણ મુશ્કેલી એ હતી કે આ કોર્સ ચાર વર્ષનો હતો, જે એનએમસીના નિર્ધારિત ૫૪ મહિનાથી ઓછો હતો. આ સ્થિતિમાં આ છાત્રોને ભારતમાં ડોકટર તરીકે પ્રેકટીસ કરવા માટે સ્ક્રીનીંગ ટેસ્ટ પહેલા એક વર્ષની ઈન્ટર્નશીપ પણ કરવી પડતી હતી. ફોરેન એજયુકેશન એજન્ટ કડવિન પિલ્લાઈ કહે છે કે હવે એવી ફરિયાદો નહીં રહે. કારણ કે ફિલ્મપાઈન્સમાં યુજી મેડીકલ કોર્સના સમયગાળામાં જે સંશોધન કરવામાં આવ્યું છે, તે એનએમસીની જરૂરિયાતોના હિસાબે છે. આ સંશોધનથી ફિલીપાઈન્સમાં ભણતા વિદેશી મેડીકલ છાત્રોને સ્થાનિક કે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રેકટીસ કરવાની મંજુરી મળશે.


# હવે હીટવેવમાં આંશિક રાહતઃ તાપમાન ૨થી૩ ડીગ્રી ઘટશેઃ તેજ પવન ફુંકાશે

## જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલની આગાહીઃ તાપમાન ૪૧થી૪૪ ડીગ્રીની રેન્જમાં આવી જશે, પવનની ગતિ ૨૦થી૪૦ કીમીની રહેવાની સંભાવનાઃ કાલથી વાદળો દેખાશે

રાજકોટ તા.૨૫

હીટવેવની સ્થિતિનો સામનો કરી રહેલા સૌરાષ્ટ્ર-ગુજરાતને હવે આકરા તાપમાનમાં આંશિક રાહત મળવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે. જો કે, ૨૦થી ૪૦ કીમીનો પવન ફુંકાવાની શકયતા છે.

તેઓએ આજે વાતચીતમાં જણાવ્યુ હતું કે છેલ્લા કેટલાંક દિવસોથી સૌરાષ્ટ્ર-કચ્છ-ગુજરાતમાં અનેક શહેરોમાં હીટવેવની પરીસ્થિતિ જોવા મળી હતી. ગુરૂવારે પણ કેટલાંક શહેરોનુ તાપમાન નોર્મલ કરતા બે થી ચાર ડીગ્રી ઉંચુ રહ્યુ હતું. અમદાવાદનું મહતમ તાપમાન ૪૫.૫ ડીગ્રી નોંધાયુ હતું તે નોર્મલ કરતા ચાર ડીગ્રી વધુ હતું. ગાંધીનગરનું ૪૫.૫ ડીગ્રી મહતમ તાપમાન નોર્મલ કરતા ૩ ડીગ્રી વધુ હતું. ડીસાનું મહતમ તાપમાન ૪૪.૮ ડીગ્રી તથા વડોદરાનું ૪૪ ડીગ્રી હતું તે નોર્મલ કરતા ૪ ડીગ્રી ઉંચુ હતું. સુરેન્દ્રનગરમાં ૪૪ ડીગ્રી તાપમાન નોર્મલ કરતા ૧.૫ ડીગ્રી વધુ, અમરેલીનુ ૪૩.૮ ડીગ્રી નોર્મલ કરતા ૩ ડીગ્રી વધુ અને રાજકોટનુ ૪૨.૭ ડીગ્રી નોર્મલ કરતા ૨ ડીગ્રી વધુ રહ્યું હતું.



તા.૨૫થી૩૧ મે સુધીની આગાહી કરતા તેઓએ જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ દિવસમાં ગુજરાતમાં મહતમ તાપમાનની રેન્જ ૪૪થી૪૬.૯ ડીગ્રી નોંધાઈ હતી તેમાં હવે સરેરાશ ૨થી૩ ડીગ્રીનો ઘટાડો થવાની અને હવે ૪૧થી૪૪ ડીગ્રીની રેન્જમાં આવી જવાની સંભાવના છે. આગાહીના સમયગાળામાં પવનનું જોર રહેવાની શકયતા છે. પવન મુખ્યત્વે પશ્ચીમી તથા દક્ષિણ પશ્ચિમી દિશાના હશે પરંતુ તેની ગતિ ૨૦થી૩૦ કિલોમીટરની હશે જયારે ઝટકાના પવનો ૪૦ કી.મી.ની તેજ ગતિએ ફુંકાશે. ૩૧મી મે સુધીમાં કેટલાંક દિવસો દરમ્યાન આકાશમાં વાદળો પણ છવાશે. રવિવારથી વધુ વાદળો જોવા મળી શકે છે.

### બંગાળની ખાડીની સિસ્ટમ મજબૂત બનીઃ વાવાઝોડામાં પરિવર્તિત થશે

બંગાળની ખાડીમાં આકાર પામેલુ હવાનુ હળવુ દબાણ ડીપ ડીપ્રેસનમાં ફેરવાઈ જ ગયુ છે અને હવે વધુ મજબૂત થઈને આવતા ૨૪ કલાકમાં વાવાઝોડામાં પરિવર્તિત થઈ જવાનું અનુમાન છે. આ વાવાઝોડાની દીશા ઉતર તરફની છે અને પશ્ચીમ બંગાળ તથા બાંગ્લાદેશની બોર્ડર વિસ્તારમાં ટકરાવાની સંભાવના છે. બે દિવસે લેન્ડફોલ થઈ શકે છે.

# હૃદય હુમલા યથાવત : રાજકોટમાં ૨૪ કલાકમાં હાર્ટએટેકથી ૬ના મોત

### હૃદય રોગના અચાનક આવતા હુમલાના બનાવો નિરંતર વધી રહ્યા છે, નાની વયે પણ હાર્ટ ફેઈલના કિસ્સા ચિંતાજનક

### બજાજ કેપિટલના બ્રાંચ મેનેજર ૩૯ વર્ષીય સંદીપ સેદાણીને તેના ઘરે જ હાર્ટએટેક આવી ગયો, મોરબી રોડ પર રહેતા ૪૮ વર્ષીય જેન્તીભાઈ રાતે સુતા પછી સવારે ઉઠ્યા જ નહીં

### મેટોડામાં મંદિરેથી પૂજા કરી આવતા પૂજારી, પોપટપરામાં કેન્ડી – આઈસ્ક્રીમના ધંધાર્થી, ઓમનગરના હીરાઘસુ અને મિલપરામાં નિવૃત્ત વૃદ્ધએ દમ તોડ્યો

રાજકોટ, તા.૨૫

રાજકોટમાં ૨૪ કલાકમાં હાર્ટ એટેકથી ૬ના મોત થતા ચકચાર મચી ગઇ છે. હૃદય રોગના અચાનક આવતા હુમલાના બનાવો નિરંતર વધી રહ્યા છે, નાની વયે પણ હાર્ટ ફેઈલના કિસ્સા ચિંતા જનક છે. બજાજ કેપિટલના બ્રાંચ મેનેજર ૩૯ વર્ષીય સંદીપ સેદાણીને તેના ઘરે જ હાર્ટ એટેક આવી ગયો હતો. મોરબી રોડ પર રહેતા ૪૮ વર્ષીય જેન્તીભાઈ રાતે સુતા પછી સવારે ઉઠ્યા જ નહીં. મેટોડામાં મંદિરેથી પૂજા કરી આવતા પૂજારી, પોપટપરામાં કેન્ડી - આઈસ્ક્રીમના ધંધાર્થી, ઓમનગરના હીરાઘસુ અને મિલપરામાં નિવૃત્ત વૃદ્ધએ દમ તોડ્યો હતો.પ્રથમ બનાવમાં ચંદ્રભાણ દાનેવાલા દેવીરામ કુશવાહ(ઉં. વ.૫૫, રહે. પોપટપરા, શેરી નં.૧૫, રાજકોટ, મૂળ આગ્રા, ઉત્તરપ્રદેશ) ગઈકાલે બપોરે ૧.૧૫ વાગ્યા આસપાસ ઘરે હતા ત્યારે અચાનક બેભાન થઈ જતા તેમને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અહીં સારવારમાં જ તેમનું મોત થયું જતું. પ્રાથમિક તારણમાં હાર્ટ એટેક આવી ગયાનુ તેમના પરિવારજનોએ જણાવ્યું હતું. ચંદ્રભાણ ત્રણ પૈડાં વાળી સાયકલમાં કેન્ડી - આઈસ્ક્રીમ વેચવાનું કામ કરતા. તેઓ ૧૨ વર્ષથી રાજકોટમાં



રહે છે. તેમને સંતાનમાં ૨ દીકરા અને ૧ દીકરી છે. તેઓ ૨ ભાઈ અને ૧ બહેનમાં નાના હતા. પોલીસે મૃતદેહ પીએમ અર્થે ખસેડ્યો હતો.બીજા બનાવની વિગત મુજબ નિરંજનભાઈ બળવંતરાય જોષી (ઉ.વ.૭૧, રહે. મેટોડા જીઆઈડીસી પાસે શિવાલય એપાર્ટમેન્ટ વડવાજડી ગામ) તેઓ ગઈ કાલ રાત્રીના મણીદીપ મંદીરમાં આરતી કરી પોતાનાં ઘરે જતાં હતાં દરમિયાન મેટોડા જીઆઈડીસી ગેટ નં-૩ પાસે પહોંચતા અચાનક બેભાન થઈ ઢળી પડ્યા હતા. બાદ તાકિદે ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. તેઓ બે ભાઈ અને ત્રણ બહેનમાં સૌથી નાનાં હતાં. તેઓને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે.ત્રીજા બનાવની વિગત અનુસાર ધનસુખભાઈ કવાભાઈ વાગડીયા (ઉ.વ.૫૦, રહે.

(અનુસંધાન ૧૨ મા પાને)

### સંદીપ સેદાણીએ તેના ડોકટર મિત્રને કોલ કર્યો, 'ઝડપથી આવ મને છાતીમાં દુઃખે છે'

રાજકોટ: શહેરની માધાપર ચોકડી નજીક જીહિત પાર્કમાં સ્વામિનારાયણ મંદિર પાછળ રહેતા અને બજાજ કેપિટલમાં બ્રાંચ મેનેજર તરીકે નોકરી કરતા સંદીપભાઈ પ્રવિણભાઈ સેદાણી (ઉ.વ.૩૯) આજે સવારે ઉઠ્યા બાદ સવારે દસેક વાગ્યે તેમને અચાનક ગભરામણ થવા લાગ્યું. સંદીપભાઈએ તુરંત તેમના ડોકટર મિત્ર જે શાપર રહે છે. તેમને ફોન કરી કહ્યું કે, મને ખુબ જ મુંજારો થાય છે. તું આવ. જેથી ડોકટર મિત્ર તુરંત પોતાના વાહનમાં



સંદીપભાઈના ઘરે આવવા નીકળે છે. ડોકટર મિત્ર મવડી ચોકડી પહોંચે ત્યાં સંદીપભાઈનો ફરી ફોન આવે છે કે, હવે તે ઘરે એસી ચાલુ કરી આરામ કરે છે. હવે સારું છે એટલે ધક્કો ન ખાય તો ચાલશે. ડોકટર મિત્ર પરત શાપર જવા નીકળે છે. ગોંડલ ચોકડી વટી હાઇવે પર પહોંચે છે ત્યાં પાંચ મિનિટમાં પરત સંદીપભાઈનો ફોન આવે છે કે, ઝડપથી આવ મને છાતીમાં ખૂબ જ દુઃખે છે.

(અનુસંધાન ૧૨ મા પાને)

## જીવલેણ ગરમીઃ વડોદરામાં વધુ ૯ના મોતઃ અમદાવાદમાં બે નવજાત સહિત ચારનો ભોગ

વડોદરા, તા.૨૫

ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે તેની વચ્ચે મોતના આંકડામાં પણ વધારો થયો છે,વડોદરામાં ગઈકાલે ૯ લોકોના ગરમીના કારણે મોત થયા છે,તો અત્યાર સુધી ગરમીને લઈ ૩૦ લોકોના મોત થઈ ચૂકયા છે.તાલુકા પોલીસ મથકમાં ફરજ બજાવતા મહેન્દ્ર ભાણાભાઈનું મોત તો બીજી તરફ વીજ કંપનીના લાઈનમેનનું ઘરે ચક્કર આવતા પડી જતા સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

(અનુસંધાન ૧૨ મા પાને)




## ગઈકાલે હિટ સ્ટ્રોકથી મોત નોંધાયા બાદ આજે વધુ એક વૃદ્ધે દમ તોડ્યો

### રામવન પાસેથી અજાણ્યા વૃદ્ધનો મૃતદેહ મળ્યો, હિટ સ્ટ્રોકથી મોત થયું હોવાનું પ્રાથમિક તારણ

રાજકોટ: ગરમીનો પારો આસમાને પહોંચ્યો છે. ત્યારે લુ લાગવાથી મોતની ઘટનાઓ બની રહી છે. ગઈકાલે કાલાવડ રોડ પર ભીમનગર પાસે શાંતિભાઈ આંબલિયા નામના વૃદ્ધનું સન સ્ટ્રોકથી મોત થયા બાદ રાજકોટમાં આજે સવારે રામવન પાસેથી વૃદ્ધનો મૃતદેહ મળ્યો હતો. જેનું હિટ સ્ટ્રોકથી મોત થયું હોવાનું પ્રાથમિક તારણ છે. મૃતદેહ ગઈકાલથી



અહીં ખુલ્લામાં પડ્યો હોવાનું અનુમાન છે. વૃદ્ધની ઓળખ કરવા તજવીજ થઈ રહી છે. વૃદ્ધ કુદરતી હાજતે ગયા હોય અને ત્યાં જ ઢળી પડ્યા હોય તેવું બન્યું હોય શકે છે. આજી ડેમ પોલીસે મૃતદેહ પીએમ અર્થે ખસેડી મૃત્યુનું સ્પષ્ટ કારણ જાણવા તજવીજ હાથ ધરી હતી.

જોઈએ છે
આયાબેન-૨
સ્કુલમાં સવારનાં સમય માટે
-: અરજી સાથે રૂબરૂ મળો :-
સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦, સાંજે ૪.૩૦ થી ૬.૩૦
તપસ્વી સ્કુલ
૨-જલારામ પ્લોટ, શીવસંગમ સોસાયટી ની બાજુમાં, યુનિવર્સિટી રોડ, રાજકોટ.

ગોડાઉન
ભાડે આપવાનું છે
૨૦૦ વાર
મોરબી રોડ, જકાતનાકા પાસે, રાજકોટ.
૯૯૦૯૦ ૨૫૯૦૯

Godrej Europa
અલ્ટ્રા લોક ચાવી
૫ મિનિટમાં
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.
ફોન : ૨૨૩૩૦૧૨, ૨૨૩૯૭૬૪

જોઈએ છે
હાઈડ્રોલીકસના જાણકાર કારીગર
90990 37177

દુકાન 750 સ્કે. ફુટ
લોંગ લીઝથી
ભાડે આપવાની છે
શોરૂમ/રેસ્ટોરન્ટ માટે
૧૫૦ ફુટ રીંગ રોડ ટચ, બીગબજાર પાસે
M. 93741 02184
SHASHI

એકાઉન્ટન્ટ જોઈએ છે
મીરેકલ એકાઉન્ટીંગના જાણકાર એકાઉન્ટન્ટ જોઈએ છે.(ફુલટાઈમ)
ફોન કરી (રૂબરૂ આવવું)
93740 55315

મકાન વેચવાનું છે
3 BHK 104 વાર
વૈશાલીનગર-૨ બંધ ગલીમાં
કિંમત 50 લાખ
70698 55339

પ્રવેશ પ્રક્રિયા શરૂ છે
સમય : સવારે ૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાકે
Mo. 95100 99686, 82000 07672
લિટલ હેવન પ્રી સ્કુલ
ગુજરાતી માધ્યમ
શિવમ વિદ્યાલય
Play House Nursery L.K.G. H.K.G.
મવડી પ્લોટ વિસ્તારની મોટામાં મોટી પ્રી સ્કુલ કે જયાં બાળકોને જ્ઞાન સાથે ગમત અને બેસ્ટ એજયુકેશન આપતી પ્રિ-સ્કુલ
અમારી ખાસીયતો
– આપના બાળકોના પાયાનું સર્વશ્રેષ્ઠ ઘડતર એટલે લીટલ હેવન પ્રી સ્કુલ.
– આનંદપૂર્ણ હવા ઉજાસવાળુ પાંચ માળનું વિશાળ બિલ્ડીંગ.
– બાળકોના સર્વાંગી વિકાસ માટે રમત–ગમતનું વિશાળ ગ્રાઉન્ડ.
– સ્કુલનો પ્રાઈવેટ સ્વીમીંગ પુલ.
– બાળકોને રમત–ગમત સાથે જ્ઞાન મળે તેવી વ્યવસ્થા.
–સમયાંતરે વાલી મીટીંગ.
– દર અઠવાડિયે વિકલી ટેસ્ટ.
– દર છ માસના અંતે બાળકોને અપાતો પ્રોગ્રેસ રીપોર્ટ.
–અનુભવી નિષ્ણાંત શિક્ષકો દ્વારા અપાતુ શિક્ષણ.
– શનિવારના દિવસે બાલસભા, કસરત, અવનવી પ્રવૃતિઓનું આયોજન.
– દરેક વર્ગમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવાનો હોવાથી વહેલાસર પ્રવેશ મેળવી લેવો.

ઈન્ડસ્ટ્રીયલ/બિલ્ડર્સ લાયક..
જમીન વેચવાની છે
હરિપર (પાળ)
MTV થી નજીક
1720 વારનો પ્લોટ
લાઈટ તથા પાણી કનેકશન સાથે
70165 75801







